ગવારા ટૂર્સ & ટ્રાવેલ્સ
હજ્જ ૨૦૨૪ ડીલક્ષ પેકેજ 46 દિવસ
રવાનગી 5/6/2024 ડાયરેક્ટ ફ્લાઈટ અમદાવાદ થી અમદાવાદ
મક્કા હીલ્ટન ટાવર ૫ સ્ટાર હોટલ ૦ મીટરના અંતરે
મદીના હોટલ હરમ અલ મનાર
૧૮, ઈલોરા કોમર્શીયલ સેન્ટર, રીલીફ સિનેમા પાછળ, જી.પી.ઓ., અહેમદાબાદ-૧ +91 7777987619
અયાઝ શેખ : +91 7874601630

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily)
AHMEDABAD
SINCE-1991

AL FAROOQ TOURS & TRAVELS Since 1996 IATA
ઈદે મિલાદુન્નબી ઉમરાહ દિવસ -૨૦
અમદાવાદ થી અમદાવાદ ડાયરેક્ટ ફ્લાઈટ
હાજી યાકુબ મુન્શી - ૯૮૨૫૨ ૭૫૩૩૩ - ૯૮૨૫૫ ૭૫૩૩૩
૧, સંજરી એપાર્ટમેન્ટ, શાહેઆલમ, અમદાવાદ -૨૮

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૩ અંક-૨૯૦ ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in

### સામાન્ય હિંસક ઘટનાઓને પગલે ભારત, પાકિસ્તાન અને બાંગ્લાદેશના વિદ્યાર્થીઓ પર હુમલા

# કિર્ગિસ્તાનની હોસ્ટેલમાં ભારતીય, પાકિસ્તાની વિદ્યાર્થીઓ પર હુમલા

## ભારતીય વિદ્યાર્થીઓ બિશ્કેકના કાફેમાં છૂપાયેલા હોવાના વીડિયો બહાર આવ્યા, દૂતાવાસની મદદ માગી રહ્યા હતા : હુમલામાં પાકિસ્તાનના પણ વિદ્યાર્થીનાં મોતના અહેવાલ, પાકિસ્તાને કહ્યું સત્તાવાર માહિતી નથી મળી

(એજન્સી) બિશ્કેક, તા. ૧૮

કિર્ગિસ્તાનની રાજધાની બિશ્કેક, છેલ્લા કેટલાક દિવસોથી ઉકળતો ચરૂ બની છે જેમાં હિંસક ટોળાએ ભારત, બાંગ્લાદેશ અને પાકિસ્તાનના વિદ્યાર્થીઓના નિવાસસ્થાનોને નિશાન બનાવ્યા છે. હિંસામાં ત્રણ પાકિસ્તાની વિદ્યાર્થીઓ માર્યા ગયા હોવાનું બિનસત્તાવાર સૂત્રો દ્વારા કહેવાયું છે જેના કારણે ઈસ્લામાબાદ અને નવી દિલ્હીએ કિર્ગિસ્તાનમાં તેના નાગરિકો માટે એડવાઈઝરી જારી કરી હતી. સ્થાનિક અહેવાલોએ જણાવ્યું હતું કે પાકિસ્તાની અને ઈજિપ્તવાસીઓ સહિત સ્થાનિક અને વિદેશી વિદ્યાર્થીઓ વચ્ચે હોસ્ટેલમાં બોલાચાલી બાદ હિંસા ફાટી નીકળી હતી. કથિત રીતે ૧૩ મેના રોજ થયેલી લડાઈનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો અને હિંસા બિશ્કેકની શેરીઓમાં ફેલાઈ ગઈ હતી. ટાઈમ્સ ઓફ સેન્ટ્રલ એશિયાના એક અહેવાલ અનુસાર લડાઈમાં સામેલ વિદેશીઓ સાથે કથિત ઉદાર વર્તનના વિરોધમાં શુક્રવારે સ્થાનિકો શેરીઓમાં ભેગા થવા લાગ્યા હતા. જોકે, પોલીસે જણાવ્યું હતું કે ત્રણ વિદેશીઓની ગુંડાગીરીની શંકાના આધારે અટકાયત કરવામાં આવી હતી. ટોળાએ ભારત, પાકિસ્તાન અને બાંગ્લાદેશના વિદ્યાર્થીઓને રાખતી મેડિકલ યુનિવર્સિટીઓની હોસ્ટેલોને નિશાન બનાવી હોવાથી તે ટૂંક સમયમાં જ બધા માટે લડાઈનુ મેદાન બની ગયું. પાકિસ્તાનના આજ ન્યૂઝે અહેવાલ આપ્યો છે કે મહિલા વિદ્યાર્થીઓને હેરાન કરવામાં આવી હતી અને અનેક વિદ્યાર્થીઓ ઘાયલ થયા હતા.

જો કે, બિશ્કેકમાં પાકિસ્તાનના દૂતાવાસે કહ્યું કે તેને હજી સુધી કોઈ મૃત્યુના અહેવાલ મળ્યા નથી અને તેના વિદ્યાર્થીઓને ''સ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી બહાર ન નીકળવા'' કહેવાયું છે. પાકિસ્તાની દૂતાવાસે જણાવ્યું કે, ''બિશ્કેકમાં મેડિકલ યુનિવર્સિટીઓની કેટલીક છાત્રાલયો અને પાકિસ્તાનીઓ સહિત આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના ખાનગી રહેઠાણો પર હુમલા કરવામાં આવ્યા છે. પાકિસ્તાનના સંખ્યાબંધ વિદ્યાર્થીઓને નાની-મોટી ઈજાઓ થવાના અહેવાલો છે.'' તેમાં કહેવાયું કે, ''પાકિસ્તાની વિદ્યાર્થીઓના કથિત મૃત્યુ અને બળાત્કાર વિશે સોશિયલ મીડિયા પોસ્ટ્સ હોવા છતાં અમને હજી સુધી કોઈ પુષ્ટિ અહેવાલો મળ્યા નથી.'' વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે બિશ્કેકમાં સ્થિતિ ''શાંત'' છે અને વિદ્યાર્થીઓને ભારતીય દૂતાવાસ સાથે નિયમિત સંપર્કમાં રહેવાની સલાહ આપી છે. ભારતીય વાણિજ્ય દૂતાવાસે ટ્વીટ કર્યું કે, ''હાલમાં પરિસ્થિતિ શાંત છે, પરંતુ વિદ્યાર્થીઓને આ સમય માટે ઘરની અંદર રહેવાની સલાહ આપવામાં આવે છે.'' દરમિયાન, અથડામણના વીડિયો શુક્રવારે રાતથી સોશિયલ મીડિયા પર ફરતા થઈ ગયા છે. આવા જ એક વાયરલ વીડિયોમાં ત્રણ વિદ્યાર્થીઓ કરૂણ પરિસ્થિતિનું વર્ણન કરતા જોવા મળે છે. એક વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે સ્થાનિકો અને ઈજિપ્તના વિદ્યાર્થીઓ વચ્ચેની લડાઈ બાદ ટોળાએ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પર હુમલો કરવાનું શરૂ કર્યું હતું. તેમણે કહ્યું કે છ વિદ્યાર્થીઓ માર્યા ગયા પરંતુ તેમણે તેમની રાષ્ટ્રીયતાનો ઉલ્લેખ કર્યો નથી. તેણે એવો પણ દાવો કર્યો હતો કે પોલીસ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને મદદ કરી રહી નથી. કિર્ગિસ્તાન સરકારે કહ્યું કે પરિસ્થિતિ સ્થિર છે અને પોલીસે કોઈપણ સંઘર્ષને રોકવા માટે વિરોધીઓ સાથે વાટાઘાટો કરી હતી. તાજેતરની ઘટનાઓ દક્ષિણ એશિયા અને રશિયામાંથી સ્થળાંતર કરનારાઓના વધતા પ્રવાહને લઈને મધ્ય એશિયાના દેશમાં તણાવને પ્રતિબિંબિત કરે છે. કિર્ગિસ્તાન લાંબા સમયથી દક્ષિણ એશિયાના રાષ્ટ્રોના વિદ્યાર્થીઓ માટે ટોચની તબીબી તાલીમ માટે પસંદનું સ્થળ રહ્યું છે. મધ્ય એશિયાઈ રાષ્ટ્રમાં લગભગ ૧૪,૫૦૦ ભારતીય અને ૧૦,૦૦૦ પાકિસ્તાની વિદ્યાર્થીઓ છે. મધ્ય એશિયાના દેશોમાં શ્રેષ્ઠ આરોગ્યસંભાળ, શિક્ષણ અને પરિવહન સુવિધાઓ ધરાવતા કિર્ગિસ્તાનમાં વિદ્યાર્થીઓ આવવાના ઘણા કારણો છે. જીવનનિર્વાહની સસ્તી કિંમત, ભારતીય ભોજનની વ્યાપક



### 'ભાંગફોડિયા તત્વો' : ટોળાની હિંસા વચ્ચે કિર્ગિસ્તાને પાકિસ્તાની મીડિયા અને નેટિઝન્સને 'ખોટી' માહિતી નહીં ફેલાવવા આગ્રહ કર્યો

## કિર્ગિસ્તાનમાં ભારતીય અને પાકિસ્તાની દૂતાવાસોએ ટોળાના હુમલાઓ વચ્ચે વિદ્યાર્થીઓને બહાર નહીં નીકળવાની સલાહ આપી

ઉપલબ્ધતા, સારો વિદ્યાર્થી-શિક્ષક ગુણોત્તર અને કોઈ પ્રવેશ ફી એ ભારતીય MBBS વિદ્યાર્થીઓને આકર્ષિત કરતી કેટલીક સુવિધાઓ છે. તદુપરાંત, મોટાભાગની કિર્ગિસ્તાન તબીબી સંસ્થાઓ દ્વારા પ્રદાન કરવામાં આવેલી ડિગ્રીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે માન્ય છે અને વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબલ્યૂએચઓ) દ્વારા પણ માન્ય છે. યુક્રેનના યુદ્ધને કારણે સ્થળાંતરની પરિસ્થિતિ પણ વણસી છે, દેશમાં લશ્કરી ગતિવિધિને પગલે કિર્ગિઝસ્તાનમાં રશિયન સ્થળાંતરની લહેર આવી છે. કિર્ગિસ્તાને રશિયન વતનીઓ અને તેમના પરિવારોને દેશમાં સ્થાયી થવા માટે ''ડિજિટલ નોમાડ'' પ્રોગ્રામ ઓફર કર્યો હતો. કિર્ગિસ્તાન તત્કાલીન સોવિયેત સંઘનો ભાગ હતો અને ૧૯૯૧માં સ્વતંત્ર થયો હતો.

હરસ-મસાના કારણે થતો દુ:ખાવો, રક્તસ્ત્રાવ, બળતરા અને ખંજવાળમાં ફાયદાકારક
ચરણ બ્રાન્ડ
આયુર્વેદિક પાઈલોરીન પીલ્સ
વધુ ફાયદા માટે સાથે 'ચરણ બ્રાન્ડ' મળશુદ્ધીવટી લો
ઉત્પાદક : હરિનારાયણ ફાર્મસી, અમદાવાદ
'ચરણ બ્રાન્ડ' જોઈને જ ખરીદો
હોલસેલર: જે. આર. શાહ કું.-(૦૭૯) ૨૬૫૮૨૫૫૫
મેડિકલ-આયુર્વેદિક સ્ટોર્સ પર ઉપલબ્ધ

અલ ઈમાદ ટુર્સ & ટ્રાવેલ્સ
હજ્જ-૨૦૨૪ ડીલક્ષ પેકેજ 6,75,000/-
અમદાવાદ થી અમદાવાદ (દિવસ-૪૦)
અબુબક્કર મનસુરી 9925791991
મનસુરી મસ્જીદ પાસે, પીંકી પેલેસ સામે, ખમાસા, અહમદઆબાદ - ૧.

REQUIRED
Female Teacher's For English Medium School In Sarkhej, Juhapura, Fresher can also apply
Call to: 09924892782

ચામડી, પેટ, પથરી, પાઇલ્સના રોગોનું સારવાર કેન્દ્ર
કબજીયાત, પેટના રોગો, પથરી, પાઈલ્સ, વાળ-ચામડીના રોગો, વા, નસ-સાંધાનો દુ:ખાવો, ખાલી ચડવી, સાઈટીકા, ચીકન ગુનીયા, સંધિવા, ધ્રુજારી, ડાયાબીટીસ, પ્રોસ્ટેટ, વજન વધારવા-ઘટાડવા, થાઈરોઈડ, યાદશક્તિની સારવાર માટે સૌરાષ્ટ્રના ખ્યાતનામ વૈદ્યરાજ હરેશ ચુગડીયા અમદાવાદમાં દર ગુરૂવારે અને શનિવારે (સેટેલાઇટ) શ્રી શંકર ઔષધ ભંડાર, ૨૩, સત્યમ મોલ, વિશ્વેશ્વર મહાદેવ મંદિર પાસે, કામેશ્વર સ્કુલ રોડ, સેટેલાઈટ, અમદાવાદ અને દર શુક્રવારે (ગોતા) શ્રી શંકર ઔષધ ભંડાર, દુકાન નં. ૨૧, ઉમા શરણમ્, પોદાર સ્કુલ પાસે, આર્યન સીટી ચાર રસ્તા, વંદેમાતરમ રોડ પોસ, ન્યુ ગોતા, અમદાવાદ ખાતે સવારે ૧૧-૦૦ થી સાંજે ૭-૦૦ સુધી મળશે. આ માટે જરૂરિયાત મંદ દર્દીઓએ પોતાનું નામ મો. 9998020890, 8511120890, 8511020890 પર અગાઉથી નોંધાવી લેવું તેવું વૈદ્યરાજ હરેશ ચુગડીયાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

Little Flower English Medium School
Gujarat State Board • ONLY GIRLS SCHOOL
2024-25 ADMISSIONS OPEN
NURSERY, JUNIOR KG, SENIOR KG, 1ST STD
LIMITED SEATS AVAILABLE - ATTRACTIVE FEES
SMART CLASSROOMS
Qualified & Experienced Teachers
2 Teachers & 1 Helper in each Class
Clean & Healthy Atmosphere
Daily updates through App
Confirmed Admission to 1st Std
Upgraded & Improved Facilities
Fun N Learn Programme
Activity oriented learning
CALL FOR INFO 75750 09622
Ashoknagar Society, Paldi, Bhatta, Ahmedabad - 380 007

### ...જો કે, ત્રિશૂલ પિક્ચરમાં અમિતાભે ૧૧ વાગ્યાનો સમય આપેલ !

# 'પક્ષના નેતાઓ સાથે ૧૨ વાગે ભાજપના મુખ્યમથકે પહોંચીશું' : કેજરીવાલનો ખુલ્લો પડકાર

## મોદી અમારામાંથી કોઈની પણ ધરપકડ કરી શકે છે, બિભવ કુમારની ધરપકડ પછી કેજરીવાલે 'જેલ ભરો'ની જાહેરાત કરી



(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૮

દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના કન્વીનર અરવિંદ કેજરીવાલે કેન્દ્રને આપના તમામ નેતાઓની ધરપકડ કરવાનો ખુલ્લો પડકાર ફેંક્યો છે. તેમણે કહ્યું કે, ''હું કાલે ૧૨ વાગે અમારા તમામ નેતાઓ સાથે ભાજપ કાર્યાલય પર આવું છું. જેને જેલમાં નાખવાની જરૂર હોય તેને જેલમાં નાખો.'' એક સંબોધન દરમિયાન અરવિંદ કેજરીવાલે કહ્યું, ''તમે બધા સાક્ષી છો કે કેન્દ્ર અમારી પાછળ પડ્યું છે અને અમારા બધા નેતાઓને એક પછી એક જેલમાં ધકેલી રહ્યાં છે. તેઓએ મને, મનીષ સિસોદિયા, સત્યેન્દ્ર જૈન અને સંજય સિંહને જેલમાં મોકલ્યા અને આજે તેઓએ મારા પીએને જેલમાં મોકલ્યો. હવે તેઓ કહી રહ્યા છે કે, લંડનથી પરત ફરેલા રાઘવ ચઢ્ઢાને પણ જેલમાં મોકલવામાં આવશે.

દિલ્હીના મુખ્યમંત્રીએ એ પણ સવાલ કર્યો છે કે તેઓ અમને એક પછી એક કેમ જેલમાં મોકલી રહ્યા છે. ''અમારો શું વાંક છે? અમારો દોષ એ છે કે અમે શાળાઓ બનાવી, સારૂં શિક્ષણ આપ્યું, મોહલ્લા ક્લિનિક્સ, હોસ્પિટલો, ૨૪ કલાક-દિલ્હીના લોકોને વીજળી આપી અને મફત પણ આપી. તેઓ ઈચ્છે છે કે અમે આ બધું બંધ કરી દઈએ.'' તેમણે સંબોધન દરમિયાન એમ પણ કહ્યું કે વડાપ્રધાન 'જેલની રમત' રમી રહ્યા છે. તેમણે કહ્યું કે, ''તમે અમને એક પછી એક જેલમાં મોકલી રહ્યા છો. હું તમને (વડાપ્રધાન) કાલે કહેવા માંગુ છું, હું મારા તમામ ટોચના નેતાઓ, ધારાસભ્યો, સાંસદો સાથે બપોરે ૧૨ વાગ્યે બીજેપી હેડક્વાર્ટર પર આવી રહ્યો છું. તમે જે પણ હોય તેને જેલમાં મોકલી શકો છો. તમે અમારામાંથી દરેકને જેલમાં મોકલીને અમારી પાર્ટીને કચડી નાખવા માંગો છો, એક વખત આમ કરવાનો પ્રયાસ કરો, આપ એક વિચાર છે, જે દેશભરના લોકોના દિલમાં છે.'' આ દરમિયાન ધરપકડ કરાયેલા બિભવ કુમારના જામીન દિલ્હીની કોર્ટે ફગાવી દીધા હતા. દિલ્હીની એક કોર્ટે શનિવારે દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલના સહયોગી અને સ્વાતિ માલીવાલ હુમલા કેસના આરોપી બિભવ કુમારના આગોતરા જામીન અરજી ફગાવી દીધા હતા. શનિવારે દિલ્હી પોલીસે ધરપકડ કર્યા બાદ કુમારે આગોતરા જામીનની માંગણી કરી હતી. આ અરજી તીસ હજારી કોર્ટમાં એડિશનલ સેશન્સ જજ સુશીલ અનુજ ત્યાગી સમક્ષ નોંધવામાં આવી હતી. દિલ્હી પોલીસની ટીમ દ્વારા શનિવારે બપોરે મુખ્યમંત્રીના નિવાસસ્થાનેથી બિભવ કુમારની ધરપકડ કરવામાં આવી હતી. તેને પૂછપરછ માટે પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો.

## તેમણે મને, મનીષ સિસોદિયા, સત્યેન્દ્ર જૈન અને સંજયસિંહને જેલમાં મોકલ્યા, આજે મારા પીએનો નંબર હતો, મોદી જેલની રમત રમી રહ્યા છે : કેજરીવાલ

## આપના ટોચના નેતાઓને જેલમાં ધકેલી દેવાશે : કેજરીવાલનો દાવો

મુખ્યમંત્રી નિવાસસ્થાનની અંદર પાર્ટીના સાંસદ સ્વાતિ માલીવાલ પર હુમલો કરવાના આરોપી પોતાના પૂર્વ સચિવ બિભવ કુમાર પરના ઉગ્ર વિવાદ વચ્ચે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે શનિવારે ભાજપના મુખ્યાલયમાં રવિવારે બપોરે ૧૨ વાગ્યાની આસપાસ યોજાનાર આપ નેતાઓ દ્વારા 'જેલ ભરો' કાર્યક્રમની જાહેરાત કરી હતી. મુખ્યમંત્રીએ કહ્યું કે આમ આદમી પાર્ટીના તમામ નેતાઓ બપોરે ૧૨ વાગ્યે બીજેપી હેડક્વાર્ટર જશે અને ધરપકડ વહોરશે. સ્વાતિ માલીવાલ કેસમાં બિભવ કુમારની ધરપકડના કલાકો બાદ પત્રકાર પરિષદને સંબોધતા કેજરીવાલે કહ્યું, ''હવે સ્પષ્ટ થઈ ગયું છે કે આ લોકો આમ આદમી પાર્ટી પાછળ પડ્યા છે. તેઓએ સંજય સિંહને જેલમાં ધકેલી દીધા. આજે તેઓએ મારા પીએની ધરપકડ કરી. લંડનથી રાઘવ ચઢ્ઢા પાછા ફર્યા છે તેઓ કહે છે તેમની પણ ધરપકડ કરશે.'' કેજરીવાલે હાથ જોડીને કહ્યું કે, ''પ્રધાનમંત્રીજી આ જેલ-જેલની રમત બંધ કરો. આવતીકાલે બપોરે ૧૨ વાગ્યે હું મારા તમામ નેતાઓ-ધારાસભ્યો, સાંસદો સાથે ભાજપ હેડક્વાર્ટર આવીશ. તમે જેને ઈચ્છો તેની ધરપકડ કરી શકો છો. તમે અમને જેલમાં નાખીને આમ આદમી પાર્ટીને કચડી શકો છો? પાર્ટી એક વિચાર છે જે લોકોના દિલમાં છે.

### ક્યા બાત હૈ ?!

મનિયા, આજે ફરી તારા પપ્પાના સપનામાં નરેન્દ્ર મોદી આવ્યા લાગે છે !



- જામી



# સ્વાતિ માલીવાલ કેસ : બિભવકુમારને કોઈ રાહત નહીં, કોર્ટે જામીન અરજી ફગાવી

(એજન્સી) તા.૧૮

AAP સાંસદ સ્વાતિ માલીવાલ સાથે CM હાઉસમાં મારપીટ કરવાના આરોપી અરવિંદ કેજરીવાલના PA બિભવકુમારની શનિવારે દિલ્હી પોલીસે ધરપકડ કરી. પોલીસ તેમને પૂછપરછ માટે બપોરે ૧૨:૪૦ વાગ્યે સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. પૂછપરછ બાદ બિભવને તીસ હજારી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. કોર્ટે તેમની આગોતરા જામીન અરજી ફગાવી દીધી.

ઉલ્લેખનીય છે કે, બિભવકુમારે જામીન અરજી કરતાં કહ્યું હતું કે, તે ક્યાંય ભાગી જવાનો નથી. મને કસ્ટડીમાં લેતાં પહેલા પોલીસે કોઈ નોટિસ પણ ઈશ્યૂ કરી નથી. ૧૩ મેના રોજ સ્વાતિ માલીવાલ પાસે દિલ્હીના સીએમ કેજરીવાલને મળવા માટે કોઈ અપોઈન્ટમેન્ટ પણ નહોતી. આ માહિતી ખુદ બિભવકુમારના વકીલ સિનિયર એડવોકેટ એન. હરીહરને આપી હતી. તેમણે આગોતરા જામીન અરજી કરતી વખતે આ દલીલ કરી હતી. આખી ઘટના સીસીટીવીમાં કેદ છે અને સુરક્ષાભંગનો મામલો છે. તે ડીસીડબ્લ્યૂની ચેરપર્સન છે અને હાલમાં રાજ્યસભાની સભ્ય છે. સ્વાતિ માલીવાલ ૧૩ મેના રોજ સવારે ૯ વાગ્યે અરવિંદ કેજરીવાલને મળવા માટે સીએમ હાઉસ પહોંચી હતી. તેમણે આરોપ લગાવ્યો હતો કે, બિભવકુમારે તેમની સાથે મારપીટ કરી અને તેની ગેરવર્તન કર્યું હતું. તેમના કપડાં પણ ફાટી ગયા હતા. સ્વાતિએ ૧૬મી મેના રોજ સાંજે ૬:૧૫ વાગ્યે દિલ્હી પોલીસમાં FIR નોંધાવી હતી. ૧૭ મેના રોજ મધરાતે ૧૨ની આસપાસ દિલ્હી પોલીસે એઈમ્સમાં માલીવાલનું મેડિકલ કરાવ્યું. આ રિપોર્ટ શનિવારે આવ્યો હતો, જેમાં માલીવાલની આંખ અને પગ પર ઈજાના નિશાન જોવા મળ્યા હતા. રિપોર્ટ આવ્યાના થોડા કલાકો બાદ દિલ્હી પોલીસ સીએમ હાઉસ પહોંચી અને બિભવકુમારની ધરપકડ કરી હતી. બીજી તરફ ઘટનાના છઠ્ઠા દિવસે એટલે કે ૧૮ મેના રોજ સ્વાતિ માલીવાલનો વધુ એક વીડિયો સામે આવ્યો છે. ૩૨ સેકન્ડના વીડિયોમાં પોલીસકર્મીઓ સ્વાતિ માલીવાલને સીએમ હાઉસમાંથી બહાર કાઢતા જોવા મળે છે.

# અરવિંદ કેજરીવાલના PA બિભવકુમારની ધરપકડ; AAPનો દાવો : માલીવાલને ભાજપ દ્વારા ભ્રષ્ટાચારના કેસના બહાને 'બ્લેકમેઈલ' કરાયા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

આમ આદમી પાર્ટીના સાંસદ સ્વાતિ માલીવાલનો મામલો જોર પકડવા લાગ્યો છે. દિલ્હી પોલીસે આરોપી બિભવકુમારની ધરપકડ કરી છે. પોલીસે બિભવકુમારને સીએમ હાઉસમાંથી ધરપકડ કરી છે. સમગ્ર મામલામાં બિભવકુમાર પર સ્વાતિ માલીવાલ પર મારપીટ કરવાનો આરોપ છે. પરંતુ બિભવકુમારે કહ્યું છે કે, તેમના પર લગાવવામાં આવેલા આરોપો ખોટા છે. બિભવકુમારે એમ પણ કહ્યું કે, હું દરેક તપાસમાં સહકાર આપવા તૈયાર છું. બિભવકુમારે કહ્યું કે, અત્યાર સુધી મને આ સંબંધમાં કોઈ નોટિસ મળી નથી, મને મીડિયા દ્વારા ખબર પડી. બિભવકુમારે દિલ્હી પોલીસને તેમની ફરિયાદને ધ્યાને લેવાની અપીલ કરી છે. બીજી તરફ AAP સાંસદ સ્વાતિ માલીવાલની મેડિકલ તપાસમાં તેમના શરીર પર ઈજાઓ હોવાની પુષ્ટિ થઈ છે. મેડિકલ રિપોર્ટ અનુસાર સ્વાતિ માલીવાલના શરીર પર કુલ ચાર ઈજાના નિશાન જોવા મળ્યા હતા. મેડિકલ રિપોર્ટ અનુસાર સ્વાતિની જમણી આંખ નીચે અને ડાબા પગ પર ઈજાના નિશાન જોવા મળ્યા હતા. સ્વાતિ માલીવાલે આરોપ લગાવ્યો હતો કે, જ્યારે તેઓ મુખ્યમંત્રીને મળવા ગયા હતા ત્યારે તેની સાથે દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો અને મારપીટ કરવામાં આવી હતી. બીજી તરફ આમ આદમી પાર્ટીના ધારાસભ્ય પ્રહ્લાદસિંહે સ્વાતિ માલીવાલના મેડિકલ રિપોર્ટ પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે, એમએલસીમાં પણ અનિયમિતતા હોઈ શકે છે. તેમણે કહ્યું કે, વિધાનસભા ક્ષેત્રમાં ધરપકડ કરવામાં આવી છે, તેથી જ હું અહીં છું. તેમણે દાવો કર્યો હતો કે, રિપોર્ટમાં છછળ કરવામાં આવી છે. તમામ તૈયારીઓ ૩ દિવસમાં જ કરવામાં આવી છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે, સરકારી ડોક્ટર હોય તો મેડિકલ રિપોર્ટમાં કંઈ પણ થઈ શકે છે. આ સમગ્ર મામલાને આમ આદમી પાર્ટી દ્વારા રાજકીય કાવતરું ગણાવવામાં આવી રહ્યું છે. AAP નેતા અને દિલ્હી સરકારના મંત્રી આતિશીએ દાવો કર્યો હતો કે, સ્વાતિ માલીવાલ દ્વારા કરવામાં આવેલા આરોપો જેવું કંઈ પણ અત્યાર સુધી સામે આવેલા બે વીડિયોમાં જોઈ શકાતું નથી. આતિષીએ આ મામલાને ભાજપનું ષડ્યંત્ર ગણાવ્યું છે. તેમણે કહ્યું કે, ભાજપ દ્વારા ભ્રષ્ટાચારના કેસના બહાને તેમને બ્લેકમેઈલ કરાવીને આ કાવતરૂં ઘડવામાં આવ્યું છે જેથી કરીને કેજરીવાલ અને આમ આદમી પાર્ટીને બદનામ કરી શકે.

# સ્વાતિ માલીવાલ હુમલો કેસ : AAPએ કેજરીવાલના નિવાસસ્થાનની બહારથી નવા ફૂટેજ શેર કર્યા, રાજ્યસભાના સાંસદ પર નાટક કરવાનો આરોપ લગાવ્યો

● AAPએ માલીવાલ પર જૂઠું બોલવાનો અને ચૂંટણી દરમિયાન કેજરીવાલને નકલી કેસમાં ફસાવવાના ભાજપના કાવતરાનો ભાગ બનવાનો આરોપ લગાવ્યો છે
● AAPએ મુખ્યમંત્રીના નિવાસસ્થાનની બહારથી એક નવું ફૂટેજ બહાર પાડ્યું

(એજન્સી) તા.૧૮

આમ આદમી પાર્ટી (AAP)એ રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલ પર આક્ષેપોનો મારો ચાલુ રાખ્યો હતો જ્યારે તેણીએ આરોપ લગાવ્યો હતો કે, દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલના અંગત સહાયક બિભવકુમાર દ્વારા તેણી પર હુમલો કરવામાં આવ્યો હતો. AAPએ X પર લઈ જઈને વીડિયો શેર કરીને કહ્યું કે, 'આ વીડિયો સ્વાતિ માલીવાલના આરોપો પાછળનું સત્ય છતું કરે છે.' પાર્ટી દ્વારા જાહેર કરવામાં આવેલા વીડિયોમાં વોઈસ-ઓવર માલીવાલ પર નાટક કરવાનો આરોપ લગાવે છે. વીડિયોમાં કહેવામાં આવે છે કે, 'સ્વાતિ માલીવાલને મુખ્યમંત્રીના નિવાસસ્થાનના સુરક્ષા કર્મચારીઓ દ્વારા બહાર લઈ જવામાં આવતા જોઈ શકાય છે અને ન તો તે લંગડાઈ રહી છે કે ન તો માથામાં કોઈ ઈજા થઈ છે. તેના કપડા પણ ફાટેલા નથી જેનો તેણે તેની ફરિયાદમાં દાવો કર્યો છે. બીજા વીડિયોમાં ઘટનાના ચાર દિવસ પછી તે એક ડ્રામા કરતી જોવા મળી શકે છે અને એફઆઈઆર નોંધાયા પછી તે લંગડાવા લાગી હતી અને તેના માટે વ્હીલચેર પણ લાવવામાં આવી હતી.' AAPએ માલીવાલ પર જૂઠું બોલવાનો અને ચૂંટણીની વચ્ચે કેજરીવાલને નકલી કેસમાં ફસાવવાના ભાજપના કાવતરાનો ભાગ બનવાનો આરોપ લગાવ્યો છે. આ દરમિયાન માલીવાલે આરોપ લગાવ્યો છે કે, કુમારે ૧૩ મેના રોજ કેજરીવાલના ઘરે જ્યારે તે મુખ્યમંત્રીને મળવા ગઈ હતી ત્યારે તેની પર હુમલો કર્યો હતો. તેણીના કહેવા મુજબ કેજરીવાલના સહાયકે તેના પર પૂરી તાકાતથી હુમલો કર્યો, તેને છાતી અને પેટમાં થપ્પડ અને લાત મારી. આ આરોપો નવી દિલ્હીના સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશન દ્વારા કુમાર વિરુદ્ધ નોંધવામાં આવેલી એફઆઈઆરનો ભાગ છે. એફઆઈઆરમાં માલીવાલે દાવો કર્યો હતો કે, કુમારે તેમને 'વારંવાર' પૂરી તાકાતથી માર માર્યો હતો અને તેમને 'સાતથી આઠ વાર લાત અને થપ્પડ મારવામાં આવી હતી.' તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે, તેમને માસિક સ્રાવ અને પીડા થતી હોવાનું જણાવવા છતાં તે રોકાયો નહીં. દિલ્હી પોલીસે કથિત હુમલાના સંબંધમાં કુમારની ધરપકડ કરી હતી. તેમને મુખ્યમંત્રીના નિવાસસ્થાનેથી ઝડપી લેવામાં આવ્યા હતા. એક દિવસ પહેલા કુમારે પોલીસ ફરિયાદ નોંધાવી તેમાં જણાવ્યું હતું કે, માલીવાલે ૧૩ મેના રોજ અનધિકૃત પ્રવેશ મેળવવા માટે મુખ્યમંત્રીના નિવાસસ્થાનની સુરક્ષાનો ભંગ કર્યો અને ત્યાં હંગામો મચાવ્યો. મુખ્યમંત્રીના સહાયકે એવો પણ આરોપ મૂક્યો કે જ્યારે તેમણે તેને રોકવાનો પ્રયાસ કર્યો ત્યારે તેણે તેમના પર દુર્વ્યવહાર કર્યો. દરમિયાન, AIIMS તરફથી આપવામાં આવેલ તેના મેડીકો-કાનૂની પ્રમાણપત્ર (MLC) મુજબ, માલીવાલને 'લગભગ 3x2 સે.મી.ના કદના પ્રોક્સિમલ ડાબા પગના ડોર્સલ પાસામાં અને જમણા ગાલ, કોણી અને આંખની નીચે આશરે 2x2 સે.મી.ના કદના ઉઝરડા છે.'

# કોંગ્રેસ અધ્યક્ષ ખડગેએ કલમ ૩૭૦ અને રામ મંદિર પરના મોદીના દાવાને ફગાવ્યો

● તેમણે પીએમ પર વિભાજનને ઉશ્કેરવાનો આરોપ પણ લગાવ્યો ● ધ હિન્દુએ ખડગેને જ્યારે મોદીના દાવાઓ વિશે પૂછ્યું કે, કોંગ્રેસ કલમ ૩૭૦ પુનઃસ્થાપિત કરશે ત્યારે ખડગેએ કહ્યું, 'હું મોદીને જવાબ આપવા બંધાયેલો નથી, અમે અમારા મેનિફેસ્ટોમાં જે વચન આપ્યું છે તેનો અમલ કરીશું'

(એજન્સી) તા.૧૮

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ૧૮ મેના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર તેમના ચૂંટણી ભાષણો દ્વારા લોકોને ભડકાવવા અને સમાજમાં ભાગલા પાડવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે, મોદીની પહેલા કોઈ પણ વડાપ્રધાને ક્યારેય લોકોને આવી રીતે ઉશ્કેર્યા નથી. ૮૧ વર્ષીય દલિત નેતા ખડગેએ ટીકા કરી કે, 'મોદી ફક્ત લોકશાહીની વાતો જ કરે છે પરંતુ તેના સિદ્ધાંતોને અનુસરતા નથી.' મહારાષ્ટ્રમાં લોકસભાની ચૂંટણીના પાંચમા અને અંતિમ તબક્કા પહેલા ખડગે NCP (SP)ના વડા શરદ પવાર, શિવસેના (UBT)ના નેતા ઉદ્ધવ ઠાકરે અને મહારાષ્ટ્રના AICC પ્રભારી રમેશ ચેન્નીથલા સહિત અન્ય ઈન્ડિયા બ્લોકના નેતાઓ સાથે મુંબઈમાં મીડિયા સાથે વાતચીત કરી હતી. રાજ્યની ૧૩ જેટલી લોકસભા બેઠકોમાંથી મુંબઈમાં છ બેઠકોનો સમાવેશ થાય છે. જ્યાં ૨૦ મેના રોજ મતદાન થવાનું છે. વડાપ્રધાન મોદી અને વિપક્ષી દળના નેતાઓએ શુક્રવારે શહેરમાં બે મેગા રેલીઓ યોજી હતી. લોકોને સંબોધતા ખડગેએ કહ્યું કે, 'મોદીએ કોંગ્રેસના મેનિફેસ્ટોને પહેલા 'મુસ્લિમ લીગ મેનિફેસ્ટો' અને હવે 'માઓવાદી મેનિફેસ્ટો' તરીકે ઓળખાવ્યો છે. પહેલાં તો તે શું કહેવા માંગે છે તેને સ્પષ્ટ થવા દો. તે લોકોને મૂર્ખ બનાવી રહ્યાં છે... અમારી પાર્ટી નહેરૂની વિચારધારા પર કામ કરતી કેન્દ્રવાદી પાર્ટી છે. હકીકતમાં મોદી જ માઓ જેવા છે, એટલે તો તે લોકો પર હુમલો કરતા રહે છે.' 'કોંગ્રેસ સત્તામાં આવશે તો અયોધ્યામાં રામ મંદિરને તોડી પાડશે' તેવા મોદીના દાવા અંગેના બીજા એક પ્રશ્નના જવાબમાં ખડગેએ કહ્યું, અમે ક્યારેય કોઈના પર બુલડોઝરનો ઉપયોગ કર્યો નથી. બુલડોઝર તો ભાજપની સંસ્કૃતિ છે, અમારી નથી. મોદી જૂઠું બોલે છે અને કોંગ્રેસ પર ખોટા આરોપો લગાવીને લોકોને ઉશ્કેરે છે. AICC વડાએ ખાતરી આપી હતી કે, તેમની સરકાર, બંધારણીય અનામત ચાલુ રહેશે. તેમણે કહ્યું, 'ભાજપ અમને દેશદ્રોહી અને પોતાને દેશભક્ત, તરીકે દર્શાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.' વધુમાં તેમણે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની આગેવાની હેઠળની મહાયુતિ સરકારને 'ગેરકાયદે સરકાર' ગણાવી હતી અને દાવો કર્યો હતો કે, મહા વિકાસ અઘાડી (MVA) પશ્ચિમ રાજ્યની ૪૮ લોકસભા બેઠકોમાંથી ઓછામાં ઓછી ૪૬ બેઠકો પર જીત મેળવશે.

જ્યારે તેમણે શાસક મહાયુતિ માટે સંપૂર્ણ શટઆઉટની આગાહી કરી ન હતી, પરંતુ કહ્યું હતુ કે, 'MVA બહુમતી જીતશે.' જ્યારે ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે, '૪ જુનથી, ઈન્ડિયા બ્લોકની આગેવાની હેઠળની સરકાર બનતાની સાથે જ, મોદીના 'અચ્છે દિન' શરૂ થઇ જશે.'

# ભાજપ ૨૦૦ સીટોને પાર નહીં કરી શકે, દરેક રાજ્યમાં મોદી સરકાર વિરૂદ્ધ આક્રોશ છે : ખડગે

**વડાપ્રધાનનું સૂત્ર અનુસૂચિત જનજાતિ અને અનુસૂચિત જાતિઓને ગરીબ અને પછાત રાખવાનું છે અને તેમને અનામત આપવા ઈચ્છતા નથી : કોંગ્રેસ અધ્યક્ષનો આરોપ**

(એજન્સી) તા.૧૮

કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે, ભાજપ લોકસભા ચૂંટણીમાં ૨૦૦ નો આંકડો પાર નહીં કરે જ્યારે વિપક્ષી ઈન્ડિયા જૂથ ૩૦૦થી વધુ બેઠકો જીતશે, અને તેઓએ એવો પણ દાવો કર્યો કે નરેન્દ્ર મોદીના શાસન સામે અંડરકરંટ છે. બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ (BKC) મેદાનમાં સાથી પક્ષ શિવસેના (UBT)ના વડા ઉદ્ધવ ઠાકરે, દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલ અને NCP (SP) પ્રમુખ શરદ પવારની હાજરીમાં એક રેલીમાં ખડગેએ એમ પણ કહ્યું હતું કે વડા પ્રધાન મોદી પૈસા ચૂકવી રહ્યા નથી. તેઓએ રોજગાર નિર્માણ અને ફુગાવા પર ધ્યાન આપવું જોઈએ. તેમણે આક્ષેપ કર્યો હતો કે, મોદીનું સૂત્ર અનુસૂચિત જનજાતિ અને અનુસૂચિત જાતિઓને ગરીબ અને પછાત રાખવાનું છે અને તેમને અનામત આપવાનું નથી. રેલીમાં કેજરીવાલે કહ્યું કે મોદીની નીતિ વિરોધીઓને ચૂંટણીમાં હરાવી ન શકે તો તેમની ધરપકડ કરવાની છે. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે ૪ જૂન પછી જ્યારે મતોની ગણતરી થશે ત્યારે મોદી વડાપ્રધાન તરીકે નહીં રહે. ખડગેએ કહ્યું કે, મોદી આ વખતે ૨૦૦ સીટોને પાર નહીં કરે અને ઈન્ડિયા ગઠબંધન ૩૦૦ સીટોને પાર કરી જશે. મેં દરેક રાજ્યમાં પ્રવાસ કર્યો છે અને ત્યાં અંડરકરન્ટ છે. મોદી ડરી ગયા છે અને તેઓ ડરથી બોલી રહ્યા છે. મુંબઈની છ સહિત મહારાષ્ટ્રની બાકીની ૧૩ લોકસભા બેઠકો માટે ૨૦ મેના રોજ મતદાન છે. ખડગેએ કહ્યું કે જ્યારે મોદીએ કહ્યું કે જો કોઈની પાસે બે ભેંસો હોય તો કોંગ્રેસ વારસા કર લાદીને એક છીનવી લેશે, ત્યારે તેઓને હસવું આવ્યું હતું. વડા પ્રધાને સારા રાજનેતાની જેમ બોલવું જોઈએ. મોદી દ્વારા ભૂતકાળની કોંગ્રેસ સરકારો દ્વારા કરવામાં આવેલા કામ પર સવાલ ઉઠાવવા પર, ખડગેએ કહ્યું કે લોકશાહી બચાવવા માટે તેમની પાર્ટીના પ્રયાસોને કારણે મોદી વડાપ્રધાન બન્યા છે. ઈન્ડિયા જોડાણ બંધારણની રક્ષા કરશે એવું તેમણે વચન આપ્યું હતું. ખડગેએ મોદીને "જૂઠાના નેતા" ગણાવ્યા કારણ કે દર વર્ષે બે કરોડ રોજગારીની તકો ઉભી કરવા અથવા ખેડૂતોની આવક બમણી કરવા સહિતના તેમના કોઈપણ વચનો પૂરા થયા નથી. ઉદ્ધવ ઠાકરેએ દાવો કર્યો હતો કે મોદીને મહારાષ્ટ્ર સામે વાંધો છે, અને તેઓએ આરોપ મૂક્યો હતો કે તેઓ મુંબઈને "કંગાળ" બનાવવા અને ઉદ્યોગો અને વ્યવસાયોને ગુજરાતમાં લઈ જવા માંગે છે. વડા પ્રધાનની એવી ટિપ્પણી પર કે તેઓ હિન્દુ-મુસ્લિમ ધ્રુવીકરણની રાજનીતિ કરતા નથી, તે અંગે ઠાકરેએ કહ્યું કે મુસ્લિમોને ઘૂસણખોર અને દેશદ્રોહી તરીકે લેબલ કરવામાં આવે છે. તેમણે મોદી પર આરોપ લગાવ્યો કે લોકો જ્યારે બેરોજગારી અને મોંઘવારીની વાત કરે છે ત્યારે લોકોને મુસ્લિમોનો ડર બતાવે છે. મોદી લોકોને પાકિસ્તાનનો ડર બતાવે છે, પરંતુ ચીન વિશે વાત કરતા નથી. ચીને સરહદ પર ઘૂસણખોરી કરી છે, પરંતુ ન તો મોદી કે ગૃહમંત્રી અમિત શાહ આ સ્થળોની મુલાકાત લેવા તૈયાર છે. બીજી તરફ અમને ખતમ કરવા માટે ભાજપની આખી સેના મહારાષ્ટ્રમાં ઉતારવામાં આવી છે. શરદ પવારે કહ્યું કે મોદી પહેલા જેઓ સત્તામાં હતા તેઓએ સંસદીય લોકશાહીને મજબૂત બનાવવા માટે કામ કર્યું હતું. આઝાદી પછીની આ પહેલી ચૂંટણી છે જેમાં બંધારણ અને લોકોના મૂળભૂત અધિકારોને કેવી રીતે બચાવવા તેની ચિંતા છે. મોદી વિરૂદ્ધ સ્ટેન્ડ લેનારાઓને નષ્ટ કરવા માટે સત્તાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. મહારાષ્ટ્ર જાણે છે કે શિવસેનાના સ્થાપક અને ઉદ્ધવના દિવંગત પિતા બાળાસાહેબ ઠાકરેએ તેમને મુશ્કેલીમાં મદદ કરી હતી, પરંતુ તમે તે ભૂલી ગયા છો. વડાપ્રધાનના 'ભટકતી આત્મા'ના તેમના લક્ષ્ય પર પ્રહાર કરતા પવારે કહ્યું હતું કે 'આ ભટકતી આત્મા' મોદીને સત્તામાંથી દૂર કરવા માટે બધું જ કરશે. રેલીમાં સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ અને આરજેડી નેતા તેજસ્વી યાદવના વીડિયો સંદેશાઓ રજૂ કરવામાં આવ્યા હતા. બંને નેતાઓએ લોકોને બંધારણ અને લોકશાહી બચાવવા અપીલ કરી હતી. કેજરીવાલે, મુંબઈ નજીક ભિવંડી ખાતે એક રેલીને પણ સંબોધિત કરી હતી જ્યાં તેમણે દાવો કર્યો હતો કે મોદીએ કથિત એક્સાઈઝ નીતિ કૌભાંડમાં તેમની ધરપકડ કરી હતી કારણ કે AAP સરકાર રાષ્ટ્રીય રાજધાનીમાં ઉચ્ચ ગુણવત્તાની શિક્ષણ અને આરોગ્યસંભાળ સેવા પૂરી પાડી રહી છે.

# 'જે લોકો પક્ષના નિર્ણયને સ્વીકારશે નહીં તેઓ પાર્ટીમાંથી બહાર થઈ જશે' : મમતા બેનરજી અંગે ટિપ્પણી મુદ્દે અધીર રંજન ચૌધરીને મલ્લિકાર્જુન ખડગેનું અલ્ટીમેટમ

તેમના આ નિવેદનને અધીર રંજન માટે મમતા બેનરજી અને તૃણમૂલ કોંગ્રેસ પાર્ટીની બિનજરૂરી ટીકાથી દૂર રહેવાના સંકેત તરીકે જોવામાં આવે છે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ શનિવારે મુંબઈમાં પ્રેસ કોન્ફરન્સ દરમિયાન પાર્ટીના નેતા અધીરરંજન ચૌધરીને અલ્ટીમેટમ આપ્યું હતું. ખડગેએ કહ્યું કે અધીર પાસે કંઈપણ નક્કી કરવાનો અધિકાર નથી. એક પત્રકારે કોંગ્રેસ અધ્યક્ષને અધીરરંજન ચૌધરીના તાજેતરના નિવેદન વિશે પૂછ્યું જેમાં તેમણે કહ્યું હતું કે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી ભાજપ સાથે હાથ મિલાવી શકે છે, ત્યારે ખડગેએ જવાબ આપ્યો કે, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું છે કે તે ઈન્ડિયા ગઠબંધનને બહારથી સમર્થન આપશે. જ્યાં સુધી કોંગ્રેસના નેતા અધીરરંજનની ટિપ્પણીનો સંબંધ છે, તેઓ કંઈપણ નક્કી કરી શકતા નથી. ટોચના નેતાઓ અને હાઈકમાન્ડ તે નક્કી કરશે અને જેઓ તેનું પાલન નહીં કરે તેઓ પાર્ટીમાંથી બહાર થઈ જશે. ખડગેના નિવેદનને અધીરરંજન માટે મમતા બેનરજી અને તૃણમૂલ કોંગ્રેસ પાર્ટીની બિનજરૂરી ટીકાથી દૂર રહેવાના સંકેત તરીકે જોવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, મમતાએ તાજેતરમાં જાહેરાત કરી હતી કે જો ઈન્ડિયા બ્લોક સત્તામાં આવશે તો તે બહારથી સમર્થન આપશે. મમતાની આ ટિપ્પણી પર પ્રતિક્રિયા આપતા, અધીરરંજન ચૌધરીએ ગુરૂવારે કહ્યું હતું કે તેઓ મમતા પર વિશ્વાસ કરતા નથી. તેણીએ જોડાણ છોડી દીધું. તે ભાજપ સાથે પણ હાથ મિલાવી શકે છે. ખડગેના નિવેદનથી ભાજપને કોંગ્રેસ પાર્ટી પર પ્રહાર કરવાની તક મળી છે. કોંગ્રેસે EVM પર દોષારોપણ કરવાનું બંધ કરવું જોઈએ અને સત્યનો સામનો કરવો જોઈએ: તમારી હાઈકમાન્ડ સંસ્કૃતિએ તમારી પાર્ટીને આ દયનીય સ્થિતિમાં પહોંચાડી દીધી છે.

# ખડગેનો આરોપ મોદી લોકોને ઉશ્કેરી રહ્યા છે, સમાજને વહેંચી રહ્યા છે, ઉદ્ધવનું કહેવું છે કે ૪ જૂન પછી 'સારા દિવસો' આવી રહ્યા છે

(એજન્સી) તા.૧૮

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ શનિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પોતાના ચૂંટણી ભાષણો દ્વારા લોકોને ઉશ્કેરવા અને સમાજને વહેચવાનો આરોપ લગાવ્યો. ખડગે ઈન્ડિયા બ્લોકની એક પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરી રહ્યા હતા. જ્યાં એનસીપી (એસપી) પ્રમુખ શરદ પવાર, શિવસેનાના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરે અને અન્ય નેતા હાજર હતા. વિપક્ષી ગઠબંધને શુક્રવારે શહેરમાં ચૂંટણી રેલી કરી. ખડગેએ જણાવ્યું કે મોદી પહેલા કોઈપણ વડાપ્રધાન લોકોને આ રીતે ઉશ્કેરવામાં સામેલ નથી થયા જેવું તે કરી રહ્યા છે. વારંવાર લોકતંત્ર વિશે બોલે છે પરંતુ લોકતંત્રના સિદ્ધાંતોનું પાલન નથી કરતા વડાપ્રધાન મોદીના આ નિવેદન પર એક પ્રશ્નનો જવાબ આપતા કે જો કોંગ્રેસ સત્તામાં આવી તો કોંગ્રેસ અયોધ્યામાં રામ મંદિર પર બુલડોઝર ચલાવશે અને કલમ ૩૭૦ને પણ સ્થાપિત કરશે. ખડગેએ જણાવ્યું કે અમે કોઈની પર બુલડોઝર ચલાવ્યું નથી. મોદીની આદત છે તે વસ્તુઓ વિશે જુઠ બોલવું અને લોકોને ઉશ્કેરવા જે કોંગ્રેસ કયારેય નહી કરે અથવા જે વસ્તુઓને લાગુ કરવી અસંભવ છે. કલમ ૩૭૦ પર તેમની પાર્ટીમાં વલણ વિશે પૂછતા ખડગેએ જણાવ્યું કે હું મોદી પ્રતિ જવાબદેહ નથી. અમે પોતાના ઘોષણાપત્રમાં જે વચન આપ્યા છે તેને લાગુ કરીશું. તેમણે વડાપ્રધાન મોદી પર હુમલો કરતા જણાવ્યું કે જયાં પણ જાય છે વિભાજન પેદા કરવાનો પ્રયાસ કરે છે. સમાજના ભાગલા પાડવાની વાત કરે છે.

# દુનિયામાં ભારત જેવી ધબકતી લોકશાહી ખૂબ ઓછા દેશોમાં છે વ્હાઈટ હાઉસ દ્વારા ભારતીય સામાન્ય ચૂંટણીઓની પ્રશંસા

**ભારતની સામાન્ય ચૂંટણીઓ પર અમેરિકી રાષ્ટ્રપતિના વિચારો વિશેના પ્રશ્નનો જવાબ આપતાં રાષ્ટ્રીય સુરક્ષા સંચાર સલાહકાર જહોન કિર્બીએ કહ્યું**

(એજન્સી) વોશિંગ્ટન, તા.૧૮

સામાન્ય ચૂંટણીઓમાં મતદાનના અધિકારનો ઉપયોગ કરવા બદલ ભારતમાં લોકોને બિરદાવતા વ્હાઈટ હાઉસે જણાવ્યું હતું કે, વિશ્વમાં ભારત કરતાં વધુ ગતિશીલ લોકશાહી નથી. રાષ્ટ્રીય સુરક્ષા સંચાર સલાહકાર જહોન કિર્બીએ ભારતીય ચૂંટણીઓને બિરદાવી. રાષ્ટ્રીય સુરક્ષા સંચાર સલાહકાર જહોન કિર્બીએ તેમની ભાવિ સરકારમાં અવાજ ઉઠાવવા બદલ ભારતના લોકોને બિરદાવ્યા હતા. કિર્બીએ પ્રેસ કોન્ફરન્સમાં પત્રકારોને જણાવ્યું હતું કે, 'ભારત કરતાં વિશ્વમાં વધુ ગતિશીલ લોકશાહી નથી અને અમે ભારતીય લોકોની પ્રશંસા કરીએ છીએ કે તમે તેમની મત આપવાની ક્ષમતા જાણો છો અને તેમની ભાવિ સરકારમાં અવાજ ઉઠાવો છો અને અમે તેમને સમગ્ર પ્રક્રિયા દરમિયાન શુભેચ્છા પાઠવીએ છીએ.' તેઓ ભારતની સામાન્ય ચૂંટણીઓ પર અમેરિકી રાષ્ટ્રપતિના વિચારો અંગેના પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત-અમેરિકાના સંબંધો અંગેના અન્ય એક પ્રશ્નના જવાબમાં વ્હાઈટ હાઉસના અધિકારીએ કહ્યું, 'હું છેલ્લા ત્રણ વર્ષની વાત કરીશ. ભારત સાથેના અમારા સંબંધો અત્યંત ગાઢ છે અને વધુ ગાઢ બની રહ્યા છે.' કિર્બીએ કહ્યું કે, 'તમે તેને સત્તાવાર મુલાકાત દરમ્યાન જોયું છે. અમે એકસાથે જટિલ ઉભરતી તકનિકો પર કામ કરીને તમામ પ્રકારની નવી પહેલો શરૂ કરી છે અને ઈન્ડો-પેસિફિક ક્વાડની સુસંગતતાને પ્રોત્સાહન આપીને વિસ્તરણ કર્યું છે જેનો ભારત એક ભાગ છે અને આ ઉપરાંત લોકો-થી-લોકો સાથે આદાનપ્રદાન અને લશ્કરી સહયોગ પણ અમે ભારત સાથે શેર કરીએ છીએ.' કિર્બીએ કહ્યું, 'તે ખૂબ જ ગતિશીલ ખૂબ જ સક્રિય ભાગીદારી છે અને અમે વડાપ્રધાન મોદીના નેતૃત્વ માટે આભારી છીએ.'

**રાષ્ટ્રપતિ બાઈડેનની 'ઝેનોફોબિક' ટિપ્પણી પર કિર્બી :-** જ્યારે પૂછવામાં આવ્યું કે શું યુએસ પ્રમુખ જો બાઈડેન ખરેખર માને છે કે, તેના બે ક્વોડ પાર્ટનર્સ ભારત અને જાપાન ઝેનોફોબિક છે, કિર્બીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ એક વ્યાપક મુદ્દો બનાવી રહ્યા છે. કિર્બીએ કહ્યું કે, 'મારો મતલબ એ છે કે, રાષ્ટ્રપતિ અહીં યુનાઈટેડ સ્ટેટ્સમાં આપણી પોતાની લોકશાહીની ગતિશીલતા અને તે કેટલું સર્વસમાવેશક અને સહભાગી છે તે વિશે વાત કરી રહ્યા હતા.'

# CAA પ્રમાણપત્રોનું વિતરણ એ સંદેશખાલી જેવું જ નાટક છે, જેમ કે ગ્રીન કાર્ડ હોય : મમતા બેનરજી

(એજન્સી) કોલકાતા, તા.૧૮



નાગરિકતા (સુધારા) નિયમ (CAA) ૨૦૨૪ હેઠળ કેન્દ્ર દ્વારા ૩૦૦થી વધુ લોકોને નાગરિકતા પ્રમાણપત્ર આપવા અંગે પ્રથમ પ્રતિક્રિયામાં સીએમ મમતા બેનરજીએ આ પગલાને 'સંદેશખાલી જેવું સ્ટેજ ડ્રામા' ગણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, આ લોકો તો જાણે ગ્રીનકાર્ડ આપી રહ્યા હોય તેવું નાટક કરી રહ્યા છે જેમ કે તેમ લાંબા સમય સુધી અભ્યાસ કરો છો અથવા ઘણા વર્ષોથી વિદેશમાં કામ કરો છો. ઝારગ્રામની એક રેલીમાં મમતા બેનરજીએ કહ્યું કે, લોકો આને સાચું માનશે પરંતુ તે માત્ર ચૂંટણી દરમિયાન રાજકારણ જ થાય છે અને આ જે થઈ રહ્યું છે. PM નરેન્દ્ર મોદી પર વિશ્વાસ કરશો નહીં, તેમની ગેરંટી પર વિશ્વાસ કરશો નહીં. ટીએમસી સુપ્રીમોએ કહ્યું કે, મોદી ૨૦ મેના રોજ ઝારગ્રામની મુલાકાત લેવાના છે, તેઓ 'જૂઠું બોલશે (CAA પર).' 'મારી માતા, ભાઈઓ અને બહેનો, વિશ્વાસ ન કરશો. તે સંપૂર્ણપણે છેતરપિંડી કરનારા લોકો છે. તે સંદેશખાલી જેવું મંચિત નાટક છે. જ્યારે પણ તમે CAA માટે અપીલ કરશો, ત્યારે તમને વિદેશી જાહેર કરી દેવામાં આવશે અને આ યુક્તિ શું છે? તમે જોશો કે જ્યારે બાળકો અમેરિકા જેવા વિદેશમાં જાય છે, તો તેઓ સતત પાંચથી દસ વર્ષ સુધી રહે છે, તો તેમને ગ્રીન કાર્ડ આપવામાં આવે છે. જ્યારે ગ્રીન કાર્ડ ધારકો અથવા કાયમી રહેવાસીઓ અમેરિકામાં રહી શકે છે અને કામ કરી શકે છે અને મોટાભાગના લાભોનો આનંદ માણી શકે છે, ત્યારે તેમની પાસે નાગરિકના સંપૂર્ણ અધિકારો નથી હોતા, જેમાં ઘણા કિસ્સાઓમાં મત આપવાનો અધિકાર પણ સામેલ છે. બેનરજીએ મોદી સરકાર પર આદિવાસીઓના અધિકારો છીનવી લેવા અને વિવિધ પછાત સમુદાયો વચ્ચે મતભેદ શરૂ કરવાની યોજના ઘડવાનો પણ આરોપ લગાવ્યો. તેમણે જણાવ્યું હતું કે, આદિવાસીઓની જમીનો કોઈપણ બહાના હેઠળ હડપ કરી શકાશે નહીં અને ઉમેર્યું હતું કે, કુડમીઓને તેમની માંગણીઓ (ST દરજ્જા માટે) ઉઠાવવાનો સંપૂર્ણ અધિકાર છે. ભાજપ આદિવાસીઓ અને કુડમીઓ વચ્ચે ઝઘડાને વેગ આપવાનો પ્રયાસ કરે છે. ભાજપ એનઆરસી દ્વારા આદિવાસીઓ, કુડમીઓ અને અન્ય પછાત જાતિઓને બહાર કાઢવા માંગે છે અને યુનિફોર્મ સિવિલ કોડ દાખલ કરીને તેમની વચ્ચે લડાઈ કરાવવા માંગે છે. પરંતુ હું મારા છેલ્લા શ્વાસ સુધી તેમની સુરક્ષા કરવાની પ્રતિજ્ઞા લઉં છું. હું એક એવો કાયદો લાવ્યો છું જ્યાં તેમ ગૌરવ અને ગૌરવ સાથે જીવશો અને કુડમીઓ તેમની માંગણીઓ ચોક્કસપણે રજૂ કરી શકે છે આદિવાસીઓનું અપમાન થવા દઈશું નહીં, આ અમારી શપથ છે.

# મમતા બેનરજી INDIA ગઠબંધનમાં છે ? બંગાળમાં કોંગ્રેસની મૂંઝવણ; મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, અધિર ચૌધરી આ નિર્ણય લઈ શકે નહીં'

(એજન્સી) તા.૧૮


પક્ષના પ્રમુખ અને રાજ્ય એકમના વડા એ વાત પર મતભેદ ધરાવે છે કે શું બંગાળના મુખ્યપ્રધાન ભાજપની આગેવાની હેઠળના એનડીએ વિરૂદ્ધ વિપક્ષના ગઠબંધનમાં સામેલ થશે અથવા નહીં. મમતા બેનરજી મુદ્દે કોંગ્રેસ પક્ષની મૂંઝવણ સામે આવી હતી અને પક્ષના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખર્ગેએ બંગાળના મુખ્ય પ્રધાન પરના અવિરત હુમલા માટે રાજ્ય એકમના પ્રમુખ અધીરરંજન ચૌધરીને બોલાવ્યા હતા. મમતા બેનરજી કેન્દ્રમાં INDIA ગઠબંધન સરકારને ટેકો આપે તેવી શક્યતા અંગે પત્રકારના પ્રશ્નના જવાબમાં ખડગેએ જણાવ્યું હતું કે આ અંગે કોંગ્રેસ હાઈકમાન્ડ મમતાના જોડાણ પર નિર્ણય લેશે, ચૌધરી નહીં. કોંગ્રેસ અધ્યક્ષ શનિવારે સવારે મુંબઈમાં એક પ્રેસ મીટમાં બોલી રહ્યા હતા. મહાવિકાસ આઘાડી ગઠબંધનના અન્ય નેતાઓ પણ હાજર રહ્યા હતા. તેમણે કહ્યું કે, મમતા અમારા ગઠબંધનની સાથે છે, અધીર ચૌધરી આ નક્કી કરનાર નથી. અમે, કોંગ્રેસ પાર્ટી અને હાઈકમાન્ડ આ નક્કી કરશે. જો કોઈ હાઈકમાન્ડના નિર્ણયને અનુસરશે નહીં, તો તે બહાર થઈ જશે. ખડગેએ દાવો કર્યો હતો કે જો ઈન્ડિયા બ્લોક સત્તામાં આવશે તૃણમુલ વડાએ સરકારમાં જોડાવાનો નિર્ણય લીધો હતો. ખડગેએ ધ્યાન દોર્યું કે યુપીએ-૧ સરકાર દરમિયાન ડાબેરી પક્ષોએ કોંગ્રેસને બહારથી સમર્થન આપ્યું હતું. તેમના પક્ષના વડાની ટિપ્પણીના જવાબમાં, અધીર ચૌધરીએ કહ્યું કે મમતા સામે તેમનો વિરોધ વ્યક્તિગત નથી. પત્રકારના એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે, હું એવી વ્યક્તિ સાથે જોડાઈ શકું નહીં જે મારી પાર્ટીને ખતમ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે." મારી લડાઈ મમતા સામે નૈતિક છે, તે વ્યક્તિગત નથી. મારો વિરોધ બંગાળમાં મારી પાર્ટીને બચાવવા માટે છે. હું કોંગ્રેસનો સૈનિક છું અને મારી લડાઈને રોકી શકતો નથી. હુગલીના આરામબાગમાં એક બેઠકમાં મમતાએ કહ્યું કે, બંગાળમાં કોઈ ગઠબંધન નથી. ભાજપ-સીપીએમ-કોંગ્રેસે બંગાળમાં અવ્યવસ્થા સર્જી છે. રાષ્ટ્રીય સ્તરે અમે INDI જોડાણ સાથે છીએ. જો અમારી સરકાર સત્તામાં આવશે તો અમે CAA, NRC હટાવીશું. તેઓ પહેલેથી જ હારી ગયા છે, તમારો મત કોંગ્રેસ કે સીપીએમને ન આપો. હું બંગાળમાં ભાજપનો સામનો કરવા માટે તૈયાર છું. જો કે આ અઠવાડિયામાં મમતાએ કહ્યું હતું કે જો વિપક્ષી ગઠબંધન કેન્દ્રમાં આગામી સરકાર બનાવવા માટે દાવા કરવા માટે પૂરતી બેઠકો એકત્રિત કરી શકે તો તે બહારથી ટેકો આપવા માટે તૈયાર છે. તેણીએ પાછળથી દાવો કર્યો હતો કે તેમના નિવેદનનો ખોટો અર્થ કાઢવામાં આવ્યો હતો. તેણીએ વધુ કોઈ ખુલાસો આપ્યો ન હતો. કોંગ્રેસ હાઈકમાન્ડ જેટલી જ દ્વિધા મમતાની છે. પટના, બેંગ્લોર અને મુંબઈમાં તેણીએ જે ઈન્ડિયા બ્લોક મીટીંગોમાં હાજરી આપી હતી, તેમાં બંગાળ કોંગ્રેસના પ્રમુખ અધીર ચૌધરી તેમજ સીપીએમના જનરલ સેક્રેટરી સીતારામ યેચુરી પણ હાજર હતા. સીટ વહેંચણીની સમજૂતી માટે વાટાઘાટો નિષ્ફળ જતાં મમતાએ રાજ્ય કોંગ્રેસના નેતાઓ પર હુમલો કર્યો હતો. તે ૨૦૧૯માં બંગાળમાં કોંગ્રેસે જીતેલી બે બેઠકો ઓફર કરવા તૈયાર હતી, જ્યારે કોંગ્રેસની માંગ ઓછામાં ઓછી ૧૨ બેઠકોની હતી. ડાબેરીઓ સાથે સીટ એડજસ્ટમેન્ટ બાદ કોંગ્રેસ ૧૩ સીટો પર ચૂંટણી લડી રહી છે. જાન્યુઆરીમાં, જ્યારે રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાયયાત્રા બંગાળ તરફ જઈ રહી હતી, ત્યારે મમતાએ કોંગ્રેસ પર વિપક્ષી ગઠબંધનની રચનામાં તેમના યોગદાનને અવગણવાનો આરોપ લગાવ્યો હતો. બંગાળમાં એકલા લડવાના તૃણમુલના નિર્ણયની ઘોષણા કરીને, તેણીએ દાવો કર્યો કે કોંગ્રેસને લોકસભામાં ૪૦થી વધુ બેઠકો નહીં મળે. મમતાએ કોંગ્રેસ પર રાજ્યમાં મુસ્લિમ મતોના વિભાજનનો પ્રયાસ કરવાનો આરોપ પણ લગાવ્યો હતો. એવું માનવામાં આવે છે કે સમુદાયે ૨૦૧૯ની લોકસભા અને ૨૦૨૧ની વિધાનસભાની ચૂંટણીમાં આ પક્ષ માટે સામૂહિક મતદાન કર્યું હતું. બંગાળના મુખ્ય પ્રધાન પણ ઈન્ડિયા જોડાણ સાથેના તેમના સંબંધોને સંપૂર્ણપણે તોડી શકતા નથી, કારણ કે ભગવા પક્ષને પણ તેમના સમર્થનની જરૂર હોય તો તે ભાજપને સમર્થન આપે તેવી શક્યતા તરીકે અર્થઘટન કરી શકાય છે. આવી શક્યતાનો કોઈપણ સંકેત તૃણમૂલ માટેના મુસ્લિમ સમર્થન પર પ્રતિકૂળ અસર કરી શકે છે. બંગાળમાં ભારત ગઠબંધન અસ્તિત્વમાં નથી એવું કહીને મમતાએ મધ્યમ માર્ગ અપનાવ્યો છે. ૫ મેના રોજ માલદા ખાતે એક જાહેર સભાને સંબોધતા ખડગેએ સ્વીકાર્યું હતું કે મમતા બંગાળમાં કોંગ્રેસને નબળી પાડવાનો પ્રયાસ કરી રહી છે. ખડગેએ કહ્યું હતું કે, નરેન્દ્ર મોદીની જેમ મમતા પણ કોંગ્રેસને નબળી કરવા માટે સક્રિય છે. હું તૃણમુલના મતદારોને કહી રહ્યો છું કે તેમનો મત વેડફવો જોઈએ નહીં. તેઓ ભાજપને હરાવી શકતા નથી અને પોતાના દમ પર સત્તામાં આવી શકતા નથી, માત્ર કોંગ્રેસ જ આવું કરી શકે છે.

# DMKના અધ્યક્ષનો મોટો આરોપ : ભાજપ જ છે જે ફેક ન્યૂઝને સમર્થન આપે છે અને તેને પ્રોત્સાહિત કરે છે

**નરેન્દ્ર મોદી દ્વારા યુપીના અપમાનનો આરોપ મૂકવો એ તેમની 'સસ્તી રણનીતિ' દર્શાવે છે : એમ.કે. સ્ટાલિન**

(એજન્સી) તા.૧૮

દ્રવિડ મુનેત્ર કઝગમ (DMK)ના પ્રમુખ અને તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને શનિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર રાજ્યો વચ્ચે સંઘર્ષને વેગ આપવા માટે સસ્તી રણનીતિ અપનાવવાનો આરોપ મૂક્યો હતો અને કહ્યું હતું કે, મોદી આમ કરી રહ્યા છે કારણ કે, તેમને સાંપ્રદાયિક નફરતના પ્રચારથી ચૂંટણીમાં કોઈ મદદ મળી રહી નથી. મોદી પર કાલ્પનિક જૂઠી કહાણીઓ ઘડવાનો અને જૂઠું બોલવાનો આરોપ લગાવતા સ્ટાલિને કહ્યું કે, ઉત્તરપ્રદેશના લોકો વિરુદ્ધ તમિલનાડુ સહિત દક્ષિણના રાજ્યોના નેતાઓ દ્વારા અપમાનજનક ભાષાના ઉપયોગ અંગેના મોદીના આરોપો સંપૂર્ણપણે પાયાવિહોણા અને ખોટા છે. થોડા દિવસો પહેલા વડાપ્રધાન મોદીએ એક ચૂંટણી રેલીમાં આરોપ લગાવ્યો હતો કે, સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસના દક્ષિણી સહયોગીઓએ ઉત્તરપ્રદેશ અને સનાતન ધર્મનું અપમાન કર્યું છે, પરંતુ બંને પક્ષોએ મૌન જાળવ્યું હતું. ડીએમકે પ્રમુખે આક્ષેપ કર્યો હતો કે, તમિલનાડુમાં પરપ્રાંતિય મજૂરો પરના હુમલા અંગે 'મનિષ કશ્યપ જેવા યુટ્યુબર્સ' દ્વારા કરવામાં આવેલા ખોટા દાવા જેવા નકલી સમાચારોને સમર્થન આપનાર અને પ્રોત્સાહન આપનાર ભાજપ જ છે. તેમણે કહ્યું કે, આવા ખોટા દાવાઓ સમાજમાં ભાગલા પાડવાના હેતુથી નફરતના પ્રચારનું એક સ્વરૂપ છે. કશ્યપને (તમિલનાડુ) પોલીસે ગયા વર્ષે બિહારના પરપ્રાંતિય કામદારો પરના 'હુમલા'



પર નકલી વીડિયો ફેલાવવા બદલ ધરપકડ કરી હતી. કશ્યપ ગયા મહિને ભાજપમાં જોડાયા હતા. મોદી પર નિશાન સાધતા સ્ટાલિને કહ્યું કે, તેમણે પછાત વર્ગો અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકો માટે અનામત પરની ૫૦ ટકાની મર્યાદાને દૂર કરવા પર કંઈ કહ્યું નથી, જે ઉત્તરપ્રદેશના લોકો માટે ખૂબ ફાયદાકારક હશે. ડીએમકેના ટોચના નેતાએ આરોપ લગાવ્યો કે મોદીને માત્ર નફરત ફેલાવવામાં રસ છે. સ્ટાલિને એક નિવેદનમાં કહ્યું, 'ભાજપના વિભાજનના સપના ક્યારેય પૂરા નહીં થાય ! ખોટી કહાણીઓ અને નફરત હારશે અને ઈન્ડિયા ગઠબંધન જીતશે.' મુખ્યમંત્રીએ કહ્યું કે, મોદી હતાશ છે કારણ કે, તેમની પાસે તેમના કાર્યકાળના દસ વર્ષની સિદ્ધિઓ વિશે લોકોને કહેવા માટે કંઈ નથી. સ્ટાલિને કહ્યું કે, વિપક્ષ ઈન્ડિયા ગઠબંધન ચાલી રહેલી લોકસભા ચૂંટણીમાં જીત તરફ આગળ વધી રહ્યું છે જ્યારે મોદી જૂઠ અને નફરત ફેલાવી રહ્યા છે, જેના પર ચૂંટણી પંચ સંપૂર્ણપણે મૌન છે.

# યુપી ગેંગસ્ટર એક્ટ હેઠળ કેસ અને ચાર્જશીટ રદ કરવાની અરજી પર સુનાવણી કરવા સુપ્રીમ કોર્ટ તૈયાર

(એજન્સી) તા.૧૮

સુપ્રીમ કોર્ટ અલ્હાબાદ હાઈકોર્ટના આદેશને પડકારતી અરજીની સુનાવણી કરવા સંમત થઈ છે જેમાં ઉત્તરપ્રદેશ ગેંગસ્ટર અને અસામાજિક પ્રવૃત્તિઓ અધિનિયમ, ૧૯૮૬ હેઠળ દાખલ કરવામાં આવેલા કેસમાં ચાર્જશીટ અને કાર્યવાહીને રદ કરવાની માંગ કરતી અરજીને ફગાવી દેવામાં આવી હતી.



ન્યાયમૂર્તિ સુધાંશુ ધુલિયા અને સંજયકુમારની બેન્ચે અરજદાર રાજ ખાન દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર ઉત્તરપ્રદેશ સરકાર પાસેથી જવાબ માંગ્યો હતો, જેની સામે પીલીભીત જિલ્લામાં યુપી ગેંગસ્ટર એક્ટની જોગવાઈ હેઠળ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી.

એડવોકેટ તન્વી દુબે દ્વારા અરજી દાખલ કરવામાં આવી હતી જેમાં કહેવાયું હતું કે, સેક્શન ૪૮૨ CrPC હેઠળ અરજદારની અરજીને ફગાવી દેતા હાઈકોર્ટના અયોગ્ય આદેશથી અરજદારને ભારે મુશ્કેલી અને અન્યાય થઈ રહ્યો છે કારણ કે, ભારતના બંધારણની કલમ ૨૧ હેઠળ તેની જીવન સ્વતંત્રતા અને વ્યક્તિગત સ્વતંત્રતા પર અંકુશ મૂકવામાં આવ્યો છે.

તેમાં આરોપ છે કે, યુપી ગેંગસ્ટર્સ એક્ટ હેઠળ એફઆઈઆર ફક્ત અગાઉની એફઆઈઆરના આધારે નોંધવામાં આવી છે, જે કાયદાની પ્રક્રિયાનો સંપૂર્ણ દુરૂપયોગ હતો.

અરજીમાં જણાવ્યું હતું કે, અરજદાર પાસે કથિત કેસ સિવાય અન્ય કોઈ ગુનાહિત પૂર્વવર્તી નથી અને તેની વિરુદ્ધ ગેંગસ્ટર એક્ટનો ઉપયોગ કરવાથી માત્ર તેના માટે પૂર્વગ્રહ જ નથી થતો પરંતુ તે વ્યક્તિગત વેર માટે પોલીસ અને ન્યાયિક તંત્રનો ગંભીર દુરુપયોગ તરફ દોરી જશે.

### અમેરિકાને પણ ઈશારાથી જવાબ આપ્યો

# PM મોદીએ ઈરાન સાથે ચાબહાર કરાર પર પહેલીવાર વાત કરી

## તાજેતરમાં જ ભારતે ઈરાન સાથે ચાબહાર પોર્ટને લઈને એક સમજૂતી પર હસ્તાક્ષર કર્યા છે, જે અંતર્ગત ભારતને ૧૦ વર્ષ માટે આ બંદર ચલાવવાનો અધિકાર મળ્યો છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈરાન અને ભારત વચ્ચેના તાજેતરના ચાબહાર કરાર પર પહેલીવાર પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, ચાબહાર કરાર ભારતના અર્થતંત્ર માટે એક મોટો કરાર છે. પીએમ મોદીએ ચાબહાર સમજૂતી પર અમેરિકાની ચેતવણીનો પણ બેફામ જવાબ આપ્યો. અમેરિકાનું નામ લીધા વિના તેમણે કહ્યું કે, ભારત કોઈ ત્રીજા પક્ષના આધારે નહીં પણ પોતાની રીતે કોઈ નિર્ણય લેશે. વાસ્તવમાં પીએમ મોદી સાથેના ઈન્ટરવ્યુ દરમિયાન ઈન્ડિયા ટુડે ગ્રુપના ન્યુઝ ડાયરેક્ટર રાહુલ કંવલે પૂછ્યું હતું કે, જો આપણે એક મિનિટ માટે પણ દેશની રાજનીતિમાંથી બહાર નીકળીને વૈશ્વિક વ્યવસ્થાની વાત કરીએ તો આ સમયે દુનિયાની નજર મંડાયેલી હશે. ભારત પર છે અને ભારતમાં શું ચાલી રહ્યું છે તે ચૂંટણી પર છે. હાલમાં રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ ખતમ નથી થઈ રહ્યું. ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધ ચાલુ છે. ઈરાન સાથે તણાવ વધી રહ્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં ભારતની તાકાતમાં નોંધપાત્ર વધારો થયો છે, ૧૧મી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાથી ભારત પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયું છે. આગામી પાંચ વર્ષમાં વૈશ્વિક ઉચ્ચ ટેબલ પર ભારતની ભૂમિકા તમે શું જુઓ છો ? જવાબમાં પીએમ મોદીએ કહ્યું, આપણે વસ્તુઓને આ રીતે કેમ જોઈએ છીએ ? મૂળ વાત શું છે ? અત્યાર સુધી આપણે શું વિચાર્યું ? અમારું વર્ણન હતું કે અમે આનાથી ઘણા દૂર છીએ, અમે તેનાથી ઘણા દૂર છીએ. અમે સમાન અંતર જાળવી રાખતા હતા, આ અમારી રાજદ્વારી ભાષા હતી, મેં કહ્યું, હવે કંઈ કરવાનું નથી મારી ભાષા એ છે કે, આપણે કેટલા નજીક છીએ. હવે દુનિયામાં એક હરીફાઈ શરૂ થઈ ગઈ છે કે, તેની નજીક કેવી રીતે જવું. પહેલા દૂર રહેવાની સ્પર્ધા હતી, હવે તે બદલાઈ ગઈ છે. હવે બધા લોકોમાં નજીક આવવાની સ્પર્ધા ચાલી રહી છે. ઈરાન સાથે ચાબહાર સમજૂતીનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું, હવે ગઈકાલે ઈરાનમાં મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ભારતીય અખબારોની હેડલાઇન સમાચાર છે અને મારા મંત્રી ચાબહાર ઈરાનમાં હતા. ચાબહાર



પોર્ટના અંતિમ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે, મધ્ય એશિયા સાથે જોડાયેલ આપણી અર્થવ્યવસ્થા માટે આ એક મોટું કામ છે. હેડ ટેબલ શું છે ? આ તમામ લડાઈઓ વચ્ચે ચાબહાર કરાર પર હસ્તાક્ષર થયા છે. ભારતે હાલમાં જ ચાબહાર પર ઈરાન સાથે એક કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જે અંતર્ગત આગામી ૧૦ વર્ષ સુધી ચાબહાર પોર્ટની સમગ્ર કામગીરીની જવાબદારી ભારતની રહેશે. આ સમજૂતીને લઈને અમેરિકાએ કહ્યું કે, જો કોઈ દેશ ઈરાન સાથે બિઝનેસ ડીલ કરવા પર વિચાર કરી રહ્યો છે તો તેને તેના સંભવિત જોખમોથી વાકેફ થવું જોઈએ. તેણે જાણવું જોઈએ કે તેના પર પ્રતિબંધ મૂકવામાં આવી શકે છે. અમેરિકાની આ ચેતવણી પર વિદેશમંત્રી એસ. જયશંકરે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, ચાબહાર સમજૂતીથી સમગ્ર વિસ્તારને ફાયદો થશે, તેથી આવી સંકુચિત વિચારસરણી ન રાખવી જોઈએ. આજતક સાથેના ઈન્ટરવ્યુ દરમિયાન પીએમ મોદીએ પણ આડકતરી રીતે અમેરિકાને જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું, અમે કોઈપણ ત્રીજા પક્ષના આધારે અમારો નિર્ણય નહીં લઈએ. અમે અમારા માટે નિર્ણયો લઈશું. આમને આમ ખરાબ લાગે તો ? જો આપણે તેની સાથે વાત કરીએ તો ? ના... હું બધા સાથે વાત કરીશ.

# આસામની સ્મરણ રેલીમાં 'પેલેસ્ટીનની મુક્તિ'ના નારા લગાવવામાં આવતા વિવાદ

## સિલચરમાં ૧૯૬૧માં ભાષા ચળવળ દરમિયાન અગિયાર યુવાનોનાં બલિદાનની યાદમાં બરાક ખીણના ત્રણ જિલ્લાના લોકો ૧૯ મેના રોજ ભાષા શહીદ દિવસ ઊજવે છે

(એજન્સી) સિલચર, તા.૧૮

બરાક ખીણમાં ૧૯૬૧ની ભાષા ચળવળની યાદમાં યોજાયેલી રેલી દરમિયાન 'ફ્રી પેલેસ્ટીન' અને 'સ્ટોપ કિલિંગ ઈન ગાઝા'ના નારા લગાવ્યા બાદ શુક્રવારે સાંજે આસામના સિલચરમાં વિવાદ સર્જાયો હતો. સિલચરમાં ૧૯૬૧માં ભાષા ચળવળ દરમિયાન અગિયાર યુવાનોનાં બલિદાનની યાદમાં બરાક ખીણના ત્રણ જિલ્લાના લોકો ૧૯ મેના રોજ ભાષા શહીદ દિવસ ઊજવે છે.




આ રેલીનું આયોજન સંમિલિત સાંસ્કૃતિક મંચ દ્વારા કરવામાં આવ્યું હતું, જે ૩૨ સામાજિક-સાંસ્કૃતિક સંસ્થાઓની છત્ર સંસ્થા છે. આ રેલીમાં લોકો 'ફ્રી પેલેસ્ટીન' અને 'સ્ટોપ કિલિંગ ચિલ્ડ્રન એન્ડ ઈનોસન્ટ્સ ઈન ગાઝા' પોસ્ટર જોવા મળ્યા હતા. સંમિલિત સાંસ્કૃતિક મંચના પ્રમુખ વિશ્વજીત દાસે કહ્યું હતું કે, ૧૯૬૧ની ભાષા ચળવળ એ ઉચ્ચ વર્ગો દ્વારા થતાં જુલમ સામેની લડાઈ હતી અને આજે ગાઝામાં જે થઈ રહ્યું છે તેની સાથે તેની સમાનતા છે. અમે રવીન્દ્રનાથ ટાગોરના અનુયાયીઓ છીએ. અમે માનીએ છીએ કે અમે વૈશ્વિક નાગરિક છીએ અને અમારે સ્થાનિક અને વૈશ્વિક બંને મુદ્દાઓ સામે અમારો અવાજ ઉઠાવવો પડશે. અમે પેલેસ્ટીનીઓ પર હુમલા અને યુક્રેનમાં રશિયન હુમલાઓનો સામનો કરી રહેલા લોકો માટે પણ સહાનુભૂતિ ધરાવીએ છીએ. તેમણે કહ્યું કે, આ સૂત્રોચ્ચાર કોરસ સંગઠન દ્વારા કરવામાં આવ્યા હતા, રેલીમાં ભાગ લેનારા અન્ય લોકો દ્વારા નહીં. તેમણે કહ્યું કે, અમારા માટે ભાષા ચળવળને યાદ કરવાની ક્ષણ એ તમામ અન્યાય સામે બોલવાની તક છે અને અમે ગાઝામાં નિર્દોષો અને બાળકોની હત્યા સામે અમારો અવાજ ઊઠાવ્યો છે. અન્ય સંસ્થાઓ, જેમણે આ રેલીમાં ભાગ લીધો હતો તે કદાચ અમારી સાથે સંમત ન હોય અને અમે કોઈને પણ અમને ટેકો આપવા દબાણ કર્યું નથી.

જો કે, સોશિયલ મીડિયા પર લોકો દ્વારા આની ટીકા કરવામાં આવી હતી અને કહ્યું હતું કે, ભાષા ચળવળનું રાજનીતિકરણ કરવું એ યોગ્ય નથી. વરિષ્ઠ થિયેટર એક્ટિવિસ્ટ અને પત્રકાર સયાન બિસ્વાસે ફેસબૂક પર લખ્યું કે, મારી માતૃભાષા પ્રત્યેના આદરને કારણે મેં રેલીમાં ભાગ લીધો કારણ કે, અમે શહીદોના બલિદાનને ભૂલ્યા નથી. પરંતુ હું આવા અપ્રસ્તુત પોસ્ટરો કે સૂત્રોનું સમર્થન કરતો નથી. મારી સંસ્થા થિયેટર ગ્રુપ આ પગલાનું સમર્થન કરતું નથી. સિલચરના સામાજિક કાર્યકર્તા જોયદીપ દત્તાએ લખ્યું કે, આજની રેલીમાં એવું લાગી રહ્યું હતું કે, તે ભાષા શહીદોને યાદ કરવા માટે આયોજિત કરવામાં આવી ન હતી તેના બદલે તે સરકારની ટીકા કરવા માટેનું પ્લેટફોર્મ બની ગયું હતું. અમે આનું સમર્થન કરતા નથી.

વરિષ્ઠ વકીલ અને કરીમગંજમાં ફોરેનર્સ ટ્રિબ્યુનલના પૂર્વ સભ્ય સિશિરડેએ કહ્યું કે, કોઈ આંદોલન બિનરાજકીય નથી, ૧૯૬૧નું ભાષા આંદોલન પણ સરકારના નિર્ણયની વિરુદ્ધ હતું. તે આંદોલન દરમિયાન મૃત્યુ પામેલા ૧૧ યુવાનોને અમે પાછા લાવી શકતા નથી, પરંતુ આજે સરકાર જે ખોટા નિર્ણયો લઈ રહી છે તેની સામે અવાજ ઉઠાવીને અમે તેમને શ્રદ્ધાંજલિ આપી શકીએ છીએ.

ઉલ્લેખનીય છે કે, આસામ ભાષા અધિનિયમ ૧૯૬૦નો વિરોધ કરતી વખતે ૧૯ મે, ૧૯૬૧ના રોજ સિલચર રેલવે સ્ટેશન પર પોલીસ ગોળીબારમાં ૧૪ વર્ષની છોકરી સહિત અગિયાર યુવકો માર્યા ગયા હતા, જે આસામીને રાજ્યની એકમાત્ર સત્તાવાર ભાષા તરીકે જાહેર કરવાનો ઈરાદો ધરાવતા હતા. જો કે, તેમના મૃત્યુ બાદ રાજ્ય સરકારે નિર્ણય બદલ્યો અને બરાક ખીણના ત્રણ જિલ્લાઓની સત્તાવાર ભાષા બંગાળી બની ગઈ. એ જ રીતે બોડો બોડોલેન્ડની સત્તાવાર ભાષા બની હતી.

સિલચરમાં શુક્રવારની રેલી દરમિયાન, કેટલાક સંગઠનોએ તે અગિયાર યુવાનોને ભાષા શહીદોની સત્તાવાર માન્યતા આપવાની માંગ કરી હતી. ગૌહાટી હાઈકોર્ટના વકીલ તાનિયા લસ્કરે જણાવ્યું હતું કે, તે ઘટના પછી મેહરોત્રા કમિશને કેસની તપાસ કરી, પરંતુ રિપોર્ટ ક્યારેય જાહેર કરવામાં આવ્યો ન હતો. અમે સરકારને તેને સાર્વજનિક કરવાની માગણી કરીએ છીએ કારણ કે, અમે સત્ય જાણવા ઈચ્છીએ છીએ.

કેટલાક સંગઠનોએ નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન્સ (NRC), અને શંકાસ્પદ મતદારોના નામે નાગરિકતા માટેના સંઘર્ષ સામે અવાજ ઉઠાવ્યો હતો અને રાજ્યમાં અટકાયત કેન્દ્રોને બંધ કરવાની માંગ કરી હતી. કચરના દુલૂ ચાના બગીચાના ૧૦૦થી વધુ કામદારો પણ આ રેલીમાં જોડાયા હતા અને તેમના બગીચા પાછા આપવાની માંગ કરી હતી. આસામ સરકારે મે ૨૦૨૨માં ત્યાં ગ્રીનફિલ્ડ એરપોર્ટ બનાવવા માટે ૪.૧૯ કરોડ ચાની ઝાડીઓ નષ્ટ કરી નાખી હતી. જો કે, પર્યાવરણીય મંજૂરી વિના ચાની ઝાડીઓ ઉખડી નાખવામાં આવી હોવાનું કહીને સુપ્રીમ કોર્ટે આ પ્રોજેક્ટ પર રોક લગાવી દીધી છે.

# સાત વર્ષની ઉંમરે માતાનું મૃત્યુ, પિતાજીને બિઝનેસમાં નુકસાન થયું અને ૧૦માં ધોરણ સુધી જ અભ્યાસ કરનાર આ વ્યક્તિ પાસે હવે ૩૦૦૦ કરોડની કંપની છે

## આ સમયગાળા દરમિયાન સુભાષે શાળા છોડી દીધી અને તેના પિતાના વ્યવસાયમાં કામ કરવાનું શરૂ કર્યું, તેમણે મ્યુઝિક રેકોર્ડ, હોમ એપ્લાયન્સ અને સિમ કાર્ડ પણ વેચ્યા હતા

(એજન્સી) તા.૧૮

પ્રતિકૂળ સમયમાંથી પસાર થઈને વિજય મેળવનાર વ્યક્તિઓની સફળતાની વાર્તાઓ ઘણીવાર પ્રેરણાદાયી હોય છે અને આજે અમે સંગીતા મોબાઈલ્સના સ્થાપક સુભાષચંદ્ર એલ. સુભાષ વિશે વાત કરવા જઈ રહ્યા છીએ, જેઓ બેંગલુરુના છે, તેમણે બાળપણમાં અસંખ્ય મુશ્કેલીઓનો સામનો કર્યો હતો. જ્યારે તે ૭ વર્ષનો હતો ત્યારે તેમની માતાનું અવસાન થઈ ગયું હતું અને તેમના પિતાનો વ્યવસાય પણ નિષ્ફળ ગયો હતો. તેમના પિતા, નારાયણ રેડ્ડીએ બે મિત્રો સાથે મળીને ૧૯૭૪માં 'સંગીથા' નામની કંપની શરૂ કરી, અને શરૂઆતમાં સંગીતના રેકોર્ડ વેચ્યા હતા. જો કે, જ્યારે આ ધંધો સફળ થયો ન હતો, ત્યારે તેના મિત્રોએ તે છોડવાનું નક્કી કર્યું અને આ સાહસ છોડી દીધું.



આ સમયગાળા દરમિયાન, સુભાષે શાળા છોડી દીધી અને તેના પિતાના વ્યવસાયમાં કામ કરવાનું શરૂ કર્યું. તેમણે મ્યુઝિક રેકોર્ડ, હોમ એપ્લાયન્સ અને સિમ કાર્ડ વેચ્યા હતા. ૧૯૯૭માં જ્યારે મોબાઈલ ફોન લોકપ્રિય થવા લાગ્યા ત્યારે સુભાષને નોંધપાત્ર સફળતા મળી હતી. મોબાઈલ ફોન માટે વીમો ઓફર કરનાર તે દેશના પ્રથમ રિટેલર બન્યા હતા. જો ફોનમાં કોઈ ક્ષતિ ન થાય તો તેનું વીમા પ્રીમિયમ રિફંડ કરવામાં આવ્યું હતું, જે કંપની માટે આ મોડેલ દ્વારા મોટી સફળતા મળી હતી. ૨૦૦૨માં, તેઓએ તેમનો બીજો શોરૂમ ખોલ્યો અને તેમનો એનિવર્સરી સેલ શરૂ કર્યો, જે દર વર્ષે જૂન મહિનામાં કરવામાં આવે છે.

# ૨૦૨૦માં નોકરી ગુમાવનાર લંડનનો આ વ્યક્તિ હવે મહિને ૩૮ લાખ રૂપિયા કમાય છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

આજના યુગમાં છટણી એ એક સામાન્ય વાત બની ગઈ છે. પરંતુ જે લોકો તેમની નોકરી ગુમાવે છે તેઓ માટે ઘણીવાર ખર્ચા પૂરા કરવામાં મુશ્કેલી ઊભી થાય છે. કોઈપણ પગારદાર વ્યક્તિ માટે આ એક સામાન્ય પરિસ્થિતિ છે. કેટલીક કંપનીઓ તેમના કર્મચારીઓને યોગ્ય નોટિસ આપ્યા પછી છૂટા કરે છે. આવી જ ઘટના યુનાઈટેડ કિંગડમના એક વ્યક્તિ સાથે બની હતી. તેની નોકરી ગુમાવ્યા પછી, તે માણસે તેનું સાહસ શરૂ કરવાનું વિચાર્યું, તેને જીવનધોરણ વધુ સારું પ્રદાન કર્યું. તેના વ્યવસાય દ્વારા, તે આજે દર મહિને ૩૮ લાખ રૂપિયાથી વધુની કમાણી કરે છે. ધ સનના અહેવાલ મુજબ, લંડનના રહેવાસી આલ્ફ્રેડ ડીઝાડેએ તેની નોકરી ગુમાવી ત્યારે લગભગ ૪૦,૦૦૦ પાઉન્ડ (અંદાજે ૪૨ લાખ રૂપિયા) કમાતો હતો. નોકરીમાંથી છૂટા થયા પછી, તેની આવક બંધ થવાને કારણે તેને નાણાંકીય સમસ્યાઓનો સામનો કરવો પડ્યો. તેણે કેટલાક પૈસા બચાવ્યા જેના કારણે તેને તેની કારકિર્દીની નવી શરૂઆત કરવામાં મદદ મળી. પોતાની બચતથી તેણે જાતે જ ધંધો શરૂ કરવાનું નક્કી કર્યું. તેણે તેની ૨૫,૦૦૦ પાઉન્ડ (અંદાજે ૨૬ લાખ રૂપિયા)ની બચત સાથે મિલકત ખરીદવાની અને તેને ભાડે આપવાનું આયોજન કર્યું. આજે, આલ્ફ્રેડના પોર્ટફોલિયોમાં આશરે ૪૫ લાખ પાઉન્ડ (અંદાજે ૪૭૦ કરોડ રૂપિયા)ની કિંમતની નવ મિલકતોનો સમાવેશ થાય છે. તેની મિલકતોમાંથી, તે દર મહિને લગભગ ૩૪,૦૦૦ પાઉન્ડ (અંદાજે ૩૫ લાખ રૂપિયા) કમાય છે. અહેવાલ મુજબ, ફોર્બ્સના જણાવ્યા અનુસાર, આ દેશના સરેરાશ વાર્ષિક પગાર કરતાં ઘણું વધારે છે જે દેશના લોકો કમાય છે. આલ્ફ્રેડે ઉલ્લેખ કર્યો કે તેણે આજે આ પદ સુધી પહોંચવા માટે ખૂબ જ મહેનત કરી છે. તેણે કહ્યું, મેં આ પદ પર રહેવા માટે ખૂબ જ સખત મહેનત કરી છે અને તે સરળ નથી, મિત્રો અને પરિવાર સાથે સમયનું બલિદાન આપ્યું જેથી હું આ લક્ષ્ય હાંસલ કરી શકું. ૩૧ વર્ષીય આલ્ફ્રેડ ડઝાડેએ ૨૫ વર્ષની ઉંમરે તેનું પહેલું ઘર ખરીદ્યું હતું. તેણે ઘર ખરીદવા માટે લગભગ ૨,૯૫,૦૦૦ પાઉન્ડ (આશરે ૩ કરોડ રૂપિયા) ખર્ચ્યા હતા પરંતુ બાદમાં નોકરી ગુમાવ્યા બાદ તેના નિર્ણય પર પસ્તાવો થયો હતો. તેણે ધંધામાં આગળ વધવાનું નક્કી કર્યું. તેની પાસે પૂરતા પૈસાનો અભાવ હતો અને પછી તેના વ્યવસાય માટે રોકાણ મેળવવા માટે બહુવિધ રોકાણકારોનો સંપર્ક કર્યો. જરૂરી મૂડી એકત્ર કર્યા પછી તેણે બહુવિધ મિલકતો ખરીદી અને લોકોને ભાડે આપી.



# બોલિવૂડમાં કામ કરનાર IPS અધિકારીએ કોચિંગ વગર પ્રથમ પ્રયત્નમાં UPSC પાસ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

બોલિવૂડમાં કોપ ફિલ્મો ડઝનેક જેટલી છે. મોટા બજેટની એક્શન ફિલ્મોથી લઈને OTT પર આકર્ષક થ્રિલર્સ સુધી શૈલીમાં ઘણાં બધા વિકલ્પો છે. આ પરિસ્થિતિમાં એક ડિફરેન્સ સાથેની એક કોપ ફિલ્મ ટૂંક સમયમાં આવી રહી છે અને તેમાં વાસ્તવિક જીવનના સુપરકોપની ભૂમિકા છે. આગામી ફિલ્મ ધ નર્મદા સ્ટોરીમાં IPS અધિકારી સિમલા પ્રસાદ વર્ષો પછી ફિલ્મોમાં પાછા ફર્યા છે. સિમલા પ્રસાદ જેઓ હાલમાં જબલપુરના SP છે. તેમણે તાજેતરમાં ધ નર્મદા સ્ટોરીનું શૂટિંગ પૂર્ણ કર્યું છે. જેમાં રઘુબીર યાદવ, મુકેશ તિવારી, અંજલિ પાટિલ અને ઈશ્તિયાક ખાન જેવા દિગ્ગજ બોલિવૂડ કલાકારો પણ છે. આ ફિલ્મનું નિર્દેશન ઝૈગમ ઈમામે કર્યું છે. યોગાનુયોગ, સિમલા પ્રસાદે અગાઉ ઈમામ સાથે તેમની ફિલ્મો અલીફ અને નક્કાશમાં કામ કર્યું હતું. નિર્માતાઓના જણાવ્યા મુજબ ધ નર્મદા સ્ટોરી પોલીસ દળના વાસ્તવિક અનુભવો પર આધારિત એક આકર્ષક સસ્પેન્સ થ્રિલર છે. દિગ્દર્શક ઝૈગમ ઈમામ કહે છે. આ ફિલ્મમાં પોલીસ વિભાગને ખૂબ જ વાસ્તવિક રીતે કામ કરતા દર્શાવવામાં આવ્યું છે. ખાસ કરીને આ ફિલ્મ પોલીસમાં મહિલાઓની સ્થિતિ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. શૌર્ય કરતાં વધુ વાસ્તવિકતા અને રોજબરોજની સમસ્યાઓ છે. જેનો સામાન્ય લોકોની જેમ પોલીસકર્મીઓ પણ સામનો કરે છે. આ ફિલ્મ સત્યની ખૂબ જ નજીક છે. તેથી અમે તેના માટે એક વાસ્તવિક પોલીસ મેનની શોધ કરી અને ઘણી મહેનત પછી આ પ્રયત્ન સફળ થયો. તેમના પરત ફરવા પર ટિપ્પણી કરતાં IPS સિમલા પ્રસાદ કહે છે,પોલીસિંગ એ મારા જીવનનું સૌથી મહત્વપૂર્ણ પાસું છે. અસંખ્ય અધિકારીઓ વિવિધ રચનાત્મક અભિગમો દ્વારા વિભાગને આગળ ધપાવવા માટે અથાગ પ્રયત્નો કરી રહ્યા છે. ધ નર્મદા સ્ટોરી જેવી ફિલ્મોમાં મારું હોવું એ મારું યોગદાન છે. આ અર્થપૂર્ણ ફિલ્મમાં મારા ગૃહરાજ્ય MPના પ્રતિષ્ઠિત પીઢ કલાકારો સાથે સહયોગ કરીને મને આનંદ થાય છે કે, તેઓ માત્ર અસાધારણ કલાકારો જ નથી. પરંતુ આ ફિલ્મ ઘણાં લોકો માટે આંખ ખોલનાર તરીકે કામ કરશે.



# આ ભારતીય મહિલાએ એન્જિનિયરિંગ પૂર્ણ કર્યા પછી તરત જ એમેઝોન પછી ગૂગલ, માઈક્રોસોફ્ટમાં નોકરી મેળવી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

FAANG (Facebook, Amazon, Apple, Netflix અને Google) કંપનીઓમાં નોકરી મેળવવી એ ઘણાં લોકોની મહત્વાકાંક્ષા હોય છે, પરંતુ માત્ર થોડાં જ લોકો આ સિદ્ધિ મેળવી શકે છે. સોનાક્ષી પાંડેએ અવરોધોને હરાવી દીધા. કારણ કે, તેણે બે ટેક જાયન્ટ્સ, ગૂગલ અને એમેઝોન તરફથી ઓફર મેળવી હતી. અહેવાલો જણાવે છે કે, તેના આકર્ષક બાયોડેટા એ તેને ગૂગલ અને પછી માઈક્રોસોફ્ટમાં તેની સ્વપ્નની નોકરી મેળવવામાં મદદ કરી. પાંડેની સફર એમેઝોન ખાતે સોફ્ટવેર એન્જિનિયરના પદ સાથે શરૂ થઈ, જ્યાં તેણે કોમ્પ્યુટર સાયન્સમાં માસ્ટર ડિગ્રી પૂર્ણ કર્યા પછી જ ત્રણ વર્ષ સુધી તેની કોડિંગ કુશળતામાં વધારો કર્યો. અંતર્મુખી હોવા છતાં તેની કુશળતાએ તેને જુદી પાડી અને તેણે માઈક્રોસોફ્ટ અને ગૂગલમાં અરજી કરવાનું પસંદ કર્યું. ત્યારબાદ તેણે એમેઝોન વેબ સર્વિસિસ (AWS) ખાતે સોફ્ટવેર ડેવલપમેન્ટમાંથી સોલ્યુશન આર્કિટેક્ચરમાં જોડાઈ. તેને જાહેર વક્તા અને ક્લાયન્ટ પ્રેઝન્ટેશનમાં સામેલ હતી. એમેઝોનમાં પાંચ વર્ષ પછી પાંડેએ માઈક્રોસોફ્ટ અને ગૂગલ બંને તરફથી ઓફર મેળવી. પાંડે તેની સફળતાના કારણ તરીકે તેની પ્રોફાઈલમાં બે અનન્ય કૌશલ્યોને શ્રેય આપે છે. AWSમાં કામ કરતી વખતે સોનાક્ષીએ એમેઝોનના ક્લાઉડ કમ્પ્યુટિંગ પ્લેટફોર્મ માટે બ્લોગ્સ વિકસાવ્યા. ઉપરાંત તેના સ્વયંસેવક કાર્ય, ખાસ કરીને તેના માર્ગદર્શક પ્રોજેક્ટ્સ, તેના બાયોડેટાને અન્ય પરંપરાગત લોકોથી અલગ પાડે છે. પાંડેએ એમેઝોન ખાતેના તેના માર્ગદર્શકને પણ શ્રેય આપ્યો, જેમણે વાંચવા માટે પુસ્તકો અને સાંભળવા માટે પોડકાસ્ટની ભલામણ કરી અને આખરે તેને નોકરી મેળવવામાં મદદ કરી. તેના બાયોડેટાને કારણે, તે હાલમાં યુનાઈટેડ સ્ટેટ્સમાં ગૂગલની સિએટલ ઓફિસમાં ડેટા અને પ્રોડક્ટ મેનેજર તરીકે કામ કરી રહી છે.



# ઝઘડિયાના ઉચેડિયા નાનાસાંજા, ગોવાલી અને મુલદ ગામના ખેડૂતોનો વીજકચેરીએ હલ્લાબોલ

## વાવાઝોડાને છ દિવસ વિત્યા બાદ પણ વીજપુરવઠો યથાવત્ નહીં થતાં ખેતીનો મહામૂલો પાક બગડતાં ખેડૂતો રોષે ભરાયા છે



તસવીર : અયાજ શેખ, અંકલેશ્વર

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૧૮

ભરૂચ જિલ્લાના ઝઘડિયા વીજ કંપનીના તાબા હેઠળ આવતા રાણીપુરા ઉચેડિયા નાનાસાંજા ગોવાલી મુલદ બોરીદરા ખરચી સરદારપુરા ઉટીયા ગુમાનપુરા કપલસાડી ફુલવાડી જેવા ગામોમાં કાયમી વીજ પુરવઠાની સમસ્યા રહે છે ગત તારીખ ૧૩ મીના રાત્રે મીની વાવાઝોડું આવ્યું જેમાં જ્યોતિગ્રામ તથા એગ્રીકલ્ચરની વીજ લાઈનોમાં મોટું નુકસાન થયું હોવાનું વીજ કચેરીના અધિકારી તથા કર્મચારીઓએ જણાવ્યું હતું, જ્યોતિગ્રામ વીજ પુરવઠો તો ૨૪ કલાક બાદ યથાવત કરવામાં આવ્યો હતો, પરંતુ આજે વાવાઝોડું ગયાને છ દિવસ બાદ પણ ઉચેડિયા નાનાસાજાં ગોવાલી મુલદ ગામનો એગ્રીકલ્ચર વીજ પુરવઠો ખેડૂતોને યથાવત કરી આપવામાં ક્યાંકને ક્યાંક ઝઘડિયા વીજ કચેરીના જવાબદાર અધિકારીઓ કાચા પડ્યા છે, ખેડૂતોના જણાવ્યા પ્રમાણે છેલ્લા છ દિવસથી તેમના ઉભા પાકને ૪૦થી વધુ ડિગ્રીની ગરમીમાં સિંચાઇ નહીં મળતા પાક મૃત હાલતમાં થઈ ગયો છે, ઉભા કેળના થડીયા જમીનદોસ થઈ રહ્યા છે, ગરમીના કારણે અને પાકને એક બુંદ પણ પાણીનું નહી મળતા પાકનો વિકાસ અટકી પડ્યો છે અને છતા પાણીએ વિજ પુરવઠાના અભાવે પાક ખેડૂતની નજર સમક્ષ મુરઝાઈ રહ્યો છે, વીજ પુરવઠા નહી હોવાના કારણે નવું વાવેતર કરી શકાયુ નથી, આ બધી સમસ્યાઓના કારણે ખેડૂતો રોષે ભરાયા હતા જેથી ઉચેડિયા નાનાસાંજા ગોવાલી મુલદ ગામના ખેડૂતોએ આજરોજ ઝઘડિયા વીજ કચેરી ખાતે હલ્લાબોલ કરી જવાબદાર કર્મચારીઓને આડે હાથે લીધા હતા અને તાત્કાલિક વધુ માણસોની ટીમ કામે લગાડી આજની તારીખમાં વીજ પુરવઠો યથાવત કરવાની માંગણી કરી હતી. ખેડૂતોએ વધુ માંગ કરી હતી કે ગોવાલી ગામ ખાતે નવું સબ સ્ટેશન મંજુર થયું છે તે ઝડપી બને અને ઝઘડિયાથી મુલદ સુધીની લાઈનને બે વિભાગમાં વહેંચવામાં આવે, દરેક ગામ દીઠ ફરજિયાત હેલ્પરો ફિક્સ મૂકવામાં આવે, એગ્રીકલ્ચર લાઈનના દરેક પોલ પર ઝાડી ઝાંખરાની સમયસર સાફ-સફાઈ કરવામાં આવે તેનું સ્ટ્રક્ચર ચેક કરવામાં આવે અને લટકતા વીજ વાયરોને સમયાંતરે ખેંચવામાં આવે જેથી ચોમાસામાં તથા અચાનક આવેલા ભારે પવનમાં વિજપોલ સ્ટ્રક્ચર વિજ લાઇનોને ઝાઝુ નુકસાન થાય નહી તથા કોઇ અકસ્માત નહી થાય. વીજ પ્રવાહ ખોટકાયો હોય ત્યારે કેટલીક વાર સ્થાનિક કસ્ટમર કેર નંબર પર યોગ્ય જવાબ મળતો નથી અને ખેડૂત દ્વારા કરવામાં આવેલો કોલ ઉપાડતા નહીં હોવાની પણ ફરિયાદ કરી હતી, આ બાબતે ઝઘડિયાના નાયબ ઇજનેર દ્વારા ખેડૂતોને હૈયાધારણ આપી સત્વરે વીજ પ્રવાહ યથાવત કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

# બુલબુલે ટ્રેક્ટરમાં ડ્રાઈવરની સીટ નીચે માળો બનાવતાં પક્ષીપ્રેમીએ માનવતા મહેંકાવી

## બુલબુલે માળો બનાવ્યાની જાણ થતાં માલિકે તે ટ્રેક્ટરને સાઈડમાં મૂકી ભાડેથી ટ્રેક્ટર મંગાવી ધંધો ચાલુ રાખ્યો

મોરબી, તા.૧૮

મોરબીમા કુદરતી આફતથી બચ્ચાને બચાવવા ટ્રેક્ટરના ડ્રાઈવર સીટ નીચે બુલબુલે ઈંડા આપી બચ્ચાનો ઉછેર કર્યો પક્ષીપ્રેમીએ માનવતા મહેકાવી હતી બુલબુલે ઈંટના ભઠ્ઠામા ચાલતા ટ્રેકટરમા ઈંડા મુકતા પક્ષી પ્રેમી હસમુખભાઈ પ્રજાપતિએ પોતાનુ ટ્રેક્ટર સાઈડમા મુકી ભાડેથી ટ્રેક્ટર રાખી ધંધો ચાલુ રાખી માનવતા મહેકાવી હતી મોરબીના વાવડીરોડ રવિપાર્કમા રહેતા હસમુખ મોહનભાઈ પ્રજાપતિ ધુટુરોડ પર ઈંટોના ભઠ્ઠામા ઈંટો પકાવી ઘરનું ગુજરાન ચલાવે છે ત્યારે અજાણતા ઈંટોનો ફેરો ભરીને પોતાના ઘરે ટ્રેક્ટર રાખી દીધુ તે રાત્રી દરમ્યાન બે સફેદ બુલબુલે ઈંટોના ભઠ્ઠામા કામ કરતા મજુરો પાસે આવી આખીરાત બુલબુલે બુમાબુમ કરી અને સવારે હસમુખભાઈ પ્રજાપતિ ટ્રેક્ટર લઈને આવ્યા ત્યારે તુરંત જ બને બુલબુલ ટ્રેકટરની ડ્રાઈવર સીટ નીચે ધુસી ગઈ અને અવાજ બંધ થઈ જતા ઈંટોના ભઠ્ઠામા કામ કરતા સુનીલભાઈ રાઠોડે જોયુ તો ડ્રાઈવર સીટ નીચે માળામા



બુલબુલના બે બચ્ચા અને એક ઈંડુ હતુ ત્યારે કુદરતી વાવાઝોડા અને પવનથી પોતાના બચ્ચાને સુરક્ષિત રાખવા ટ્રેકટરમા માળો બનાવ્યો હોવાથી આ બાબતની જાણ માલીકને કરતા પક્ષીપ્રેમી હસમુખ પ્રજાપતિએ નિર્ણય લીધો કે જયા સુધી બુલબુલના બચ્ચા ઉડવા લાયક થાય ત્યા સુધી પોતાનુ ટ્રેક્ટર સાઈડમા મુકી ભાડેથી ટ્રેક્ટર મંગાવી ઈંટોનો વેપાર કરશે આવા વિચાર ધરાવતા પક્ષીપ્રેમીથી લોકોને માનવતાનો સંદેશ પાઠવ્યો હતો.

# નડિયાદના પીજ ભાગોળ વિસ્તારમાં ઓવર હિટિંગથી ડીપી સળગી ઊઠી

નડિયાદ, તા.૧૮

નડિયાદમાં ગત રાત્રે પીજ ભાગોળ વિસ્તારમાં આવેલ વીજ ડીપીમા ઓવરહીટ થઈ જતા આગ લાગી હતી. જોકે બનાવની જાણ નડિયાદ ફાયરબ્રિગેડ અને MGVCLને થતા આ બંને ટીમો દોડી આવી હતી. ફાયરબ્રિગ્રેડના કર્મીઓએ આગ બૂઝાવી તો MGVCLની બે ટીમો દોડી ૨૦ મીનીટમાં જ વીજ પુરવઠો કાર્યરત કર્યો હતો.

નડિયાદમાં પીજ ભાગોળ વિસ્તારમાં બહુચરાજી માતાના મંદિર પાસે આવેલ વીજ ડીપીમાં ગતરાત્રે આકસ્મિક રીતે આગ લાગવાની ઘટના બની હતી. જેના કારણે અહીંયા ભારે



અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. આગ વધુ હોવાની જાણ બાબતે નડિયાદ ફાયરબ્રિગેડને કોલ મળતા ફાયરબ્રિગેડના કર્મચારીઓ દોડી આવ્યા હતા. અને મહામુસીબતે આગને કાબુમાં લીધી હતી.

બીજી તરફ શહેરની MGVCLની ઈમરજન્સી ટીમ પણ દોડી આવી હતી. આગ કાબુમાં લુધા બાદ જે વાયર બળી ગયેલા તેને કટ કરી નવા વાયર નાંખી તુરંત વીજ પુરવઠો ફરીથી કાર્યરત કરી દેવાયો હતો. વીજ વિભાગના જયદીપ સોનીએ જણાવ્યું હતું કે, જેવી જાણ થતા બે સ્ટેન્ડ બાય રહેલી ઈમરજન્સી ટીમો બનાવ સ્થળે દોડી ગઈ હતી. અને ૨૦ મીનીટમાં જ વીજ પુરવઠો કાર્યરત કર્યો હતો. આગ લાગવા પાછળનું કારણ આકરો તાપના કારણે ઓવર હિટીંગ થતાં આ આગ લાગી હોવાનું જણાવ્યું છે. જોકે આ વિસ્તારના નગરજનોને વધુ તાપમા ન શેકાવુ પડે તે માટે ગણતરીની મિનિટોમાં જ વિજ પુરવઠો પૂર્વવત કરાયો છે.

# નડિયાદ : મદદના બહાને રિક્ષા રિપેર કરાવવા આવેલ ગઠિયો ટ્રાયલ લેવાના બહાને રિક્ષા લઈને ફરાર

નડિયાદ, તા. ૧૮

વસો નજીક એક રિક્ષા બગડતા ચાલક રોડ પર હોય જાતે રિપેર કરતો હતો તે વખતે એક ગઠીયા એ પોતે ફોરમેન હોવાનું જણાવી મદદ કરી હતી અને રિક્ષા નડિયાદ ગેરેજમાં લાવી રિપેર કરાવ્યા બાદ ગઠીયો ટ્રાયલ લેવાના બહાને રિક્ષા લઈને રફુચક્કર થઈ જતા આ મામલે રીક્ષા ચાલકે આ ગઠીયા સામે નડિયાદ ટાઉન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી મુજબ નડિયાદ તાલુકાના ડુમરાલ તાબેના હનુમાનપુરા વિસ્તારમાં ૩૧ વર્ષીય સંજય બચુભાઈ પરમાર રહે છે. વર્ષ ૨૦૧૩ના સમયથી લોન ઉપર એક સીએનજી રીક્ષા વસાવી હતી. સંજય પોતે દિવસે ઓટો રિક્ષા ચલાવે રાત્રે ખાનગી કંપનીમાં નોકરીએ જતો હતો. ગત ૧૧મેના રોજ સવારના સમયે તે પોતાની રિક્ષા લઈને વસો ચોકડી આવેલો હતો. આ સમયે રિક્ષામાં પહેલો ગીયર પડતો ન હોય સંજય જાતે ગીયર રીપેર કરતો હતો. ત્યારે એક અજાણ્યો વ્યક્તિ તેની રીક્ષા નજીક આવેલ અને કહ્યું કે, હું ફોરમેન છું હું મદદ કરૂ તેમ કહી વિશ્વાસ કેળવ્યો હતો અને રિપેર કરવાનો પ્રયત્ન કર્યો હતો જોકે રિપેરના થતા કહ્યું કે, નડિયાદમાં શેરકંડ તળાવ પાસે રફિકભાઈ ગેરેજવાળા મારા મિત્ર થાય છે. ત્યાં આ રિક્ષાને બતાવી લઈએ તેમ કહી આ અજાણ્યો વ્યક્તિ સંજયને બેસાડી તેની રીક્ષા ધીમે ધીમે ચલાવી ગેરેજવાળાને ત્યાં ગયા હતા.

જ્યાં ગેરેજવાળા ભાઈએ પાંચ મિનિટની અંદર જ આ ગીયરને રીપેર કરી દીધો હતો અને કહ્યું કે, તમે ટેસ્ટ લઈ જોવો, જેથી આ અજાણ્યો વ્યક્તિ ટ્રાયલ લેવાના બહાને રિક્ષા લઈને ત્યાંથી નીકળી ગયો હતો અને સંજય ત્યાં ગેરેજ પાસે રાહ જોતો હતો. પરંતુ લાંબો સમય વિત્યા બાદ પણ આ અજાણ્યા વ્યક્તિનો કે રીક્ષાનો કોઈ અતોપતો ન લાગતા સંજયએ તપાસ આદરી હતી. પરંતુ રિક્ષાની આજદિન સુધી ભાળ મળી આવી ન હતી. આથી ગતરોજ આ મામલે સંજય પરમારે ઉપરોક્ત રિક્ષા લઈને જનાર અજાણ્યા ઈસમ વિરૂદ્ધ નડિયાદ ટાઉન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# ધંધા માટે પત્ની પાસેથી ૧.૫૦ લાખ પડાવી પતિએ ગર્લફ્રેન્ડ પાછળ વાપરી નાખ્યા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૮

અડાજણ શાંતિ નિકેતન સ્કુલ પાસે રહેતી પરિણીતા પાસે દુબઈમાં રહેતા પતિએ ધંધા માટે રૂપિયા ૧.૫૦ લાખ પડાવી ગર્લફ્રેન્ડની પાછળ વાપરી નાંખ્યા હતા.

અડાજણ શાંતિ નિકેતન સ્કુલ પાસે રામદેવનગર સોસાયટીમાં રહેતી પરિણીતાએ ગતરોજ દુબઈ ખાતે રહેતા તેના પતિ આકાશકુમાર પ્રકાશ પટેલ અને તેની સાસુ નયનાબેન પ્રકાશ પટેલ સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેઓએ જણાવ્યું હતુ કે, આરોપી પતિના અન્ય સ્ત્રી સાથે સંબંધ છે. તેના મોબાઈલમાં ફોટા પણ છે. પરિણીતાએ આ અંગે તેની સાસુને વાત કરતા સાસુએ પણ તેના દીકરાનું ઉપરાણું લઈ પરિણીતાને તું ઝઘડાવાળી છે. તને કામકાજ કરતા આવડતુ નથી. તને ઘરમાંથી કાઢી મુકવી છે તેમ કહી એકબીજાની મદદથી ત્રાસ આપવા લાગ્યા હતા. જયારે પતિ આકાશકુમારે દુબઈમાં ધંધા માટે પરિણીતા પાસે ૧.૫૦ લાખ માટે દબાણ કરી તેણીની માતાના ખાતામાંથી પૈસા ટ્રાન્સફર કરી મંગાવ્યા હતા અને આ પૈસા તેની ગર્લફ્રેન્ડ પાછળ વાપરી નાંખ્યા હતા. પરિણીતાએ આ અંગે અડાજણ પોલીસમાં મૌખિક રજૂઆત કરી હતી. તે વખતે પોલીસે બંને જણાને બોલાવી કાઉન્સલીંગ કર્યું હતું. પંરતુ તેના પતિ આકાશકુમારના સ્વભાવમાં કોઈ સુધારો આવ્યો ન હતો. તો બીજી તરફ પતિ અને સાસુએ એકબીજાની મદદથી પરિણીતાને શારીરીક માનસીક ત્રાસ આપી પહેરેલ કપડાએ ઘરમાંથી કાઢી મુકી હતી. પોલીસે પરિણીતાની ફરિયાદ લઈ પતિ અને સાસુ સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

### મૃતકે ફોન કરવા મોબાઈલ માંગતા યુવકે ફટકા માર્યા

# સુરતમાં નજીવી બાબતે યુવકની હત્યા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૮

સુરત કામરેજ રોડ લસકાણા સ્થિત સુરત ડાયમંડ નગર પાસે ફોન કરવા માટે મોબાઈલ માંગનાર યુવકને માથા, હાથ-પગ સહિત શરીરના ભાગે ઉપરા છાપરી લાકડાના ફટકા મારી પતાવી દેવામા આવતા પોલીસ દોડતી થઇ ગઇ છે. બમરોલી રોડ તેરેનામ ચોકડી પસે અમ્રુતનગર સોસાયટીમાં રહેતા લુમ્સ ખાતાના મશીન ઓપરેટર ૪૦ વષિય બુલુ મોચીરામ જૈનાના ૨૭ વષિય ભત્રીજા શંકર ભારતી જૈનાની ગત તા ૧૫મીના બુધવારે સાંજે સુરત કામરેજ રોડ લસકાણા ખાતે સુરત ડાયમંડ નગર વિભાગ-૧માં ગણેશ મેડીકલ અને મની ટ્રાન્સફરની દુકાનની સામે હત્યા કરવામાં આવી હતી. મૃતક શંકર જૈનાએ આરોપી શીબા ઉર્ફે શીવા નારાયણ મહાપાત્ર (ઉ.વ.૨૦.રહે, બાલાજી હોટલના ઓટલા પર ડાયમંડ નગર વિભાગ-૧ લસકાણા) પાસે ફોન કરવા માટે મોબાઈલ માંગ્યો હતો. જોકે શીબા ઉર્ફે શીવાએ ફોન આપ્યો ન હતો. જેથી શંકરે તેની સાથે બોલાચાલી કરતા શીબા ઉર્ફે શીવાએ ઉશ્કેરાઈને રોડ ઉપર પડેલા લાકડાના ફટકાથી તેના માથા, હાથ-પગ સહિત શરીરના ભાગે આડેધડ માર મારી ગંભીર ઇજાઓ પહોચાડતા તેનું મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે સરથાણા પોલીસે બુલુ જૈનાની ફરિયાદ લઈ શીબા ઉર્ફે શીવા મહાપાત્ર સામે હત્યાનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# વેસુમાં ફાંસો ખાધેલી હાલતમાં નેપાળી યુવકનો મૃતદેહ મળ્યો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૮

વેસુ વિસ્તારમા રહેતા અને હોટલમાં નોકરી કરતા નેપાળી યુવક બે દિવસથી ગુમ હતો. જોકે ગતરોજ વેસુ ખાતે ઝાડી ઝાખરમાંથી એક ઝાડ સાથે ફાસો ખાધેલી હાલતમા તેનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ ગઈ હતી. વેસુ ખાતે આવેલ સૂડા આવાસમાં રહેતો ૨૭ વષિય સુજાન વિરબહાદુર નેપાળી એક હોટલમાં હેલ્પર તરીકે નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. ૧૫ મીએ સવારે તે ઘરેથી હોટલમાં જવાનું કહીને નીકળ્યો હતો. જોકે ત્યાર બાદ સાંજ સુધી તે ઘરે પરત નહીં ગયો હતો. જેને પગલે પરિવારજનો ચિંતાતુર બની ગયા હતી અને તેની શોધખોળ હાથ ધરી હતી. તેમજ તેની કોઈ ભાળ નહીં મળતા અંતે વેસુ પોલીસ મથકમાં તેની ગુમ થયા અંગેની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. બીજી બાજુ ગતરોજ વેસુ ખાતે આવેલ તળાવ પાસે ઝાડી ઝાખરામાંથી ઝાડ સાથે દુપટ્ટો બાંધેલી ફાસો ખાધેલી હાલતમાં તેનો મૃતદેહ મળી આવ્યો હતો. આ અંગે જાણ થતા પોલીસ સ્થળ ઉપર પહોંચી હતી અને મૃતદેહ ઝાડ પરથી નીચે ઉતારી પોસ્ટ માર્ટમ માટે હોસ્પિટલમા ખસેડવામાં આવ્યો હતો. હાલમાં એ સ્પષ્ટ નથી થયું છે કે, યુવકે આ પગલું કયા કારણસર ભર્યું છે તેમજ તેની મોતનું સ્પષ્ટ કારણ શું છે.પોલીસે આગળની તપાસ શરૂ કરી છે.

### પિતા-પુત્રી વચ્ચેના પવિત્ર સંબંધને લાંછન લગાડતી ઘટના

# ડિંડોલીમાં પિતા બન્યો હેવાન સગી પુત્રીની આબરૂ લૂંટી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૮

પવિત્ર સંબંધોમાં લાંછન લગાડતા બનાવો બની રહ્યા છે. ફરી એકવાર ડિંડોલી વિસ્તારમાં રહેતા નરાધમ પિતાએ પોતાની ૧૪ વર્ષની દીકરી પર દાનત બગાડી હતી. નરાધમ પિતાએ ઘરમાં દીકરીની એકલતાનો લાભ ઊઠાવી છેલ્લા એક મહિનાના સમયગાળા દરમિયાન અવારનવાર બળાત્કાર કરી જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો. જો કે, ગતરોજ કિશોરીએ તેની સઘળી હકીકત માતાને જણાવતા માતાએ પતિ સામે દીકરી પર બળાત્કાર ગુજાર્યાની પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે બળાત્કારનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડિંડોલી બસ સ્ટોપ પાસે રહેતો અને ઓટો રિક્ષા ચલાવતા ૪૮ વર્ષીય આધેડે પોતાની ૧૪ વર્ષની સગી દીકરી પર દાનત બગાડી હતી. છેલ્લા એક મહિનાના સમયગાળા દરમિયાન દીકરી જ્યારે પણ ઘરમાં એકલી હોય ત્યારે તેણીની એકલતાનો લાભ ઊઠાવી એની સાથે બળજબરી કરી અવારનવાર શરીર સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. આ ઉપરાંત જો આ વાત કોઈને કહેશો તો તેણીને તથા તેની માતાને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી, જેથી શરૂઆતમાં દીકરીએ આ વાત કોઈને કરી ન હતી પરંતુ છેલ્લા એક મહિનામાં તેના પિતાએ અવારનવાર બળાત્કાર ગુજારતા આખરે ન છૂટકે કિશોરીએ સઘળી હકીકત માતાને જણાવી હતી. માતાએ હકીકત જાણતાની સાથે જ તેના પગ તળેથી જમીન ખસી ગઈ હતી. જો કે, માતાએ દીકરી સાથે ડિંડોલી પોલીસ મથકે પહોંચી પોલીસને સઘળી હકીકત જણાવી હતી. જેથી પોલીસે પરિણીતાની ફરિયાદ લઈ તેના પતિ સામે બળાત્કારનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભાવનગર : વિવિધ ગુનામાં સંડોવાયેલ છ માથાભારે ઈસમો પાસા હેઠળ જેલમાં









ભાવનગર, તા.૧૮

દારૂની ગેરકાયદેસર પ્રવૃતિ અને શરીરસંબંધી ગુન્હાઓમાં સંડોવાયેલ માથાભારે ઈસમો મળી કુલ-૦૬ ઈસમોને પાસા હેઠળ અટકાયત કરી અલગ-અલગ જેલ ખાતે ભાવનગર જિલ્લા પોલીસે મોકલી દીધા છે. ભાવનગર, લોકલ ક્રાઈમ બ્રાન્ચ તથા ભાવનગર જિલ્લાના એલ.સી.બી., બોરતળાવ તથા વરતેજ પોલીસ સ્ટેશન દ્વારા અગાઉ દારૂની ગેરકાયદેસરની પ્રવૃતિઓમાં સંડોવાયેલ ઈસમો તથા શરીર સંબંધી ગુન્હાઓ કરવાની ટેવવાળા માથાભારે ઈસમો વિરૂદ્ધ પાસા અંગેની દરખાસ્ત તૈયાર કરી જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર તરફ મોકલી આપવામાં આવેલ હતી. જે અંગે જિલ્લા મેજિસ્ટ્રેટે નીચે જણાવેલ ઈસમો વિરૂદ્ધ કરવામાં આવેલ દરખાસ્ત માન્ય રાખી કુલ-૦૬ ઈસમોને પાસા વોરંટની બજવણી કરી અટકાયત કરી ગુજરાત રાજયની અલગ-અલગ જેલોમાં મોકલી આપવામાં આવેલ જેમાં નીતેશભાઈ ક્રિપાલભાઈ પરમાર (ઉ.વ.૨૯) રહે.આડોડિયાવાસ, ભાવનગર (મધ્યસ્થ જેલ,રાજકોટ), સમીરભાઈ ઉર્ફે સાંભો મીરૂભાઈ હુસેનભાઈ સુમરા (ઉ.વ.૨૫) રહે.મારૂતી નંદન-૩, ગઢેચી વડલા, ભાવનગર (મધ્યસ્થ જેલ, સાબરમતી અમદાવાદ), ઈરફાન ઉર્ફે પાનીયો અશરફભાઈ અલીભાઈ સુમરા (ઉ.વ.૩૦) રહે.મોતીતળાવ,ભાવનગર (મધ્યસ્થ જેલ, વડોદરા) અક્રમ ઉર્ફે ભોપો અશરફભાઈ અલીભાઈ સુમરા (ઉ.વ.૩૨) રહે.મોતીતળાવ, ભાવનગર (લાજપૌર મધ્યસ્થ જેલ, સુરત), કાંતીભાઈ મથુરભાઈ બારૈયા (ઉ.વ.૪૪) રહે.પટેલ ફળી, ચિત્રા,ભાવનગર (ખાસ જેલ, ભુજ), રાજેશભાઈ રોશનલાલ ખટીક (ઉ.વ. ૪૨) રહે. ચિત્રા ભાવનગર (મધ્યસ્થ જેલ, વડોદરા)

### મળવા ન આવે તો દવા પી મરી જવાની ધમકી આપતો હતો

# ઓનલાઇન જ્વેલરીનું વેચાણ કરતાં વેપારીએ પરિણીતાને બ્લેકમેઈલ કરી દુષ્કર્મ આચર્યું

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૮

સરથાણા વિસ્તારમાં રહેતી અને ઉત્રાણ વિસ્તારમાં જ્વેલરીની શોપ ધરાવતી પરિણીતાને એક વેપારી ભેટી ગયો હતો. અવારનવાર તેની પાસેથી જ્વેલરીનો માલ ખરીદવાના બહાને મિત્રતા કરી હતી. ત્યારબાદ બંને વચ્ચે થયેલી વાતચીતના આધારે તેણે બ્લેકમેઈલ કરી પોતાના ઘરે મળવા બોલાવી તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. આ દરમિયાન તેણે લીધેલા ફોટો અને વીડિયો વાયરલ કરવાની ધમકી આપી અવાર-નવાર પરિણીતાને પોતાની ઓફિસે બોલાવી હવસ સંતોષતો હતો. જો કે, વેપારીએ દવા પી જવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપતા આખરે ભોગ બનનાર પરિણીતાએ સરથાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બળાત્કારનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

યોગીચોક વિસ્તારમાં સ્વામિનારાયણ મંદિરની સામે શિવમ એપાર્ટમેન્ટમાં રહેતો રોમિક સાવજ ઓનલાઇન જ્વેલરી વેચાણનું કામ કરતો હતો. આ દરમિયાન તે ઉત્રાણ વિસ્તારમાં જ્વેલરીની દુકાન ધરાવતી પરિણીતાના સંપર્કમાં આવ્યો હતો. ત્યારબાદ રોમિક અવારનવાર જ્વેલરીનો માલ ખરીદવાના બહાને દુકાને આવે તેની સાથે મિત્રતા કરી વ્હોટ્સએપ અને ઈન્સ્ટાગ્રામના માધ્યમથી વાતચીત શરૂ કરી હતી. જો કે, ત્યારબાદ રોમિકે પરિણીતાને તેની સાથે થયેલી વાતચીતના મેસેજના આધારે બ્લેકમેઈલ કરી પોતાના ઘરે મળવા બોલાવી હતી. પરંતુ પરિણીતાએ મળવા આવવાની ના પાડતા રોમિકે બંને વચ્ચે થયેલી વાતચીતની તમામ માહિતી તેના પરિવારજનોને મોકલી આપવાની ધમકી આપી હતી. જેથી પરિણીતા મજબૂર થઈ રોમિકના ઘરે મળવા માટે ગઈ હતી. પરંતુ રોમિક પરિણીતા ઘરે આવતા જતા તેની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. આ દરમિયાન રોમિકે પોતાના મોબાઈલમાં વીડિયો અને ફોટા પાડી લીધા હતા. ત્યારબાદ અવારનવાર આ ફોટો અને વીડિયોના આધારે બ્લેકમેઈલ કરી સરથાણામાં કેનાલ રોડ પર આવેલી પૂજન પ્લાઝામાં પોતાની ઓફિસે મળવા માટે બોલાવી વારંવાર બળાત્કાર ગુજાર્યો હતો. જો કે, પરિણીતાએ ના પાડતા પોતે ઝેરી દવા પી આપઘાતની ધમકી આપતો હતો. એટલું જ નહીં પરંતુ પરિણીતાને પણ જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો. જેથી ભોગ બનનાર પરિણીતાએ સમગ્ર હકીકત પરિવારજનોને કહેતા તેઓએ તેણીને હિમંત આપતા સરથાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બળાત્કારનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### કોમ્બિંગ પહેલા પોલીસ દ્વારા એનાઉન્સ કરવાની નવી ટ્રિક

# જહાંગીરપુરા પોલીસે જાહેરાત કરતાં લોકોએ સ્વયંભૂ હથિયારો પોલીસ સમક્ષ મૂકી દીધા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૮

હવે પોલીસે લોકો પાસેથી હથિયાર કઢાવવા માટે નવતર પ્રયોગ શરૂ કયો છે. જેમાં સ્વયંભૂ હથિયારો જમા કરાવી દેવાની માનસિકતા સુરત પોલીસ દ્વારા કોમ્બિંગ પહેલા જે જાહેરાત કરવામાં આવી રહી છે તેની અસર જે-તે વિસ્તારમાં દેખાય રહી છે. તાજેતરમાં જ સચિન પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં પણ આ જ રીતે લાઉડ સ્પીકરથી જાહેરાત કરવામાં આવી હતી. જેમાં પોલીસને સારી એવી સફળતા મળી હતી. તેને અનુસરતા જહાંગીરપુરા પોલીસ સ્ટેશન દ્વારા પણ એ જ ટ્રીક અપનાવવામાં આવી હતી અને તેમાં સફળતા મળી હોય તેવું દેખાય રહ્યું છે. લોકોએ લાકડાના ફટકા, લોખંડનો સળિયો, રેમ્બો છરી, તલવાર, ચપ્પુ એમ કુલ મળી ૪૮ હથિયાર લોકોએ જમા કરાવ્યા હતા.

સુરત પોલીસ દ્વારા સંવેદનશીલ વિસ્તારોમાં સમયાંતરે કોમ્બિંગની કામગીરી કરવામાં આવતી હોય છે. અલગ-અલગ ઘરોમાં જઈને તપાસ કરવામાં આવતા કોઈપણ ઘાતક હથિયારો મળી આવે તો તેની સામે કાયદાકીય પગલાં લેવામાં આવતા હોય છે. આ એક સામાન્ય પ્રક્રિયાના ભાગરૂપે કાર્યવાહી કરવામાં આવતી હોય છે. ઘાતક હથિયારો વડે કોઈને ઈજા ન પહોંચે અને ઝઘડા કે અન્ય કોઈ તોફાન થાય ત્યારે આવા હથિયારોનો ઉપયોગ ન થાય તેના માટે ખાસ સાવચેતી રાખવામાં આવી રહી છે. ત્યારે ગઈકાલે રાત્રે જહાંગીરપુરા પોલીસે લાઉડ સ્પીકરમાં ઘાતક હથિયારો જમા કરાવવાની જાહેરાત કરતા ૧૫ મિનિટમાં લોકોએ પોલીસ સમક્ષ હથિયારોનો ખડકલો કરી દીધો હતો. જેમાં જહાંગીરપુરા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા લાઉડ સ્પીકરથી લાકડી, તલવાર તેમજ એવી કોઈપણ ચીજવસ્તુ કે જે વ્યક્તિને શારીરિક હાનિ પહોંચાડી શકે તેને જમા કરાવવા માટે જાહેરાત કરી હતી. આશ્ચર્યજનક રીતે જાહેરાત થતાંના ૧૫ મિનિટની અંદર જ લોકોએ પોતાના ઘરની બહાર સ્વયંભૂ ઘાતક હથિયારો પોલીસ સમક્ષ મૂકી દીધા હતા. જેમાં લાકડા, ફટકા, લોખંડના સળિયા, રેમ્બો છરી, તલવાર જેવી ૪૮ જેટલા હથિયારો માત્ર ૧૫ મિનિટમાં જમા થઈ ગયા હતા.

### સુરત : દોઢ વર્ષનો પુત્ર શાકની તપેલી પર પડતાં

# પતિએ અપશબ્દો બોલી માર મારતા લાગી આવતાં પત્નીએ ગળાફાંસો ખાધો

### દીકરો સૂતો હતો ને માતાએ ફાંસો ખાધો : આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધાતા આરોપી પતિની ધરપકડ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૮

સુરતના વેડ રોડ ખાતે પ્રેમ લગ્ન કરીને રહેતી પરિણીતાએ તેના પતિ સાથેના ઝઘડાના કારણે કંટાળી આપઘાત કરી લીધો હતો. પરિણીતાના પિતાએ ચોકબજાર પોલીસ સ્ટેશનમાં તેના પતિ સામે આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધાવ્યો હતો. જેથી પોલીસે આરોપી પતિની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રમતા-રમતા દોઢ વર્ષનો પુત્ર શાકની તપેલી ઉપર પડ્યો હતો. જેથી પુત્રનું ધ્યાન નથી રાખી શકતી એમ કહી ઝઘડો કરી માર મારતા પરિણીતાએ આપઘાત કરી લીધો હોવાનું સામે આવ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર ચોકબજાર પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ મહારાષ્ટ્રમાં ધામણગાવ કોહલા ખાતે રહેતા ૪૯ વર્ષીય મંગલ પ્રભુભાઈ પવારની દીકરી ચેતનાના લગ્ન ત્રણ વર્ષ પહેલા તેના જ ગામમાં વસવાટ કરતા અને હાલમાં સુરતમાં વેડ રોડ પર ધ્રુવતારક સોસાયટીમાં રહેતા રત્નકલાકાર પ્રવિણ સુદામા જાદવ સાથે થયા હતા. ચેતનાએ પ્રવિણ સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. લગ્ન બાદ બંને જણા સુરતમાં જ રહેતા હતા. લગ્નજીવન દરમિયાન પ્રવિણ અવારનવાર ચેતનાને નાની-નાની વાતમાં મહેણાં ટોણા મારી શારીરિક અને માનસિક ત્રાસ આપી માર મારતો હતો. ગત પાંચ મેના રોજ બપોરે દોઢ વર્ષના દીકરા પર રમતા-રમતા શાક ઢોળાયું હતું. જેથી તેના પતિ પ્રવીણે ચેતનાને અપશબ્દો બોલી માર માર્યો હતો. ચેતનાને માઠું લાગી આવતા દીકરો સૂતો હતો ને ચેતનાએ સાંજે ૪:૧૫ વાગ્યાના અરસામાં ઘરમાં ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. ચેતનાને તેનો પતિ હોસ્પિટલમાં લઈ ગયો હતો. સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. પોલીસ તપાસમાં પતિના ત્રાસથી આપઘાત કર્યાનું સામે આવ્યું હતું. જેથી ચેતનાના પિતાએ જમાઈ વિરૂદ્ધ દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે આરોપી પતિની મહારાષ્ટ્રથી ધરપકડ કરી હતી. પાંચમી તારીખે ચોક બજાર પોલીસે પરિણીતાના પિતાને ફોન કરીને તેમની દીકરીએ ગળેફાંસો ખાધો છે અને હોસ્પિટલમાં દાખલ છે કહીને જાણ કરી હતી. જો કે પરિણીતાના પતિએ તેના સસરાને ચેતનાને ખેંચ આવતા તબિયત બગડી છે અને હોસ્પિટલમાં દાખલ છે તેમ કહ્યું હતું. સારવાર માટે પૈસાની જરૂર છે કહીને તેમના દ્વારા ૩૦ હજાર તેમના જમાઈ પાસેથી મેળવ્યા હતા. અંતિમવિધી બાદ પોલીસ અને પ્રવિણની વાતમાં વિરોધાભાસ હોવાથી સસરાએ પ્રવિણને સાચું કારણ પૂછ્યું હતું. જેમાં પ્રવીણે કબૂલાત કરી હતી કે, રમતા-રમતા દોઢ વર્ષનો પુત્ર શાકની તપેલી ઉપર પડ્યો હતો. જેથી પુત્રનું ધ્યાન નથી રાખી શકતી એમ કહી અપશબ્દો ઉચ્ચારી ઝઘડો કરી બહાર નીકળી ગયો હતો. ત્યારબાદ તેણીએ અંતિમ પગલું ભરી લીધું હતું.

ગીરના એશિયાટિક સિંહોને વન વિસ્તાર પડે છે ટૂંકો !


# ઉનાના નાઠેજ સુલતાનપુર વિસ્તારમાં રોડ પર એક સાથે ૭થી ૮ સિંહોના આંટાફેરા

## માર્ગો પર પસાર થતા વાહનચાલકો ભયભીત : ઘટનાનો વીડિયો થયો વાયરલ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૮

ઉનાના નાઠેજ અને સુલતાનપુર ગામની સીમમાં સાતથી આઠ સિંહોના ધામા નાખતા આ વિસ્તારના સીમ વાડી વિસ્તાર તેમજ રસ્તા પરથી પસાર થતા વાહન ચાલકોમાં ભયનું વાતાવરણ ફેલાઈ ગયું હતું તેમજ રાત્રિના સમયે એક દીપડો રસ્તા પરથી પસાર થતા વાહનચાલકો ભયભીત થઈ ગયા હતા. જે સમગ્ર ઘટનાનો વીડિયો વાઈરલ થયો હતો.જો કે અગાઉ અઠવાડિયા પહેલાં ઉનામાં ભાવનગર રોડ પર આવેલા રોકડીયા હનુમાન મંદિર નજીક રસ્તા પર જ ચાર સિંહ પરિવારે પોતાના બચ્ચાં સાથે એક પશુનું મારણ કર્યુ હતું અને રસ્તાની સાઈડમાં મિજબાની



માણી હતી. રસ્તા પરથી પસાર થતા વાહન ચાલકો એકઠાં થઈ જતાં વનવિભાગને જાણ કરતા સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો.

ઉનાના સુલતાનપુર અને નાઠેજ સીમ વિસ્તારમાંમાં છેલ્લા ઘણા સમયથી સિંહોએ વસવાટ કરી લીધો હોય તેમ અવાર નવાર આ વિસ્તારમાં સાતથી આઠ સિંહો નાઠેજ ગામની વાડીમાં આવી ચડ્યા હતા. હાલની અસહ્ય ગરમી ઉકળાટમાં ખેડૂતના ખેતરમાં પાણી ભરેલ કુંડામાં સિંહે પાણી પી તરસ છીપાવી હતી. બાદમાં નજીક ખેતરમાં આરામ ફરમાવ્યું હતું. નાઠેજ-સુલતાનપુર રોડ પર સમી સાંજના સમયે દીપડો રોડ ઉપર દેખાતા ખેડૂતોમાં અને ત્યાંથી નીકળતા વાહન ચાલેકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. જોકે હાલમાં અસહ્ય ગરમી છે ત્યારે, વન્ય પ્રાણીઓ પણ ઠંડક શોધવા માટે સમી સાંજે અને રાત્રિના સમયે અલગ અલગ ગ્રામ્ય તેમજ સીમ વાડી વિસ્તારમાં નીકળી જતા હોય છે.

એટલું જ નહીં જાણે સિંહોને વન વિસ્તાર નાનો પડયો હોય તેમ અવારનવાર માનવ વસ્તી ધરાવતા રહેણાક વિસ્તારો તરફ આંટાફેરા કરવા આવી જતા હોય છે. ગીરના એશિયાટિક સિંહો છેલ્લા ઘણા સમયથી આ રીતે વનની આસપાસના નજીકના માનવ વસ્તી ધરાવતા વિસ્તારોમાં જોવા મળી રહ્યા છે. જેને લઈને લોકોમાં ભય પણ રહેલ છે તો બીજી તરફ આ અત્રેના વીડિયો વાયરલ થતા લોકો મજા પણ માણતા જોવા મળે છે.

વડાપ્રધાન દ્વારા વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કરાયા બાદ પણ નવી સિવિલ ચાલુ ન થઈ !

# લુણાવાડામાં કાળઝાળ ગરમીમાં દર્દીઓ લોબીમાં સારવાર લેવા મજબૂર બન્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

રાજ્યમાં હાલ કાળઝાળ ગરમી તેમજ હીટવેવની આગાહી છે. ત્યારે લોકોને ગરમીના લીધે લૂ લાગવાના કેસો વધી રહ્યા છે. ત્યારે મહીસાગર જિલ્લામાં અત્યારે ૪૦ ડિગ્રીને પાર ગરમીનો પારો છે. આવી કાળઝાળ ગરમીમાં દર્દીઓ સરકારી હોસ્પિટલની લોબીમાં સારવાર લેવા મજબૂર બન્યા છે. ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૫ ફેબ્રુઆરીના રોજ વર્ચ્યુઅલ માધ્યમથી લુણાવાડાની આ નવી સિવિલ હોસ્પિટલનું ઉદઘાટન કર્યું હતું. ત્યારે ૩ મહિના બાદ પણ આ નવી સિવિલ હોસ્પિટલ ચાલુ ન થઈ નથી અને જૂની ઈમારતમાં જ લોકોને સારવાર આપવામાં આવી રહી છે. દર્દીઓએ પોતાનું દુઃખ વ્યક્ત કરતા કહ્યું હતું કે, આના કરતાં ખાનગીમાં ગયા હોત તો સારૂં. મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે આવેલી સિવિલ હોસ્પિટલ કે જયાં આજે દર્દીઓની ભારે ભીડ જોવા મળી હતી. દર્દીઓ વધુ હોવાના કારણે તમામ વોર્ડમાં બેડ ફૂલ હોવાથી હોસ્પિટલની લોબીમાં જ દર્દીઓને સારવાર આપવાની ફરજ પડી હતી. ત્યારે સારવાર માટે આવેલા દર્દીઓ લોબીની અંદર બેડમાં સારવાર લેવા માટે મજબૂર બન્યા છે. ઉલ્લેખનીય છે કે, લુણાવાડાની નવીન સિવિલ હોસ્પિટલનું મકાન બની ગયું છે અને તેનું તાજેતરમાં વડાપ્રધાન મોદીના હસ્તે વર્ચ્યુઅલી લોકાર્પણ કરવામાં આવ્યું હતું છતાં હજુ સિવિલ હોસ્પિટલ જૂના મકાનમાં ચાલી રહી છે અને બેડ ફૂલ થઈ જતા દર્દીઓને અગવડ પડી રહી છે. દર્દીઓને આવી આકરી ગરમીમાં લોબીમાં સારવાર આપવામાં આવી રહી છે. લોબીમાં સારવાર લઈ રહેલા દર્દીઓમાં કેટલાક દર્દી તો ગરમીના કારણે સારવાર લઈ રહ્યા હતા. ત્યારે સિવિલ હોસ્પિટલમાં સુવિધાનો અભાવ પણ છે. પૂરતા મશીનો અને દવાઓ પણ નથી તેવા આક્ષેપો સારવાર અર્થે આવેલા લોકોએ લગાવ્યા છે. એક દર્દીએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે, ખૂબ જ તકલીફ પડે છે. મશીનના અભાવે કિડની માટે જે ચેકિંગ થાય છે, તે અહીં નથી થતી. મારી પત્નીના ચેકિંગ માટે સવારનો નીકળેલો છું ભૂખ્યો ને તરસ્યો. ૯૦૦ રૂપિયા ત્યાં લઈ લીધા એના કરતા પ્રાઈવેટમાં ગયો હોત તો સારૂં હોત.

આગામી દિવસોમાં હજુ પણ સખ્ત હીટવેવનો સામનો થશે

# રાજ્યમાં પડી રહેલા આકરા તાપને પગલે લૂ અને બેભાન થવાના કેસ વધ્યા

## અમદાવાદમાં ૧૫ દિવસમાં ૩,૮૦૦થી વધુ કેસો નોંધાયા

અમદાવાદ, તા.૧૮

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસથી કાળઝાળ ગરમીની શરૂઆત થઈ ચૂકી છે. તેમાં લોકો આઘરી ગરમીથી ત્રસ્ત બન્યા છે ત્યારે ઉનાળાની અંગ દઝાડતી ગરમીને કારણે લોકોમાં લુ લાગવી અને બેભાન થઈ જવાના કેસ સામે આવ્યા છે જેમાં ગરમીના માહોલમાં હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ છે.

રાજ્યમાં મોટા ભાગના શહેરોમાં હીટવેવ શરૂ થઈ ગઇ છે, અને આ કારણે લોકો જુદીજુદી બિમારીઓનો પણ ભોગ બની રહ્યાં છે. હવામાન વિભાગની આગાહી છે કે, આગામી દિવસોમાં હજુ પણ સખત હીટવેવનો સામનો કરવા માટે લોકોએ તૈયાર રહેવુ પડશે. આગામી દિવસોમાં રાજ્યમાં તાપમાનનો પારો ૪૫ ડિગ્રીથી પણ વધુ ઉપર રહેવાની સંભાવનના દર્શાવવામાં આવી છે. આકરા તાપથી રાજ્યની હૉસ્પીટલો દર્દીઓથી ઉભરાઇ રહી છે. મોટા ભાગના શહેરોમાં તાપમાનનો પારો ૪૩ ડિગ્રીથી વધી રહ્યો છે, જેના કારણે અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા સહિતના કેટલાક શહેરમાં લોકોને લૂ લાગવાના અને બેભાન થવા કેસો વધ્યા છે. અમદાવાદમાં છેલ્લા ૧૫ દિવસમાં ૩,૮૦૦થી વધુ કેસો આવી આકરી ગરમીના કારણે નોંધાયા છે. આ ઉપરાંત પેટના દુ:ખાવાને લગતા ૨,૫૨૪ કેસો, હાઈફિવરના ૪૬૪ કેસો, તો સર્વાઈલ હેડેકના ૧૦૯ કેસો સામે આવ્યા છે. આ બધાની વચ્ચે ૭૭૧ જેટલા કેસો લોકોના બેભાન થવાના સામે આવ્યા છે.

વડોદરાના ડભાસા ગામની ઘટના

# ઘરમાં ત્રાટકેલા લૂંટારૂઓ વૃદ્ધાના કાનમાં પહેરેલી બુટ્ટી ન નિકળતા કાન કાપીને લઈ ગયા

## પોલીસ સ્ટાફ સાથે ડીવાયએસપી દોડી આવ્યા, ડોગ સ્કવોડ અને ફિંગરપ્રિન્ટ નિષ્ણાંતોની મદદ લઈ તપાસ શરૂ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના ડભાસા ગામમાં મધરાત્રે બે લૂંટારા ત્રાટક્યા હતા અને ઘરમાં પોતાના રૂમમાં નિદ્રાધીન વૃદ્ધાનું ગળું દબાવી દાગીના લૂંટી લીધા હતા.

ઉપરાંત વૃદ્ધાએ જમણા કાનમાં પહેરેલા દાગીના ન નિકળતા લૂટારા કાન કાપીને લઇ ગયા હતા. મોડી રાત્રે બનેલા બનાવને પગલે ગામમાં સનસનાટી મચી ગઈ હતી. આ બનાવ અંગે પાદરા પોલીસે તપાસ શરૂ કરી છે.

પાદરા તાલુકાના ડભાસા ગામમાં ૬૦ વર્ષીય મધુબેન શાંતિલાલ સોલંકી પરિવાર સાથે રહે છે. ત્રણ રૂમના મકાનમાં મધુબેન પોતાના રૂમમાં સુઈ ગયા હતા. જ્યારે તેમનો પુત્ર કિરણ, પુત્ર વધુ શકુબેન અને પૌત્ર કૌશિક અન્ય રૂમમાં સૂઈ ગયા હતા. દરમિયાન રાત્રે ૨:૦૦ વાગ્યાના સુમારે બે લુટારા મકાનના પાછળના દરવાજેથી ઘરમાં ઘૂસ્યા હતા અને નિદ્રાધીન વૃદ્ધાનું ગળુ દબાવી તેઓના શરીર પરના દાગીના લૂંટી લીધા હતા. ઉપરાંત કાનમાં પહેરેલ દાગીના સાથેનો કાન કાપીને લઈ ગયા હતા.

મધરાતે બનેલા આ બનાવની જાણ પરિવારજનોને થતા પરિવારજનો પણ ગભરાઈ ગયા હતા અને આ બનાવની જાણ પાદરા પોલીસને કરવામાં આવતા પાદરા પોલીસ સ્ટાફ દોડી ગયો હતો. તે સાથે ડીવાયએસપી પણ દોડી ગયા હતા અને વિગતો મેળવી હતી. સમગ્ર પંથકમાં હાહાકાર મચાવી મૂકનાર આ બનાવ અંગે એલ.સી.બી. પી.આઇ.એ ટેલે અલગ અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરી છે.

બીજી બાજુ વહેલી સવારે આ બનાવની જાણ ગામમાં પ્રસરી થતાં ગામના લોકો પણ અને ફળિયાના લોકો દોડી આવ્યા હતા. પાદરા પોલીસ દ્વારા લૂંટારોના સગડ મેળવવા માટે ડોગ સ્કવોડ અને ફિંગરપ્રિન્ટ નિષ્ણાતોની મદદ લઈને તપાસનો દોર શરૂ કર્યો છે. પરંતુ હજી સુધી પોલીસને લૂંટારા અંગેની કોઈ માહિતી મળી નથી.

પાદરા પોલીસ મથકમાં ભોગ બનેલા મધુબેન સોલંકીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, બે લૂંટારા ઘરમાં ઘૂસી આવ્યા હતા અને ગળુ દબાવી સોનાના વીટલા ૬ નંગ, નખલી ૨ નંગ, મળી રૂપિયા ૨ લાખ રૂપિયાની કિંમતના ૪ તોલા સોનાના દાગીના લૂંટી લીધા હતા અને જમણા કાનમાં પહેરેલ સોનાના ૩ સોનાની નખલી અને સોનાની બુટ્ટી લૂંટારાથી ન નિકળતા તેઓ કાન કાપીને લઈ ગયા હતા. લૂંટારા લૂંટ ચલાવીને ભાગી રહ્યા હતા તે દરમિયાન બુમરાણ કરતા પુત્ર કિરણ, પુત્રાવધુ શકુબેન અને પૌત્ર કૌશિક દોડી આવ્યા હતા. પરંતુ તેઓ મારા રૂમમાં આવે તે પૂર્વે લૂંટારા ફરાર થઈ ગયા હતા.

AMTSનો કન્ડક્ટર પ્રેમસંબંધમાં દુષ્કર્મ કરી વતન ભાગી ગયો હતો

# દુષ્કર્મનો ભોગ બનેલી ૧૯ વર્ષીય કિશોરીને ૧૬ અઠવાડિયાના ગર્ભના ગર્ભપાતની મંજૂરી

## યુવતી માનસિક અને આર્થિક રીતે બાળક રાખવા અસક્ષમ હોઈ હાઈકોર્ટે મંજૂરી આપી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૮

ગુજરાત હાઈકોર્ટમાં ૧૯ વર્ષ અને ૬ મહિનાની યુવતીએ તેના ૧૬ અઠવાડિયાના ગર્ભના ગર્ભપાત માટે અરજી કરી હતી. યુવતી દુષ્કર્મનો ભોગ બની હતી. તેને આરોપી મિતેશ ઠાકોર સામે ૩ મે, ૨૦૨૪ના રોજ અમદાવાદના રાણીપ પોલીસ મથકે ફરિયાદ પણ નોંધાવી હતી. યુવતી માનસિક અને આર્થિક રીતે બાળકને રાખવા સક્ષમ નથી. જેથી કોર્ટે અરજી સંદર્ભે યુવતીનો મેડિકલ ટેસ્ટ કરવા અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલને નિર્દેશ આપ્યા હતા. જેમાં જણાવાયું હતું કે, યુવતી ગર્ભપાત માટે ફીટ છે, પરંતુ તેમાં જોખમ પણ છે. જો કે, કોર્ટે યુવતીની ઈચ્છા જાણવા તેને કોર્ટમાં ઉપસ્થિત રહેવા જણાવ્યું હતું. યુવતી અને તેની ડાઈવોર્સી માતા જજની ચેમ્બરમાં ઉપસ્થિત રહ્યા હતા. તેમની સહમતિથી કોર્ટે સોલા સિવિલ હોસ્પિટલના એક એક્સપર્ટ ટીમ બનાવી યુવતીના ગર્ભપાત માટે નિર્દેશ આપ્યા છે. ડોક્યુમેન્ટ મુજબ યુવતીનો જન્મ ડિસેમ્બર, ૨૦૦૪માં થયો હતો.જ્યારે તેનાથી નાની બહેન ૧૬ વર્ષની છે. તેની શાળાએ તેને સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ આપવાની મનાઈ કરતા, કોર્ટ સમક્ષ ઉંમરના પુરાવા તરીકે આધાર કાર્ડ મૂકાયું હતું. યુવતીના પરિવારની આર્થિક પરિસ્થિતિ ખરાબ હોવાથી તેને આશ્રમ રોડ ઉપરના એક કોલ સેન્ટરમાં નોકરી કરવી પડતી હતી. આ દરમિયાન તે AMTSના કંડક્ટર મિતેશ ઠાકોર સાથે પ્રેમ થયો હતો. બંનેના પરિવાર સગાઈ કરવા માટે સહમત થયા હતા. આ દરમિયાન મિતેશે યુવતી સાથે છૂટછાટ લઈને તેની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધ્યા હતા. યુવતીની તબિયત ખરાબ થતાં તેને આ વિશે મિતેશને જણાવ્યું હતું. ત્યારે મિતેશ તેની સાથે સંબંધ તોડીને પોતાના વતન અરવલ્લીના બાયડ ભાગી ગયો હતો. યુવતીની ફરિયાદના આધારે પોલીસે આરોપી કંડક્ટરની ધરપકડ કરી છે, તે અત્યારે જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. કોર્ટે અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલને પીડિતાના મેડિકલ તપાસ માટે નિર્દેશ આપ્યા હતા. જેમાં સિવિલ સુપરિટેન્ડેન્ટ, સિનિયર મહિલા ગાયનેકોલોજીસ્ટ, સાયકોલોજીસ્ટને યુવતીનું નિરીક્ષણ કર્યું હતું. યુવતીના વકીલે કોર્ટમા રજૂઆત કરી હતી કે યુવતી હજી નાની ઉંમરની છે અને તેની સામે તેનું આખું ભવિષ્ય પડ્યું છે. યુવતી પોતાના પરિવાર સાથે ભાડાના મકાનમાં રહે છે. તેના પરિવારની આર્થિક પરિસ્થિતિ પણ સારી નથી. ગરીબીને લઈને જ તેને ભણવાનું છોડી દીધું હતું અને નોકરી કરવાની શરૂ કરી હતી. દીકરીની માતાએ પણ જજ સમક્ષ ચેમ્બરમાં જણાવ્યું હતું કે, તેને પોતે છૂટાછેડા લીધેલા છે. હવે જ્યારે લગ્ન વગરની દીકરી બાળકને જન્મ આપશે તો સમાજમાં તેની ખૂબ બદનામી થશે. વળી તેના ઘરમાં આવકની પણ અછત છે.

એ-સમરી અંગેનો ચુકાદો આપવાનો હતો ત્યાં જ જજની બદલી થઈ હતી

# બલ્ગેરિયન યુવતી દુષ્કર્મ કેસમાં ગ્રામ્ય કોર્ટમાં હવે નવા જજ સમક્ષ થશે દલીલો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૮

બલ્ગેરિયન યુવતી દુષ્કર્મ કેસમાં પોલીસે તપાસ પૂર્ણ કરીને જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ પૂરતા પુરાવા ઉપલબ્ધ ના હોવાની થિયરી સાથે છ સમરી ફાઈલ કરી હતી. પોલીસે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં ફાઈલ કરેલી આશરે ૧૮૦૦ પેજની સમરીની સર્ટિફાઇડ કોપી યુવતી દ્વારા માંગવામાં આવી હતી. આ સમરીના અભ્યાસ બાદ ૨૬ માર્ચે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં એફિડેવિટ મારફતે સમરીનો વિરોધ પીડિત પક્ષે કર્યો હતો. તપાસ યોગ્ય રીતે નહીં થઈ હોવાની ફરિયાદ સામે પોલીસે જવાબ પણ રજૂ કર્યો હતો. જો કે આ સમરી સ્વીકારવી કે પછી નકારવી તેનો ચુકાદો અમદાવાદ ગ્રામ્ય કોર્ટ આપવાની હતી તે અગાઉ જજની બદલી થતા હવે અંતિમ દલીલો ફરી નવા જજ સમક્ષ કરવી પડે તેવી આશંકા યુવતીના વકીલે વ્યક્ત કરી છે. આ મુદ્દે આવતા અઠવાડિયે સુનાવણી છે. વળી યુવતીએ લેબર કોર્ટમાં પણ કેસ ફાઈલ કર્યો છે, ત્યારે કેડિલા તરફે રજૂઆત કરાઈ હતી કે, વેકેશનમાં તેમના લીગલ ઓફિસર ઉપલબ્ધ નથી. જેથી તેમને સમય આપવામાં આવે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્તમાન જજની ટ્રાન્સફર પહેલા ચુકાદો આવે તેવી અરજદારને આશા હતી. અરજદાર ઈચ્છે છે કે ગ્રામ્ય કોર્ટે હાઈકોર્ટને CBI તપાસ માટે કેસ રિફર કરે. છેલ્લે યુવતીના વકીલે લગભગ બે કલાક જેટલી દલીલો પોલીસના જવાબમાં વિરોધમાં કરી હતી. વળી વકીલે જણાવ્યું હતું કે, બે શખસ યુવતીનો કોર્ટમાં વીડિયો ઉતારી રહ્યા હતા. ત્યારે યુવતીએ મક્કમતાથી તેમનો પીછો કર્યો હતો અને બંને ભાગી ગયા હતા. આ સંદર્ભે કોર્ટ રજિસ્ટ્રીમાં ફરિયાદ પણ આપવામાં આવી હતી.

ક્લાર્કે નોંધણી કે નાણાં ભર્યા સિવાય નાગરિકને હોલ આપી દીધો

# પાલડી વિસ્તારના ચંદ્રમૌલી હોલને બારોબાર ભાડે આપી દેવાયો

## કોર્પોરેશનના અધિકારીઓને જાણ થતાં તત્કાલ ક્લાર્કની બદલી કરાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગમાં ભ્રષ્ટાચાર સામે આવ્યો છે. પાલડી વિસ્તારમાં આવેલા ચંદ્રમૌલીશ્વર હોલને બેસણા અને જમણવાર માટે બારોબાર ભાડે આપી દેવામાં આવ્યો હતો. હોલનું કામકાજ સંભાળતા ક્લાર્ક દ્વારા નાગરિકને હોલ ભાડે આપી દેવામાં આવ્યો હતો, જે અંગે કોર્પોરેશનના અધિકારીઓને જાણ થતા તેઓ ત્યાં પહોંચી ગયા હતા. પ્રાપ્ત માહિતી મુજબ પાલડીના ચંદ્રમૌલીશ્વર હોલમાં ૩૦મી એપ્રિલના રોજ સવારના શિફ્ટમાં એક બેસણાનો તેમજ જમણવારનો કાર્યક્રમ યોજાયો હતો. મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓને જાણ થઈ હતી કે, આ હોલમાં આજની તારીખે નોંધાયા વગર કે નાણાં ભર્યા સિવાય જ આ હોલમાં આ પ્રકારે ગેરકાયદેસર રીતે ભાડે આપી દેવાયો છે. જેથી અધિકારીઓ દ્વારા સ્થળ પર જઇને તપાસ કરવામાં આવતા હોલના ક્લાર્ક લાલાભાઇ વોરા દ્વારા આ હોલ બારોબાર જે-તે વ્યક્તિને બેસણા અને જમણવાર માટે આપી દેવામાં આવ્યો હતો. જેથી અધિકારી દ્વારા તત્કાલ ક્લાર્ક લાલાભાઇ વોરાની બદલી કરી દેવામાં આવી હતી. તેમની સામે ખાતાકીય તપાસ પણ શરૂ કરાઈ છે. ઉલ્લેખનીય છે કે, મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત વિવિધ હોલ અને પાર્ટી પ્લોટને ભાડે આપવા માટે ચોક્કસ નીતિ બનાવવામાં આવી છે. જેમાં દરેક હોલનું ભાડુ નક્કી કરી દેવામાં આવ્યું છે. માત્ર ઓનલાઈન જ હોલ બુકિંગ કરી શકાય છે અને તેના માટે ત્રણ મહિના પહેલા બુકિંગ શરૂ થતું હોય છે. જો કે, મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગમાં અને ફરજ બજાવતા ક્લાર્ક દ્વારા જ્યારે ઓનલાઈન હોલ નોંધાયો ન હોય ત્યારે ત્યાં આવેલા નાગરિકને તત્કાલ હોલ ભાડે જોઈતો હોય તો ગુપચુપ કેટલાક કલાક માટે હોલ ભાડે આપી દેતાં હોય છે. આવા સમગ્ર કૌભાંડો ચલાવવામાં આવતા હોવાની ફરિયાદો અવારનવાર ઉઠે છે. કેટલીકવાર એક હોલના બુકિંગ બે વ્યક્તિઓ દ્વારા કરવામાં આવ્યા હોવાના કિસ્સા પણ સામે આવ્યા છે જેમાં પૈસા ભરી દીધા હોવા છતાં પણ તેના નાણા ખાતામાં ન બતાવી અને અન્ય વ્યક્તિના નામે હોલ બુકિંગ કરી દેવામાં આવે છે. ઉપરાંત એવા પણ કિસ્સા સામે આવ્યા છે કે કોઈ વ્યક્તિ દ્વારા પોતાનો હોલ બુકિંગ કરી દેવામાં આવે છે પરંતુ તેમના ત્યાં જમણવાર હોતો નથી અને જે વ્યક્તિ ને જ્યારે હોલ ન મળે તો તેને પોતે બુક કરાવેલો હોલ આપી દેવામાં આવે છે. જો કે આ મામલાઓને દબાવી દેવામાં આવે છે.

સિવિલ સુપ્રિટેન્ડેન્ટનું નામ સામે આવતા કર્યો ખુલાસો

# રાજકોટ સિવિલ હોસ્પિટલમાં NOCના સાધનોમાં ૭૩ કરોડ રૂપિયાનું કૌભાંડ

## શરત ચૂકથી મારૂં નામ NOC સર્ટિફિકેટમાં આવ્યું છે : સુપ્રિ.ની ચોખવટ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૮

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ફાયર સેફ્ટીની જાળવણીનાં કોન્ટ્રાક્ટ પાંચ વર્ષમાં કુલ ૭૩ કરોડ રૂપિયાનું કૌભાંડ થયાનું સામે આવ્યું હતું. આ કૌભાંડમાં સિવિલ સુપ્રિટેન્ડેન્ટનું નામ ખુલ્યું હોવાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત વિગતો મુજબ કોન્ટ્રાક્ટનાં માલિક તરીકે સિવિલ સુપ્રિટેન્ડેન્ટનું નામ ખુલવા પામ્યું હતું. વાર્ષિક ૧.૮૨ લાખમાં મેન્ટેનન્સનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. જેની સામે ૨૧ લાખ રૂપિયાનો ખર્ચ બતાવવામાં આવ્યો છે. તેમજ પેટા કોન્ટ્રાક્ટની જોગવાઈ નહી છતાં પેટા કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. હોસ્પિટલનાં એક કર્મચારીએ બિલ અટકાવ્યું તો તેમની બદલી કરી દેવામાં આવી હતી.

આ સમગ્ર મામલે સિવિલ સુપ્રિટેન્ડેન્ટ ડૉ. રાધેશ્યામ ત્રિવેદીએ ખુલાસો કરતા જણાવ્યું હતું કે, શરતચૂકના કારણે મારૂ નામ એનઓસી સર્ટિફિકેટમાં આવ્યું છે. મે ગત ૧૩ તારીખનાં રોજ મનપાનાં ચીફ ફાયર ઓફીસરને પત્ર લખ્યો હતો. પત્રનાં આધારે નવું એનઓસી સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે. જેમાં મારૂ નામ દર્શાવવામાં આવેલ નથી. આ સમગ્ર મામલે સિવિલ સુપ્રિટેન્ડેન્ટ ડૉ. રાધેશ્યામ ત્રિવેદીએ જણાવ્યું હતુ કે, રાજકોટ સિવિલ હોસ્પિટલ સૌરાષ્ટ્ર અને કચ્છની સૌથી મોટી હોસ્પિટલ છે. અત્યારે ૨૦૦૦ બેડ આ હોસ્પિટલમાં છે. તેમજ હોસ્પિટલમાં હાલ ૧૩ થી ૧૪ બિલ્ડીંગ છે. તમામ બિલ્ડીંગોમાં ફાયર એનઓસી હોવી જોઈએ. ફાયર એનઓસીનાં મેન્ટેનન્સની વાત છે એનઓસી કોર્પોરેશન તરફથી આપવામાં આવે છે. હાલ મારી પાસે ૧૪ થી ૧૫ એનઓસી છે. જેમાં એક એનઓસી પીએસએસવાય બિલ્ડીંગનું છે. જેમાં મારૂ નામ શરત ચૂકથી આવી ગયું છે.

આ બાબત મારા ધ્યાન ઉપર આવતા તરત જ આ માટે કોર્પોરેશનને અરજી કરી હતી. કદાચ ટાઈપીંગ મીસ્ટેક થઈ શકે. હાલ સુધારો કરેલું સર્ટીફીકેટ આવી ગયું છે. આમાં શરત ચૂકથી આ ભૂલ હોઈ શકે.

પિતા-પુત્રી વચ્ચેના પવિત્ર સંબંધને લાંછન લગાડતી ઘટના

# ડિંડોલીમાં પિતા બન્યો હેવાન સગી પુત્રીની આબરૂ લૂંટી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૮

પવિત્ર સંબંધોમાં લાંછન લગાડતા બનાવો બની રહ્યા છે. ફરી એકવાર ડિંડોલી વિસ્તારમાં રહેતા નરાધમ પિતાએ પોતાની ૧૪ વર્ષની દીકરી પર દાનત બગાડી હતી. નરાધમ પિતાએ ઘરમાં દીકરીની એકલતાનો લાભ ઊઠાવી છેલ્લા એક મહિનાના સમયગાળા દરમિયાન અવારનવાર બળાત્કાર કરી જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો. જો કે, ગતરોજ કિશોરીએ તેની સઘળી હકીકત માતાને જણાવતા માતાએ પતિ સામે દીકરી પર બળાત્કાર ગુજાર્યાની પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે બળાત્કારનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડિંડોલી બસ સ્ટોપ પાસે રહેતો અને ઓટો રિક્ષા ચલાવતા ૪૮ વર્ષીય આધેડે પોતાની ૧૪ વર્ષની સગી દીકરી પર દાનત બગાડી હતી. છેલ્લા એક મહિનાના સમયગાળા દરમિયાન દીકરી જ્યારે પણ ઘરમાં એકલી હોય ત્યારે તેણીની એકલતાનો લાભ ઊઠાવી એની સાથે બળજબરી કરી અવારનવાર શરીર સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. આ ઉપરાંત જો આ વાત કોઈને કહેશો તો તેણીને તથા તેની માતાને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી, જેથી શરૂઆતમાં દીકરીએ આ વાત કોઈને કરી ન હતી પરંતુ છેલ્લા એક મહિનામાં તેના પિતાએ અવારનવાર બળાત્કાર ગુજારતા આખરે ન છૂટકે કિશોરીએ સઘળી હકીકત માતાને જણાવી હતી. માતાએ હકીકત જાણતાની સાથે જ તેના પગ તળેથી જમીન ખસી ગઈ હતી. જો કે, માતાએ દીકરી સાથે ડિંડોલી પોલીસ મથકે પહોંચી પોલીસને સઘળી હકીકત જણાવી હતી. જેથી પોલીસે પરિણીતાની ફરિયાદ લઈ તેના પતિ સામે બળાત્કારનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વિદ્યાર્થીઓને પુસ્તક આપવાનું શરૂ કરી દેવાયું

# ધોરણ ૯થી ૧૨માં ટ્રાફિક શિસ્ત અને ભગવદ્ ગીતાના પાઠ ભણાવવામાં આવશે

## ૩૦મી મે સુધી પુસ્તકો શાળામાં પહોંચી જાય તેવું આયોજન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

રાજ્ય સરકાર દ્વારા જૂન ૨૦૨૪થી શરૂ થતાં શૈક્ષણિક વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓને પુસ્તક આપવાનું શરૂ કરી દેવાયું છે. ૩૦મી મે સુધી પુસ્તકો શાળામાં પહોંચી જાય તેવી વ્યવસ્થા કરવાનું આયોજન કરાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે શહેરોમાં સર્જાતી ટ્રાફિક સમસ્યાને લઈ નાગરિકોમાં ટ્રાફિક અંગે સમજ કેળવાય તે હેતુથી પ્રથમ વખત ધોરણ ૯ અને ૧૦માં ટ્રાફિકનું પ્રકરણ ઉમેરવામાં આવ્યું છે.

ગુજરાત પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ધોરણ ૯ અને ૧૦માં સામાજીક વિજ્ઞાનમાં અને ધોરણ ૧૧ અને ૧૨માં ગુજરાતી માધ્યમમાં રોડ સેફ્ટી અંગે ચેપ્ટર ઉમેરવામાં આવ્યું છે. જેમાં વાહનચાલકે કઈ બાજુ વાહન ચલાવવું, સીટ બેલ્ટ પહેરવું, વાહન પાર્ક કરતી વખતે રાખવામાં આવતી સાવચેતી સહિતનું વર્ણન કરવામાં આવ્યું છે. ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવવાની વય મર્યાદા, લેન ડ્રાઈવિંગ, ચોકડી, ગોળાઈ, વાહન ઓવરટેક કઈ રીતે કરવું, તેની માહિતી આપી મહત્વ પણ સમજાવવામાં આવ્યું છે.

આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા ભગવદ ગીતાના પાઠ તબક્કાવાર અભ્યાસક્રમમાં દાખલ કરવામાં આવ્યા છે. ધોરણ ૬થી ૮ બાદ હવે ધોરણ ૧૧ અને ૧૨માં માત્ર ગુજરાતી માધ્યમમાં ભગવદ ગીતાના પ્રકરણને ઉમેરવામાં આવ્યું છે. આગામી સત્રથી નવા પાઠ્ય પુસ્તકો અમલમાં આવશે.

# પેલેસ્ટીનીઓનું રફાહમાંથી સ્થળાંતર ચાલુ છે, ૬ મેથી કુલ આંકડો ૬,૩૦,૦૦૦ પર પહોંચી ગયો છે : UN

## UNRWAએ કહ્યું કે, મધ્ય ગાઝા પટ્ટીમાં દેર અલ-બાલાહ પર સામૂહિક સ્થળાંતરની નોંધપાત્ર અસર પડી છે, જ્યાં ઘણા વિસ્થાપિત લોકોએ આશ્રય મેળવ્યો છે

(એજન્સી) તા.૧૮

યુએન એજન્સી (યુએનઆરડબ્લ્યુએ)એ ગઈકાલે પેલેસ્ટીની શરણાર્થીઓ માટે જાહેરાત કરી હતી કે, રફાહમાં ઈઝરાયેલની સૈન્ય કાર્યવાહીએ ૩૦,૦૦૦ વધુ લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી છે. UNRWA દ્વારા જારી કરાયેલા નિવેદન અનુસાર, ગાઝા લોકોને હજુ પણ બળજબરીથી વિસ્થાપિત કરવામાં આવી રહ્યા છે, અને ૬ મેના રોજ રફાહ પર લશ્કરી આક્રમણ શરૂ થયા પછી, ૬,૩૦,૦૦૦થી વધુ લોકોને આ વિસ્તાર છોડીને જતા રહેવાની ફરજ પડી છે. સામૂહિક સ્થળાંતરની મધ્ય ગાઝા પટ્ટીમાં દેર અલ-બલાહ પર નોંધપાત્ર અસર પડી છે, જ્યાં ઘણા વિસ્થાપિત લોકોએ આશ્રય મેળવ્યો છે, યુએન એજન્સીએ ત્યાંની પરિસ્થિતિને "ગંભીર પરિસ્થિતિઓ સાથે અસહ્ય રીતે ભીડ" તરીકે વર્ણવી હતી. આરોગ્ય મંત્રાલયે શુક્રવારે જણાવ્યું કે, ગયા વર્ષના ઑક્ટોબર ૭થી ગાઝા પર ઈઝરાયેલના ચાલુ આક્રમણમાં ઓછામાં ઓછા ૩૫,૩૦૩ પેલેસ્ટીની માર્યા ગયા છે અને અન્ય ૭૯,૨૬૧ લોકો ઘાયલ થયા છે. યુએન સિક્યુરિટી કાઉન્સિલના ઠરાવમાં એન્ક્લેવમાં તાત્કાલિક યુદ્ધવિરામની માંગણી કરવા છતાં ઈઝરાયેલે ગાઝા પટ્ટી પર તેનું ક્રૂર આક્રમણ ચાલુ રાખ્યું છે. ઈઝરાયેલી યુદ્ધમાં સાત મહિનાથી વધુના સમયમાં, ગાઝાનો વિશાળ હિસ્સો ખોરાક, સ્વચ્છ પાણી



અને દવાઓના અપંગ નાકાબંધી વચ્ચે ખંડેરમાં ધસી ગયો છે. ઈઝરાયેલ પર આંતરરાષ્ટ્રીય અદાલતમાં "નરસંહાર"નો આરોપ છે, જેણે તેલ અવીવને તેના દળોને નરસંહારના કૃત્યો ન કરે તેની ખાતરી કરવા અને ગાઝામાં નાગરિકોને માનવતાવાદી સહાય પૂરી પાડવામાં આવે તેની ખાતરી કરવા પગલાં લેવા આદેશ આપ્યો છે.

# ૫૦૦થી વધુ ઉગ્રવાદી વસાહતીઓએ અલ-અક્સામાં હુમલો કર્યો, ઈઝરાયેલના 'સ્વતંત્રતા દિવસ' પર ધ્વજ લહેરાવ્યો

## અલ-અક્સા સંકુલના દરોડાને પ્રોત્સાહિત કરનારા વસાહતીઓમાં લેહાવા જૂથના છે જે તેના યહૂદી સર્વોપરિતા અને આત્મસાતીકરણ વિરોધી વિચારો માટે જાણીતું છે

(એજન્સી) તા.૧૮

ઉગ્રવાદી ઈઝરાયેલી વસાહતી જૂથોએ તેમના ૭૬મા 'સ્વતંત્રતા દિવસ'ની ઉજવણી તરીકે અલ-અક્સા મસ્જિદ સંકુલમાં પેલેસ્ટીનીઓ સામે ઉશ્કેરણીજનક કૃત્યો હાથ ધર્યા હતા.

જેરૂસલેમ ઈસ્લામિક વક્ફે એક નિવેદનમાં પુષ્ટિ કરી હતી કે, વસાહતીઓએ ઈસ્લામનું ત્રીજું પવિત્ર સ્થળ, અલ-અક્સા મસ્જિદની અંદર ઈઝરાયેલી ધ્વજ લહેરાવ્યો હતો, તાલમુદિક પ્રાર્થના કરી હતી અને મોટેથી ગીતો ગાયા હતા. સાઈટના સંચાલન માટે જવાબદાર જોર્ડન દ્વારા સંચાલિત સંસ્થા દ્વારા ઉગ્રવાદી વસાહતીઓની ક્રિયાઓની "સખત શબ્દોમાં" નિંદા કરવામાં આવી હતી.

જેરૂસલેમ વક્ફે જણાવ્યું હતું કે, મસ્જિદ અને આસપાસના વિસ્તારોમાં મજબૂત પોલીસ હાજરી વચ્ચે આક્રમણ કરવામાં આવ્યું હતું, જેનો મોટી સંખ્યામાં ઉપાસકોને પરિસરમાં પ્રવેશતા અટકાવવાનો હેતુ હતો.

સંસ્થાએ કહ્યું, "છેલ્લા કેટલાક દિવસોથી, એન્ડોમેન્ટ્સ કાઉન્સિલ બ્લેસિડ અલ-અક્સા મસ્જિદ સામે ઉગ્રવાદી જૂથો દ્વારા ભીડ અને મીડિયા ઉશ્કેરણીનાં પગલાં પર નજર રાખી રહી છે, તેમના કૉલ્સ અને ધમકીઓ દ્વારા કબજેદાર રાજ્યના 'સ્વતંત્રતા દિવસ' તરીકે મસ્જિદને દરોડા દ્વારા નિશાન બનાવવાની ધમકીઓ આપી રહી છે."

"આ નિંદાત્મક ઉલ્લંઘનને આશીર્વાદિત અલ-અક્સા મસ્જિદ સામે અભૂતપૂર્વ ઉલ્લંઘનોની અનંત શ્રેણીમાં ઉમેરવામાં આવ્યું હતું."

કાઉન્સિલે અરબ અને ઈસ્લામિક વિશ્વને વિનંતી કરી કે "મુસ્લિમો માટે સૌથી મહત્વપૂર્ણ મસ્જિદોમાંની એક પ્રત્યેની તેમની જવાબદારી સ્વીકારે" અને ઈઝરાયેલી સરકાર પર તેના પવિત્ર સ્થળના ઉલ્લંઘનને રોકવા માટે દબાણ કરે, જ્યાં ફક્ત મુસ્લિમોને જ પ્રવેશવાની મંજૂરી છે.

અહેવાલ અનુસાર, ઓછામાં ઓછા ૫૨૬ વસાહતીઓએ અલ-અક્સામાં હુમલો કર્યો હતા. ઉશ્કેરણીજનક ઘૂસણખોરી માટે બોલાવતા જૂથોમાં દૂર-જમણેરી અને યહૂદી સર્વોપરિતા લેહાવા સંગઠન હતું, જેના સભ્યોને હિંસા ઉશ્કેરવા બદલ સોશિયલ મીડિયા પર પ્રતિબંધિત કરવામાં આવ્યા છે. અલ-અરબી અલ-જાદીદે જણાવ્યું હતું કો, ઈમારત પર એક



વિશાળ બેનર લટકાવીને અલ-અક્સા પરના હુમલાને ઉશ્કેરતા દેખાયા હતા, જેમાં લખ્યું હતું કે, "સ્વતંત્રતા દિવસે, અમે મસ્જિદમાં ધ્વજ ઉઠાવીશું", ન્યૂ આરબની અરબી સિસ્ટર સાઈટ અલ-અરબી અલ-જાદીદે અહેવાલ આપ્યો છે.અન્ય એક સંસ્થા, 'વુમન ફોર ધ સેટલમેન્ટ ટેમ્પલ'એ અલ-અક્સામાં હુમલા કરવા માટે સમાન ચેતવણી આપવાની શરૂ કરી હતી. પ્રખ્યાત અલ-અક્સાના ઉપદેશક અને જેરૂસલેમના પૂર્વ મુફતી શેખ એકરીમા સાબરીએ મસ્જિદને વસાહતીઓના ઘૂસણખોરીથી સુરક્ષિત રાખવા માટે હાકલ કરી હતી. ગયા મહિને, ૬૦૦થી વધુ વસાહતીઓએ પાસઓવરની યહૂદી રજા દરમિયાન સંકુલમાં હુમલો કર્યો. હમાસે ઈઝરાયેલ પરના ૭ ઓક્ટોબરના હુમલાના મુખ્ય કારણોમાં પવિત્ર સ્થળ પર વારંવાર હુમલાઓને એક મુખ્ય કારણ જણાવ્યું હતું, જેમાં લગભગ ૧,૨૦૦ લોકો માર્યા ગયા હતા. ત્યારથી ગાઝામાં ઓછામાં ઓછા ૩૫,૧૭૩ પેલેસ્ટીનીઓ ઈઝરાયેલી દળો દ્વારા માર્યા ગયા છે અને માનવ અધિકાર જૂથો, એનજીઓ અને ઘણી સરકારો દ્વારા ઈઝરાયેલ પર "નરસંહાર"નો આરોપ લગાવવામાં આવ્યો છે. ઈઝરાયેલ ૧૪ મેના રોજ તેનો 'સ્વતંત્રતા દિવસ' ઉજવે છે. ૧૯૪૮માં તેની સ્થાપના નકબા (આપત્તિ) તરીકે ઓળખાતી ઘટનામાં હજારો પેલેસ્ટીનીઓને તેમના ઘરોમાંથી વંશીય સફાઈ દ્વારા ચિહ્નિત કરવામાં આવી હતી.

# ઈઝરાયેલ તરફી યહૂદી અબજોપતિઓ ગુપ્ત રીતે વિદ્યાર્થીઓના વિરોધને રોકવાનું કાવતરૂં ઘડતા પકડાયા

(એજન્સી) તા.૧૮

અહેવાલ મુજબ, અગ્રણી અમેરિકન યહૂદી અબજોપતિઓ અને વેપારીનું એક જૂથ ન્યૂયોર્ક સિટીના મેયર, એરિક એડમ્સ પર કોલંબિયા યુનિવર્સિટીમાં પેલેસ્ટીની તરફી વિદ્યાર્થી વિરોધીઓ સામે પોલીસ તૈનાત કરવા ખાનગી રીતે દબાણ કરી રહ્યું છે, અને ન્યૂયોર્ક પોલીસની મદદ કરવા બદલ ખાનગી તપાસકર્તાઓને ચૂકવણી કરવાની પણ ઓફર કરી છે. અખબાર દ્વારા મેળવેલા વોટ્સએપ ચેટ લોગ પર આધારિત આ સ્પષ્ટીકરણ, જાહેર અભિપ્રાયને આકાર આપવા અને ઈઝરાયેલની તરફેણમાં સરકારની કાર્યવાહીને પ્રભાવિત કરવાના જૂથના પ્રયત્નો પર પ્રકાશ પાડે છે, જ્યારે, સામેલ લોકોએ દાવો કર્યો હતો કે અમેરિકી યહુદીઓના પ્રભાવ અભિયાનને ઉજાગર કરવું જાતિવાદી છે. કારણ કે તે યહૂદી શક્તિ વિશે સામાન્ય યહુદી-વિરૂદ્ધ કિસ્સાઓનું પુનરાવર્તન કરે છે. "ઈઝરાયેલ વર્તમાન ઘટનાઓ" શીર્ષક ધરાવતા વ્હોટ્સએપ જૂથની શરૂઆત ૭ ઓક્ટોબરના હમાસના ઈઝરાયેલ પરના હુમલાના થોડા સમય બાદ કરવામાં આવી હતી અને આખરે તેમાં લગભગ ૧૦૦ સભ્યોનો સમાવેશ થયો હતો, જેમાંથી ઘણા ફોર્બ્સની અબજોપતિઓની વાર્ષિક યાદીમાં દર્શાવવામાં આવ્યા છે. ચેટના સહભાગીઓમાં કાઈન્ડ સ્નેક કંપનીના સ્થાપક ડેનિયલ લુબેત્સ્કી, હેજ ફંડ મેનેજર ડેનિયલ લોએબ, અબજોપતિ લેન બ્લાવાટનિક, જમીન જાગીરના રોકાણકાર જોસેફ સિટ, સ્ટારબક્સના પૂર્વ સીઈઓ હોવર્ડ શુલ્ટ્ઝ, ડેલના સ્થાપક અને સીઈઓ માઈકલ ડેલ, હેજ ફંડ મેનેજર બિલ એકમેન અને થ્રાઈવ કેપિટલના સ્થાપક અને પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનરના ભાઈ જોશુઆ કુશનરનો સમાવેશ થાય છે. વ્હોટ્સએપ જૂથની પોસ્ટનો અહેવાલ મેયર એડમ્સ સાથેના જૂથના ખાનગી સંદેશાવ્યવહારને પ્રકાશિત કરે છે, જેમાં ૨૬ એપ્રિલના રોજ ઝૂમ વિડિયો કૉલનો સમાવેશ થાય છે, જે દરમિયાન કેટલાક ઉપસ્થિતોએ મેયરને રાજકીય દાન આપવા અને કોલંબિયાના પ્રમુખ અને ટ્રસ્ટીઓ પર કેમ્પસમાં પોલીસને વિરોધીઓને નિયંત્રિત કરવા દબાણ કરવા અંગે ચર્ચા કરી હતી.

વ્યંગાત્મક રીતે, જ્યારે મીટિંગ વિશે પૂછવામાં આવ્યું ત્યારે, મેયરની ઑફિસે જવાબ આપ્યો કે, "યહૂદી દાતાઓએ સરકારી કામગીરીને પ્રભાવિત કરવા માટે ગુપ્ત રીતે ઘડેલું કાવતરું એક ખૂબ જ પરિચિત એન્ટિ-સેમિટિક ટ્રોપ છે જેના વિશે વૉશિંગ્ટન પોસ્ટને પૂછતા શરમ આવવી જોઈએ, તેને એકલા સામાન્ય થવા દો." જો કે, ચેટ લોગ્સ દર્શાવે છે કે જૂથની પ્રવૃત્તિઓ ન્યૂયોર્ક સિટીની બહાર વિસ્તરી છે, જેમાં કેટલાક સભ્યો પૂર્વ વડાપ્રધાન, નાફતાલી બેનેટ, યુદ્ધ કેબિનેટ સભ્ય બેની ગેન્ટ્ઝ અને



યુનાઈટેડ સ્ટેટ્સમાં ઈઝરાયેલના રાજદૂત, માઈકલ હરઝોગ સહિત ઉચ્ચ-સ્તરના ઈઝરાયેલી અધિકારીઓ ખાનગી સભામાં હાજરી આપે છે. આ જૂથે ઈઝરાયેલી સૈન્ય દ્વારા સંકલિત ફૂટેજ દર્શાવતી ફિલ્મ દર્શાવવા માટે ઈઝરાયેલી સરકાર સાથે પણ સહયોગ કર્યો હતો, જે પાછળથી ચેટ સભ્ય બિલ એકમેનની મદદથી હાર્વર્ડ યુનિવર્સિટીમાં બતાવવામાં આવી હતી. એકમેન હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર ક્લાઉડિન ગેના પ્રેસિડેન્ટ સામે વિદ્યાર્થી વિરોધીઓને હેન્ડલ કરવાને લઈને અગ્રણી પ્રચારક હતા. ગે, જે ગયા વર્ષે હાર્વર્ડના પ્રથમ અશ્વેત પ્રમુખ બન્યા હતા, તેમણે વિરોધ કરવાના અધિકારનો બચાવ કરતી કૉંગ્રેસની સુનાવણીમાંથી બહાર નીકાળતા પોતાનું સ્થાન ગુમાવ્યું હતું. અબજોપતિ બેરી સ્ટર્નલિચ્ટના કર્મચારી દ્વારા દર્શાવેલ વોટ્સએપ જૂથનું મિશન, ઈઝરાયેલની તરફેણમાં "વર્ણન બદલવાનું" અને હમાસ વિરુદ્ધ માહિતી અભિયાનને ભંડોળ પૂરું પાડીને અમેરિકી જાહેર અભિપ્રાયને "યુદ્ધ જીતવામાં મદદ" કરવાનું હતું. કર્મચારીએ અનામીની જરૂરિયાત પર ભાર મૂક્યો, લખ્યું, "જો એવું લાગે છે કે આ એક યહૂદી પહેલ છે તો હું ઓછા અસરકારક હોવા અંગેની ચિંતાઓ પ્રત્યે સંવેદનશીલ છું." આ સ્પષ્ટીકરણથી સરકારી ક્રિયાઓ પર શ્રીમંત વ્યક્તિઓના પ્રભાવ અને કૉલેજ કેમ્પસમાં મુક્ત વાણીના દમન અંગે ચિંતાઓ જન્મી છે. ઈઝરાયેલ તરફી અબજોપતિઓના ગુપ્ત કાવતરા અંગેનો સ્પષ્ટીકરણ સંભવત: રીતે ઈઝરાયેલ જેવી વિદેશી શક્તિની તરફેણમાં સરકારી નીતિઓ અને જાહેર પ્રવચનને આકાર આપવામાં નાણાં અને પ્રભાવની ભૂમિકા વિશે વધુ પ્રશ્નો ઉભા કરશે.

# ICJએ ઈઝરાયેલને ગાઝા પટ્ટીમાં ખાલી વિસ્તારોની સ્થિતિ વિશે માહિતી આપવા વિનંતી કરી

(એજન્સી) તા.૧૮

ઈન્ટરનેશનલ કોર્ટ ઑફ જસ્ટિસ (ICJ) ખાતે બે દિવસની સુનાવણી શુક્રવારના રોજ ઈઝરાયેલને ગાઝા પટ્ટીમાં નિયુક્ત ખાલી વિસ્તારોમાં હાલની માનવતાવાદી પરિસ્થિતિઓ વિશે માહિતી આપવા કોર્ટની વિનંતી સાથે સમાપ્ત થઈ. ઈઝરાયેલ સામે વધારાના કામચલાઉ પગલાંની માંગ કરતી દક્ષિણ આફ્રિકાની તાત્કાલિક અપીલ માટે ઈઝરાયેલના બચાવ સાથે હેગમાં સુનાવણીનો બીજો દિવસ યોજાયો હતો.

શરૂઆતની ટિપ્પણી દરમિયાન ઈઝરાયેલના પ્રતિનિધિ ગિલાડ નોમે જણાવ્યું હતું કે, સુનાવણીની સૂચના ખૂબ જ આશ્ચર્યજનક હતી અને ઉમેર્યું હતું કે ઈઝરાયેલે સુનાવણી આવતા અઠવાડિયે ફરીથી ગોઠવવાનું કહેતા, તે નકારી કાઢવામાં આવ્યુ હતું. ઈઝરાયેલે નાગરિકોની સુરક્ષાને સક્ષમ કરવા માટે ખંતપૂર્વક કામ કર્યું હોવાનો દાવો કરતાં નોઆમે કહ્યું હતું કે, તે ઈઝરાયેલનો તેના નાગરિકોની રક્ષા કરવાનો અધિકાર અને જવાબદારી છે. તેમનો પક્ષ રાખતા, ઈઝરાયેલના વિદેશ મંત્રાલયના મુખ્ય નાયબ કાનૂની સલાહકાર, તામર કેપલાન ટુરગેમેને દલીલ કરી હતી કે, ઈઝરાયેલે દક્ષિણ ગાઝાના બે મુખ્ય ક્રોસિંગ, રફાહ અને કેરેમ શાલોમ બોર્ડર ક્રોસિંગ બંધ કર્યા નથી. ટોર્જમેને કહ્યું, આ સ્પષ્ટપણે અસત્ય છે, દાવો કર્યો કે, ઈઝરાયેલ વધુ માનવતાવાદી સહાયની જોગવાઈને મંજૂરી આપે છે અને સુવિધા આપે છે. નિષ્કર્ષમાં ટોર્જમેને અદાલતને કામચલાઉ પગલાં માટેની દક્ષિણ આફ્રિકાની વિનંતીને નકારવા કહ્યું, ઈઝરાયેલ રાજ્ય દક્ષિણ આફ્રિકાના પ્રજાસત્તાક દ્વારા સબમિટ કરેલા કામચલાઉ પગલાંના સુધારા અને સંકેત માટેની વિનંતીને નકારવા અદાલતને વિનંતી કરે છે.

સુનાવણી સમાપ્ત કરતા પહેલા, ICJએ ઈઝરાયેલના પ્રતિનિધિ મંડળને ઘેરાયેલા પ્રદેશમાં ખાલી વિસ્તારોમાં માનવતાવાદી પરિસ્થિતિ વિશે પ્રશ્ન પૂછ્યા છે. દક્ષિણ આફ્રિકાએ ગુરૂવારના રોજ ICJ ખાતે ઈઝરાયેલના ગાઝા આક્રમણને સમાપ્ત કરવાના આદેશની વિનંતી કરી કારણ કે દેશ ઈઝરાયેલ સામે વધારાના કામચલાઉ પગલાં માંગે છે. દક્ષિણ આફ્રિકાના




પ્રતિનિધિમંડળે કોર્ટના બંધનકર્તા આદેશો સામે ઈઝરાયેલ દ્વારા ઈરાદાપૂર્વક ભંગ તરફ ધ્યાન દોર્યું. પ્રતિનિધિ મંડળે જણાવ્યું હતું કે, પેલેસ્ટીની લોકોના સતત વિનાશને કારણે દક્ષિણ આફ્રિકાને કોર્ટમાં પાછા ફરવાની ફરજ પડી હતી. દક્ષિણ આફ્રિકાએ ગાઝા પર ખાસ કરીને રફાહ શહેરમાં, જ્યાં ૧.૪ મિલિયનથી વધુ પેલેસ્ટીનીઓ આશ્રય લઈ રહ્યા છે, ત્યાં ઈઝરાયેલના હુમલાઓ વચ્ચે વધારાના પગલાં માટે ICJ સાથે ગયા શુક્રવારના રોજ તાકીદની વિનંતી દાખલ કરી. ICJ એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તેની નવી વિનંતીમાં દક્ષિણ આફ્રિકા જણાવે છે કે કોર્ટ દ્વારા અગાઉ સૂચવવામાં આવેલા કામચલાઉ પગલાં બદલાયેલા સંજોગો અને નવા તથ્યો કે જેના પર (તેની) વિનંતીની કરવામાં આવી છે તેને સંપૂર્ણપણે સંબોધવા' માટે સક્ષમ નથી. દક્ષિણ આફ્રિકા ૨૦૨૩ના અંતમાં ઈઝરાયેલને ICJમાં લઈ ગયું અને તેના પર ગાઝામાં નરસંહારનો આરોપ લગાવ્યો. જાન્યુઆરીમાં એક વચગાળાના ચુકાદામાં કહેવામાં આવ્યું હતું કે તે બહાનું છે કે તેલ-અવીવ દરિયાઈ પ્રદેશમાં નરસંહાર કરી રહ્યું છે અને તેલ અવીવને આવા કૃત્યો રોકવા અને નાગરિકોને માનવતાવાદી સહાય પૂરી પાડવામાં આવે તેની ખાતરી આપવા માટે પગલાં લેવા આદેશ આપ્યો છે.

# બાઈડેન તંત્ર ઈઝરાયેલને એક અબજ ડોલરના શસ્ત્રોનું વેચાણ કરવા જઈ રહ્યું છે

(એજન્સી) વોશિંગ્ટન, તા.૧૮

બાઈડેન વહીવટી તંત્રે મુખ્ય ધારાશાસ્ત્રીઓને કહ્યું છે કે, તે ઈઝરાયેલને એક અબજ ડોલરના શસ્ત્રો અને દારૂગોળાના નવા વેચાણ પર આગળ વધવાની યોજના ધરાવે છે. વહીવટી તંત્રે ૨,૦૦૦ પાઉન્ડ સુધીના ૩,૫૦૦ બોમ્બ ધરાવતા અન્ય શસ્ત્રો ટ્રાન્સફર કર્યા ત્યાર પછી મોકલવામાં આવનાર તે પ્રથમ શસ્ત્રોનું શિપમેન્ટ હશે.



બાઈડેન વહીવટી તંત્રે ગાઝામાં નાગરિકોની જાનહાનિની ચિંતા દર્શાવતા કહ્યું છે કે, તેણે રફાહ દક્ષિણ ગાઝા શહેરમાં ઈઝરાયેલને તેના આક્રમણમાં તે ચોક્કસ હથિયારોનો ઉપયોગ કરવાથી રોકવા માટે બોમ્બની ડિલિવરી અટકાવી છે.

જાહેર કરાયેલા નવા પેકેજમાં ટેન્ક માટે દારૂગોળો, આશરે ૭૦ કરોડ ડૉલર, વ્યૂહાત્મક વાહનોમાં ૫૦ કરોડ ડોલર અને મોર્ટાર રાઉન્ડમાં ૬ કરોડ ડોલરનો સમાવેશ થાય છે, કોંગ્રેસના સહાયકોએ જણાવ્યું હતું. તેઓએ નામ જાહેર ન કરવાની શરતે આર્મ્સ ટ્રાન્સફરની ચર્ચા કરવા માટે વાત કરી હતી, જે હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. હાઉસ ફોરેન અફેર્સ કમિટીના ટોચના ડેમોક્રેટ ન્યુ યોર્કના રેપ. ગ્રેગ મીક્સે બુધવારે જણાવ્યું હતું કે, આ અઠવાડિયે ધારાસભ્યોને સૂચિત કરાયેલ પેકેજ છે અને કાયદા મુજબ તે રાષ્ટ્રીય સુરક્ષા ખર્ચ પેકેજમાંથી નાણાંનો ઉપયોગ કરતું નથી. બાઈડેન વહીવતે ગયા મહિને, ઈઝરાયેલને આશરે ૨૬૦૦ કરોડની સહાય આપી અહતી અને તેમાં ગાઝાના લોકો માટે માનવતાવાદી રાહતનો સમાવેશ થાય છે. મીક્સે કહ્યું કે, જો મંજૂરી આપવામાં આવશે, તો આગામી બેથી ત્રણ વર્ષમાં હથિયારો ટ્રાન્સફર કરવામાં આવશે. ગાઝામાં હમાસ સામે ઈઝરાયેલના યુદ્ધને ટેકો આપવા બદલ બાઈડેન વહીવટીતંત્રની ટીકા કરવામાં આવી રહી છે. બિડેનના કેટલાક સાથી ડેમોક્રેટ્સે પેલેસ્ટીની નાગરિકોની સુરક્ષા માટે ઈઝરાયેલને શસ્ત્રોના સ્થાનાંતરણને મર્યાદિત કરવા દબાણ કર્યું છે. યુ.એસ.માં કોલેજ કેમ્પસમાં બાઈડેન અને ગાઝામાં તેના યુદ્ધના સંચાલન સામે પ્રગતિશીલો અને યુવા મતદારોમાં ગુસ્સો છે.

વહીવટી અધિકારીના જણાવ્યા અનુસાર વ્હાઈટ હાઉસ આ કાયદા અંગે વિવિધ ધારાશાસ્ત્રીઓ અને કોંગ્રેસના સહાયકો સાથે સંપર્કમાં છે. ન્યુ યોર્કના રિચી ટોરેસે જણાવ્યું હતું કે, વ્હાઈટ હાઉસના વિરોધ છતાં તે આ બિલને મત આપશે. બોમ્બ શિપમેન્ટના સસ્પેન્શન છતાં બાઈડેન અને વહીવટી અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે, તેઓ અન્ય શસ્ત્રોની ડિલિવરી અને ઈઝરાયેલને એકંદર લશ્કરી સમર્થન ચાલુ રાખશે.

વોલ સ્ટ્રીટ જર્નલે ૧ અબજ ડોલરના હથિયાર પેકેજની સૂચના પર સૌપ્રથમ અહેવાલ આપ્યો હતો. તેનું વેચાણ થાય તે પહેલા અંતિમ અને ઔપચારિક સૂચના આપી ન હતી, કોંગ્રેસના એક સહાયકે જણાવ્યું હતું કે, આ પ્રક્રિયા લાંબી હોઈ શકે છે અને કોંગ્રેસ પાસે શસ્ત્રોના પરિવહનને અવરોધિત કરવાની કેટલીક સત્તા છે, જેમ કે હાઉસ ફોરેન અફેર્સ કમિટીના નેતાઓ અથવા સેનેટ ફોરેન રિલેશન્સ કમિટી આ પેકેજ પર રોક લગાવી શકે છે. જો આવું થાય તો રાજ્ય વિભાગ આગળ વધશે નહીં.

# ગાઝામાં વધુ ચાર પત્રકારો માર્યા જતાં ઈઝરાયેલ દ્વારા નિશાન બનાવવામાં આવેલા મીડિયા વ્યવસાયિકોનો મૃત્યુઆંક વધીને ૧૪૭ પર પહોંચી ગયો

(એજન્સી) ઈસ્તંબુલ, તા.૧૮

ગાઝા મીડિયા ઓફિસે ગુરૂવારના રોજ પ્રદેશ પર ઈઝરાયેલી હવાઈ હુમલામાં માર્યા ગયેલા ચાર પત્રકારોના મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો હતો, જેમાં ૭ ઓકટોબરથી અત્યાર સુધી મૃત્યુઆંક ૧૪૭ સુધી પહોંચ્યો છે. એક મહિલા સહિત ચાર પત્રકારો શહીદ થયા છે. એનાદોલુ એજન્સીએ મીડિયા ઓફિસને જણાવ્યું હતું, હેઈલ અલ-નજ્જર, અલ-અક્સા મીડિયા નેટવર્કના વીડિયો એડિટર, મહમૂદ જહજોહ, પેલેસ્ટીન પોસ્ટ વેબસાઈટના ફોટો જર્નાલિસ્ટ, મોઆથ મુસ્તફા અલ-ગેફારી, કનાન લેન્ડ વેબસાઈટ અને પેલેસ્ટીની મીડિયા ફાઉન્ડેશનના ફોટો જર્નાલિસ્ટ અને અમીના મહમૂદ હમીદ, મીડિયા આઉટલેટ્સના પ્રોગ્રામ પ્રસ્તુતકર્તા અને સંપાદક બધા ગાઝા પટ્ટી પરના નરસંહારમાં મૃત્યુ પામ્યા. તેમણે મૃત્યુની



આસપાસના સંજોગો વિશે વિગતો આપી નથી. યુએન સિક્યુરિટી કાઉન્સિલના ઠરાવમાં તાત્કાલિક યુદ્ધવિરામની માગણી કરવા છતાં ઈઝરાયેલે ગાઝા પર ક્રૂર આક્રમણ ચાલુ રાખ્યું હતું, જેમાં ગયાં વર્ષે ૭ ઓકટોબરથી ૩૫,૨૦૦થી વધુ પેલેસ્ટીનીઓ માર્યા ગયા.

# હમાસે અરબ દેશોને ઈઝરાયેલને ગાઝા યુદ્ધવિરામ માટે વિવશ કરવાનો આગ્રહ કર્યો

(એજન્સી) તા.૧૮

બહેરીનમાં અરબ રાષ્ટ્ર અધ્યક્ષોની બેઠકમાં તાત્કાલિક અને કાયમી યુદ્ધવિરામની માંગ પછી હમાસે અરબ દેશોને ઈઝરાયેલ ગાઝામાં પોતાનું આક્રમણ બંધ કરવા માટે વિવશ કરવાનું આહ્‌વાન કર્યું છે. એક નિવેદનમાં પેલેસ્ટીની સરકારે ભાઈચારાવાળા અરબ રાજ્યોને આગ્રહ કર્યો કે તે ઈઝરાયેલી કબજાને પોતાની આક્રમકતા રોકવા માટે વિવશ કરવા માટે જરૂરી ઉપાય કરે. તે ઉપરાંત સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે ગુરૂવારે બહેરીનમાં અરબ રાજ્યોની લીગના શિખર સંમેલનમાં પોતાની ટિપ્પણીમાં ગાઝામાં માનવીય યુદ્ધવિરામ, એન્કલેવમાં રાખવામાં આવેલા તમામ બંધકોને મુક્ત કરવા અને સહાય




વિતરણ સતત પહોંચાડવાનું આહ્‌વાન કર્યું.

# ઈઝરાયેલના સંરક્ષણ પ્રધાન કહે છે કે, તેઓ યુદ્ધ પછીના ગાઝામાં ઈઝરાયેલી શાસનનો વિરોધ કરશે

(એજન્સી) જેરૂસલેમ, તા.૧૮

ઈઝરાયેલના સંરક્ષણમંત્રી યોવ ગેલન્ટે કહ્યું છે કે, તેઓ યુદ્ધ પછીના ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલી શાસનની સ્થાપનાનો વિરોધ કરશે.



બુધવારના દિવસે એક ટેલિવિઝન પ્રેસ બ્રીફિંગમાં બોલતા, ગેલન્ટે નેતન્યાહુને નિર્ણય લેવા અને જાહેર કરવા વિનંતી કરી કે ઈઝરાયેલ ગાઝા પટ્ટી પર નાગરિક અથવા લશ્કરી નિયંત્રણ સ્થાપિત કરશે નહીં અને ઉમેર્યું હતું કે, નેતન્યાહુ એ હમાસ,ઈસ્લામિક પેલેસ્ટીની પ્રતિકાર ચળવળ જે પ્રદેશ ચલાવે છે, તેના માટે તાત્કાલિક વૈકલ્પિક શાસકનું નામ આપવું આવશ્યક છે.

સિન્હુઆ સમાચાર એજન્સીએ આપેલા અહેવાલ અનુસાર, ગેલન્ટે જણાવ્યું હતું કે, ગયાં વર્ષે ઓક્ટોબરમાં હમાસ સાથે ઈઝરાયેલના સંઘર્ષની શરૂઆત પછી તરત જ, તેણે હમાસ સાથે અસંબંધિત નવી પેલેસ્ટીની વહીવટતંત્રની યોજનાને પ્રોત્સાહન આપવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ કેબિનેટ બેઠકોમાં કોઈ પ્રતિસાદ મળ્યો નથી. જવાબમાં, નેતન્યાહુએ એક નિવેદનમાં કહ્યું કે, જ્યાં સુધી હમાસ રહેશે ત્યાં સુધી કોઈ અન્ય પક્ષ ગાઝા ચલાવશે નહીં, પેલેસ્ટીની સત્તા ચોક્કસપણે નહીં. તેમણે પેલેસ્ટીની પ્રદેશમાં સંભવિત ઈઝરાયેલી શાસનના મુદ્દાને સંબોધિત કર્યો ન હતો. ગેલેન્ટની વડા પ્રધાનની સ્પષ્ટવક્તા ટીકા એ નાણાંમંત્રી બેઝાલેલ સ્મોટ્રિચ, ન્યાય મંત્રી યારીવ લેવિન અને રાષ્ટ્રીય સુરક્ષા મંત્રી ઈટામર બેન-ગવીર સહિત ઘણાં કેબિનેટ સભ્યોની ટીકા છે. પરંતુ ચોક્કસ જવાબદારી વગરના મંત્રી બેની ગેન્ટ્ઝે ગેલન્ટને ટેકો આપતા કહ્યું કે, સંરક્ષણમંત્રી સત્ય બોલે છે, નેતૃત્વની જવાબદારી એ છે કે તે કોઈપણ કિંમતે દેશ માટે જે યોગ્ય છે તે કરે.

**હદીસ બોધ**

જે વ્યક્તિમાં જેટલી શરમ અને હયા હશે તેટલી તે પવિત્ર ચારિત્ર્યવાળી રહેશે. (હદીસ બોધ)

**બોધ વચન**

બાળકને થોડો પ્યાર આપશો તો તેના બદલામાં તેની પાસેથી ઘણું મેળવી શકશો. - રસ્કિન

**આજની આરસી**

૧૯ મે રવિવાર ૨૦૨૪
૧૦ ઝિલકદ હિજરી ૧૪૪૫
વૈશાખ સુદ અગિયારસ સંવત ૨૦૮૦
સુબ્હ સાદિક ૪-૨૮
ખત્મે ઝવાલ ૧૨-૩૬
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૫-૫૭
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૧૫

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
- વ્યવસ્થાપક

# અધિકાર જૂથોના સમૂહે બસ્તરમાં આદિવાસી ખેડૂતોના હત્યાકાંડને વખોડી કાઢ્યો

**CASRએ કથિત નકલી એન્કાઉન્ટરની સ્વતંત્ર ન્યાયિક તપાસની ઉગ્ર માગણી જારી કરી છે અને તમામ લોકતાંત્રિક માનસિકતા ધરાવતા વ્યક્તિઓને હિંસાના આ જઘન્ય કૃત્યની નિંદા કરવા માટે એક થવા હાકલ કરી છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

સરકારી દમન વિરૂદ્ધ અભિયાન (CASR) ચલાવતા અધિકાર જૂથોના ગઠબંધને છત્તીસગઢના બસ્તરમાં આદિવાસી ખેડૂતોના કથિત હત્યાકાંડની સખત નિંદા કરી છે. સરકારી દમન સામેની ઝુંબેશ (CASR) જેમાં સંગઠનોના પ્રચંડ જોડાણનો સમાવેશ થાય છે, તેણે હિંસાના આ ભયંકર કૃત્યને આચરવામાં સરકારની સંડોવણીની ઘોર નિંદા કરી છે. CASRએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, "૧૧ મે, ૨૦૨૪ના રોજ બીજાપુર જિલ્લાના પીડિયા અને ઈથાવર ગામોમાં ઘટના સર્જાઈ હતી. જેમાં ૧૨ નિર્દોષ આદિવાસી વ્યક્તિઓ અર્ધલશ્કરી દળો દ્વારા યોજાયેલા એન્કાઉન્ટરનો ભોગ બન્યા હતા."

પીડિતોમાં પીડિયા ગામના પાંચ અને ઈથાવર ગામના સાતનો સમાવેશ થતો હતો. આ સિઝન દરમિયાન આદિવાસી ખેડૂતો માટે આજીવિકાનો મહત્વપૂર્ણ સ્ત્રોત એવા તેંદુના પાંદડા એકઠા કરવાની વર્ષો જૂની પ્રથામાં તેઓ રોકાયેલા હતા. જો કે, તેમની આ રોજિંદી ક્રિયાએ ભયંકર વળાંક લીધો જ્યારે તેમનો સામનો સુરક્ષા દળોનો સામે થયો. તેમના પર સુરક્ષા દળો દમણ ગુજારશે એવા ભયને કારણે આદિવાસી ગ્રામવાસીઓએ ભાગી જવાનો પ્રયાસ કર્યો અને અર્ધલશ્કરી દળોએ તેમના પર બેફામ ગોળીબાર ચલાવ્યો. બેફામ આક્રમણના પરિણામે ભાગી રહેલા ગામલોકોના અકાળે મૃત્યુ થયા, અહેવાલો દર્શાવે છે કે, મૃતકોમાં સેતુ કુંજમ, માત્ર ૫મા ધોરણનો વિદ્યાર્થી અને ચન્નુ અવલમ જેવા યુવાન લોકો હતા. જેઓ કથિત રીતે માનસિક રીતે અસ્થિર હતા. આ ભયાનક ઘટના એકલ દોકલ ઘટના નથી. પરંતુ બસ્તરના પીડિત આદિવાસી સમુદાયો વિરૂદ્ધ સરકાર દ્વારા પ્રાયોજિત હિંસા અને જુલમની વ્યાપક પેટર્નનું પ્રતિક છે. છત્તીસગઢમાં ભાજપનું શાસન આવ્યું ત્યારથી આદિવાસી ખેડૂતો પરના હુમલાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. જેમાં નકલી એન્કાઉન્ટર અને ન્યાયવિહિન હત્યાઓ દુ:ખદાયક રીતે સામાન્ય બની ગઈ છે. સંયુક્ત નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે, આ છદ્મ યુદ્ધ માઓવાદીઓને બેઅસર કરવાના નામે આદિવાસી ખેડૂતો પર કરવામાં આવી રહેલ નરસંહાર છે. સરકારે આ વિસ્તારમાં અત્યાધુનિક શસ્ત્રોનો ઉપયોગ કર્યો છે. જેમાં ઈઝરાયેલ દ્વારા બનાવેલા ડ્રોન દ્વારા હવાઈ બોમ્બમારો પણ સામેલ છે. વર્તમાન વર્ષના જાન્યુઆરીમાં રાજ્યએ પાંચમી વખત બસ્તરના ગામડાઓ પર બોમ્બમારો કર્યો. આ વિસ્તારમાં સશસ્ત્ર દળો અને પોલીસ માઓવાદીઓને ખતમ કરવાના નામે જે કંઈ પણ કરે છે, તેમાં સ્પષ્ટ છૂટ આપવામાં આવી છે. આ બધું એટલા માટે થાય છે. કારણ કે, ભારત સરકાર આદિવાસીઓની જમીનના કુદરતી સંસાધનોની કોર્પોરેટ લૂંટને સરળ બનાવવા માંગે છે." CASRએ કથિત નકલી એન્કાઉન્ટરની સ્વતંત્ર ન્યાયિક તપાસની ઉગ્ર માગણી જારી કરી છે અને તમામ લોકતાંત્રિક માનસિકતા ધરાવતા વ્યક્તિઓને હિંસાના આ જઘન્ય કૃત્યની નિંદા કરવા માટે એક થવા હાકલ કરી છે. વધુમાં ગઠબંધને આદિવાસીઓની જમીન પર કુદરતી સંસાધનોની કોર્પોરેટ લૂંટની સુવિધા આપવાના સરકારના ખોટા હેતુ પ્રત્યે પણ ધ્યાન દોર્યું છે, જે શોષણ અને દમનના દુષ્ટ ચક્રને ચાલુ રાખે છે. રાજ્ય દમન સામેની ઝુંબેશ (CASR)માં AIRSO, AISA, AISF, APCR, BASF, BSM, ભીમ આર્મી, bsCEM, CEM, CRPP, CTF, DISSC, DSU, DTF, દમન વિરુદ્ધ ફોરમ તેલંગાણા, ભાઈચારો, IAPL, ઈનોસન્સ નેટવર્ક, કર્ણાટક જનશક્તિ, LAA, મઝદૂર અધિકાર સંગઠન, મઝદૂર પત્રિકા, NAPM, નિશાંત નાટ્ય મંચ, નૌરોઝ, NTUI, પીપલ્સ વોચ, રિહાઈ મંચ, સમાજવાદી જનપરિષદ, સમાજવાદી લોક મંચ, બહુજન સમાજ, સંયુક્ત સમાજવાદી સંગઠન હેટ, યુનાઈટેડ પીસ એલાયન્સ, WSS, અને Y4S સહિતના સંગઠનોના પ્રચંડ જોડાણનો સમાવેશ થાય છે.

# અસંમતિની ચર્ચા વચ્ચે દલિત ધારાસભ્યોની બેઠક થતાં કર્ણાટક કોંગ્રેસ માટે નવો પડકાર

(એજન્સી) બેંગલુરુ, તા.૧૮

મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને તેમના ડેપ્યુટી ડીકે શિવકુમાર દ્વારા વિપરીત દાવાઓ છતાં, કોંગ્રેસની અંદર સંભવિત અસંતુષ્ટ પ્રવૃત્તિ ફરી સામે આવી રહી છે, ખાસ કરીને દલિત ધારાસભ્યોમાં અસંતોષ છે. તેઓ સરકારી વહીવટમાં તેમના સમુદાયના પ્રતિનિધિત્વને વધારવા માટે દબાણ કરવા માટે બેઠકો કરી રહ્યા છે. જાહેર બાંધકામ મંત્રી સતીશ જરકીહોલીએ ગૃહમંત્રી જી પરમેશ્વરા સાથે ડિનર મીટિંગ કરી હતી. જરકીહોલી સાથે જોડાયેલા કેટલાક ધારાસભ્યોએ પણ ભાગ લીધો હતો. ચર્ચા અસંતુષ્ટ જૂથ દ્વારા માંગણીઓ સંબંધિત સંભવિત પગલાં અંગે હોવાનું કહેવાય છે. જરકીહોલી અને પરમેશ્વરા બંને સરકારમાં ઉચ્ચ હોદ્દા માટે મહત્વાકાંક્ષી હોવાથી આ બેઠક મહત્વપૂર્ણ છે. માર્ચમાં લોકસભાની ચૂંટણીની જાહેરાત પહેલાં બંનેની મુલાકાત થઈ હતી અને તેમની વારંવારની બેઠકોએ મતભેદની અટકળોને વેગ આપ્યો હતો. ગયા વર્ષે ઑક્ટોબરમાં જરકીહોલીએ દશારાની ઉજવણી માટે મૈસુરમાં સમાન વિચારધારા ધરાવતા ધારાસભ્યોની ટીમનું નેતૃત્વ કરવાનો ઈરાદો ધરાવતા હતા. સિદ્ધારમૈયાના નિર્દેશ બાદ તેમણે આ યોજના છોડી દીધી હતી. હવે, તેઓ અને કેટલાક ધારાસભ્યો આવતા મહિને દુબઈના પ્રવાસે જવાના છે. અસંતુષ્ટોમાં અન્ય દલિત કાર્યકર્તાઓ સમાજ કલ્યાણ પ્રધાન એચસી મહાદેવપ્પા અને સહકાર પ્રધાન કેએન રાજન્ના છે, જે અનુક્રમે અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST)નું પ્રતિનિધિત્વ કરે છે. વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસની જીતમાં દલિતોના યોગદાન પર અપૂરતું ધ્યાન આપવામાં આવ્યું છે એવી તેમની ફરિયાદ છે. કોંગ્રેસે તમામ ૧૫ ST-અનામત બેઠકો જીતી હોવા છતાં આ સમર્થકો કહે છે કે જરકીહોલીને પૂરતો સહકાર અને પોસ્ટ આપવામાં આવી નથી. તેમની નજર ડેપ્યુટી સીએમ પદ પર છે. કોંગ્રેસે ૩૪માંથી ૨૧ એસસી-અનામત બેઠકો જીતી હોવાથી, એસસી નેતા પરમેશ્વરાના સમર્થકો કહે છે કે તેમને મુખ્યમંત્રી બનાવવા જોઈએ. સિદ્ધારમૈયા અનેક પ્રસંગોએ પરમેશ્વરને મળ્યા હતા અને મુખ્યમંત્રી તરીકે દલિતને પોતાનું સમર્થન જાહેર કર્યું હતું. કેટલાક લોકો આનું અર્થઘટન ૩૦ મહિના પછી શિવકુમારના સીએમ બનવાની શક્યતાને નિષ્ફળ બનાવવાની વ્યૂહરચના તરીકે કરે છે. માયાકોંડા સીટનું પ્રતિનિધિત્વ કરતા કેએસ બસંથપ્પાએ જણાવ્યું હતું કે, તક લેવામાં કંઈ ખોટું નથી... પરંતુ અમે બધા હાઈકમાન્ડના નિર્ણયનું પાલન કરીશું. આ મુદ્દો કોંગ્રેસ માટે પડકારરૂપ છે.

# ડેટિંગ એપ્સ પર દલિત મહિલા : ઉચ્ચ જાતિના લોકો માત્ર આરક્ષણ, EWS અંગે દલીલ કરે છે

(એજન્સી) તા.૧૮

એક સ્ત્રીએ તેના Instagram પેજ પર જાતિ આરક્ષણ વિશે કંઈક પોસ્ટ કર્યું હતું. તે દલિતો અને આદિવાસીઓને એન્જિનિયરિંગ અને મેડિકલ કોલેજોમાં તેમની બેઠકો હડપ કરવા માટે દોષી ઠેરવતા લોકો સામે એક ટિપ્પણી હતી. અલબત્ત, ઘણા લોકોએ તરત જ પ્રતિક્રિયા આપી, મારા ટિપ્પણી વિભાગ અને ઈનબૉક્સમાં ગુસ્સો, ઉદાસી અને ફાયર ઈમોજીસ આવ્યા હતા. તેમાંના એક શ્રીમાન 'ઉચ્ચ જાતિના' માણસ હતા, જેમને હું ડેટિંગ એપ પર મળ્યો હતો. તેમણે મને કહ્યું કે, આરક્ષણ પર પ્રતિબંધ હોવો જોઈએ. હું દલિત છું, અને હું તેને સ્વીકારવામાં જરાય શરમાતો નથી. મારા ઈન્સ્ટાગ્રામ બાયોમાં 'નમસુદ્ર દલિત, પશ્ચિમ બંગાળ' લખેલ છે. પરંતુ બે વર્ષ પહેલા મેં મારું ઈન્સ્ટાગ્રામ બાયો અપડેટ કર્યું ત્યારથી લગભગ ૧૦ પુરુષોએ મને અનફોલો કરી અને બ્લોક કરી દીધા છે. કદાચ તેમને મારા જેવી અતિ-સ્વતંત્ર સ્ત્રી પસંદ નથી. અથવા તેઓ ફક્ત દલિત સમુદાયની મહિલા સાથે કોઈ સંબંધ ઈચ્છતા નથી. ડેટિંગ એપ્સ પર દલિત મહિલા હોવાના કારણે મને પણ મારું અપડેટ કરવાની પ્રેરણા મળી. મને લાગ્યું કે ભારતમાં ધાર્મિક અને જ્ઞાતિની ઓળખ કેટલી મહત્વપૂર્ણ છે તેના કારણે મારી ઓળખને પ્રકાશિત કરવી જરૂરી છે. ડેટિંગ એપ પર મેં જે પુરુષોનો સામનો કર્યો તેમાંથી ઘણા ઉચ્ચ જાતિના અથવા બ્રાહ્મણ હતા, તેઓ એ હકીકતથી આકર્ષાયા કે એક મહિલા ફોટોજર્નાલિસ્ટ તેમની સાથે વાત કરી રહી હતી. જો કે, ઈન્સ્ટાગ્રામ પર કોમ્યુનિકેશન શિફ્ટ થતાં જ, તેઓએ મને દરેક જગ્યાએથી અનસ્વાઈપ કરી દીધા હતા. સૌરવ (નામ બદલ્યું છે), ગુરુગ્રામ કોર્પોરેટ ઓફિસમાં કામ કરતો હતો જે દર પાંચ મિનિટે મને ટેક્સ્ટ કરતો અને મારા પર તેનું ધ્યાન દોરતો હતો. અને કહેતો કે ચાલો ઈન્સ્ટાગ્રામ પર વાત કરીએ. પરંતુ મને સમજાયું કે હું તેને ફોલો કરી શકતી નથી. મિસ્ટર શર્માએ મને દરેક જગ્યાએથી બ્લોક અને અનફોલો કરી દીધો હતો. તે અનામત વિરોધી હતો. અલબત્ત, અમારી વાતચીત હવે પહેલા જેવી ન હતી. જ્યારે તેને સમજાયું કે તે એક દલિત મહિલાને અનામત વિરોધી વિરોધમાં તેની ભાગીદારી વિશે કહી રહ્યો છે, ત્યારે તેનો સ્વર બદલાઈ ગયો. તેણે ગુરુગ્રામના કોર્પોરેટ છોકરાની જેમ વર્તન કરવાનું શરૂ કર્યું હતું. તે કહે છે કે, હું સમજું છું કે આરક્ષણ જરૂરી છે, પણ અમારા માટે EWS હોવું જરૂરી છે. આવી સમાન, પ્રમાણભૂત દલીલની તમે ઉચ્ચ જાતિના માણસ પાસેથી અપેક્ષા રાખી શકો છો.

**ભારતીયો કેવી રીતે ડેટ કરે છે ?**

ડેટિંગ એપ્લીકેશન પરના મારા અનુભવોએ મને વિચારવા મજબૂર કરી હતી. શું ભારતમાં લોકો તેમની જાતિ કે વર્ગ સિવાય પણ ડેટ કરે છે ? જો જ્ઞાતિવાદ ખતમ થઈ ગયો છે જેનો કેટલાક લોકો દાવો કરે છે, તો પછી શા માટે ઘણા યુવાનો ફક્ત તેમની જાતિમાં ભાગીદારો શોધી રહ્યા છે ? મારા ચાર વર્ષના ઓનલાઈન ડેટિંગમાં હું સતત ઉચ્ચ જાતિના પુરુષો સાથે સંપર્કમાં આવી છું. મારી ભલામણ યાદીમાં શર્મા, કુમાર, તિવારી અને ચેટર્જી જેવા લોકોનું વર્ચસ્વ છે. ગયા મહિને હું પહેલીવાર દલિત માણસ સાથે સંપર્કમાં આવી હતી. બમ્બલ અને હિન્જ જેવી ડેટિંગ એપ્લિકેશન્સમાં લિંગ ઉપરાંત જ્ઞાતિની પસંદગીઓનો સમાવેશ થાય છે. મારા જેવી સ્ત્રીઓ, જે દેખીતી રીતે ઉચ્ચ જાતિના પુરૂષો માટે 'ખૂબ જ અયોગ્ય' છે, કદાચ આ ફિલ્ટર્સને કારણે એકલી જ રહી જશે. જો કે મને એ શક્યતા સામે પણ વાંધો નથી. હું પોતે જ મારો ખર્ચ ઉઠાવવા માટે સક્ષમ છું.


**પશ્ચિમ રેલવે**

**વિવિધ પ્રકારના કાર્યો**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA), પશ્ચિમ રેલવે, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - ૪૦૦ ૦૦૮.

| ક્રમ નં. | ટેન્ડર સૂચના નંબર અને તારીખ | કામ અને સ્થાન | અંદાજે કામની કિંમત રૂા. | ઇએમડી રૂા. |
|---|---|---|---|---|
| 1 | BCT/24-25/40 તા. 16.05.2024 | ઉકાઈ-સોનગઢ-જલગાંવ વિભાગ :- DEN/પૂર્વ અધિકારક્ષેત્ર હેઠળ શિયાળા દરમિયાન કોન્ટ્રાક્ટ મજૂર દ્વારા નિરીક્ષણ, પેટ્રોલિંગ, છૂટક ફાસ્ટનિંગ અને ફીટીંગની પુનઃપ્રાપ્તિ, ચોમાસામાં પેટ્રોલિંગ કરીને ટ્રેકનું રક્ષણ. | રૂા.1,55,40,990.00 | રૂા. 2,27,700.00 |
| 2 | BCT/24-25/41 તા. 16.05.2024 | 13/A: ઉકાઈ-સોનગઢ - જલગાંવ વિભાગ :- સામાન્ય સમારકામ અને પેઈન્ટિંગ, સફેદ ધોવા, રંગ ધોવા, ડિસ્ટેમ્પરિંગ, પોલિશિંગ વગેરે SE (W) NWUના અધિકારક્ષેત્રમાં કિમી ૭૭.૬૦થી કિમી ૧૫૪.૬૨૨ની વચ્ચે ઉકાઈ સોનગઢ (સિવાય ) નંદુરબાર (સિવાય) | રૂા.59,58,710.81 | રૂા. 1,19,200.00 |
| 3 | BCT/24-25/42 તા. 16.05.2024 | 14/A: ઉકાઈ-સોનગઢ - જલગાંવ વિભાગ :- સામાન્ય સમારકામ અને પેઈન્ટિંગ, સફેદ ધોવા, રંગ ધોવા, ડિસ્ટેમ્પરિંગ, પોલિશિંગ વગેરે SSE (W) NDBના અધિકારક્ષેત્રમાં કિમી ૧૫૪.૬૨૨થી કિમી ૨૧૨.૪૮૨ વચ્ચે નંદુરબાર (સહિત)થી સિંધખેડા (સહિત) | રૂા.1,22,60,172.51 | રૂા. 2,11,300.00 |
| 4 | BCT/24-25/43 તા. ૧૬.૦૫.૨૦૨૪ | 15/A: ઉધના - જલગાંવ વિભાગ :- સામાન્ય સમારકામ અને પેઈન્ટિંગ, સફેદ ધોવા, રંગ ધોવા, ડિસ્ટેમ્પરિંગ, પોલિશિંગ વગેરે SSE (W) ANના અધિકારક્ષેત્રમાં કિમી ૨૧૨.૪૮૨થી કિમી ૩૦૧.૪૭૦ સિંધખેડા (સિવાય) થી જલગાંવ (સિવાય) વચ્ચે. | રૂા.95,02,485.44 | રૂા.૧,૯૦,૧૦૦.૦૦ |
| 5 | BCT/24-25/44 તા. 16.05.2024 | ઝોન નં.૧૪/બી :- ઉકાઈ-સોનગઢ-જલગાંવ વિભાગ :- કિમી.૭૭.૬૦થી કિમી.૨૧૨.૪૮૨ની વચ્ચે ADEN/નંદુરબારના અધિકારક્ષેત્રમાં પુલ માટે સામાન્ય સમારકામ, રંગકામ વગેરે, ઉકાઈ સોનગઢ (સિવાય)થી સિંદખેડા (સહિત) વચ્ચે. | રૂા.60,00,000.00 | રૂા. 1,20,000.00 |
| 6 | BCT/24-25/45 તા. 16.05.2024 | ઝોન નં.૧૫/બી :- ઉકાઈ-સોનગઢ-જલગાંવ વિભાગ :- કિમી.૨૧૨.૪૮૨થી કિમી. ૩૦૧.૪૭૦ની વચ્ચે ADEN/AMALNERના અધિકારક્ષેત્રમાં પુલ માટે સામાન્ય સમારકામ, રંગકામ વગેરે, સિંધખેડા (સિવાય)થી જલગાંવ (સહિત) વચ્ચે. | રૂા.60,00,000.00 | રૂા. 1,20,000.00 |

ઉપરોક્ત ટેન્ડરો માટે સબમિશનની તારીખ અને સમય: ૧૧.૦૬.૨૦૨૪, ૧૫:૦૦ કલાક સુધી. ખોલવાની તારીખ અને સમય: ૧૧.૦૬.૨૦૨૪ ના રોજ ૧૫:૩૦ કલાકે.
નોંધઃ- વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. મેન્યુઅલ ઓફર ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 0156

અમને લાઈક કરો : facebook.com/WesternRly • અમને ફોલો કરો : twitter.com/WesternRly



## ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર

### જોઈએ છે

**જોઈએ છે**
આશ્રમ રોડ સ્થિત એડવોકેટની ઓફિસ માટે અનુભવી/બિનઅનુભવી સ્ટાફ તથા આસિસ્ટન્ટ એડવોકેટ (સ્ટાફ માટે લાયકાત : બી.કોમ., કોમ્પ્યુટરનું જ્ઞાન તથા ટાઈપિંગ સ્પીડ જરૂરી) 9824414532 office.smp1979@gmail.com

**માણસ જોઈએ છે**
સાફ-સફાઈ માટે, બિસ્મિલ્લાહ બોર્ડિંગ, ત્રણ દરવાજા 7383242612

**જોઈએ છે**
મોબાઈલની દુકાનમાં યુવકો/યુવતીઓ, મોબાઈલ એસેસરીઝના જાણકાર 9428730866

**જોઈએ છે ડ્રાઈવર**
ઓટોમેટિક કાર જાણકાર 9227707808

### વેચવાનું છે

**હીલ સ્ટેશન નજીક મકાન**
આબુ જતાં માર્ગમાં આવેલ અને જેની નજીક જાસોર હીલ સ્ટેશન ડેવલપ થઈ રહેલ છે ત્યાં ઈકબાલગઢમાં વેચવાનું છે. 8487027334

Bunglow For Sale Paldi, muslim society, Navrangpura Broker 9825415296

4 BHK 316 Vaar Flat For Sale Akira-44, Sarkhej Broker 9825415296

700 sq.ft. Furnished Office For Sale/Rent mithakhali underbridge Broker 9825415296

Gr.Floor/1st Floor Showroom For Sale Under Construction Sarkhej Broker 9825415296

**મકાન વેચવાનું છે**
(ફક્ત મુસ્લિમ) ફર્સ્ટ ફ્લોરથી આકાશ સુધી, દસ્તાવેજવાળું, કાર્પેટ 125 વાર, બાંધકામ 200 વાર, દિલ્હી દરવાજા. 8141264631

**વેચવાનો છે ફ્લેટ**
2 BHK 720 સ્કે.ફૂટ આશિયાના એપાર્ટમેન્ટ, પાલડી, અમદાવાદ-૭ સંપર્ક 9638435827

**દસ્તાવેજવાળો બંગલો/ ટ્રિપ્લેક્ષ વેચવાનો છે**
નવા જ, ફર્નિશ્ડ 4/6 રૂમ ગુડ લોકાલિટી, જુહાપુરા 9687750295

**અરજન્ટ વેચવાનો છે ફ્લેટ ધાબા સાથે**
પ્રાઈમ લોકેશન દાણીલીમડા, અમદાવાદ 9998929691

**221 વારના પ્લોટ વેચવાના છે**
આર.સી.સી. રોડ, ગટર લાઈન, સ્ટ્રીટ લાઈટ, ગાર્ડન, ક્લબ હાઉસ, આકર્ષક ગેટ, જૂની શરત, 11,500 વારનો ભાવ Apex Akik Farooqui 9099421218

**3 BHK ફ્લેટ વેચવાના છે**
એપેક્ષ-અલ-બુરૂજ સેવન્થ હેવન-દારે સલામ Akik Farooqui 9099421218 Anis Farooqui 9099425218

**વેચવાની છે ઓફિસ**
ફુલ્લી ફર્નિશ્ડ 1125 Sq ft, ડાયરેક્ટર કેબીન, કોન્ફરન્સ, એકાઉન્ટસ, રિસેપ્શન, વેઈટિંગ એરિયા, પેન્ટ્રી, વોશ રૂમ સાથે પતંગ હોટલ પાસે, આશ્રમ રોડ, 9824614786

**વેચવાનો છે પ્લોટ**
228 વાર, NANOC અરેબિયન-51, જુહાપુરા, સરખેજ 9601262140

**ફ્લેટ વેચવાનો છે**
2 BHK, 140 વારનો હવાઉજાસ વાળો, પહેલો માળ, અમન એપાર્ટમેન્ટ, સૈયદવાડાના નાકે, ખાનપુર 9825720928

**328 વારનું ગોડાઉન વેચવાનું છે**
રેડી પજેશન અને મીટર સાથે, સુએજ ફાર્મ, રેહાન મસ્જિદ પાસે, દાણીલીમડા 8849000791

2 BHK Flat For Sale Park Palace Paldi Broker 9825415296

2/3 BHK Flat For Sale Old/New Building Muslim Society/Paldi Broker 9825415296

2/3 BHK Flat For Sale/Rent Muslim Society Navrangpura Broker 9825415296

**કેતકી સોસાયટી B/28 ટેનામેન્ટ વેચવાનું છે**
સોનલ રોડ જુહાપુરા NANOC 9824236740

**બે ટ્રિપ્લેક્ષ મકાન વેચવાના છે**
ટાઈટલ ક્લિયર 45-45 વારમાં ગ્રાઉન્ડ -ફર્સ્ટ, સેકન્ડ ફ્લોર, બે ટ્રિપ્લેક્ષ, નવું જ બાંધકામ. 2023-2024નું કિનારીવાલા ચાલી, રાયખડ જીમની સામે, અલંકાર મોટર ડ્રાઈવિંગ સ્કૂલ પાસે, શહેઝાદભાઈ 9586307864

**વેચવાનો છે બંગલો**
અરેબિયન-51, NANOC જુહાપુરા, સરખેજ 9904156331

### મકાન અને જમીન ભાડે-વેચાણ

**1 BHK ફ્લેટ 6500/- ભાડે**
મેન્ટેનન્સના 600/- કાદરી પાર્ટી પ્લોટ રોડ અમદાવાદ (વિઝીટ ચાર્જ 250/-) 9925449806

**ભાડે/વેચાણ આપવાનું છે**
1 BHK ફ્લેટ શાદાન એવન્યુ, શક્તિ સોસાયટી ગેટ નંબર 1, દાણીલીમડા 9879464060

**ભાડે આપવાનું છે**
1 BHK ટેનામેન્ટ પહેલો માળ ગ/૩, ગાંધીનગર 9879464060

**ભાડે આપવાનો છે**
2 BHK 300 વારનો બંગલો, કુરેશ નગર સોસાયટી, રોયલ અકબર ટાવર પાછળ 9879464060

**મકાન ભાડે જોઈએ છે**
મેમણ હોલથી ઘાંચી હોલ સુધીની સોસાયટીમાં 2 રૂમ રસોડું દલાલ માફ 7383150373 9016445848

**ટેનામેન્ટ/પ્લોટ/ડુપ્લેક્ષ/ વેચાણ જોઈએ છે**
Mo. 9687409646

**Apex Property Solution**
જુહાપુરા, સરખેજ વિસ્તારમાં જમીન, મકાન, પ્લોટ, ફ્લેટ લે-વેચ તથા ભાડે માટે મળો Akik Farooqui 9099421218 Anis Farooqui 9099521218 Office : C/412 Rajyash Rise Near Vishala Circle

**ટાઈટલ/દસ્તાવેજ દુકાન વેચાણ**
મોતી બેકરી પાછળ, નેટ 250 Sq.feet વિશાલા સર્કલ, TP 85માં અમીન એસ્ટેટ 9376110059

**(૧) જુહાપુરામાં ચાલુ મેડિકલ આપવાનું છે**
(૨) 1 BHK ફ્લેટ વેચાણ (૩) તથા ૧૧ લાખમાં ગીરવે આપવાનું છે. (૪) દુકાન તથા ડુપ્લેક્ષ ભાડે તથા વેચાણ આપવાની છે. 9377420400

**1/2/3 BHK ફ્લેટ વેચાણ/ભાડે**
સરખેજ, પાલડી, કોચરબ, સિટી અમીન એસ્ટેટ 9376110059

**૧૦૦ વારની ગોડાઉન વેચાણ આપવાની છે**
10,000 થી 15000 ચાલુ ભાડા સાથે, સુએજ ફાર્મ, સના મસ્જિદની આગળ, અજમેરી ફાર્મ, રોડ ટચ, દાણીલીમડા, 9664884458

સરખેજ, જુહાપુરા, પાલડી વિસ્તારમાં મકાન, દુકાન, ફ્લેટ/બંગલો, ભાડે/વેચાણ લે/વેચ : ફિરોજ ખાન 9825434705

**ડુપ્લેક્ષ વેચાણથી જોઈએ છે**
જુહાપુરા વિસ્તારમાં 8000729396

**દુકાન ભાડે/વેચાણ આપવાની છે**
શો રૂમ લાયક, ૫૫૦ સ્કે.ફીટ આસ્ટોડિયા રોડ, ગોળલીમડા 9173191551

www.yourpropertysolution.in (Online-Offline) (Sell, Buy, Rent Any Properties.) જગ્યા તમારી બાંધકામ અમારૂં નફો બંનેનો રસ ધરાવતા મિલકતના માલિકો તાત્કાલિક સંપર્ક કરો Urgent Contact WhatsApp +91 9327646982

**મકાન ભાડે આપવાનું છે**
450 વાર, સોલાર, ફર્નિચર એસી સાથે, ફુઝેલ પાર્ક, TP 85 જુહાપુરા-સરખેજ કોન્ટેક્ટ : 7405498562

### વ્યવસાયીલક્ષી/ અન્ય

**શું આપ સુંદર ઘર બનાવવા ઈચ્છો છો ?**
બાંધકામ/પ્લાનિંગ-સ્ટ્રક્ચર પાસિંગ ઈન્ટીરિયર અને ઘણું બધું એક જ જગ્યાએ. ૩૦ વર્ષ કરતા વધુ અનુભવી એચ.વાય. એન્ડ સન્સ એન્જિનિયર અને ડેવલોપર 9327513542

**બંગલાનું કન્સ્ટ્રક્શનનું કામ**
લોક એન્ડ કી સાથે કરી આપવામાં આવશે 9712341199

### લગ્ન વિષયક

**છોકરી જોઈએ છે**
મુસ્લિમ કુંવારા, ૩૩, દીની/દુન્યવી તાલીમબદ્ધ, 40,000 કમાતા હેન્ડસમ યુવક માટે યોગ્ય-લાયક યુવતી જોઈએ છે 9081030681

**લગ્ન વિષયક યુનિવર્સલ મુસ્લિમ મેરેજ બ્યુરો**
**19th Anniversary Special Offer**
ન્યુ મેમ્બરશીપ લો અથવા રિન્યુ કરાવો અને + 1 મહિનાની મેમ્બરશીપ તદ્દન FREE...FREE...FREE મેળવો ઓફર ફક્ત 31 May સુધી જ છે. Doctor/Engineer/ C.A./Ph.D./M.Phil/ Master Graduate/ Government Employee/NRI/ Business Familyના મુસ્લિમ યુવક-યુવતીઓના 6000થી વધુ Biodata જોવા અને વાલીઓને રૂબરૂ મળવા સંપર્ક કરો. 9825091851 www.ummbonline.com

CANADA PR saiyad girl 25 looking CANADIAN Or Indian Only saiyad Boy. Urgent WhatsApp 9327071001

VIP Muslims Marriage Bureau Since 2009 (Online - Offline) www.vipmuslimsmarriagebureau.com Reputed, NRI, Business Class Families Can Contact to us only. (Age 18 to 55) Urgent WhatsApp 9327071001

**લગ્ન વિષયક**
સુન્ની મુસ્લિમ 42 વર્ષીય કન્યા માટે 42થી 47 સુધીની ઉંમરનો દેખાવડો, ભણેલો, સંસ્કારી સારી આવક ધરાવતો વર 9099738263 9879815603

**મુસ્લિમ લગ્ન વિષયક**
Doctor મુસ્લિમ યુવક-યુવતીઓ જેમ કે MBBS+PG/BHMS/ BDS/BAMS/ B.Physiotherapistના 350થી વધુ Biodata અને તે સિવાય બીજા 6000થી વધુ હાઈલી એજ્યુકેટેડ મુસ્લિમ યુવક-યુવતીઓના બાયોડેટા જોવા અને વાલીઓને રૂબરૂ મળવા સંપર્ક કરો. Universal 19th Anniversary Special Offer Pay for New Membership Or Renew Old Membership & Get +1 Month Extra... FREE...FREE...FREE... Offer End 31 May Call 8980611162 Zulekha Ansari Gandhinagar

સુન્ની મુસ્લિમ ૩૦ વર્ષીય એજ્યુકેટેડ વેલસેટ બિઝનેસમેન વ્હોરા યુવક માટે એજ્યુકેટેડ સમકક્ષ ગુજરાતી સ્પિકીંગ યુવતી જોઈએ છે. 9375007734 રિશ્તા મુસ્લિમ મેરેજ બ્યુરો

**અગત્યની સૂચના**
લગ્ન વિષયકની તેમજ અન્ય કોઈપણ યોજનાની જાહેરખબરમાં વિજ્ઞાપન દાતાએ આપેલી માહિતી ઉપર વિશ્વાસ મૂકતાં પહેલા વાચકે પૂરતી ચકાસણી કરી લેવી. જેની ખાસ નોંધ લેવી.
- વ્યવસ્થાપક

**ગુજરાત ટુડે**
આપની ટચૂકડી જાxખ નીચેના સેન્ટર ઉપર પણ આપી શકો છો

ગુજરાત ટુડે બ્યુરો સીટી ઓફિસનું સરનામું ઉસ્માની મંઝીલ, ખાનપુર ચકલા, અમદાવાદ

કિસ્મત બુક સ્ટોર : ૧૯૦/એ/૩, બાવરચી એસ્ટેટ, બુખારીસાહબ દરગાહ, જમાલપુર ક્રોસ રોડ, અમદાવાદ. મો.૯૮૨૫૦૭૫૬૮૯

જુહાપુરા ઓફિસ : ફિરદોસ સિમેન્ટ બેંક ઓફ બરોડાની સામે, સરખેજ જુહાપુરા રોડ, મો.9998880330

# મુસ્લિમો અંગે મોદીની ટિપ્પણી એ લોકોની ધાર્મિકતા અને બહુલવાદી આદર્શોનો લાભ લેવા માટે છે

(એજન્સી) તા.૧૮

જો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સત્તાના દાયકાની વાર્તાને ફિલ્મની જેમ સ્ક્રિપ્ટ કરવામાં આવે તો, તેમના રસપ્રદ વ્યક્તિત્વના વિવિધ પાસાઓને દર્શાવતી ત્રણ આવૃત્તિઓ હોઈ શકે છે.

પ્રથમમાં, તેમણે ભારતના યુવા લઘુમતી મુસ્લિમો માટે તેમના આકર્ષક સૂત્ર, સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ સાથે તેમના વિઝનને જાહેર કર્યું હતું. મોદીએ કહ્યું હતું કે, હું ઈચ્છું છું કે તમારી પાસે એક તરફ કુર્આન હોય અને બીજી તરફ કોમ્પ્યુટર હોય. બીજી પટકથામાં મોદીને નકારાત્મક રીતે મુસ્લિમોને નિશાન બનાવતા બતાવી શકાય છે. વડાપ્રધાન તરીકેના તેમના બીજા કાર્યકાળના અંતમાં, મોદીએ મુસ્લિમોના પ્રત્યક્ષ કે પરોક્ષ સંદર્ભો સાથે એટલા બધા ચૂંટણી ભાષણો કર્યા છે કે તે જોવાનું મુશ્કેલ છે. મોદીએ ઘણી વખત જાહેર કર્યું કે કોંગ્રેસ પક્ષના કલ્યાણથી ભરપૂર ચૂંટણી ઢંઢેરામાં તેમને આઝાદી પૂર્વેના ભારતમાં મુસ્લિમ લીગના એજન્ડાની યાદ અપાવે છે. અન્ય એક ભાષણમાં, તેમણે હિંદુ પછાત જાતિઓ પાસેથી નોકરીના ક્વોટા છીનવીને મુસ્લિમોને આપવામાં આવી રહ્યા હોવા અંગે રોષ વ્યક્ત કર્યો હતો. એક ભાષણમાં, તેમણે મુસ્લિમોમાં પુનઃવિતરણ માટે હિન્દુ મહિલાઓ પાસેથી મંગલસૂત્ર છીનવી લેવાની વાત કરી હતી. તેમણે કહ્યું કે કોંગ્રેસ હિન્દુઓની સંપત્તિ છીનવી લેશે અને તે ઘૂસણખોરો અને જેઓને ઘણા બાળકો છે, તેઓને આપશે.

છેલ્લા સંસ્કરણમાં, તેમના મતવિસ્તારમાં વહેતી ગંગાની મનોહર પૃષ્ઠભૂમિમાં ફિલ્માવવામાં આવ્યું છે, પવિત્ર શહેર વારાણસીમાં મોદીએ ઘોષણા કરે છે કે તેમનો કહેવાનો અર્થ એ ન હતો જે વિચારવામાં આવી રહ્યો છે. હિંદુઓને પણ ઘણા બાળકો હોય છે, અને જો તેઓ મુસ્લિમોને નિશાન બનાવવાનું શરૂ કરશે તો તેઓ ભારતમાં જાહેર જીવનમાં રહી શકશે નહીં.

વાસ્તવમાં, તેમણે ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે જો તેઓ મુસ્લિમ વિરોધી હોય તો તેઓ પદ સંભાળવા માટે યોગ્ય નથી, તેના એક દિવસ પછી તેમણે જાહેર કર્યું કે કોંગ્રેસ પાર્ટી બજેટનો ૧૫ ટકા મુસ્લિમો પર ખર્ચવા માંગે છે અને પાર્ટી ''વિભાજનકારી'' બજેટ એજન્ડા ધરાવે છે.

તે સ્પષ્ટ છે કે મોદી કૉંગ્રેસ પક્ષના એવા દાવાઓનો વિરોધ કરી રહ્યા છે કે ભારતીય જનતા પાર્ટી ભારતના બંધારણમાં ફેરફાર કરવા માંગે છે અને વિરોધ પક્ષ ધર્મો વચ્ચે સમાનતાના સિદ્ધાંતને તોડી પાડવા માંગે છે.



સોશિયલ અને ડિજિટલ મીડિયામાં ભાજપના સમર્થકો સ્પષ્ટપણે મુસ્લિમો અથવા તેમની ધાર્મિક પ્રથાઓને નિશાન બનાવે છે. ભાજપ પોતે જ મુસ્લિમોનો વિરોધ કરનારાઓને ચૂંટણી ટિકિટ આપે છે. દેશનું સૌથી વધુ વસ્તી ધરાવતું રાજ્ય ઉત્તર પ્રદેશમાં પક્ષનું નિયંત્રણ ધરાવતી વિધાનસભામાં મુસ્લિમ સમુદાયમાંથી એક પણ સભ્ય નથી. વારાણસીથી ચૂંટણી લડવા માટે મોદીના સંસદીય ચૂંટણીના નામાંકનને આ વર્ષે દલિતો અને પછાત જાતિઓએ ટેકો આપ્યો હતો, પરંતુ એક મુસ્લિમ હાજર ન હતો. ભાજપના નેતાઓ વારંવાર ભાષણોમાં, કોંગ્રેસ પક્ષ દ્વારા મુસ્લિમ ''તુષ્ટિકરણ''ને નિશાન બનાવે છે. મોદીનો આ વૈચારિક જુગાર એક ચૂંટણીનો જુગાર છે જે હિન્દી હાર્ટલેન્ડમાં ધાર્મિક લાગણી અને બહુલતાવાદી આદર્શો વચ્ચેના જોડાણને ઉશ્કેરે છે. વિપક્ષ વિભાજિત થઈ જાય છે અને લઘુમતીઓનો બચાવ કરતી વખતે ઘણીવાર મુશ્કેલીમાં આવી જાય છે. એક પ્રશ્ન એ છે કેઃ શું આનાથી મોદીને વૈશ્વિક નેતા તરીકેની છબીને નુકસાન નહીં થાય જેઓ વસુધૈવ કુટુમ્બકમ (વિશ્વ એક પરિવાર છે) કહેતા ટેગ સાથે વૈશ્વિક સમિટમાં ભાગ લે છે ? તેનો જવાબ એ હશે કે જ્યાં યુ.એસ. ઈઝરાયેલને ગાઝામાં નાગરિકો પર બોમ્બમારો કરવા અને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનની દળો યુક્રેનમાં નાગરિક ઈમારતોને નિશાન બનાવવાનું સમર્થન કરે છે તેવા વિશ્વમાં, ભારતીય વડાપ્રધાનના આ બેવડા ધોરણો અથવા નૈતિક સત્તા વિશ્વ માટે ભાગ્યે જ મહત્વની છે. (સૌ.: ધ ક્વિન્ટ.કોમ)


# મોદીના 'ખાસ સાથી અને તેમના અમલકર્તા અમિત શાહ', ચૂંટણીઓ વચ્ચે મુસ્લિમ વિરોધી નિવેદનો અને શિક્ષિત બેરોજગાર યુવાનોની દુર્દશા : વિશ્વ મીડિયા શું કહી રહ્યું છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

અમિત શાહની ભારતના બીજા સૌથી શક્તિશાળી માણસ બનવાની સફર રસપ્રદ છે, જેઓ દેશને આમૂલ રીતે આકાર આપી રહ્યા છે. પત્રકાર અતુલ દેવ દ્વારા ગાર્ડિયનમાં અહેવાલમાં જણાવાયું છે કે- 'તે લોકોને ડરાવવાનું પસંદ કરે છે': મોદીના જમણા હાથ અમિત શાહ ભારત ચલાવે છે. આ અહેવાલમાં કહ્યું છે કે, અમિત શાહ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૪૦ વર્ષથી વિશ્વાસુ, સંકલનકર્તા અને અમલકર્તા છે.

મોદીના બીજા કાર્યકાળથી, માનવાધિકાર સંસ્થાઓ અને આંતરરાષ્ટ્રીય મીડિયાએ ભારત વિશે ચિંતા દર્શાવી છે, અને ઘણી રીતે, દરેક વખતે ચિંતાનો વિષય અમિત શાહ છે. તેમણે ૧૯૯૦ની અયોધ્યા રથયાત્રા, ૨૦૦૨ના ગુજરાત રમખાણો, સોહરાબુદ્દીન શેખ, તેની પત્ની કૌસર અને હરેન પંડ્યાની હત્યાઓ, જસ્ટિસ લોયાનું મૃત્યુ, નાગરિકતા સામેના વિરોધમાં સરકારની પ્રતિક્રિયાની ઘટનાઓને યાદ કરીને અમિત શાહની કાર્યશૈલીનો અહેવાલ આપ્યો છે. આધુનિક ભારતમાં હિંદુ રાષ્ટ્રવાદમાં તમે દરેક જગ્યાએ અમિત શાહને જોશો. અલ જઝીરાના એક લેખમાં સ્વતંત્ર પત્રકાર કુણાલ પુરોહિત કહે છે કે, ભારતના બે તૃતીયાંશ બેરોજગાર યુવાનો શિક્ષિત છે, તેમના ભવિષ્ય પર એક પ્રશ્ન ઉભો થાય છેઃ જો શિક્ષણ તમને નોકરી ન આપી શકે, તો શું તે યોગ્ય છે ? 'ભારતની શાંત યુવા કટોકટીઃ કૉલેજમાં અભ્યાસ કરીને ખેતરમાં કામ કરતાં ગરીબ' શીર્ષકમાં પુરોહિત મહારાષ્ટ્રના શિવાનંદ સાવલે જેવા યુવાનો સાથે વાત કરે છે, જેઓને શિક્ષક બનવાની આકાંક્ષા હતી, પરંતુ અદ્યતન ડિગ્રી મેળવવા માટે ગરીબીમાં અને વ્યક્તિગત મહેનત કર્યા પછી તે એક ભૂમિહીન મજૂર કરતાં પણ ઓછી કમાણી કરે છે, તે મહિને માત્ર ૭,૫૦૦ રૂપિયા કમાય છે. પુરોહિત કહે છે કે આ પરિસ્થિતિ ભારતમાં સામાન્ય છે.

મેનકા દોશી દ્વારા બ્લૂમબર્ગમાં એક ન્યૂઝલેટરમાં લખે છે કે, કેવી રીતે મોદીની ઝુંબેશ મુસ્લિમ વિરોધી વિવાદને વધુ તીવ્ર બનાવે છે. દોશી કહે છે કે મોદીની આગેવાની હેઠળની સરકારની $૧૪૨ બિલિયનની મફત અનાજની યોજના ૮૧.૩ કરોડ ભારતીયોને તેમની છબી દર્શાવતી બ્રાન્ડેડ થેલીઓ સાથે લક્ષ્યાંકિત કરે છે, અને બીજી તરફ, કોંગ્રેસે ચૂંટાય તો મફત અનાજની રકમ બમણી કરવાનું વચન આપ્યું છે. ચૂંટણીના પરિણામોની બજારો પર કેવી અસર થશે તે અંગે અહેવાલમાં ગોલ્ડમેન સૅક્સના હિરેન





દાસાણી કહે છે કે, મોદીની જીત કે હાર ટૂંકા ગાળાની પ્રતિક્રિયા આપશે, પરંતુ ભારતની ઈક્વિટી બજારો પર મધ્યમથી લાંબા ગાળાની દિશાને નુકસાન પહોંચાડવાની શક્યતા નથી.

'ભારતના સૌથી ધનાઢ્ય શહેરમાં ચૂંટણી માટે તૈયારી થઈ રહી છે. CNNના પત્રકારોએ મુંબઈમાં આવનારી ચૂંટણીઓ અને મતદારોની ચિંતાઓ જેવી કે સંપત્તિનો તફાવત અને શિક્ષણ અને નોકરીની તકોનો અભાવ વિશે ચર્ચા કરે છે. ભાજપના સમર્થકો ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારણા માટે મોદીને શ્રેય આપે છે, પણ તેમના કાર્યકાળમાં ધાર્મિક તણાવની ટીકા કરે છે. CNN સાથે વાત કરતા, કરિયાણાનો વેપારી સચિન ચૌધરી એક સામાન્ય ચિંતા વ્યક્ત કરે છે કેઃ ''હું જે ફેરફાર જોવા માંગુ છું તે એ છે કે, વસ્તુઓ સસ્તી થવી જોઈએ. ધ ગ્લોબ એન્ડ મેલ લેખમાં કહે છે કે, મોદી હિન્દુ રાષ્ટ્રવાદી પ્રાથમિકતાઓ પર ભાર મૂકે છે, જ્યારે મુસ્લિમ સ્થળાંતર કરનારાઓને નાગરિકતાનો ઈનકાર કરે છે, કાશ્મીરની સ્વાયત્તતા રદ કરે છે અને રામ મંદિરનું નિર્માણ કરે છે. લેખમાં કહેવામાં આવ્યું છે કે મોદીના કાર્યકાળમાં સંસદમાં મુસ્લિમ પ્રતિનિધિત્વમાં ઘટાડો જોવા મળ્યો છે, જે હવે ૫ ટકાથી પણ ઓછો છે. જો કે, મુસ્લિમો વસ્તીના ૧૪ ટકા જેટલા છે. નવી દિલ્હીની અશોકા યુનિવર્સિટીના રાજકીય વૈજ્ઞાનિક અને ઈતિહાસકાર અલી ખાન મહેમુદાબાદ ધ ગ્લોબ એન્ડ મેલને જણાવે છે કે જ્યાં મુસ્લિમો મોટાભાગે હાંસિયામાં ધકેલાઈ ગયા છે અને ભારત એક એવો દેશ બની ગયો છે જ્યાં મુસ્લિમોને સક્રિયપણે બાકાત રાખવામાં આવ્યા છે. (સૌ.: ધ પ્રિન્ટ.ઈન)

# મહિલાએ સળંગ ૪ દિવસમાં વર્ક ફ્રોમ હોમ કૌભાંડમાં ૫૪ લાખ રૂપિયા ગુમાવ્યા

(એજન્સી) તા.૧૮

નવી મુંબઈમાં એક સગર્ભા મહિલા સાથે ઓનલાઈન છેતરપિંડીના કેસમાં રૂા.૫૪ લાખથી વધુની છેતરપિંડી કરવામાં આવી હતી. વર્ક-ફ્રોમ-હોમ સ્કેમના જોખમો પ્રકાશિત કરવામાં આવ્યા છે જેમાં સાવચેતીભરી ટીપ્સ, તકોનું સંશોધન કરવું, અપફ્રન્ટ પેમેન્ટ ટાળવું અને સોશિયલ મીડિયા ઓફર્સથી સાવચેત રહેવું સામેલ છે. નવી મુંબઈમાં બનેલી તાજેતરની ઘટના ઓનલાઈન છેતરપિંડીનાં જોખમો પર પ્રકાશ પાડે છે, ખાસ કરીને તે લોકો જેઓ ઘરેથી કામની તકો શોધે છે. સમાચાર એજન્સી પીટીઆઈના અહેવાલ મુજબ, ઐરોલીની એક ૩૭ વર્ષીય ગર્ભવતી મહિલાએ આવાજ એક કૌભાંડમાં ૫૪ લાખ રૂપિયાનો ભોગ બની હતી.




મહિલા જે પ્રસૂતિ રજા પર હતી અને ઓનલાઇન વધારાની આવક મેળવવાના માર્ગો શોધી રહી હતી, તેને ફ્રીલાન્સ કામના વચન દ્વારા લલચાવવામાં આવી હતી.

છેતરપિંડી કરનારાઓએ તેણીને કંપનીઓ અને રેસ્ટોરન્ટ્સની રેટિંગ કરવાનું એક સરળ કાર્ય ઓફર કર્યું હતું. તેઓએ દાવો કર્યો હતો કે, આવા પાંચ કાર્યો પૂર્ણ કર્યા પછી તેણીને નોંધપાત્ર રકમની ચૂકવણી પ્રાપ્ત થશે.

તેમના દાવાઓને માનીને મહિલાએ આપેલ સૂચનાઓનું પાલન કર્યું અને ૭થી ૧૦ મેની વચ્ચે વિવિધ ખાતાઓમાં કુલ રૂા.૫૪,૩૦,૦૦૦ની ચૂકવણી કરી હતી. જો કે, કાર્યો પૂર્ણ કર્યા પછી તે છેતરપિંડી કરનારાઓનો સંપર્ક કરવામાં અસમર્થ રહી અને તેના તમામ કોલ્સ અનુત્તર રહ્યા. આનાથી તેણીને ખ્યાલ આવ્યો કે તેણી સાથે છેતરપિંડી થઈ છે.

તેણીએ નવી મુંબઈ સાયબર પોલીસને આ ઘટનાની જાણ કરી, જેમણે ભારતીય દંડ સંહિતા (આઈપીસી) અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટની સંબંધિત કલમો હેઠળ ચાર અજાણ્યા વ્યક્તિઓ વિરુદ્ધ કેસ નોંધ્યો. હાલ પોલીસ ગુનાની તપાસ કરી રહી છે.

આ કિસ્સો ઓનલાઈન ઘરેથી કામ કરવાની તકો શોધતા દરેક માટે સાવચેતીભર્યું રીમાઈન્ડર છે. આવી ઓફરોથી સાવચેત રહેવું જરૂરી છે.

**'વર્ક ફ્રોમ હોમ' સ્કેમ્સથી સુરક્ષિત રહેવા માટે કેટલીક સરળ ટિપ્સ જાણી લો :-** કોઈપણ ઓનલાઈન કામની તક સાથે જોડાતા પહેલા કંપની અથવા વ્યક્તિ જે ઓફર કરે છે તેનું સંશોધન કરો, સમીક્ષા કરો અને તેની કાયદેસરતા તપાસો.

સોશિયલ મીડિયા દ્વારા આવતી ઓફર્સથી વધુ સાવધ રહો :- જો કોઈ વ્હોટ્સએપ, ટેલિગ્રામ અથવા ઈન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ઘરેથી કામ કરવાની તક માટે કોઈ તમારો સંપર્ક કરે છે તો વધુ સાવચેત રહો.

**કામ કરવા માટે ક્યારેય ફી ચૂકવશો નહીં :-** કાયદેસર કામની તકો માટે તમારે અગાઉથી કોઈપણ ફી ચૂકવવાની જરૂર રહેતી નથી.

# ઉત્તરપ્રદેશમાં ભાજપની ઝુંબેશ નિરાશાજનક : 'સંઘ પરિવાર નિષ્ક્રિય છે', પક્ષમાં આંતરિક વિખવાદ છે ત્યારે ઈન્ડિયા ગઠબંધન જોરદાર ઉત્સાહમાં છે

## એવું માનવામાં આવે છે કે કોંગ્રેસમાં ઉમેદવાર ચૂંટણી લડે છે જ્યારે ભાજપમાં સંગઠન જવાબદારી સંભાળે છે, પરંતુ આ વખતે ભાજપ-આરએસએસના કાર્યકરોમાં ઓછો ઉત્સાહ જોવા મળી રહ્યો છે

(એજન્સી) તા.૧૮

ઉત્તરપ્રદેશના મથુરા જિલ્લાના ઈસાપુર ગામના રહેવાસી ગિરીશ શર્મા સમજી શકતા નથી કે આ વખતે ભારતીય જનતા પાર્ટીના ચૂંટણી પ્રચારમાં ઉત્સાહનો અભાવ કેમ છે. તેમણે ભૂતકાળમાં ઘણી લોકસભા ચૂંટણીઓ જોઈ છે. તેઓ કહે છે કે, ભાજપના કાર્યકરો અમને અમારા ઘરેથી મત આપવા માટે લઈ જતા હતા. હવે શું થયુ? ઉચ્ચ જાતિઓની નોંધપાત્ર વસ્તી સાથે, ઈસાપુર મથુરામાં યમુનાની બીજી બાજુ આવેલું છે, શહેરમાં ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં મંદિરના મુદ્દા પર આક્રમક પ્રચાર કરવામાં આવ્યો હતો પરંતુ મથુરા આ વખતે શાંત લાગે છે.

છેલ્લા ૧૦ વર્ષમાં ભાજપની ચૂંટણીમાં મળેલી સફળતા પાછળનું મુખ્ય કારણ પાર્ટીનું વિશાળ અને ગાઢ નેટવર્ક છે. સંગઠનનું પાયાનું એકમ અને પ્રમુખ, દરેક સંસદીય મતવિસ્તારમાં દરેક બૂથની જવાબદારી સંભાળે છે. તેઓને તેમના વિસ્તારના મતદારોની યાદી આપવામાં આવે છે કે જેમની તેઓ મતદાન કરતા પહેલા વારંવાર મુલાકાત લેતા હોય છે અને ખાતરી કરે છે કે તેઓ તેમનો મત આપે છે. આ વર્ષે, જો કે, યુપીના કેટલાક સંસદીય મતવિસ્તારોમાં પાર્ટીના આ કાર્યકરોને આવવું મુશ્કેલ છે. વિશ્લેષકોના મતે, તેણે આ વર્ષે યુપીની ચૂંટણીને ૨૦૧૪ અને ૨૦૧૯ની ચૂંટણીઓથી ઘણી અલગ છે.

એવું માનવામાં આવે છે કે કોંગ્રેસમાં ઉમેદવાર ચૂંટણી લડે છે, જ્યારે ભાજપમાં સંગઠન જવાબદારી સંભાળે છે. આ વખતે ભાજપ-આરએસએસના કાર્યકરોમાં બહુ ઓછો ઉત્સાહ છે. તેઓ ભાગ્યે જ દેખાતા હોય છે. મૈનપુરી સ્થિત વરિષ્ઠ પત્રકારે જણાવ્યું કે બરાબર ત્રણ મહિના પહેલા, આ લોકોએ રામ મંદિરના અભિષેક માટે કોઈ કસર છોડી ન હતી. ચૂંટણી દરમિયાન આ તેમની મોડસ ઓપરેન્ડી હતી. આ વખતે શું થયું છે ? હવે કોઈ પોસ્ટર, પત્રિકાઓ અથવા ધ્વજ નથી. વોટ માંગવા માટે અમારા ઘરે કોઈ આવ્યું નથી.

આરએસએસના વિચારક દીનદયાળ ઉપાધ્યાયના જન્મસ્થળ દીનદયાળધામના રહેવાસી કહે છે કે સ્વયંસેવકો ગુસ્સે છે કે, તમે બહારના લોકોને લાવ્યા છો. ગઈકાલ સુધી અમે જેમની સામે લડતા હતા તે લોકો અમારી છાવણીમાં જોડાયા છે. અમુક અસંતોષ મોદી સામે પણ હોય તેવું લાગે છે. તેમણે મધ્યપ્રદેશમાં શિવરાજસિંહ અને છત્તીસગઢમાં રમણસિંહને દૂર કર્યા. શું તે યોગી આદિત્યનાથ સાથે આવું જ કરશે. પશ્ચિમ યુપીમાં આરએસએસના એક અધિકારીએ કહ્યું કે, હું ચૂંટણી દરમિયાન ક્યારેય કામ વગરનો નહોતો. આ વખતે હું ઘરની બહાર પગ પણ કાઢ્યો નથી. આરએસએસના કાર્યકરો બિલકુલ પ્રચાર કરી રહ્યા નથી.

ફતેહપુરસીકરી, લોકસભા બેઠક જે છેલ્લી બે ચૂંટણીઓથી ભાજપ પાસે છે, તે મતભેદનું મુખ્ય ઉદાહરણ છે. ૨૦૧૯માં, ભાજપના ઉમેદવાર રાજકુમાર ચહર ૪,૯૫,૦૬૫ મતોથી બેઠક પરથી જીત્યા હતા, જે વારાણસીમાં મોદીની જીત કરતા મોટો માર્જિન હતો. ચહરની વિક્રમી જીતનું મુખ્ય કારણ ૨૦૧૪ના બીજેપી સાંસદ



અને સ્થાનિક મજબૂત બાબુલાલ ચૌધરીએ તેમને આપેલું સમર્થન હતું. આ વખતે બાબુલાલ અને અન્ય કેટલાક બીજેપી નેતાઓએ ચાહરનો જોરદાર વિરોધ કર્યો હતો. તેમણે જાહેર સભાઓમાં સ્પષ્ટ કર્યું હતું કે જો ભાજપ ચાહરને ટિકિટ આપશે તો તેઓ તેમની હાર થશે. પરિણામે, બાબુલાલે પક્ષ સામે બળવો કર્યો અને તેમના પુત્ર રામેશ્વર ચૌધરીને અપક્ષ ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા છે.

ટિકિટની વહેંચણીને લઈને ઝઘડો અન્યત્ર પણ જોવા મળી રહ્યો છે. સળંગ ત્રણ ટર્મ માટે મેરઠના સાંસદ રાજેન્દ્ર અગ્રવાલની ટિકિટ રદ કરવામાં આવી હતી. ગાઝિયાબાદના બે વખતના સાંસદ નિવૃત્ત જનરલ વી.કે. સિંઘની ટિકિટ રદ કરવામાં આવી હતી. આ વર્ષે ભાજપના પરંપરાગત ઉચ્ચ જાતિના મતદારોમાં ઉત્સાહનો અભાવ છે. આગ્રામાં એક નિવૃત્ત અધિકારીએ છેલ્લી બે લોકસભા અને વિધાનસભાની ચૂંટણીમાં તેની પત્ની સાથે ભાજપને મત આપ્યો હતો. આ વખતે, તેમની પત્નીએ તેમનો મત આપ્યો ન હતો અને તેમણે NOTA પસંદ કર્યું હતું.

સમાજવાદી પાર્ટી-કોંગ્રેસ ગઠબંધન વધુ સારી રીતે કામ કરી રહ્યું છે. અમારા ગામમાં પહેલીવાર અડધા ઠાકુરોએ કોંગ્રેસને મત આપ્યો. કોંગ્રેસ જ્યારે ચરમસીમા પર હતી ત્યારે પણ કોંગ્રેસને તેમના મત મળ્યા ન હતા. મૈનપુરી સ્થિત પત્રકાર કહે છે કે, કોંગ્રેસ ગઠબંધન ખરેખર મજબૂત છે. બહુજન સમાજ પાર્ટીના કેટલાક મતો સમાજવાદી પાર્ટીને પણ જઈ રહ્યા છે. યાદવ-મુસ્લિમ પાર્ટી તરીકે માનવામાં આવતી, એસપીએ આ વખતે તેની ટિકિટ વિતરણ વ્યૂહરચના મૂળભૂત રીતે બદલી છે. ૨૦૧૯માં, સપાએ કુલ ૩૭ બેઠકો પર તેના ઉમેદવારો ઉભા કર્યા હતા, જેમાંથી દસ યાદવ અને ચાર મુસ્લિમ હતા. આ વખતે સપા ૬૩ બેઠકો પર લડી રહી છે, જેમાંથી માત્ર પાંચ યાદવ અને ચાર મુસ્લિમ છે. પાર્ટીએ મુસ્લિમો અને યાદવોને બદલે પછાત જાતિઓ અને દલિતોને વધુ ટિકિટ આપી છે. ગત વખતે સપાએ જાટવોને કોઈ ટિકિટ આપી ન હતી, જ્યારે આ વખતે તેણે છ જાટવોને મેદાનમાં ઉતાર્યા છે. આ સ્પષ્ટપણે BSPના વોટ શેર ઓછો કરવાનો પ્રયાસ છે. મહાગઠબંધનની તાકાત જોતાં એવું માનવામાં આવે છે કે મુસ્લિમ મતોનું બહુ વિભાજન નહીં થાય.

કદાચ સૌથી મોટો તફાવત એ મુદ્દા પર છે જે છેલ્લી બે લોકસભા ચૂંટણીમાં સંઘ પરિવારનું કેન્દ્રસ્થાન હતું. સંઘ પરિવારના કાર્યકર્તાઓ એ મુદ્દા પ્રત્યે ઉદાસીન લાગે છે જેણે છેલ્લા કેટલાક દાયકાઓથી તેમના અસ્તિત્વને વ્યાખ્યાયિત કર્યું હતું. તેઓ કહે છે કે, અમે જાન્યુઆરીમાં એવું વાતાવરણ બનાવ્યું હતું કે આ વખતે આખી ચૂંટણી રામ મંદિરના નામે લડવામાં આવશે. પરંતુ અમે હવે પીછેહઠ કરી છે.

આરએસએસના કેટલાક કાર્યકરો મોદીના નિવેદનથી નારાજ છે. આરએસએસના એક અધિકારીએ જણાવ્યું હતું કે, તમે અદાણી-અંબાણી કોંગ્રેસને પૈસા આપવા જેવા નિવેદનો કેમ કરી રહ્યા છો ? તમે વડાપ્રધાન છો. જો કોઈ વ્યક્તિ આવા વ્યવહારમાં સંડોવાયેલ હોય, તો તેમની સામે પગલાં લેવાવા જોઈએ. એવું લાગે છે કે ભાજપના કેટલાક પરંપરાગત મતદારો હવે ઉદાસીન અથવા નિરાશ થઈ ગયા છે. તેઓ ભલે વિપક્ષ તરફ વળ્યા ન હોય, પરંતુ તેઓ પાર્ટીથી દૂર થઈ રહ્યા છે. શક્ય છે કે મતદારો તેમના મનમાં શું છે તે જાહેર ન કરતા હોય. વડાપ્રધાનનો અંગત અભિપ્રાય ઉપરોક્ત અવલોકનોને અર્થહીન બનાવી શકે છે અને તેઓ ત્રીજી વખત જંગી બહુમતી સાથે ફરીથી ચૂંટાઈ શકે છે. પરંતુ આ ચૂંટણીનો માહોલ છેલ્લી બે ચૂંટણીઓ કરતાં સ્પષ્ટપણે અલગ છે.

# ચૂંટણી પંચ શા માટે મતદાનની સંપૂર્ણ સંખ્યા જાહેર કરતું નથી

## ૨૦૧૯માં સામાન્ય ચૂંટણી દરમિયાન કુલ પડેલા મતોની સંપૂર્ણ સંખ્યા એક મુદ્દો હતો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

ભારતીય ચૂંટણી પંચ (EC)ની દરેક તબક્કામાં દરેક મતદારક્ષેત્રમાં વાસ્તવમાં મતદાન કરનારા મતદારોની સંખ્યા જાહેર ન કરવા બદલ ટીકા કરવામાં આવી રહી છે. તેઓએ કહ્યું છે કે, ૪૫.૧૦ કરોડ લોકોએ ચાર તબક્કામાં મતદાન કર્યું છે, પરંતુ મતદાન પૂર્ણ થયું હોય તેવી તમામ બેઠકોના મતવિસ્તારના ડેટા આપવામાં આવ્યા નથી.

**વાસ્તવિક સંખ્યા આપવા માટે EC શા માટે ઉદાસીન છે ? :-** ૨૦૧૯માં સામાન્ય ચૂંટણીઓ પૂર્ણ થયા પછી લાંબા સમય સુધી ચૂંટણી પંચે મતોની અંતિમ ગણતરી ઉપલબ્ધ કરાવી ન હતી. ૩૧ મે, ૨૦૧૯ના રોજ ધ ક્વિન્ટે અહેવાલ આપ્યો કે EC દ્વારા તેની વેબસાઈટ પર શેર કરાયેલા ડેટાના બે સેટ-'મતદાન' અને EVM પર ગણવામાં આવતા મતોની સંખ્યા એકબીજા સાથે મેળ ખાતી નથી. કેટલાક મતવિસ્તારોમાં EVM પર ગણવામાં આવેલા મતો ખરેખર તે મતવિસ્તારના કુલ મતદાન કરતાં વધુ હતા.

બીજા દિવસે ECએ જવાબમાં એક અખબારી યાદી બહાર પાડી, જેમાં દાવો કરવામાં આવ્યો કે તે ૫૪૨ મતદારક્ષેત્રોમાંથી દરેકના 'ઈન્ડેક્સ ફોર્મ્સ'ની રાહ જોઈ રહ્યું છે. EVM મતો અને પોસ્ટલ બેલેટની ગણતરીના આધારે રિટર્નિંગ ઓફિસર ફોર્મ 21E અને ઈન્ડેક્સ કાર્ડ તૈયાર કરે છે.

ફોર્મ 21Eએ ચૂંટણી આચારના નિયમો, ૧૯૬૧ના નિયમ ૬૪ હેઠળ ઉલ્લેખિત છે, જેના માટે એકમાત્ર સત્તા સંબંધિત રિટર્નિંગ ઓફિસરની છે. ઉપરાંત છેલ્લા પાંચ દાયકાઓથી ઉપયોગમાં લેવાતું ઈન્ડેક્સ કાર્ડ, પરિણામની ઘોષણા પછી, મતદાન ડેટા અને મતદાનની ગણતરી કરવા માટે રિટર્નિંગ ઓફિસર દ્વારા તૈયાર કરવામાં આવે છે, જે બધા માટે અંતિમ પ્રમાણિત ડેટા બની જાય છે. સામાન્ય ચૂંટણી ૨૦૧૯ માટે કમિશને પહેલાથી જ ૨૬ માર્ચ, ૨૦૧૯ના રોજ તમામ રિટર્નિંગ અધિકારીઓને પરિણામ જાહેર થયાના ૧૫ દિવસની અંદર INDEX કાર્ડ્સ મોકલવા માટે નિર્દેશ આપ્યો હતો.

ECએ જણાવ્યું હતું કે, અગાઉની ચૂંટણીઓમાં તમામ આર.ઓ. પાસેથી આવા પ્રમાણિત ચૂંટણી ડેટા એકત્રિત કરવામાં મહિનાઓ લાગતા હતા. ૨૦૧૪માં પણ પરિણામોની ઘોષણા પછી બેથી ૩ મહિના જેટલો સમય લાગ્યો હતો. આ વખતે કમિશન દ્વારા નવીન IT પહેલને કારણે પરિણામોની ઘોષણા થયાના થોડા દિવસોમાં મત ગણતરીના અંતિમ ડેટા ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતા. કમિશને કહ્યું હતું કે, ECI વેબસાઈટ પર નોંધાયેલ કામચલાઉ મતદાન ડેટા માત્ર મતદારોની કામચલાઉ સંખ્યા છે તે અંતિમ સંખ્યા નથી. ચૂંટણી પંચે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીના ૧થી ૪ તબક્કામાં થયેલા અંતિમ મતોના ડેટા કાઢી નાખ્યા હતા. ૨૦૧૯માં છ મહિના પછી ECએ ઓક્ટોબરમાં અંતિમ ડેટા બહાર પાડ્યો, જે EVM પર ગણવામાં આવેલા મતો સાથે મેળ ખાતો હતો. અગ્રવાલે પૂછ્યું કે, જો સંપૂર્ણ ડેટા કમ્પાઈલ કરવામાં ECને છ મહિના લાગ્યા હોય, તો શું તેનો અર્થ એ છે કે, તેઓએ કામચલાઉ ડેટાના આધારે લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર કર્યા હતા ? મેં મેળવેલ મતો અને મતોની ગણતરીના ડેટામાં વિસંગતતા દર્શાવ્યા પછી ચૂંટણી પંચે પછીની ચૂંટણીઓમાં આ માહિતીને સંપૂર્ણપણે શેર કરવાનું બંધ કરી દીધું છે.

૧૫ નવેમ્બર, ૨૦૧૯ના રોજ, ચૂંટણી-નિરીક્ષક એસોસિએશન ફોર




ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) અને NGO કોમન કોઝ દ્વારા મતદાર-ટર્નઆઉટ ડેટામાં કથિત વિસંગતતાઓની તપાસ કરવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. અરજદારોએ કોઈપણ ચૂંટણીના અંતિમ પરિણામની ઘોષણા પહેલા મત ડેટાનું વાસ્તવિક અને સચોટ સમાધાન કરવા માટે ભારતના ચૂંટણી પંચને નિર્દેશ આપતો અદાલતનો આદેશ માંગ્યો હતો અને આવી તમામ વિસંગતતાઓની તપાસ માટે હાકલ કરી હતી. ચૂંટણી પ્રક્રિયા પર ચિંતા વ્યક્ત કરતાં અરજીમાં જણાવ્યું હતું કે, ચૂંટણી પંચ દ્વારા અધિકૃત ચૂંટણી ડેટા જાહેર કરવામાં આવે તે પહેલાં જ ચૂંટણી પરિણામો જાહેર કરીને ચૂંટણીની પ્રવર્તમાન પ્રણાલીમાં રહેલી ખામીઓ વધુ ગંભીર અને ચિંતાજનક છે અને તેથી તેણી અવગણના કરી શકાતી નથી.

અરજદારોએ સુપ્રીમ કોર્ટમાં ધ્યાન દોર્યું હતું કે, એવી છ જેટલી બેઠકો છે જ્યાં મતોમાં વિસંગતતા જીતના માર્જિન કરતાં વધુ હતી. દાખલા તરીકે અનંતનાગમાં EVMમાં ગણાયેલા મતો ૨૯,૭૪૬ મતોથી વધુ હતા, જ્યારે જીતનું માર્જિન માત્ર ૬૬૭૬ મત હતું. આવી વિસંગતતાઓ અંતિમ રાષ્ટ્રીય પરિણામને બદલવા માટે પૂરતી મોટી ન હોઈ શકે પરંતુ ADRના સહ-સ્થાપક જગદીપે કહ્યું કે, તીવ્ર રાજકીય હરીફાઈ હોય તો તે આ પ્રક્રિયાની વિશ્વસનીયતાને નુકસાન પહોંચાડે છે.

દરેક તબક્કાના મતદાનની સમાપ્તિ પછી તમામ મતદાન મથકોના નોંધાયેલા મતોને તાત્કાલિક અપલોડ કરવા માટે ECને નિર્દેશ આપવા માટે ADR ફરીથી સુપ્રીમ કોર્ટમાં ગઈ છે. આ કેસની સુનાવણી ૧૭ મે, શુક્રવારે થવાની છે.

ADRએ જણાવ્યું છે કે, મતદાનના ડેટાની સંપૂર્ણ સંખ્યા વિના સામાન્ય લોકો દ્વારા મતદાન કરાયેલા મતોની સંખ્યાને પરિણામોમાં જાહેર કરાયેલા મતોની સંખ્યા સાથે સરખાવી શકતા નથી અને આમ, ડેટાના બે સેટમાં વિસંગતતાઓ હોય તો તેનું મૂલ્યાંકન ત્યારે જ થઈ શકે છે જ્યારે EC દ્વારા દરેક મતવિસ્તાર માટે ટકાવારી નહીં પણ સંપૂર્ણ સંખ્યાઓ જાહેર કરવામાં આવે.

ચૂંટણી પંચ દ્વારા ગુરૂવાર, ૧૬ મેના રોજ જારી કરાયેલા તાજેતરના આંકડા અનુસાર લોકસભા ચૂંટણીના પ્રથમ ચાર તબક્કામાં કુલ મતદાન ૬૬.૯૫% નોંધાયું છે. લગભગ ૯૭ કરોડ મતદારોમાંથી ૪૫.૧૦ કરોડ મતદારોએ અત્યાર સુધી ચૂંટણીઓમાં મતદાન કર્યું છે પરંતુ મતદારોની તબક્કાવાર અથવા મતવિસ્તાર મુજબની સંખ્યા જાહેર કરી નથી. નોંધનીય છે કે, આસામના મુખ્ય ચૂંટણી અધિકારીએ ત્રીજા તબક્કા સુધી સંચિત મતદારોની સંખ્યા જાહેર કરી છે.

સામે ચોમાસું હોવા છતાં

# જૂનાગઢના દુર્વેશનગર નજીક આવેલ વોંકળાની સાફ-સફાઈ ન કરાતાં રહીશોમાં ભયનો માહોલ

## છેલ્લા એક વર્ષથી રજૂઆત કરવા છતાં મનપા તંત્રએ કોઈ જ કામગીરી ન કરતાં લોકોમાં પુનઃ જળ હોનારતની ભીતિ : કમિશનર-મેયરને રજૂઆત

જૂનાગઢ, તા.૧૮

જૂનાગઢ શહેરમાં આવેલા દુર્વેશનગરના રહેવાસીઓમાં હાલ ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. કારણ કે, ચોમાસું તદ્દન નજીક આવી રહ્યું છે અને તેની સામે મનપા તંત્ર દ્વારા દુર્વેશનગર નજીક આવેલા વોંકળાની સફાઈ કરવામાં આવી નથી. વોંકળો ઊંડો ઉતારવામાં આવ્યો નથી અને છેલ્લા એક વર્ષથી રજૂઆતો કરવા છતાં આ રજૂઆતોને ઘોળીને પી જનાર મનપા તંત્રનું પેટનું પાણી હલતું નથી તેવા સંજોગોમાં ગત વર્ષે સર્જાયેલી જળ હોનારત જેવી ઘટના ફરીવાર ન સર્જાય તેવો ભય લોકોમાં જોવા મળે છે. દરમ્યાન ગઈકાલે આ વિસ્તારના મહિલાઓ દ્વારા કમિશનર તેમજ મેયરને રજૂઆત કરી તાત્કાલિક અસરથી કાળવાના વોંકળાની સફાઈ કરવાની માગણી કરી છે. એટલું જ નહીં જો ગત વર્ષ જેવી જળ હોનારતની ઘટના બનશે તો તેના માટે જવાબદાર ગણી અને કોર્ટનો આશરો લેવામાં આવશે તેવી ચીમકી પણ આપી છે.

જૂનાગઢમાં ગત ચોમાસા દરમ્યાન અતિભારે વરસાદમાં જળ હોનારતમાં કાળવાના કાંઠે વસેલું દુર્વેશનગર આખું ડૂબી ગયેલ અને રહેણાંક મકાનોમાં પાણી ફરી વળ્યા હતા. ત્યારે હાલ ચોમાસું માથે છે અને અહીં પ્રિ-મોન્સૂન કામગીરીના નામે મીંડું હોય જેથી આ વિસ્તારમાંથી પસાર થતાં વોંકળાની સફાઈ કરવાની માંગ સાથે મહિલાઓએ મનપા કચેરીમાં રજૂઆત કરી હતી. દુર્વેશનગરના રહેવાસીઓનું કહેવું છે કે, ગત વર્ષે ૨૯/૬ અને ૨૨/૭ના રોજ બે વખત જૂનાગઢમાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી. જે સ્થિતિ થવાનું કારણ મહાપાલિકાના અધિકારીઓની અણઆવડતના લીધે થયેલ હતું. તે જળ હોનારત કુદરતી નહીં પરંતુ કૃત્રિમ આફત હતી. જેથી હવે માથે ચોમાસું છે અને આ વર્ષે પણ ભારે વરસાદ વરસે તો દુર્વેશનગર વિસ્તારમાં ફરીથી જળ હોનારત થવાની દહેશત છે. જેથી લોકોના જીવ અદ્ધર છે. એક વર્ષ થયું છતાં હજુ દુર્વેશનગર વિસ્તારમાં કોઈ નક્કર કામગીરી કરવામાં આવી રહી નથી. આ વિસ્તારમાંથી પસાર થતો કાળવાના વોંકળામાં ગંદા પાણી ભરાયેલા છે. જેના પરિણામે આ વિસ્તારના તળમાં બોરમાં ગંદા પાણી ઘૂસી ગયા છે. વોંકળાની સફાઈના અભાવે અને ગત વર્ષની હોનારતથી હાલ દુર્વેશનગરમાં નીચેના માળે રહેતા ભાડૂઆતો પણ મકાન ખાલી કરી જતા રહ્યા છે. જ્યારે માલિકો મકાન ખાલી કરીને જાત તો ક્યાં જાય જેથી તેમના વિસ્તારમાં તાત્કાલિક વોંકળાની સફાઈ થાય અને વોંકળા ઊંડા ઉતારવામાં આવે એવી માંગ સાથે મહાપાલિકા કચેરીમાં કમિશનર અને મેયરને ઉગ્ર રજૂઆત કરી હતી.

# જૂનાગઢમાં જ્વેલર્સની પેઢીના મેનેજરે રૂા.૯૧ લાખના કાચા સોનાની હેરાફેરી કરી હોવાની ફરિયાદ

જૂનાગઢ, તા.૧૮

જૂનાગઢ શહેરમાં આવેલી અક્ષર જ્વેલર્સ નામની પેઢીમાં મેનેજરે રૂા.૯૧ લાખના કાચા સોનાની હેરાફેરી કરી હોવાનો બનાવ બહાર આવતા જાગી ઊઠી છે. આ બનાવમાં સોની વેપારી પેઢીમાં મેનેજર તરીકે છેલ્લા અઢી વર્ષથી નોકરી કરતા કુતિયાણાના શખ્સો ઓનલાઈન સોફ્ટવેરમાં ખોટી એન્ટ્રી કરીને માત્ર ત્રણ મહિનામાં જ ૯૧ લાખના કાચા સોનાની હેરાફેરી કરી હોવાનો કિસ્સો પોલીસ દફતરે નોંધાયો છે.

આ અંગે પોલીસમાંથી થતી પ્રાપ્ત વિગત અનુસાર, જૂનાગઢમાં રાયજીબાગ વિસ્તારમાં રહેતા અને છાયા બજારમાં હેઠાણ ફળિયા વિસ્તારમાં અક્ષર જ્વેલર્સ નામે પેઢી ધરાવતા સુનિલ ધીરજલાલ રાજપરાની પેઢીમાં ત્રણ ભાઈઓ સંયુક્ત રીતે સોનાના દાગીનાનો વેપાર કરે છે. તેમની પેઢીમાં ૧૧૫ જેટલા કારીગરો કામ કરે છે. તેમની પેઢીમાં છેલ્લા અઢી વર્ષથી મેનેજર તરીકે કામ કરતા કુતિયાણાના મયુર નાનજી વાઘેલા (હાલ રહે. મધુરમ, મંગલધામ-૨) સામે એ-ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે, જેમાં જણાવ્યું છે કે, મયુર તેમની પેઢીમાં મેનેજર તરીકે અને એસ.જી. પ્લસ સોફ્ટવેર આપેલ જેમાં સોનાની આપ-લે કરવાનું કામ તેના માટે હતું. તેની નીચે ચાર કારીગરો પણ કામ કરતા હતા. તેને માસિક ૧૪ હજાર પગાર આપવામાં આવતો હતો. પરંતુ તેણે રૂા.૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૪થી ૧૬ મે, ૨૦૨૪ સુધીમાં ખોટી એન્ટ્રી કરીને ૧૨૮૨.૦૭ ગ્રામ સોનું જેની કિં.રૂા.૯૧ લાખ જેવી થાય છે. તે સોનું સ્ટોકમાં ન મળતા તેણે પેઢી સાથે ૯૧ લાખની વિશ્વાસઘાત, છેતરપિંડી કરી હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે. પોલીસે આ બનાવ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વડોદરા : ઓનલાઈન જોબ આપવાના બહાને પૈસા પડાવતી ગેંગના ચાર આરોપી ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા. ૧૮

ઓનલાઈન પાર્ટટાઈમ જોબ આપવાના બહાને સોશિયલ મીડિયા પર અલગ અલગ ટાસ્ક પૂર્ણ કરવાનું કહી રૂપિયા પડાવતી ટોળકીના ચાર ભેજાબાજોને ભોપાલથી સાઈબર ક્રાઈમ પોલીસે ઝડપી પાડ્યા હતા. ત્યારે આ ટોળકીના આરોપીઓનો આંક ૭ પર પહોંચ્યો છે.

વડોદરા શહેરના કારેલીબાગ રહેતા જીતેન્દ્ર બડગુજરના સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી મેસેજ આવ્યો હતો.જેમાં તેમને જોબ આપવાના બહાને ટેલિગ્રામ આઈડી પરથી મુવી પર રેટિંગ આપવા તથા મુવી ટિકિટ વેચવાના વિવિધ ટાસ્ક આપ્યા હતા. પ્રિમીયમ ટાસ્ક આપવાના બહાને વિવિધ એકાઉન્ટમાં રૂ. ૨૧.૯૭ લાખ ટ્રાન્સફર કર્યા હતા. ટાસ્ક પૂર્ણ કર્યા બાદ જીતેન્દ્ર બડગુજરના ડમી ક્રિપ્ટો વૉલેટમાં રિવોર્ડ સાથેની રકમ બતાવતી હતી. જેથી તેમણે ક્રિપ્ટો વૉલેરમાંથી રૂપિયા વીડ્રો કરવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ વોલેટેમાંથી રૂપિયા વીડ્રો થયા ન હતા. તેઓ વારંવાર ફોન કરીને રૂપિયા ઉપાડવા કહ્યું હોવા છતાં તેઓ ઉપાડી આપતા ન હતા. જેથી તેઓએ તેમની સાથે ઓનલાઈન છેતરપીંડી હોવાની સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેથી સાઈબર ક્રાઈમની પોલીસની ટીમ ઠગોની શોધખોળ કરી કરી હતી. દરમિયાન પાર્ટ ટાઈમ જોબના બહાને ઠગાઈના ચાર ઠગો ફરહાનખાન ઉર્ફે આસલ રહેમાન રીજવાન, શારીક મુસ્તાક બેગ, મહંમદ ઉવેશખાન સાફિક, શહજમાખાન નારીરખાન (તમામ રહે ભોપાલ એમપી)ને ભોપાલ ખાતેથી ઝડપાયા હતા. જેથી વડોદરા સાઈબર ક્રાઈમ પોલીસે ભોપાલ ખાતે ટ્રાન્સફર વોરંટના આધારે ધરપકડ કરવામાં આવી હતી. નોંધનીય બાબત છે કે આરોપીઓએ ખોલાવેલ બેંક ખાતાઓમાં NCRP પોર્ટલ પર ૨૩૬ ફરિયાદ નોંધાઈ છે ઝડપાયેલા ચાર આરોપી પૈકી એક આરોપી બેન્કનો કર્મચારી છે.

# વડોદરાના ગોરવા અને દંતેશ્વર વિસ્તારમાં વીજ વાયરોમાં આગ લાગતા લોકોમાં દહેશત

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા. ૧૮

વડોદરા શહેરમાં સ્માર્ટ મીટરોના વિરોધ વચ્ચે અસહ્ય ગરમીમાં વીજ લોડ વધી રહ્યો હોવાથી વીજળી ગુલ થવાથી પણ લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. તેમાં પણ હવે તો વીજ વાયરો બળી જવાની ઘટનાઓ વધી રહી છે.

શહેરના ગોરવા અને દંતેશ્વર વિસ્તારમાં શુક્રવારની રાતે દારૂખાનુ ફૂટતુ હોય તે રીતે વીજ વાયરો પર તણખા ઝર્યા હતા અને વાયરો બળીને નીચે પડયા હતા.

મળતી વિગતો પ્રમાણે ગોરવા વિસ્તારના હાઉસિંગ બોર્ડના રણછોડરાય નગર અને અણમોલ નગરમાં છેલ્લા પંદર દિવસથી રોજ વીજ વાયરોમાં તણખા ઝરતા હોવાની ફરિયાદ લોકો કરી રહ્યા છે. લોકોએ કહ્યું હતું કે, રોજ વાયરો બળી રહ્યા છે અને વીજ કંપનીની કચેરીમાં કરેલી રજૂઆત બાદ પણ કોઈ નિરાકરણ આવ્યુ નથી. જો વાયરો બળતા હોય અને ધડાકા થતા હોય તે વખતે કોઈ નીચેથી પસાર થયુ તો હોનારત પણ સર્જાઈ શકે છે. અમે રજૂઆત કરીએ છે અને વીજ કંપનીના કર્મચારીઓ ટેપ મારીને જતા રહે છે. રોજ રાત્રે સોસાયટીના લોકો ઉજાગરા કરે છે. સ્થાનિક વ્યક્તિઓના કહેવા પ્રમાણે સોસાયટીમાં જ્યાં જુઓ ત્યાં ખુલ્લા વાયરો દેખાય છે. નેતાઓનુ પણ અમે ધ્યાન દોર્યુ છે પણ અમારી સમસ્યાનો ઉકેલ આવ્યો નથી.

બીજી તરફ દંતેશ્વર વિસ્તારમાં સત્યનારાયણ સોસાયટીની પાસે પણ શુક્રવારની મોડી રાતે વીજ કંપનીના ટ્રાન્સફોર્મરમાંથી નીકળતો વીજ વાયર બળીને નીચે પડયો હતો. સ્થાનિક વ્યક્તિએ કહ્યું હતું કે, આ સમયે થોડે દૂર કેટલાક યુવાનો બેઠા હતા. સદભાગ્યે તેમનો બચાવ થયો હતો. ગુરુવારે પણ વાયર બળ્યો હતો અને વીજ કંપનીના કર્મચારીઓ નવો વાયર નાંખીને ગયા હતા પણ શુક્રવારે ફરી વાયરમાં આગ લાગી હતી. આ ઘટનાના પગલે સેંકડો ઘરોમાં વીજ પુરવઠો ખોરવાતા મોડી રાતે લોકોનુ ટોળુ દંતેશ્વર વિસ્તારની વીજ કચેરી ખાતે પહોંચ્યુ હતુ અને ઉગ્ર રજૂઆતો કરી હતી.

# જૂનાગઢ : લગ્નની લાલચ આપી સગીરા પર દુષ્કર્મ આચરનાર નરાધમ ઝડપાયો

જૂનાગઢ, તા.૧૮

લગ્નની લાલચ આપી સગીરા પર દોઢ વર્ષ દુષ્કર્મ આચરનાર દોલતપરાના શખ્સને પોલીસે દબોચી લઈ વધુ તપાસ હાથ ધરી છે. જૂનાગઢના દોલતપરાની દાસારામ સોસાયટીમાં રહેતા યજ્ઞેશ શાંતિલાલ ભોગાયતાએ સગીરાને લગ્નની લાલચ આપી પોતાના રહેણાંક મકાનમાં મળવા માટે બોલાવી તા.૨૨ નવેમ્બર, ૨૦૨૨થી ૧૫ માર્ચ, ૨૦૨૪ દરમિયાન સગીરા સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. સગીરાએ પોતાની ઉંમર પુખ્ત વયની થતાં યજ્ઞેશને લગ્ન માટેનું કહેતા તેણે બહાના બતાવી કિશોરીને છેતરી હતી. આખરે ભોગ બનનાર તરૂણીએ ગુરૂવારે ફરિયાદ કરતા એ-ડિવિઝન પોલીસે યજ્ઞેશ ભોગાયતા સામે કલમ ૩૭૬(૨)(એન), ૩૦૭૬(૨)(જે), ૩૨૩, પોક્સો એક્ટની કલમ-૫(જે)(૨), ૫(એલ), ૬, ૮, ૧૨ મુજબ ગુનો નોંધીને કાર્યવાહી કરી હતી. પીઆઇ વી.જે. સાવજે ત્વરિત તપાસ હાથ ધરી આરોપીને દબોચી લઈ તેનું મેડિકલ સહિતની કાર્યવાહી કરી હતી. પોલીસ પૂછપરછમાં દુષ્કર્મ આચરનાર યજ્ઞેશ ભોગાયતા પરિણીત હોવાનું અને સંતાનનો પિતા હોવાનું ખૂલ્યું હતું.

# વડોદરામાં પીવાના પાણીની લાઈનમાં ગટરનું ગંદુ પાણી મિક્સ થતું હોવાની ફરિયાદો

## પાણીજન્ય રોગચાળો વધતા ૫૩ દર્દીઓ સારવાર હેઠળ

(સંવાદદાતા દ્વારા)

તા.૧૮

શહેરના મોટાભાગના તમામ વિસ્તારોમાં લાઈન લીકેજના કારણે પીવાના પાણીની લાઈનમાં ગટરના ગંદા પાણી મિક્સ થઈ જતા હોવાની ફરિયાદો ઉઠી છે ત્યારે આવા ગંદા પાણી પીવાની સ્થાનિક રહીશોને ફરજ પડી રહી છે. પરિણામે પાણીજન્ય ટાઈફોઇડ, કોલેરા અને કમળા જેવા રોગના અનેક કેસ આવા વિસ્તારોમાં ઘરે ઘરે જોવા મળે છે પરંતુ તંત્ર દ્વારા આ બાબતે કોઈ ચોક્કસ નિરાકરણ નહીં થતું હોવાનો સ્થાનિક રહીશોએ આક્ષેપ કર્યો છે. પીવાના પાણીની લાઈન સાથે ગટરના ગંદા પાણી મિક્સ થતાં જે તે વિસ્તારના સ્થાનિક રહીશોને આવા ગંદા પાણી પીવાની નોબત આવે છે. પરિણામે પાણીજન્ય રોગચાળાની દહેશત તેમને સતત સતાવી રહે છે કેટલાક વિસ્તારોમાં તો આવા રોગચાળાથી બચવા લોકો પીવાનું પાણી ઉકાળીને પીવે છે. ત્યારે રોગચાળો વધતા કારેલીબાગ સ્થિત ચેપી રોગના દવાખાનામાં આવા અનેક દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. ચેપી રોગના દવાખાનામાં જુદા જુદા ચેપી રોગના હાલ ૫૩ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.

# વડોદરામાં ત્રિદિવસીય ઓપન યુથ બરોડા બાસ્કેટબોલ ટુર્નામેન્ટ

## પ્રથમ દિવસે રાષ્ટ્રગીત દ્વારા ટુર્નામેન્ટનો શુભારંભ કરાયો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા. ૧૮

બ્રેવેન બાસ્કેટબોલ લીગ (BBL)એ ઓપન યુથ બરોડા બાસ્કેટબોલ ટુર્નામેન્ટનુ આયોજન શહેરના સમા ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે કરવામાં આવ્યું છે તા.૧૮ થી ૨૦ મે સુધી ત્રિદિવસીય આ વોલીબોલ ટુર્નામેન્ટમાં શહેરના ઉભરતા બાસ્કેટબોલ ખેલાડીઓ ઈલેક્ટ્રીફાઈંગ મેચપ્સ, કુશળ પ્રદર્શન અને અવિસ્મરણીય ક્ષણોથી ભરપુર સ્પર્ધામાં ટકરાશે.

આ ટુર્નામેન્ટનો ઉદ્દેશ શહેરમાં સમૃદ્ધ બાસ્કેટબોલ સંસ્કૃતિ કેળવવાનો છે. આ ટૂર્નામેન્ટમાં વીસ જેટલી ટીમો ભાગ લઇ રહી છે બરોડા બાસ્કેટ એસોસિએશન કમિટી અસાધારણ ખેલાડીઓ માટે ટુર્નામેન્ટમાં સક્રિય તપાસ કરી ઉભરતા સ્ટાર્સને સ્ટેટ ચેમ્પિયનશીપમાં બરોડાનુ પ્રતિનિધિત્વ કરવાની તક આપશે. આજથી શરૂ થયેલા બ્રેવેન બાસ્કેટબોલ લીગના શુભારંભ પ્રસંગે નવરચના એજ્યુકેશન સોસાયટી અને વડોદરા મેરેથોન ડાયરેક્ટર જ્યોતિ લિ.ના તેજલબેન અમીન, બરોડા જિલ્લા બાસ્કેટબોલ એસોસિએશનના પ્રમુખ દીપક કુલશ્રેષ્ઠ, જે સી ગૃપ ઓફ એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યૂટના ચેરમેન સુનિલ દલવાડી સહિતના અતિથિ વિશેષ દ્વારા રાષ્ટ્રગીતમાં ઉપસ્થિત રહી આ ટુર્નામેન્ટનો શુભારંભ કરાવવામાં આવ્યું હતો.

# ધોળકામાં વલ્લભી શાળા વિકાસ સંકુલના નિવૃત્ત થતાં આચાર્યનું સન્માન કરાયું




વલ્લભી શાળા વિકાસ સંકુલ ધોળકા (SVS=1)ના આચાર્યોની મિટિંગ શનિવારે ધોળકા ખાતે આવેલી જ્ઞાનદીપ હાઈસ્કૂલમાં મળી હતી. આ નિમિત્તે મોહંમદી કોનવેન્ટ હાઈસ્કૂલ ધોળકાના નિવૃત થતા આચાર્ય મોમીન ઉસ્માનગની અબ્દુલકાદરનું જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખ તેમજ SVS કન્વીનર અજીતસિંહ ચાવડા અને QDC કન્વીનરોએ સન્માન કર્યું હતું.

# પરિવારજનો બેસણામાં જતા તસ્કરોએ મકાનમાંથી રૂા.૨.૮૯ લાખની ચોરી કરી

નડિયાદ, તા.૧૮

ખેડા શહેરમાં પરિવાર મકાન બંધ કરી પોતાના ગામડે બેસણામાં ગયા આ દરમિયાન રાત્રિના સમયે તસ્કરોએ બંધ મકાનમાં પ્રવેશ કરી લાકડા અને લોખંડની તિજોરીમાં મૂકેલા રૂપિયા ૨.૮૯ લાખની કિંમતના સોનાના દાગીનાની તસ્કરોએ ચોરી કરી હતી. મળતી માહિતી મુજબ ખેડા શહેરમાં વાટા ફળીયું વિસ્તારમાં આધ્યાશક્તિ મંદિર પાસે (૪૬ વર્ષિય) જયદીપસિંહ સજ્જનસિંહ ચૌહાણ રહે છે. ગત ૧૬મી મેના રોજ સવારના ૬ વાગ્યાની સુમારે તેઓ તેમના પરિવારના સભ્યો સાથે તેમના મૂળ વતન સડા (મહિસાગર જિલ્લામાં) ગયા હતા. આ દરમિયાન રાત્રિના સુમારે કોઈ અજાણ્યા તસ્કરોઓએ ઉપરોક્ત બંધ મકાનમાં ઘૂસી ચોરીને અંજામ આપ્યો છે. મુખ્ય દરવાજાનો નકૂચો તોડી ઘરમાં પ્રવેશેલા તસ્કરોએ લોખંડની તેમજ લાકડાની તિજોરીમાંથી સોનાના દાગીનાની ચોરી કરી ફરાર થયા હતા. આ બનાવ મામલે જયદીપસિંહ સજ્જનસિંહ ચૌહાણે ગતરોજ ખેડા ટાઉન પોલીસમાં અજાણ્યા તસ્કરો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




સૌથી મોંઘી ટિકિટ ૨,૨૯,૬૨૫ રૂપિયા છે

# ભારત-પાકિસ્તાન મેચનો રોમાંચ અલગ લેવલે, ટિકિટનો ભાવ બે લાખને પાર

## ઓમાન અને સ્કોટલેન્ડની સૌથી સસ્તી ટિકિટ ફક્ત ૪૯૮ રૂપિયા છે

નવી દિલ્હી, તા.૧૮

ટી-૨૦ વિશ્વકપ પહેલી જૂનથી શરૂ થવાનો છે આ દરમ્યાન એક મેચ દર્શકો માટે ઘણી મહત્ત્વની છે. આ મેચ ભારત-પાકિસ્તાનની છે આ વખતે પણ આ બન્ને ટીમો વચ્ચેની મેચનો ઘણો ઉત્સાહ છે આનો અંદાજ આ વાતથી લગાવી શકાય છે કે ટી ૨૦ વિશ્વકપમાં ભારત-પાક.ની એક ટિકિટની કિંમત બે લાખથી વધુ થઈ ગઈ છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેનો મુકાબલો નવ જૂને નસાઉ કાઉન્ટી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે.

**ટી-૨૦ વિશ્વકપમાં ભારતનો શિડયુલ**

| તારીખ | ટીમ | સ્થળ |
|---|---|---|
| ૫ જૂન | ભારત-આયરલેન્ડ | ન્યૂયોર્ક |
| ૯ જૂન | ભારત- પાકિસ્તાન | ન્યૂયોર્ક |
| ૧૨ જૂન | ભારત-અમેરિકા | ન્યૂયોર્ક |
| ૧૫ જૂન | ભારત-કેનેડા | લોડરહિલ |

તેની દર્શકોની ક્ષમતા ૩૪ હજાર છે અને તેનું નિર્માણ કાર્ય લગભગ પૂરું થઈ ચૂકયું છે. અમેરિકામાં રમાનારી ભારત-પાક. મેચની સૌથી મોંઘી ટિકિટ ૨.૨૯ લાખ રૂપિયા છે. જ્યારે સૌથી સસ્તી ટિકિટ ૨૫ હજાર રૂપિયા છે. આ આ મેચની ૯૦ ટકા ટિકિટ વેચાઈ ગઈ છે તેના જનરલ સ્ટેન્ડની ટિકિટની કિંમત ૩૦૦ ડોલરની છે. જ્યારે કલબ કોર્નરની ટિકિટ સૌથી મોંઘી ૨૭૫૦ ડોલરની છે. ભારતની કોઈપણ મેચની ટિકિટ ૭૫૧૫ રૂપિયાથી ઓછી નથી. જ્યારે ઓમાન અને સ્કોટલેન્ડની સૌથી સસ્તી ટિકિટ ફક્ત ૬ ડોલર છે.

# હાર્દિક પંડ્યાને ૩૦ લાખનો દંડ અને એક મેચનો પ્રતિબંધ લગાવાયો



મુંબઈ, તા.૧૮

મુંબઈ ઈન્ડિયન્સના કપ્તાન હાર્દિક પંડ્યા પર આઈપીએલની આ સિઝનમાં સ્લો ઓવરરેટના ત્રીજા અપરાધ માટે એક મેચનો પ્રતિબંધ અને ૩૦ લાખ રૂપિયાનો દંડ ફટકારાયો છે. લખનૌ સુપર જાયન્ટસ વિરૂદ્ધ શુક્રવારે અંતિમ લીગ મેચની સાથે જ આ સિઝનમાં મુંબઈનું અભિયાન સમાપ્ત થઈ ગયું આનો મતલબ કે હાર્દિક પંડ્યા આગામી સિઝનમાં પ્રથમ મેચ રમી શકશે નહીં એક મીડિયા યાદીમાં જણાવાયું છે કે આ આઈપીએલની આચારસંહિતા મુજબ સ્લો ઓવરરેટનો મુંબઈ ઈન્ડિયન્સનો ત્રીજો અપરાધ હતો. જેથી હાર્દિક પંડયા પર ૩૦ લાખ રૂપિયાનો દંડ અને આગામી મેચ માટે સસ્પેન્સન લગાવાયું છે. ઈમ્પેક્ટ ખેલાડી રોહિત શર્મા સહિત બાકી સભ્યો પર મેચ ફીની ૫૦ ટકા રકમ અથવા ૧૨ લાખ રૂપિયામાંથી જે ઓછું હોય તેનો દંડ ફટકારાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે મુંબઈ ઈન્ડિયન્સે એકવાર ફરી સીઝનની પોતાનો ૧૦મો મુકાબલો ગુમાવી વિદાય લીધી છે. મુંબઈ આ સીઝનમાં હાર્દિક પંડયાના નેતૃત્વમાં ૧૪માંથી ફક્ત ચાર મેચ જ જીતી શક્યું છે. શુક્રવારે લખનૌ સુપર જાયન્ટસે પ્રથમ બેટિંગ કરતાં ૬ વિકેટે ૨૧૪ રન બનાવ્યા હતા. લખનૌ માટે કે.એલ.રાહુલે ૫૫ તો નિકોલસ પૂરને ૨૯ બોલમાં ૭૫ રન બનાવ્યા હતા. જવાબમાં રમવા ઉતરેલી મુંબઈની ટીમ તરફથી રોહિત શર્મા અને નમન ધીરે અર્ધસદી ફટકારી પણ તે ટીમને વિજય અપાવી શકયા નહીં મુંબઈને સૂર્યકુમાર (૦), ઈશાન કિશન (૧૪) અને હાર્દિક પંડયા (૧૬)ની નાની ઈનિંગ મોંઘી પડી. મુંબઈ ૧૮ રનથી આ મેચ હારી ગયું.

# રોહિતનું ફોર્મમાં આવવું ટી-૨૦ વિશ્વકપ પહેલા સારો સંકેત : ગાવસ્કર

મુંબઈ, તા.૧૮

મુંબઈ ઈન્ડિયન્સ માટે રોહિત શર્મા મોડેથી ફોર્મમાં પરત ફર્યો પણ મહાન બેટ્સમેન સુનિલ ગાવસ્કરનું માનવું છે કે આગામી મહિને રમાનાર ટી-૨૦ વિશ્વકપ પહેલા તેનું ફોર્મમાં આવવવું તેના અને ભારતીય ટીમ માટે સારો સંકેત છે. આઈપીએલની આ સિઝનના પ્રથમ રાઉન્ડમાં ચેન્નાઈ સુપર કિંગ્સ વિરૂદ્ધ અણનમ ૧૦૫ રન બનાવનાર રોહિત સાતમાંથી ચાર મેચોમાં ડબલ ફીગર સુધી પહોંચી શકયો નહતો. જો કે તેણે અંતિમ મેચમાં લખનૌ સુપર જાયન્ટસ વિરૂદ્ધ ૩૮ બોલમાં ૬૮ રન બનાવ્યા. ગાવસ્કરે કહ્યું કે, આ જોઈ સારું લાગ્યુ મુંબઈ ઈન્ડિયન્સ તો હવે કવોલીફાઈ કરી શકતી નથી પણ ૧૫ દિવસ બાદ ટી-૨૦ વિશ્વકપમાં ભારતની કેપ્ટનશીપ કરી રહેલા રોહિત શર્માને આ રીતે બેટિંગ કરતા જોઈ સારું લાગ્યુ તેમણે કહ્યું કે તમે આજ ઈચ્છો છો રોહિત શર્મા પાસે સારી શરૂઆતની જરૂર હોય છે જેથી નીચલા ક્રમના બેટ્સમેન આવી ફિનિશરની ભૂમિકા નિભાવી શકે.

ટી-૨૦ વિશ્વકપનું કાઉન્ટડાઉન શરૂ

# ૨૫ મેના રોજ ન્યૂયોર્ક રવાના થશે મોટાભાગના ભારતીય ખેલાડી

નવી દિલ્હી,તા.૧૮

ભારતના મોટા ભાગના ક્રિકેટર અને સહયોગી સ્ટાફ ટી-૨૦ વિશ્વકપ માટે ૨૫ મેના રોજ ન્યૂયોર્ક રવાના થશે. જ્યારે બાકીના ૨૬ મેના રોજ આઈપીએલ ફાઈનલ બાદ જશે. આ પહેલા આઈપીએલ પ્લે ઓફ માટે કવોલિફાઈ નહીં કરી શકેલી ટીમોના સભ્યોને ૨૧મેના રોજ રવાના થવાનું હતું પણ બાદમાં યોજનામાં ફેરફાર થયો હવે તે ૨૫ મેના રોજ રવાના થશે. બીસીસીઆઈના એક સૂત્રે જણાવ્યું કે રોહિત શર્મા, હાર્દિક પંડયા, સુર્યકુમાર યાદવ, બુમરાહ, રીષભ પંત, અર્શદીપસિંહ, અક્ષર પટેલ અને સહયોગી સ્ટાફ ૨૫ મેના રોજ રવાના થશે તેણે કહ્યું કે પહેલી ટુકડીને ૨૧ મેં રોજ જવાનું હતું પણ ભારતીય ટીમની એક માત્ર પ્રેકિટસ મેચ પહેલી જૂને બાંગ્લાદેશ વિરૂદ્ધ રમી રહી છે. તો ખેલાડીઓને ઘરે અમુક વધારાનો સમય મળી જશે. આઈપીએલ ફાઈનલ રમનારા ખેલાડી ૨૭ મેના રોજ રવાના થશે. ભારત પ્રથમ મેચ પાંચ જૂને આયરલેન્ડ અને નવ જૂને પાકિસ્તાન સામે રમશે.

# ઈમ્પેક્ટ ખેલાડીના નિયમે રમતનું સંતુલન બગાડ્યું : વિરાટ કોહલી



બેંગ્લોર, તા.૧૮

કપ્તાન રોહિત શર્મા સાથ સહમતી વ્યક્ત કરતા સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ ઈમ્પેક્ટ ખેલાડીના નિયમની ટીકા કરતાં કહ્યું કે, આનાથી રમતનું સંતુલન બગડી રહ્યું છે. આઈપીએલની ગત સિઝનથી ઈનિંગની વચ્ચે ઈમ્પેક્ટ ખેલાડીનો નિયમ શરૂ થયો છે. જેના પર રોહિતે નારાજગી વ્યક્ત કરી હતી. હવે કોહલીએ કહ્યું કે, હું રોહિતનું સમર્થન કરૂં છું. મનોરંજન રમતનો એક ભાગ છે પણ સંતુલન પણ હોવું જોઈએ. આનાથી રમતનું સંતુલન બગડે છે અને સંતુલન બગડે છે અને અનેક લોકોને આવું લાગે છે ફક્ત મને નહીં રોહિતે કહ્યું હતું કે, હું આ નિયમનો પ્રશંસક નથી. આનાથી ઓલરાઉન્ડરો પર વિપરીત અસર પડશે. ક્રિકેટ ૧૧ ખેલાડીઓની રમત છે, ૧૨ની નહીં. આઈપીએલની આ સિઝનમાં આઠ વખત ૨૫૦થી વધારેનો સ્કોર બન્યો અને કોહલી બોલરોને પીડા સમજે છે. તેણે કહ્યું કે, બોલરોને લાગી રહ્યું છે કે અમે શું કરીએ. મેં કયારેય આવું જોયું નથી જ્યારે બોલરોને લાગે છે કે તે દરેક બોલ પર ચોગ્ગા કે સિકસર ખાશે. દરેક ટીમ પાસે બુમરાહ અથવા રાશીદખાન તો નથી. તેણે કહ્યું કે, ૨૦૦ની સ્ટ્રાઈકરેટથી રન બની રહ્યા છે. મારૂં માનવું છે કે, ટોચના સ્તરે ક્રિકેટમાં આ રીતનું વર્ચસ્વ હોવું જોઈએ નહીં. બેટ અને બોલ વચ્ચે સમાન સંતુલન હોવું જોઈએ.

**CHANGE OF NAME**

I have Changed My Old Name **SODAGAR TOSIF HARUN** To Change & New Name & I Will Be Known As New Name **Sodagar Tausif Harunvali** Which Please Note.

**Address, padariya road, At. Tankariya, Ta & Dist. Bharuch**

# પીરાણા દરગાહમાં તોડફોડ કેસમાં ૬૨ આરોપીઓના જામીન કોર્ટે ફગાવી દીધા

## ચૂંટણી સમયે શાંતિભંગ કરવાનું કૃત્ય કર્યાની કોર્ટે લીધી ગંભીર નોંધ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૮

પીરાણાની ઘટનાના ૬૨ આરોપીઓની જામીન કોર્ટે ફગાવી દીધી છે. પીરાણા ધામમાં કેટલાક ધાર્મિક સ્થાનોની થયેલી તોડફોડ બાદ બે જૂથ સામસામે આવી ગયા હતા. દરમિયાન બંને પક્ષે સામસામે ફરિયાદ નોંધાઈ હતી. ૬૨ આરોપીઓને કોર્ટે જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દીધા છે. ત્યારે આરોપીઓએ જામીન માટે અરજી કરી હતી, ગ્રામ્ય કોર્ટે જામીન ફગાવી દીધી હતી. સરકાર અને પોલીસ પક્ષ દ્વારા રજૂઆત કરાઈ હતી કે દેશમાં લોકસભાની ત્રણ તબક્કાની ચૂંટણી હજુ બાકી છે,



ત્યારે આરોપીઓને જામીન આપવાથી ઘેરા પ્રત્યાઘાતો પડી શકે છે. કોર્ટમાં બંને પક્ષો દ્વારા કુલ ૬૨ જામીન અરજીઓ આવી હતી. જે તમામ જામીન અરજીઓ કોર્ટે ફગાવી દીધી છે. કોર્ટને જણાવાયું હતું કે, બંને પક્ષો પાસે ઘાતક હથિયારો હતાં. ઘટનાના ધાર્મિક સ્થાનકોએ તોડફોડ કરાઈ હતી. CCTV ઉપલબ્ધ છે. હથિયારો પણ તેઓ આ આરોપીઓને છોડવાથી તપાસમાં વિક્ષેપ સર્જાઈ શકે છે. સાક્ષીઓ ઉપર દબાણ સર્જી શકે છે. આ સાંપ્રદાયિક માહોલ બગડી શકે છે. લોકસભાની ચૂંટણીમાં ઘટનાની નોંધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે લેવાય છે. ત્યારે આરોપીઓના જામીનની ઘેરા પ્રત્યાઘાત હજી ત્રણ તબક્કાનું મતદાન બાકી છે.આરોપીઓએ ધાર્મિક લાગણી દુભાવી છે. આરોપીઓને કાયદાનો ડર નથી. ઉલ્લેખનીય છે કે , પીરાણા ધામમાં કેટલાક ધાર્મિક સ્થાનોને દબાણ સમજીને બીજા ધાર્મિક જૂથ દ્વારા તેને હટાવીને મારબલ લાદી દેવાયા હતાં. જેની જાણ થતાં બીજા ધર્મનું જૂથ ૮ મેના રોજ સવારે ત્યાં પહોંચ્યું હતું અને પાસે જ આવેલા અન્ય ધર્મના ધાર્મિક જગ્યાએ તોડફોડ કરી દીધી હતી. જેથી મોટાપાયે પોલીસ કાફલો ઘટનાસ્થળે ખડકી દેવામાં આવ્યો હતો. બંને પક્ષોએ આ ઘટનાનો વીડિયો સમગ્ર દેશમાં વાયરલ થયો હતો સામ આઈપીસીની કલમ ૧૨૦B, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ ૧૫૩ક, ૨૯૫એ, ૩૦૭, ૩૨૩, ૩૨૪, ૧૨૭, ૫૦૫(B)(C), ૫૦૬(૨) અને ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધાયો હતો. સામસામે કુલ ૫૫ લોકો સામે ફરિયાદ નોંધાઈ હતી. જ્યારે પોલીસે ૧૪ આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા હતાં. પકડાયેલા ૬૦થી વધુ આરોપીઓને અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરાયા હતા. જે તમામ આરોપીઓને કોર્ટે જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યા હતા ત્યારે કોર્ટમાં બંને પક્ષે કુલ ૬૨ જામીન અરજીઓ કરી હતી કોર્ટે તમામની અરજીઓ ફગાવી દીધી છે.

### અમદાવાદ શહેરમાં અસામાજિક તત્ત્વોનો ત્રાસ

## કારમાં આવેલા ચાર શખ્સોએ સામાન્ય બાબતમાં પી.જી.ના યુવકને માર માર્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ શહેરમાં ગુનાખોરીનું પ્રમાણ વધી રહ્યું છે. સામાન્ય બાબતમાં પણ લોકો મોટા ગુનાઓ સુધી પહોંચે છે. ત્યારે કેટલાક નબીરાઓએ પીજીમાં રહેતા યુવકને માર મારીને કહ્યું હતું કે, તું કેમ પીજી વાળા લોકો સાથે બોલે છે. અહીં દેખાઈશ તો છોડીશું નહીં. ઈજાગ્રસ્ત યુવકે પોલીસ ફરિયાદ કરતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો મુજબ ફરિયાદી ભાવેશ ચૌહાણ ચેરિટી કમિશનરની ઓફિસમાં અંગ્રેજી સ્ટેનોગ્રાફર તરીકે નોકરી કરે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત રાત્રિના પોણા બારેક વગ્યાના સુમારે હું તથા મારા મિત્ર પાર્થ ડ્રાઈવિંગ રોડ ખાતે મારૂતિ કોમ્પલેક્ષમા આવેલ પી.જી.માં અમારૂ ખાલી ટિફીન આપી પરત આવતો હતો. તે વખતે થલતેજ ડ્રાઈવિંગ રોડ પર આવેલ બાલાજી કોમ્પલેક્ષમાં આવેલ હરેશ પાન પાર્લર પર સિગારેટ પીવા ઉભો રહ્યો હતો. તે વખતે એક થાર ગાડીમાંથી ૨૫થી ૩૦ વર્ષની ઉંમરના ચાર છોકરાઓ ઉતરી મારી પાસે આવી મને જણાવ્યું કે, તું કેમ પી.જી. વાળા પાસે ઉભો હતો અને શું વાતો કરતો હતો? તેમ જણાવી એક શખસે મારી ફેટ પકડી લીધી અને તેની સાથેના અન્ય ત્રણ શખ્સો મારી સાથે મારામારી કરવા લાગ્યા હતાં. એક ભગીરથ નામના વક્તિએ બેટ વડે મને બરડાના ભાગે અને પાછળના ભાગે ત્રણથી ચાર ફટકા માર્યા હતા. ભગીરથનાં મામાએ મને મોઢાના ભાગે બે મુક્કા માર્યા હતા અને ધવલ તથા અલ્તાફ કુરેશીએ પણ મારામારી કરી હતી. આમ તમામે એક સંપ થઈ મને શરીરે અલગ-અલગ જગ્યાએ મુંઢમાર મારતા મેં બુમાબુમ કરતા આજુબાજુમાં લોકો ભેગા થઈ જતા લોકોએ મને વધુ મારમાથી છોડાવ્યો હતો. જતા-જતા કહેવા લાગ્યા કે, આ બાજુ હવે ક્યારેય દેખાયો તો છોડીશું નહીં, તેમ કહી મને ધમકી આપી હતી. પોલીસે ગુનો નોંધી આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

### બોલાચાલી બાદ મામલો ઉગ્ર બનતા ઘર્ષણ


## અમદાવાદ એરપોર્ટ પર રિક્ષાચાલકો અને સિક્યોરિટી વચ્ચે દે ધનાધન !

### ગાર્ડને કપાળ પર લોહીની ધાર છૂટતા સારવાર હેઠળ ખસેડાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ એરપોર્ટ પર શુક્રવારની રાત્રે સિક્યોરિટી ગાર્ડ અને રિક્ષાચાલકો વચ્ચે ઝપાઝપી થઈ હતી. જેમાં ૧૦ જેટલા રિક્ષાચાલકોએ બે સિક્યોરિટી સ્ટાફ સાથે ઝઘડો કર્યો હતો. રિક્ષાચાલકોએ સિક્યોરિટી ગાર્ડને મારમાર્યો હતો અને વાહનોની તોડફોડ પણ કરી હતી. સિક્યોરિટી ગાર્ડને કપાળ પર લોહીની ધાર થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે અને ઘટનાની જાણ થતાં પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી. અમદાવાદ એરપોર્ટ પર ગઈકાલે સાંજે એરાઈવલ લેન પાસે રિક્ષા ચાલકો ઊભા હતા. તે દરમિયાન એરપોર્ટના સિક્યોરિટી ગાર્ડ સાથે બોલાચાલી થઈ હતી.



બોલાચાલી ઉગ્ર થતાં ૧૦ જેટલા રિક્ષાચાલકોએ મારપીટ શરૂ કરી હતી. સિક્યોરિટી સ્ટાફના રાહુલ અને કમલેશ સાથે મારામારી કરી હતી. જેથી ૧૦૦ નંબર પર ફોન કરીને પોલીસને જાણ કરી પોલીસ ફરિયાદ નોંધાવી હતી. બંને પોલીસ સ્ટેશનથી પરત ફરી રહ્યા હતા, ત્યારે ઓલા પાર્કિંગ પાસે આશરે ૩૦થી ૪૦ ડ્રાઈવર એકઠા થયા હતા. તેઓએ બે સિક્યોરિટી સ્ટાફ પર ફરીથી હુમલો કર્યો હતો. આ દરમિયાન અન્ય ગાર્ડ પણ એકઠા થયા હતા. જેમણે રિક્ષાચાલકોએ મારમાર્યો હતો. આ દરમિયાન વાહનોમાં પણ તોડફોડ થઈ હતી. મારામારી દરમિયાન ઈજાગ્રસ્ત થયેલા ગાર્ડને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ગાર્ડને કપાળ પરથી લોહીની ધાર થઈ હતી. જોકે, બનાવની જાણ થતાં PI, ACP, DCP સહિતનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો.

### સુરતમાં મદ્રેસાના પ્રિન્સિપાલે મદ્રેસાના દરવાજા ૨૪ કલાક ખુલ્લા હોવાનું કહ્યું

## આચાર્યએ હુમલા અંગે કર્યા આક્ષેપો તો સંઘના પ્રમુખે સુરક્ષા મુદ્દે કર્યા સવાલ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

મદ્રેસાના સર્વે દરમ્યાન અમદાવાદના દરિયાપુરમાં ભોગ બનેલા આચાર્ય અને આચાર્ય સંઘના પ્રમુખે કેટલાક આક્ષેપો કરી સરકાર સામે સવાલ ઉઠાવ્યા છે.

આચાર્ય સંદીપ પટેલે જણાવ્યું હતું કે, હું સર્વેની કામગીરી માટે પહોંચ્યો ત્યારે મસ્જીદ બંધ હોવાથી લોક મારેલાનો હું ફોટો પાડી રહ્યો હતો. ત્યારે ૧૦ લોકોનું ટોળું આવી ગયું હતું. જેમણે મને માર માર્યો હતો. ત્યારબાદ બીજું ૧૦૦-૧૫૦નું ટોળુ આવ્યું હતું. જેમાં મહિલાઓ પણ હતી. ટોળામાંથી કોઈએ કહ્યું હતું કે, આને ગલીમાં લઈ લો પતાવી દઈએ. હું મને સોંપેલી કામગીરી કરવા ગયો ત્યારે મારા પર હુમલો થયો હતો. જેથી હું ફરિયાદ કરવા દરિયાપુર પોલીસ સ્ટેશન આવ્યો છું.

આચાર્ય સંઘના પ્રમુખ રાકેશ પંડ્યાએ જણાવ્યું હતું કે, આ ઘટના ખૂબ દુખદ છે સમાજ માટે. એક શિક્ષક કે આચાર્ય પ્રજાલક્ષી માહિતી જ્યારે સરકાર મગાવતી હોય તો સરકારવતી અમે માહિતી લેવા જતા હોઈએ છીએ. પરંતુ સંવેદનશીલ વિસ્તારમાં કોઈપણ જાતના પ્રોટેક્શન વગર ત્યાં મોકલી દેવામાં આવે અને આવી જો ઘટના અવારનવાર બનતી જાય તો આવા સંવેદનશીલ વિસ્તારોમાં અમારા માણસો આવા કામ નહીં કરે. આ બાબતે અમારે રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકારમાં જ્યાં પણ રજૂઆત કરવી પડશે ત્યાં કરીશું.

જ્યારે સુરતના રાજાવાડીમાં આવેલા મદ્રેસાના પ્રિન્સિપાલ અરસદ અહમદ અબ્દુલ કાદરી મીરે જણાવ્યું હતું કે, જ્યાં સુધી મદ્રેસાની વાત છે તો તેના દરવાજા ૨૪ કલાક ખુલ્લા રહે છે. ગમે ત્યારે કોઈપણ આવે મદ્રેસાના માહોલને જુએ, તાલીમને જુએ.

હવે એક તરફ કુરાને એ પાકની તાલીમ દેવામાં આવે છે તો બીજી તરફ ઇંગ્લિશની તાલીમ દેવામાં આવે છે. એટલા માટે કે, આપણે ભારત દેશમાં રહીએ છીએ તો શેરિયત પણ જરૂરી છે અને ભારત દેશના આદેશ છે તેનું પાલન પણ જરૂરી છે. બાળકો હિન્દી, ઉર્દુ અને અરબીમાં સ્પીચ આપી શકે છે. એક તરફ વાત કરશો તો તમને ઈંગ્લિશમાં પણ જવાબ આપશે. સરકારનો કોઈપણ એવો નિયમ હશે એનું આપણે પાલન કરીશું. સુરતના જેટલા પણ મદ્રેસા છે ત્યાં જશો તો ત્યાં તમને આ બન્ને તાલીમ જોવા મળશે. નોન મુસ્લિમ એક પણ બાળક મદરેસામાં એડમિશન લેવા આજ સુધી આવ્યું નથી.

વડોદરા જિલ્લા શિક્ષણાધિકારી રાકેશ વ્યાસે જણાવ્યું હતું કે, NCPCRના પરિપત્ર અનુસંધાને કચેરીના ૩૦ અધિકારી દ્વારા સર્વેની કામગીરી કરવામાં આવી રહી છે. અમને સરકાર તરફથી વડોદરામાં ૨૯ મદરેસાની યાદી મળી છે. વડોદરામાં ૨૯થી વધુ પણ મદ્રેસા હોય શકે છે. જેમ માહિતી મળશે તેમ સર્વે કરવામાં આવશે. સર્વેમાં મદ્રેસામાં જતાં બાળકો પ્રાથમિક શિક્ષણ મેળવે છે કે નહીં ? અને મેળવે છે તો કઈ શાળામાં અભ્યાસ કરે છે. RTEનો લાભ લીધો છે કે નહીં તે અંગે સર્વે કરવામાં આવી રહ્યો છે. મદ્રેસામાં તપાસ દરમિયાન જો બાળકોને ધાર્મિક શિક્ષણ સાથે પ્રાથમિક શિક્ષણ માટેની વ્યવસ્થા કરવામાં આવી નહીં હોય તેવા મદરેસા સામે કાર્યવાહી કરવામાં આવશે.

વડોદરા શહેરમાં પોળો, સોસાયટીઓ, મસ્જિદોમા નાના-મોટા ૫૦૦ જેટલા મદ્રેસા ચાલે છે. જેમાં ફારૂકે આઝમ, આલા હઝરત જેવા ૨૫ જેટલા મોટા મદ્રેસા પણ કાર્યરત છે. દરેક મદરેસામા ધાર્મિક શિક્ષણને જેટલું મહત્વ આપવામાં આવે છે તેટલું જ મહત્વ શિક્ષણને આપવામાં આવે છે. જે બાળકોને અમારા મદ્રેસામાં અભ્યાસ કરવો હોય તેવા બાળકો ખાનગી શાળાઓમાં પણ અભ્યાસ કરી શકે છે. દરેક મદરેસામા ધાર્મિક શિક્ષણ સાથે પ્રાથમિક શિક્ષણને સમાંતર મહત્વ આપવામાં આવે છે.

ગીર સોમનાથ જિલ્લામાં પણ શિક્ષણ વિભાગની જુદી-જુદી ટીમો બનાવી સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ મુદ્દે જિલ્લા શિક્ષણ અધિકારીના જણાવ્યા મુજબ રાજ્ય સરકારમાંથી ગીર સોમનાથ જિલ્લામાં કાર્યરત ૧૮ મદ્રેસાની યાદી આવી હતી. જેમાં વેરાવળમાં ૧૨, કોડીનારમાં ૦૪ અને ઉનામાં ૦૨ મદ્રેસા પર જૂદી જુદી ટીમો બનાવી શિક્ષણ વિભાગ દ્વારા પરિપત્રમાં સૂચવેલા જુદા-જુદા ૧૧ મુદ્દે સરવે હાથ ધરવામાં આવ્યો છે.

બનાસકાંઠા જિલ્લા શિક્ષણ અધિકારીને પણ ૯૭નું લિસ્ટ આપવામાં આવ્યું છે. જેમાં ડીસા શહેરમાં પણ પાંચ જેટલા મદ્રેસાઓની તપાસ શિક્ષણ અધિકારી દ્વારા કરવામાં આવશે.

સાબરકાંઠામાં ત્રણ તાલુકાના ૬ ટીમો તપાસ કરવા પહોંચી છે. સાબરકાંઠા જિલ્લામાં ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગરમાં ૬ ટીમોએ મદ્રેસામાં તપાસ શરૂ કરી છે. આ ટીમોમાં શિક્ષણ વિભાગના અધિકારીઓ જોડાયા છે. મદ્રેસામાં અભ્યાસ કરતા બાળકો અને તેના નીતિ નિયમોને લઈને તપાસ કરવામાં આવી રહી છે.

### માતા-પિતા માટે લાલબત્તી સમાન કિસ્સો

## રાજકોટમાં બાળક કૂંડીમાં પડી જવાથી મોત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

માતા પિતા માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે, કુવાડવા રોડના શાલીગ્રામ શિલ્પ બિલ્ડિંગની એક ઘટના સામે આવી છે. રાજકોટના કુવાડવા રોડ પર બાળક કૂંડીમાં પડી જવાથી મોત થયું હતું. બાળક શાલીગ્રામ શિલ્પ બિલ્ડિંગ પાસે રમી રહ્યો હતો. રમતા રમતા તે કૂંડી પાસે પહોંચ્યો. આ દરમિયાન બાળક કૂંડીમાં પડી ગયો હતો. આ બાળકનું નામ સંદીપ બુઢા છે. આ ઘટના કુવાડવા રોડના શાલીગ્રામ શિલ્પ બિલ્ડિંગની છે. જ્યારે મૃતક બાળકના ઘરે ખબર પડી ત્યારે માસૂમ બાળકને શોધતા પરિવારજનો દોડી આવ્યા હતા. આ દરમિયાન લોકોએ કુંડીમાં જોયું કે તેમના બાળક સંદીપટાંકીમાં જોવા મળ્યો હતો. બાળકના મોતથી સોસાયટીમાં શોકને માહોલ ફેલાયો હતો.

## આઈપીએલની મેચ પર સટ્ટો રમનાર બે શખ્સોની પોલીસે અટકાયત કરી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૮

આઈપીએલની મેચ પર સટ્ટો રમતા ઈસમોએ અમદાવાદમાં અડ્ડો જમાવી દીધો હોય તેવું લાગી રહ્યું છે. હાલમાં ચાલી રહેલી IPLની મેચો દરમિયાન અમદાવાદમાંથી અનેક સટ્ટાખોર પોલીસના હાથે પકડાયા છે.ત્યારે શહેરમાંથી વધુ બે સટોડિયા IPLની મેચોનો સટ્ટો રમતાં પકડાયા છે. પોલીસે તેમના મોબાઈલ ફોન કબજે કરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ અમદાવાદમાં સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનના કર્મચારીઓ પેટ્રોલિંગમાં હતાં. તે દરમિયાન બાતમી મળી હતી કે, પંચમથાળ હોટલની સામે જાહેર રોડ ઉપર બે ઈસમો ક્રિકેટ મેચનો સટ્ટો રમે છે. આ બાતમીને આધારે પોલીસે રેડ કરીને બન્ને શખસને કોર્ડન કરી રોકી લીધા હતાં. તેમના નામ ઠામ પૂછતા સાર્થક ભાવેશકુમાર સોની અને નમન દુધાણી હોવાનું જણાવ્યું હતું. બન્નેના હાથમાં રહેલ મોબાઈલ ચેક કરતા બ્રાઈઝરમાં IPLની મેચનો લાઈવ સ્કોર ચાલુ હોવાનું જણાયું હતું. ઈસમની પૂછપરછ કરતા પોતે આ મોબાઈલમાં ક્રિકેટ મેચનો સટ્ટો રમે છે, તેમજ પૈસાની હારજીતનો પાછળથી હવાલાથી આપ-લે કરે છે. તેમ જણાવ્યું હતું. પોલીસે બંને જણાના મોબાઈલ કબજે લઈને વધુ કાર્યવાહી શરૂ કરી છે.



### સૌથી મોંઘી ટિકિટ ૨,૨૯,૬૨૫ રૂપિયા છે

## ભારત-પાકિસ્તાન મેચનો રોમાંચ અલગ લેવલે, ટિકિટનો ભાવ બે લાખને પાર

### ઓમાન અને સ્કોટલેન્ડની સૌથી સસ્તી ટિકિટ ફક્ત ૪૯૮ રૂપિયા છે

નવી દિલ્હી, તા.૧૮

ટી-૨૦ વિશ્વકપ પહેલી જૂનથી શરૂ થવાનો છે આ દરમ્યાન એક મેચ દર્શકો માટે ઘણી મહત્ત્વની છે. આ મેચ ભારત-પાકિસ્તાનની છે આ વખતે પણ આ બન્ને ટીમો વચ્ચેની મેચનો ઘણો ઉત્સાહ છે આનો અંદાજ આ વાતથી લગાવી શકાય છે કે ટી ૨૦ વિશ્વકપમાં ભારત-પાક.ની એક ટિકિટની કિંમત બે લાખથી વધુ થઈ ગઈ છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેનો મુકાબલો નવ જૂને નસાઉ કાઉન્ટી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે. તેની દર્શકોની ક્ષમતા ૩૪ હજાર છે અને તેનું નિર્માણ કાર્ય લગભગ પૂરું થઈ ચૂક્યું છે. અમેરિકામાં રમાનારી ભારત-પાક. મેચની સૌથી મોંઘી ટિકિટ ૨.૨૯ લાખ રૂપિયા છે. જ્યારે સૌથી સસ્તી ટિકિટ ૨૫ હજાર રૂપિયા છે. આ આ મેચની ૯૦ ટકા ટિકિટ વેચાઈ ગઈ છે તેના જનરલ સ્ટેન્ડની ટિકિટની કિંમત ૩૦૦ ડોલરની છે. જ્યારે કલબ કોર્નરની ટિકિટ સૌથી મોંઘી ૨૭૫૦ ડોલરની છે. ભારતની કોઈપણ મેચની ટિકિટ ૭૫૧૫ રૂપિયાથી ઓછી નથી. જ્યારે ઓમાન અને સ્કોટલેન્ડની સૌથી સસ્તી ટિકિટ ફક્ત ૬ ડોલર છે.

**ટી-૨૦ વિશ્વકપમાં ભારતનો શિડયુલ**

| તારીખ | ટીમ | સ્થળ |
|---|---|---|
| ૫ જૂન | ભારત-આયરલેન્ડ | ન્યૂયોર્ક |
| ૯ જૂન | ભારત- પાકિસ્તાન | ન્યૂયોર્ક |
| ૧૨ જૂન | ભારત-અમેરિકા | ન્યૂયોર્ક |
| ૧૫ જૂન | ભારત-કેનેડા | લોડરહિલ |

## હાર્દિક પંડ્યાને 30 લાખનો દંડ અને એક મેચનો પ્રતિબંધ લગાવાયો

મુંબઈ, તા.૧૮

મુંબઈ ઈન્ડિયન્સના કપ્તાન હાર્દિક પંડ્યા પર આઈપીએલની આ સિઝનમાં સ્લો ઓવરરેટના ત્રીજા અપરાધ માટે એક મેચનો પ્રતિબંધ અને ૩૦ લાખ રૂપિયાનો દંડ ફટકારાયો છે. લખનૌ સુપર જાયન્ટસ વિરૂદ્ધ શુક્રવારે અંતિમ લીગ મેચની સાથે જ આ સિઝનમાં મુંબઈનું અભિયાન સમાપ્ત થઈ ગયું આનો મતલબ કે હાર્દિક પંડ્યા આગામી સિઝનમાં પ્રથમ મેચ રમી શકશે નહીં એક મીડિયા યાદીમાં જણાવાયું છે કે આ આઈપીએલની આચારસંહિતા મુજબ સ્લો ઓવરરેટનો મુંબઈ ઈન્ડિયન્સનો ત્રીજો અપરાધ હતો. જેથી હાર્દિક પંડયા પર ૩૦ લાખ રૂપિયાનો દંડ અને આગામી મેચ માટે સસ્પેન્સન લગાવાયું છે. ઈમ્પેક્ટ ખેલાડી રોહિત શર્મા સહિત બાકી સભ્યો પર મેચ ફીની ૫૦ ટકા રકમ અથવા ૧૨ લાખ રૂપિયામાંથી જે ઓછું હોય તેનો દંડ ફટકારાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે મુંબઈ ઈન્ડિયન્સે એકવાર ફરી સીઝનની પોતાનો ૧૦મો મુકાબલો ગુમાવી વિદાય લીધી છે. મુંબઈ આ સીઝનમાં હાર્દિકં પંડયાના નેતૃત્વમાં ૧૪માંથી ફક્ત ચાર મેચ જ જીતી શક્યું છે. શુક્રવારે લખનૌ સુપર જાયન્ટસે પ્રથમ બેટિંગ કરતાં ૬ વિકેટે ૨૧૪ રન બનાવ્યા હતા. લખનૌ માટે કે.એલ.રાહુલે ૫૫ તો નિકોલસ પૂરને ૨૯ બોલમાં ૭૫ રન બનાવ્યા હતા. જવાબમાં રમવા ઉતરેલી મુંબઈની ટીમ તરફથી રોહિત શર્મા અને નમન ધીરે અર્ધસદી ફટકારી પણ તે ટીમને વિજય અપાવી શકયા નહીં મુંબઈને સૂર્યકુમાર (૦), ઈશાન કિશન (૧૪) અને હાર્દિક પંડયા (૧૬)ની નાની ઈનિંગ મોંઘી પડી. મુંબઈ ૧૮ રનથી આ મેચ હારી ગયું.

## રોહિતનું ફોર્મમાં આવવું ટી-૨૦ વિશ્વકપ પહેલા સારો સંકેત : ગાવસ્કર

મુંબઈ, તા.૧૮

મુંબઈ ઈન્ડિયન્સ માટે રોહિત શર્મા મોડેથી ફોર્મમાં પરત ફર્યો પણ મહાન બેટ્સમેન સુનિલ ગાવસ્કરનું માનવું છે કે આગામી મહિને રમાનાર ટી-૨૦ વિશ્વકપ પહેલા તેનું ફોર્મમાં આવવું તેના અને ભારતીય ટીમ માટે સારો સંકેત છે. આઈપીએલની આ સિઝનના પ્રથમ રાઉન્ડમાં ચેન્નાઈ સુપર કિંગ્સ વિરૂદ્ધ અણનમ ૧૦૫ રન બનાવનાર રોહિત સાતમાંથી ચાર મેચોમાં ડબલ ફીગર સુધી પહોંચી શકયો નહતો. જો કે તેણે અંતિમ મેચમાં લખનૌ સુપર જાયન્ટસ વિરૂદ્ધ ૩૮ બોલમાં ૬૮ રન બનાવ્યા. ગાવસ્કરે કહ્યું કે, આ જોઈ સારું લાગ્યું મુંબઈ ઈન્ડિયન્સ તો હવે કવોલીફાઈ કરી શકતી નથી પણ ૧૫ દિવસ બાદ ટી-૨૦ વિશ્વકપમાં ભારતની કેપ્ટનશીપ કરી રહેલા રોહિત શર્માને આ રીતે બેટિંગ કરતા જોઈ સારું લાગ્યું તેમણે કહ્યું કે તમે આજ ઈચ્છો છો રોહિત શર્મા પાસે સારી શરૂઆતની જરૂર હોય છે જેથી નીચલા ક્રમના બેટ્સમેન આવી ફિનિશરની ભૂમિકા નિભાવી શકે.

### ટી-૨૦ વિશ્વકપનું કાઉન્ટડાઉન શરૂ

## ૨૫ મેના રોજ ન્યૂયોર્ક રવાના થશે મોટાભાગના ભારતીય ખેલાડી

નવી દિલ્હી,તા.૧૮

ભારતના મોટા ભાગના ક્રિકેટર અને સહયોગી સ્ટાફ ટી-૨૦ વિશ્વકપ માટે ૨૫ મેના રોજ ન્યૂયોર્ક રવાના થશે. જ્યારે બાકીના ૨૬ મેના રોજ આઈપીએલ ફાઈનલ બાદ જશે. આ પહેલા આઈપીએલ પ્લે ઓફ માટે કવોલિફાઈ નહીં કરી શકેલી ટીમોના સભ્યોને ૨૧મેના રોજ રવાના થવાનું હતું પણ બાદમાં યોજનામાં ફેરફાર થયો હવે તે ૨૫ મેના રોજ રવાના થશે. બીસીસીઆઈના એક સૂત્રે જણાવ્યું કે રોહિત શર્મા, હાર્દિક પંડયા, સુર્યકુમાર યાદવ, બુમરાહ, રીષભ પંત, અર્શદીપસિંહ, અક્ષર પટેલ અને સહયોગી સ્ટાફ ૨૫ મેના રોજ રવાના થશે તેણે કહ્યું કે પહેલી ટુકડીને ૨૧ મે રોજ જવાનું હતું પણ ભારતીય ટીમની એક માત્ર પ્રેકિટસ મેચ પહેલી જૂને બાંગ્લાદેશ વિરૂદ્ધ રમી રહી છે. તો ખેલાડીઓને ઘરે અમુક વધારાનો સમય મળી જશે. આઈપીએલ ફાઈનલ રમનારા ખેલાડી ૨૭ મેના રોજ રવાના થશે. ભારત પ્રથમ મેચ પાંચ જૂને આયરલેન્ડ અને નવ જૂને પાકિસ્તાન સામે રમશે.

## ઈમ્પેક્ટ ખેલાડીના નિયમે રમતનું સંતુલન બગાડ્યું : વિરાટ કોહલી

બેંગ્લોર, તા.૧૮

કપ્તાન રોહિત શર્મા સાથ સહમતી વ્યક્ત કરતા સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ ઈમ્પેક્ટ ખેલાડીના નિયમની ટીકા કરતાં કહ્યુંકે, આનાથી રમતનું સંતુલન બગડી રહ્યું છે. આઈપીએલની ગત સિઝનથી ઈનિંગની વચ્ચે ઈમ્પેક્ટ ખેલાડીનો નિયમ શરૂ થયો છે. જેના પર રોહિતે નારાજગી વ્યક્ત કરી હતી. હવે કોહલીએ કહ્યું કે, હું રોહિતનું સમર્થન કરૂં છું. મનોરંજન રમતનો એક ભાગ છે પણ સંતુલન પણ હોવું જોઈએ. આનાથી રમતનું સંતુલન બગડે છે અને સંતુલન બગડે છે અને અનેક લોકોને આવું લાગે છે ફક્ત મને નહીં રોહિતે કહ્યું હતું કે, હું આ નિયમનો પ્રશંસક નથી. આનાથી ઓલરાઉન્ડરો પર વિપરીત અસર પડશે. ક્રિકેટ ૧૧ ખેલાડીઓની રમત છે, ૧૨ની નહીં. આઈપીએલની આ સિઝનમાં આઠ વખત ૨૫૦થી વધારેનો સ્કોર બન્યો અને કોહલી બોલરોને પીડા સમજે છે. તેણે કહ્યું કે, બોલરોને લાગી રહ્યું છે કે અમે શું કરીએ. મેં કયારેય આવું જોયું નથી જ્યારે બોલરોને લાગે છે કે તે દરેક બોલ પર ચોગ્ગા કે સિકસર ખાશે. દરેક ટીમ પાસે બુમરાહ અથવા રાશીદખાન તો નથી. તેણે કહ્યું કે, ૨૦૦ની સ્ટ્રાઈકરેટથી રન બની રહ્યા છે. મારૂં માનવું છે કે, ટોચના સ્તરે ક્રિકેટમાં આ રીતનું વર્ચસ્વ હોવું જોઈએ નહીં. બેટ અને બોલ વચ્ચે સમાન સંતુલન હોવું જોઈએ.

**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર મણિનગર, મહેસુલ ભવન, લાલ દરવાજા,અમદાવાદની કોર્ટમાં**

નં.એમ.એ.જી/જન્મ મરણ પ્રમાણપત્ર/એસ.આર.નં.૩૦/૨૦૨૪

વાદી : છાયાબેન સ્વીન્દ્રભાઈ ચૌહાણ, ઉ.વ. ૫૫, પંપો: ઘરકામ, ધમે હિન્દુ, રહે,૧૫૩/૩, બ્રહ્માણી માતાનો વાસ, ઘાંચીની પોળ, રખિયાલ, અમદાવાદ

વિરૂદ્ધ

પ્રતિવાદી : જન્મ મરણ રજીસ્ટ્રાર શ્રી, જન્મ મરણ વિભાગ, અ.મ્યુ.કો., અમદાવાદ.

આથી લાગતા વળગતાં ઇસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રીના સાસુ શાંતાબેન રામસીંગ ચૌહાણનું અવસાન તા. ૩૧/૦૫/૨૦૧૫ ના રોજ ૧૫૩/૩, બ્રહ્માણી માતાનો વાસ,ઘાંચીની પોળ, રખિયાલ અમદાવાદ ખાતે થયેલ છે. અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાના નિયમોનું જ્ઞાન ન હોઈ ભુલ અને અજ્ઞાનવશથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદરહુ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધો યા તકરાર હોઈ તો પોતે અથવા વકીલ મારફતે મુદત તા.21-5-2024 ના રોજ બપોરના ૩.૦૦ કલાકે એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ અને સીટી મામલતદારશ્રી મણીનગર, એસ.બી.આઈ. બેંકની સામે, લાલ દરવાજા, અમદાવાદની કોર્ટમાં બીનચુક હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઇસમોને નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

સીટી મામલતદાર, મણીનગર, અમદાવાદ

# મુંબઈની પાંખો કાપવામાં આવી રહી છે, ભાજપ તેને મહારાષ્ટ્રથી અલગ કરવાનો પ્રયાસ કરી રહ્યો છે : ઉદ્ધવ ઠાકરે

## મુંબઈની સંભાળ લેવા માટે BMC પૂરતું છે એમ કહીને પૂર્વ સીએમ ઉદ્ધવ ઠાકરેએ પણ મહા વિકાસ અઘાડી સત્તામાં આવ્યા પછી MMRDA નાબૂદ કરવાનું વચન આપ્યું હતું

(એજન્સી) મુંબઈ, તા.૧૮

શિવસેના વર્ષોથી જે ભયનું વારંવાર પુનરાવર્તન કરી રહ્યું છે તેને ફરીથી ઉચ્ચારતા પૂર્વ મુખ્ય પ્રધાન અને શિવસેના યુબીટીના વડા ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી (BJP) મુંબઈને મહારાષ્ટ્રથી અલગ કરવાનો પ્રયાસ કરી રહી છે.

૨૦૧૯માં ભાજપથી અલગ થયા પછી, ઉદ્ધવ ઠાકરે નરેન્દ્ર મોદી સરકાર પર શહેર વિરૂદ્ધ કાવતરૂં ઘડવાનો આરોપ લગાવી રહ્યા છે, જેમાં મુંબઈના બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સને બદલે ગુજરાતના ગિફ્ટ સિટીને ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સેન્ટર તરીકે પસંદ કરવામાં આવ્યાનો અને નાણાકીય સંસ્થાઓ અને ઉધ્યોગના પાડોશી રાજ્યોમાં સ્થળાંતરનો તેમણે ઉલ્લેખ કર્યો હતો .



મીડિયા સાથેની એક મુલાકાતમાં, ઉદ્ધવ ઠાકરેએ એમ પણ કહ્યું હતું કે મુંબઈની સંભાળ લેવા માટે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) પૂરતી છે, અને જો મહા વિકાસ અઘાડી સત્તામાં આવશે, તો તે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (MMRDA)ને નાબૂદ કરશે. BMC-મુંબઈની નાગરિક સંસ્થા-અને MMRDA વચ્ચે ખેંચતાણનો ઈતિહાસ રહ્યો છે.

ઠાકરેએ કહ્યું "હવે, MMRDA મેટ્રો પ્રોજેક્ટ માટે BMC પાસેથી પૈસા માંગે છે. આ MMRDAનો શું ઉપયોગ? તે મુંબઈની જમીન વેચી રહી છે (બુલેટ ટ્રેન પ્રોજેક્ટનો ઉલ્લેખ કરીને), અને હવે, તે તેના પ્રોજેક્ટ્સને અમલમાં મૂકવા માટે BMC પાસેથી પૈસા માંગે છે, જો તેઓ તેને નાબૂદ નહીં કરે, તો કમસે કમ MMRDAને મુંબઈ મેટ્રોપોલિટન શહેરની સીમાઓની બહાર ફેંકી દેશે. ઠાકરેએ પુનરાવર્તિત કર્યું કે કેન્દ્ર મુંબઈના વાલી મંત્રીને બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ની અંદર એક કાર્યાલય ફાળવવું અને NITI આયોગની મુંબઈનો વિકાસ કરવા માટેની દરખાસ્તો સૂચવે છે કે મુંબઈને મહારાષ્ટ્રથી અલગ કરશે.

તેમણે કહ્યું કે, "આ મુંબઈની પાંખો કાપવા સિવાય બીજું કંઈ નથી. તેઓ સુવર્ણ હંસને મારી નાખવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ તેમની ઈર્ષ્યા છે. તેઓ અમદાવાદને આર્થિક રાજધાની બનાવવા માંગે છે. જો તેઓ આ સુવર્ણ હંસને મારી નાખશે, તો મહારાષ્ટ્ર પણ મારી જશે."

લોકસભાની ચૂંટણી વિશે તેમણે કહ્યું કે ૪ જૂને કેન્દ્રમાં સરકાર બદલાશે કારણ કે ઈન્ડિયા બ્લોક સત્તામાં આવશે.

તેમણે કહ્યું કે, "ચોથી જૂને, તે ડિમોનેટાઈઝેશનની જેમ જ ડિમોદીનેશન હશે. મોદી માત્ર નરેન્દ્ર મોદી જ રહેશે અને વડાપ્રધાન નહીં, કારણ કે તેમણે નોટબંધી દરમિયાન કહ્યું હતું કે રૂા.૫૦૦ અને રૂા.૧,૦૦૦ માત્ર કાગળ રહેશે, ચલણ નહીં."

ઠાકરેએ એમ પણ કહ્યું હતું કે મુંબઈ અને મહારાષ્ટ્રના અન્ય ભાગોમાં પીએમ મોદીના રોડ-શો અથવા રેલીઓની માત્ર ઈન્ડિયા બ્લોકની સંભાવનાઓ પર 'સકારાત્મક અસર' થશે કારણ કે લોકોને અહેસાસ થવા લાગ્યો છે કે મોદી તેમના વચનો પૂરા કરી રહ્યા નથી. તેમણે કહ્યું કે, "મોદીએ આ ચૂંટણીમાં રાજ્યમાં બમણી રેલીઓ કરી છે. છેલ્લી વાર ૨૦૧૯માં, તેમણે કોઈ બાબતની ચિંતા કરવાની જરૂર નહોતી. ૨૦૧૪ અને ૨૦૧૯ બંનેમાં મહારાષ્ટ્રે ૪૦થી વધુ સાંસદો આપ્યા હતા. આ વખતે તે શક્ય બનશે નહીં."

# મહારાષ્ટ્રમાં બે પક્ષોને વિભાજિત કરનારી ભાજપ 'ટુકડે-ટુકડે ગેંગ' છે : ખેરા

## તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, મહારાષ્ટ્રમાં કુલ ૪૮ બેઠકોમાંથી ઈન્ડિયા ગઠબંધન ૩૫ બેઠકો જીતશે

(એજન્સી) મુંબઈ, તા.૧૮

કોંગ્રેસના નેતા પવન ખેરાએ શુક્રવાર, ૧૭ મેના રોજ ભાજપને 'ટુકડે ટુકડે ગેંગ' તરીકે ઓળખાવીને કહ્યું કે, તેણે મહારાષ્ટ્રમાં બે રાજકીય પક્ષોમાં ભાગલા પાડ્યા છે, જો કે, લોકોને ભગવા પક્ષનું કાર્ય ગમ્યું નથી.



તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં જે કામ કર્યું છે તેના સંદર્ભમાં ભાજપ પાસે લોકોમાં પ્રકાશિત કરવા માટે કોઈ મુદ્દો નથી એટલે મોદી તેમના ચૂંટણી ભાષણો દ્વારા ધાર્મિક ધ્રુવીકરણ કરી રહ્યા છે.

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ (AICC)ના મીડિયા અને પ્રચાર વિભાગના અધ્યક્ષે જણાવ્યું હતું કે, 'મહારાષ્ટ્રમાં ઈન્ડિયા બ્લોક તરફ લોકોની પસંદગી છે અને ગુજરાત સહિત સમગ્ર દેશમાં પણ આવું જ વાતાવરણ જોવા મળી રહ્યું છે.'

તેઓ અનુક્રમે મુખ્યપ્રધાન એકનાથ શિંદે અને નાયબ મુખ્યપ્રધાન અજિત પવારના બળવાને કારણે શિવસેના અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)માં વિભાજનનો ઉલ્લેખ કરી રહ્યા હતા. 'ટુકડે ટુકડે ગેંગ' જેનો અંદાજે અર્થ થાય છે 'જે લોકો ભારતને ટુકડે-ટુકડા કરવા માંગે છે', તે શબ્દ કોંગ્રેસ અને ડાબેરી દળોને નિશાન બનાવવા માટે ભાજપ દ્વારા વારંવાર ઉપયોગમાં લેવાય છે. વડાપ્રધાન પર નિશાન સાધતા ખેરાએ કહ્યું કે, લોકસભા ચૂંટણી પ્રચાર દરમિયાન પીએમ નરેન્દ્ર મોદી જ્યારે પણ બોલ્યા ત્યારે તેમણે વિવાદ ઊભો કર્યો. છેલ્લા ૧૦ વર્ષમાં તેમની સરકારે કરેલા કામનું કોઈ રિપોર્ટ કાર્ડ નથી, તેથી તેમની પાસે કહેવા માટે કંઈ જ નથી. ભાજપ પાસે અન્ય કોઈ મુદ્દો ન હોવાથી મોદી ધાર્મિક ધ્રુવીકરણ પર ભાર મૂકી રહ્યા છે.

ખેરાએ જણાવ્યું હતું કે, ૪ જૂન લોકસભા ચૂંટણી પરિણામો પછી પીએમ મોદીએ નાગપુરની દીક્ષાભૂમિ પર જઈને આત્મમંથન કરવું જોઈએ. મહારાષ્ટ્રમાં ઈન્ડિયા ગઠબંધન નેતૃત્વ કરશે અને મહારાષ્ટ્રના પરિણામો જેવાજ સમગ્ર દેશમાં પણ પરિણામો હશે.

તેણે કહ્યું, 'મોદી બેક ટુ બેક ઈન્ટરવ્યુ આપી રહ્યા છે, પરંતુ તેઓ જે બોલે છે તે બધું હાસ્યાસ્પદ લાગે છે. ખબર નથી મોદીજી એવી કઈ દવા લે છે કે, તેઓ એક દિવસ જે બોલ્યા હતા તે ભૂલી જાય છે અને બીજા દિવસે કંઈક બીજું જ બોલે છે. મોદીના ઈન્ટરવ્યુ કોમેડી શો જેવા લાગે છે.'

ખેરાએ આરોપ લગાવ્યો કે, 'મોદીએ વડાપ્રધાનના પદને હાસ્યાસ્પદ બનાવ્યું છે. તેઓ રાહુલ ગાંધીનો ઉલ્લેખ 'શહેજાદે' તરીકે કરે છે અને જ્યારે તેમને રાહુલ ગાંધી વિશે પ્રશ્ન પૂછવામાં આવે છે, ત્યારે તેઓ કહે છે 'કોણ રાહુલ' ? રાહુલ ગાંધી શહેજાદા નથી પરંતુ તે તો શાહિદજાદા (શહીદનો પુત્ર) છે અને દેશમાં માત્ર એક જ રાજકુમાર છે અને તે છે અમિત શાહનો પુત્ર જય શાહ.'

આ પ્રસંગે પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ નાના પટોલેએ જણાવ્યું કે, 'લોકસભાની ચૂંટણી લોકોએ હાથમાં લીધી છે અને લોકોમાં ભાજપ અને પીએમ મોદી સામે ભારે રોષ છે. એવું લાગે છે કે, મહા વિકાસ અઘાડી (MVA) બહુમતી સાથે જીતશે.'

તેમણે આરોપ લગાવ્યો હતો કે, 'ઘાટકોપરમાં હોર્ડિંગ તૂટી પડવાની દુર્ઘટનામાં ૧૬ લોકોનાં મોત થયા હતા અને ૭૫ લોકો ઘાયલ થયા હતા. વડાપ્રધાન મોદીએ મૃતકોના સંબંધીઓ અને ઘાયલોને મળવાની અને તેમને સાંત્વના આપવાની માનવતા પણ દેખાડી નથી. ઘાટકોપરથી જ રોડ-શો કરીને પીએમ મોદીએ મૃતકોના સંબંધીઓના ઘા પર મીઠું નાખ્યું છે.'

# ૮૫ ટકા ભારતીયો કહે છે કે, આબોહવાનું પરિવર્તન તેમને અસર કરે છે : સર્વે

## યેલ પ્રોગ્રામ ઓન ક્લાઈમેટ ચેન્જ કોમ્યુનિકેશન એન્ડ સીવોટર દ્વારા ગયા વર્ષે પાંચ સપ્ટેમ્બર અને ૧ નવેમ્બર વચ્ચે સર્વેક્ષણ હાથ ધરાયું હતું, જેમાં ૨૧૭૮ પુખ્ત વયના લોકોમાંથી ૯૧ ટકા લોકો 'ગ્લોબલ વોર્મિંગ વિશે ચિંતિત' છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

ભારતમાં કરાયેલા સર્વેક્ષણમાં ૮૫ ટકા લોકો પહેલેથી જ આબોહવા પરિવર્તનની અસરો અનુભવે છે. તેમાંથી ત્રીજા કરતાં વધુ એટલે કે ૩૪% લોકોએ તો તીવ્ર ગરમી, દુષ્કાળ અને પૂર જેવી આત્યંતિક હવામાનની ઘટનાઓને કારણે પહેલેથી જ સ્થળાંતર કર્યું છે અથવા સ્થળાંતર કરવાનું વિચાર્યું છે.

પાછલા વર્ષમાં ઓછામાં ઓછા એક દિવસ માટે ૩૮% લોકોને પૂરતું શુદ્ધ પીવાનું પાણી મળ્યું ન હતું અને ૭૨% લોકોને સામાન્ય દિવસે વીજળીના વિક્ષેપનો અનુભવ કરવો પડ્યો હતો.

જીનીવા સ્થિત ઈન્ટરનલ ડિસ્પ્લેસમેન્ટ મોનિટરિંગ સેન્ટરના અહેવાલ મુજબ હવામાન સંબંધિત આફતોએ ૨૦૨૩માં ભારતમાં અડધા મિલિયન (પાંચ લાખથી વધુ) અને ૨૦૨૨માં લગભગ ૨.૫ મિલિયન (૨૫ લાખ) આંતરિક વિસ્થાપનને કારણભૂત બનાવ્યું હતું.

ગંભીર ગરમીના તરંગોએ સતત ત્રણ વર્ષથી ભારતના ભાગોમાં મોટી સંખ્યામાં લોકોને અસર કરી છે, જેનાથી આરોગ્ય, પાણીની ઉપલબ્ધતા, કૃષિ, વીજ ઉત્પાદન અને અર્થતંત્રના અન્ય ક્ષેત્રોને અસર થઈ છે.

ગત વર્ષે હિમાચલપ્રદેશ અને ઉત્તરાખંડના હિમાલયના રાજ્યોમાં જીવલેણ પૂરે વિનાશનો દોર વેરી દીધો હતો. ઓક્ટોબરમાં સિક્કિમમાં હિમનદી તળાવ ફાટી નીકળેલા પૂરને કારણે એક હાઈડ્રોઈલેક્ટ્રિક ડેમ તૂટી પડ્યો હતો જેમાં ૧૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા અને ૮૮,૦૦૦થી વધુ લોકો પ્રભાવિત થયા હતા.

યેલ પ્રોગ્રામ ઓન ક્લાઈમેટ ચેન્જ કોમ્યુનિકેશન-CVoter સર્વે મુજબ, ૭૦ ટકાથી વધુ લોકો માને છે કે, ગ્લોબલ વોર્મિંગ તેમના સ્થાનિક વિસ્તારોના હવામાન અને ભારતમાં ચોમાસાને અસર કરે છે પરંતુ માત્ર ૬૪% સામાન્ય રીતે આત્યંતિક હવામાન ઘટના પહેલા ચેતવણીઓ પ્રાપ્ત કરે છે. જ્યારે ૮૬% ઉત્તરદાતાઓ ૨૦૭૦ સુધીમાં નેટ-શૂન્ય કાર્બન ઉત્સર્જન હાંસલ કરવાની ભારતની પ્રતિબદ્ધતાની તરફેણ કરે છે, ૭૮% કહે છે કે, સરકારે



ગ્લોબલ વોર્મિંગને સંબોધવા માટે વધુ કઈક કરવું જોઈએ. ૬૧ ટકા લોકો માને છે કે, ભારતે પુનઃ પ્રાપ્ય ઊર્જાનો ઉપયોગ વધારવો જોઈએ જ્યારે માત્ર ૧૪ ટકા લોકો માને છે કે, દેશે અશ્મિભૂત ઈંધણનો ઉપયોગ વધારવો જોઈએ.

ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીના જણાવ્યા અનુસાર, ભારત વૈશ્વિક વસ્તીના લગભગ ૧૮ ટકા હિસ્સો ધરાવે છે પરંતુ વિશ્વની પ્રાથમિક ઊર્જાનો માત્ર ૬ ટકા ઉપયોગ કરે છે.

જો કે, તેની મોટી વસ્તીને કારણે ભારત હાલમાં ચીન અને યુએસ પછી ત્રીજા ક્રમનું સૌથી મોટું ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જક છે.

સંશોધન દર્શાવે છે કે, આબોહવાની અસરો માટે સૌથી વધુ સંવેદનશીલ દેશોમાં ભારત આવે છે. આબોહવા પરિવર્તન પહેલાથી જ દેશમાં વધતી મોસમમાં ફેરફાર કરવાનું શરૂ કરી દીધું છે અને તેની લગભગ ૫૦% વસ્તી કૃષિ અને અન્ય આબોહવા સંવેદનશીલ ક્ષેત્રોમાં રોકાયેલી હોવાથી ઉત્પાદકતા અને આરોગ્યને નુકસાન નોંધપાત્ર છે.

સ્વતંત્ર વિચારસરણી કાઉન્સિલ ઓન એનર્જી, એન્વાયરમેન્ટ એન્ડ વોટર મુજબ, ભારતીય વસ્તીના ૮૦%થી વધુ લોકો એવા જિલ્લાઓમાં રહે છે જે આત્યંતિક હવામાનની ઘટનાઓ માટે અત્યંત સંવેદનશીલ હોય છે. એવો અંદાજ છે કે, ૨૦૫૦ સુધીમાં ભારતમાં ૧૪૮.૩ મિલિયન (૧૪.૮૩ કરોડ) લોકો ગંભીર આબોહવા હોટસ્પોટમાં જીવતા હશે.

# શબાના આઝમીએ ખુલાસો કર્યો; જાવેદ અખ્તર કહે છે કે તેમના લગ્ન ૪ દાયકા સુધી ચાલ્યા કારણ કે તેઓ વારંવાર મળતા નથી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

વરિષ્ઠ અભિનેત્રી શબાના આઝમીએ ગીતકાર જાવેદ અખ્તર સાથેના તેમના સફળ લગ્ન પાછળના રહસ્ય વિશે વાત કરી. ETimesને આપેલા ઈન્ટરવ્યુમાં શબાના જેમણે લગભગ ૪૦ વર્ષ પહેલાં ડિસેમ્બર ૧૯૮૪માં જાવેદ સાથે લગ્ન કર્યા હતા, તેમણે જણાવ્યું હતું કે, તેમના પતિને લાગે છે કે તેમના લગ્ન સફળ છે કારણ કે તેઓ વારંવાર મળતા નથી.

જાણીતા કવિ સ્વર્ગસ્થ કૈફી આઝમીની પુત્રી શબાનાએ પોર્ટલને કહ્યું, જાવેદ અખ્તર કહે છે કે અમારા લગ્નની સફળતા એ છે કે અમે ઘણી વાર મળતા નથી, અમે બંને અલગ-અલગ જગ્યાએ કામમાં વ્યસ્ત હોઈએ છીએ. અમે સમાન પૃષ્ઠભૂમિમાંથી આવીએ છે, અમારા બંનેના પિતા યુપીના કવિઓ અને સામ્યવાદીઓ હતા, વસ્તુઓ પર અમારો અભિપ્રાય સમાન હોય છે, તેથી આ પરિબળોને ધ્યાનમાં રાખીને લોકો કહે છે કે અમારે ગોઠવાયેલા લગ્ન હોવા જોઈએ.

શબાના અને જાવેદે વર્ષોથી વિવિધ મુલાકાતોમાં તેમની ગાઢ મિત્રતા વિશે વાત કરી છે. જાવેદ સાથેના તેમના લગ્ન વિશે વધુ બોલતા અભિનેત્રીએ તે જ ઈન્ટરવ્યુમાં કહ્યું, અમારો સંબંધ સુખી અને મજબૂત છે. જાવેદ કહે છે કે શબાના મારી શ્રેષ્ઠ મિત્ર છે અને લગ્ન પછી પણ તે બદલાયું નથી. ૨૦૨૩માં લેખક-ગીતકારને




અભિનેતા અરબાઝ ખાને તેમના શો ધ ઈનવિન્સીબલ્સ પર પૂછ્યું હતું કે સફળ લગ્ન માટેની ચાવી શું છે. જેના પર જાવેદે જવાબ આપ્યો, સ્વતંત્ર મજબૂત મનની સ્ત્રી સાથે રહેવું એ સરળ નથી હોતું. ક્યારેક તમારે સંઘર્ષ પણ કરવો પડશે પણ એ યાદ રાખવું કે તે પણ તમારી સમાન છે. જાવેદ અખ્તરે પહેલા પટકથા લેખક હની ઈરાની સાથે લગ્ન કર્યા હતા.૧૯૮૪માં જાવેદ એ પ્રથમ પત્નીથી અલગ થયા બાદ શબાના સાથે લગ્ન કર્યા હતા. હની અને જાવેદના બે બાળકો છે, ફિલ્મ નિર્માતા ઝોયા અખ્તર અને અભિનેતા-ફિલ્મ નિર્માતા ફરહાન અખ્તર.

# ભારતમાં ૨૦૧૬થી ૨૦૨૧ સુધીમાં ૯,૬૮૧ બાળકોને ખોટી રીતે કેદ કરવામાં આવ્યા : અહેવાલ

## એપ્રિલ ૨૦૨૨થી માર્ચ ૨૦૨૩ વચ્ચેના સમયમાં માહિતી અધિકાર (RTI) એક્ટ હેઠળ મેળવેલા ડેટાના આધારે, ૨૮ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૧૨૪ જેટલી RTI અરજીઓ દાખલ કરવામાં આવી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

રશ્મીએ જણાવ્યું કે, 'મારી ૧૭ વર્ષની ઉંમરે ધરપકડ કરવામાં આવી હતી અને પુખ્ત વયની જેલમાં મૂકવામાં આવ્યુ હતું. ધરપકડ કરનાર અધિકારી દ્વારા મારી ઉંમર વિશે પૂછવામાં આવતાં મેં કહ્યું કે, તે ૧૭ વર્ષ છે પરંતુ તેઓએ ૧૯ વર્ષ લખ્યું છે અને મારી ઉંમર સાબિત કરવા માટે મારી પાસે કોઈ પુરાવા ન હતા. ઘણા મુલાકાતી ન્યાયાધીશો અને મેજિસ્ટ્રેટોએ મને મારી સમસ્યાઓ વિશે પૂછ્યું, પરંતુ કોઈએ મદદ કરી નહીં.' કાયદાના સંઘર્ષમાં રહેલી બાળકી રશ્મિને છ વર્ષ પહેલાં ગેરકાયદેસર ધરપકડનો સામનો કરવો પડ્યો હતો.



તાજેતરમાં અહીંની સામાજિક ન્યાય સંસ્થા iProbono દ્વારા 'ભારતની જેલોમાં બાળકોની કેદ' પરનો અહેવાલ બહાર પાડવામાં આવ્યો હતો. આ અહેવાલ જુવેનાઈલ જસ્ટિસ (ચિલ્ડ્રનનું સંરક્ષણ અને સંરક્ષણ) અધિનિયમ, ૨૦૧૫ હેઠળ કાયદાની યોગ્ય પ્રક્રિયા વિના સગીરોનો કેવી રીતે પુખ્તવયના લોકોની જેલમાં મૂકવાનામાં આવે છે તે અંગેનો અભ્યાસ છે.

આ અભ્યાસ બે ઉદ્દેશ્યો પર આધારિત છે, કાયદા (CCLs) સાથે સંઘર્ષમાં રહેલા બાળકોની સંખ્યા પર એક વ્યાપક રાજ્ય-વાર માહિતીનું સંકલન કરવું કે જેમને કેન્દ્રીય અને જિલ્લા જેલોમાં અટકાયતમાં રાખવામાં આવ્યા હતા અને બાળ સંભાળ સંસ્થાઓમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. બીજુ ઉદ્દેશ્ય, જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ્સ (JJBs) પુખ્ત વયની જેલોમાં બાળકોની મુલાકાત લઈને તેમની કેદને રોકવામાં સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે કે નહીં એનું મૂલ્યાંકન કરવાનું છે.

આ અહેવાલ એપ્રિલ ૨૦૨૨ અને માર્ચ ૨૦૨૩ વચ્ચે માહિતી અધિકાર (RTI) એક્ટ હેઠળ મેળવેલા ડેટા પર આધાર રાખે છે. જેમાં ૨૮ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૧૨૪ જેટલી RTI અરજીઓ દાખલ કરવામાં આવી હતી. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, ૧ જાન્યુઆરી, ૨૦૧૬ અને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૧ વચ્ચે સમગ્ર દેશમાં ઓછામાં ઓછા ૯૬૮૧ બાળકોને ખોટી રીતે કેદ કરવામાં આવ્યા હતા.

સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ એસ રવિન્દ્ર ભટે જણાવ્યું હતું કે, સગીરોને આવી ખોટી રીતે કેદમાં રોકવાની જવાબદારી નાગરિકોની નથી, પરંતુ હિતધારકો અને રાજ્યની છે.

તેમણે કહ્યું, 'રાજ્ય માતા-પિતા છે અને નાગરિકોનું બાળપણ છીનવી રહ્યું છે. જેલમાં બંધ લોકો બધા જ અવિચારી પ્રણાલીનો ભોગ બને છે કારણ કે, તેઓ કાં તો આશા ગુમાવે છે અથવા તેમની પાસે કોઈ દૃષ્ટિકોણ નથી. તેઓને તે તમામ અધિકારો, સુવિધાઓ અને તકોથી વંચિત રાખવામાં આવે છે જે આપણે અવગણી રહ્યા છીએ.'

તેમણે કહ્યું હતું કે, કિશોરો કાયદાના સંઘર્ષમાં રહેલા બાળકો નથી પરંતુ તેઓને સંભાળની જરૂર છે તેથી તેમની ઓળખ અને કાયદાકીય સહાયની જોગવાઈઓ વિસ્તૃત કરવી જોઈએ.

ભટે ઉમેર્યું, 'મને લાગે છે કે, આવા કિસ્સાઓમાં (ખોટી કેદના), સરકાર પર દાવો માંડવો પડશે અને પીડિતોને નાણાકીય વળતર ચૂકવવા માટે જણાવવુ જોઈએ.'

પ્રણાલીગત જવાબદારીઓ અને છટકબારીઓ વિશે વાત કરતા નિષ્ણાતોએ કહ્યું હતું કે, દિલ્હી હાઈકોર્ટે જણાવ્યું હતું કે, એકવાર જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ બાળકની ઉંમર નક્કી કરે, જેથી તેનો ઉપયોગ ભવિષ્ય માટે વય દસ્તાવેજ તરીકે થઈ શકે છે. પરંતુ પોલીસ તેનું પાલન કરવામાં નિષ્ફળ જાય છે. સભામાં હાજર એક નિષ્ણાતે જણાવ્યું હતું કે, 'સુધારણા લાવવામાં નિષ્ફળ જવાના કારણો પૈકી એક કારણ એ છે કે, અધિકારીઓને તેમની ક્રિયાઓ માટે વ્યક્તિગત રીતે જવાબદાર ન ઠેરવવામાં આવે છે. કિશોરો સામે સમાજમાં એક મજબૂત કલંક છે અને હિસ્સેદારોને લાગે છે કે, તેમનો સમય, શક્તિ અને કરૂણા આવા કેસોને લાયક નથી અને તેમને આ મુશ્કેલીભર્યું લાગે છે.' iProbonoના સલાહકાર ગીતાંજલિ પ્રસાદે જણાવ્યું હતું કે, આ અભ્યાસની મર્યાદાઓ એ છે કે, આ અહેવાલ દેશની તમામ જેલોને આવરી લેતો નથી અને તે મુખ્યત્વે રાજ્ય અને કેન્દ્રીય જેલો પર કેન્દ્રિત છે. શા માટે બાળકોની કેદની સંખ્યા વધુ છે તેની તપાસ કરવા પર, બાળકોની કેદની સંખ્યા શા માટે વધારે છે તેની તપાસ કરવા પર, 'માળખાકીય સંસાધનોનો અભાવ અવલોકન ગૃહો ન હોવું, સગીરો માટે સલામતી જગ્યા તેમજ અમુક વર્ગોની નબળાઈ' જેવા કારણો જણવા મળ્યા હતા. દિલ્હી જેલોના પૂર્વ કાયદાકીય સલાહકાર સુનિલ ગુપ્તાએ ઉમેર્યું હતું કે, 'દિલ્હી જેલ મેન્યુઅલ અને દિલ્હી પ્રિઝન એક્ટ ૨૦૦૦ની મુસદ્દા સમિતિના એક સભ્ય તરીકે, મેં તેમાં ઉમેર્યું હતું કે, તે જેલ અધિક્ષકની વ્યક્તિગત જવાબદારી છે કે, કોઈ કિશોરને પુખ્ત જેલમાં નાખવામાં ન આવે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'જેલ સુધારણા ત્યારે શરૂ થાય છે જ્યારે કોઈ દુર્ઘટના થાય છે.'

# પાંચ સામાન્ય ઉત્પાદનો કે જે કેન્સરનું જોખમ વધારી શકે છે

(એજન્સી) ચેન્નાઈ, તા.૧૮

કોલ ટાર, જેને ચારકોલ તેલ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે કોલસાની પ્રક્રિયામાંથી આવે છે. તેને કાર્સિનોજેન માનવામાં આવે છે, જે કેન્સરનું કારણ બની શકે છે.

કેન્સર એ એક ગંભીર બીમારી છે જેમાં મૃત્યુની ઉચ્ચ સંભાવના છે. નેશનલ સેન્ટર ફોર ડિસીઝ ઈન્ફોર્મેટિક્સ એન્ડ રિસર્ચનો ૨૦૨૪નો અહેવાલ દર્શાવે છે કે, ૨૦૨૨માં ભારતમાં કેન્સરના ૧૪ લાખ નવા કેસ નોંધાયા હતા.

તે દર નવ વ્યક્તિમાંથી લગભગ એક છે. ધૂમ્રપાન અને મદ્યપાન ઉપરાંત આપણા રોજિંદા જીવનમાં અન્ય રસાયણો છે જે સમય જતાં કેન્સરનું જોખમ વધારી શકે છે. અત્યારે જે મહત્ત્વનું છે તે, આ રસાયણો વિશે જાણવાનું છે અને કંઈપણ ખરીદતા પહેલા સાવચેત રહેવાનું છે.

**ડામર :-** કોલ ટાર, જેને ચારકોલ તેલ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે કોલસાની પ્રક્રિયામાંથી આવે છે. તેને કાર્સિનોજેન માનવામાં આવે છે, જેનો અર્થ છે કે, તે કેન્સરનું કારણ બની શકે છે. તે ઘણીવાર સૌંદર્ય પ્રસાધનો અને વાળના રંગ અને શેમ્પુ જેવી ત્વચા સંભાળની વસ્તુઓમાં જોવા મળે છે. કોલસાના ટાર સાથે ઉત્પાદનોનો ઉપયોગ ફેફસાં, કિડની, મૂત્રાશય અને પાચન તંત્રમાં કેન્સરનું જોખમ વધારી શકે છે. EPA, IARC અને EPA જેવા જૂથોએ આ રસાયણ વિશે ચેતવણી આપી છે. તેથી તમે સ્કિન કેર પ્રોડક્ટ્સ ખરીદતા પહેલા તેમાં કેટલા રસાયણો છે તે તપાસવું જરૂરી છે.

**પેરાબેન :-** પેરાબેન એ રસાયણો છે જેનો ઉપયોગ કોસ્મેટિક ઉત્પાદનોને લાંબા સમય સુધી ખરાબ થતા રોકવા માટે થાય છે. તેઓ ઘણીવાર સાબુ, શેમ્પૂ, શેવિંગ સામગ્રી અને પ્રોસેસ્ડ ફૂડ્સમાં હોય છે. અભ્યાસો દર્શાવે છે કે, પેરાબેન્સ હોર્મોન્સ સાથે ગડબડ કરી શકે છે અને બાળકને જન્મ આપવાનું મુશ્કેલ બનાવે છે. તેઓ સ્તન કેન્સરનું જોખમ પણ વધારે છે. સુરક્ષિત રહેવા માટે પેરાબેન-મુક્ત લેબલવાળી પ્રોડક્ટ્સ પસંદ કરો.

**ફોર્માલ્ડિહાઈડ :-** ફોર્માલ્ડિહાઈડ એ રંગહીન ગેસ છે જેનો ઉપયોગ ઈમારતો બાંધવામાં, કારના ભાગો બનાવવા, કપડાં બનાવવા અને જંતુનાશકો બનાવવા માટે થાય છે. IARC મુજબ, તે મનુષ્યોમાં કેન્સરનું




કારણ બની શકે છે. તેથી ફર્નિચર ખરીદતા પહેલા હંમેશા ફોર્માલ્ડિહાઈડ વિશે તપાસ કરો.

**થૈલેટ્સ :-** થૈલેટ્સ એ રસાયણો છે જે કૃત્રિમ સુગંધમાં ઉમેરવાના કામમાં આવે છે જેથી તેઓ લાંબા સમય સુધી ટકી શકે. તેઓ પરફ્યુમ, હેર સ્પ્રે, નેઈલ પોલીશ અને એર ફ્રેશનર્સમાં જોવા મળે છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, તેઓ એલર્જીનું કારણ બની શકે છે, હોર્મોન્સને વિક્ષેપિત કરી શકે છે અને સ્તન કેન્સરનું જોખમ વધારી શકે છે. તમારી જાતને સુરક્ષિત રાખવા માટે બ્રાન્ડ્સ અને ઉત્પાદનો પસંદ કરો કે જે તેમના ઘટકોને સૂચિબદ્ધ કરે છે, જેથી તમે ખાતરી કરી શકો કે તે વાપરવા માટે સલામત છે.

**એક્રેલામાઈડ :-** એક્રેલામાઈડ એ એક રસાયણ છે જે જ્યારે ખોરાકને ઊંચા તાપમાને રાંધવામાં આવે છે, જેમ કે ફ્રાઈંગ અથવા બેકિંગ. પ્રાણીઓ પર સંશોધન સૂચવે છે કે, તે કેન્સરનું કારણ બની શકે છે અને તે મનુષ્યોને પણ અસર કરી શકે છે. ધૂમ્રપાન પછી સ્થૂળતાને કેન્સરનું બીજું મુખ્ય કારણ માનવામાં આવતું હોવાથી એક્રેલામાઈડ ધરાવતા ખોરાકથી દૂર રહેવું યોગ્ય છે. કોઈપણ ઉત્પાદન ખરીદતા પહેલા હંમેશા તમારૂં સંશોધન કરો, કારણ કે, તમારૂં સ્વાસ્થ્ય પ્રથમ આવે છે.

# પાટણ જિલ્લાના ૧૨૫ મદ્રેસાઓની સર્વેની કામગીરી શાંતિપૂર્ણ સંપન્ન

પાટણ,તા.૧૮

રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ ન્યુદિલ્હીના આદેશ મુજબ પાટણ જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા પાંચ તાલુકાઓના ૧૨૫ મદ્રેસાઓની મળેલી યાદી મુજબ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જુદા જુદા ૫૦ અધિકારીઓ અને કર્મચારીઓની ટીમે આજે એક જ દિવસમાં યાદી મુજબના ૧૨૫ મદ્રેસાઓની મોડી સાંજ સુધી મુલાકાત લઈ સર્વેની કામગીરી શાંતિપૂર્ણ રીતે સંપન્ન કરી હોવાનું જિલ્લા શિક્ષણાધિકારીએ જણાવ્યું હતું. પાટણ જિલ્લાના મદ્રેસાઓના સર્વેની કામગીરી બાબતે વધુ માહિતી આપતા જિલ્લા શિક્ષણાધિકારી અશોક ચૌધરીએ જણાવ્યું હતું કે પાટણ જિલ્લામાં કુલ ૧૨૫ મદ્રેસાઓના સર્વે માટેની યાદી મળેલી છે. જેમાં પાટણ શહેર સહિત તાલુકામાં ૯૪, સરસ્વતી તાલુકામાં ૧૮, ચાણસ્મા તાલુકામાં ૪, શંખેશ્વર તાલુકામાં ૪ અને સિદ્ધપુર તાલુકામાં ૫ મદ્રેસાની શિક્ષણલક્ષી સર્વેની કામગીરી શિક્ષણ વિભાગના ૫૦થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓની ટીમ બનાવી શરૂ કરવામાં આવી હતી. જુદી જુદી ટીમો પૈકી એક ટીમને ત્રણ ત્રણ મદ્રેસાની સર્વે કરવાની કામગીરી સોંપાઈ હતી. જેઓએ પરિપત્રમાં સૂચવેલા જુદા જુદા મુદ્દાઓની માહિતી એકત્ર કરી હતી. આ કામગીરી આજે એક જ દિવસમાં પૂર્ણ કરવામાં આવી હતી. જે શાંતિપૂર્ણ રહી હતી. દરેક મદ્રેસાઓની એકત્ર કરેલી માહિતીનો રિપોર્ટ રાજ્યના શિક્ષણ વિભાગને મોકલી આપવામાં આવનાર હોવાનું વધુમાં તેઓએ જણાવ્યું હતું.

### વડોદરાના પ્રિયલક્ષ્મી મિલ વિસ્તારની મહિલાઓ માર્ગો પર ઊતરી

# સ્માર્ટ મીટરો લગાવી સરકાર અમારા મંગળસૂત્રો વેચી નાંખશે : વિરોધકર્તા મહિલા

### મોદી સરકાર જો નવા મીટર નાંખવા માંગતી હોય તો કોથળા ભરીને પૈસા મૂકી જાય

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૮

વડોદરા શહેરમાં સ્માર્ટ મીટરો સામે લોકો હવે રસ્તા પર આવી ગયા છે. કાળઝાળ ગરમી હોવા છતા સ્માર્ટ મીટરોની સામે ભારે વિરોધ થઈ રહ્યો છે. શહેરના પ્રિયલક્ષ્મી મીલ વિસ્તારમાં આવેલા એલ.કે. નગરની મહિલાઓએ આજે સ્માર્ટ મીટરનો વિરોધ કરીને કહ્યું હતું કે, 'જો મધ્ય ગુજરાત વીજ કંપની સ્માર્ટ મીટરો કાઢી નહીં જાય તો અમે જાતે મીટરો કાઢી નાંખીને વીજ કંપનીની કચેરીમાં ફેંકી આવીશું અને વીજ લાઈનો પર લંગર નાંખીને વીજ સપ્લાય મેળવીને કામ ચલાવીશું. અમને અમારા જૂના મીટરો પાછા જોઈએ છે.' વિરોધ પ્રદર્શનમાં સામેલ એક મહિલાએ કહ્યું હતું કે, 'મેં ચાર દિવસ પહેલા ૨૦૦૦ રૂપિયાનુ રિચાર્જ કરાવ્યું હતું અને હવે ખાલી ૭૦૦ રૂપિયા જ બેલેન્સ છે. ઘરમાં એક જ વ્યક્તિનો પગાર આવે છે તો બિલ ભરીશું કે ખાઈશું ? મોદી સરકારને જો અમેરિકા જેવા સ્માર્ટ સિટી બનાવવા હોય તો અમેરિકાની જેમ ભણતર પણ મફતમાં આપે. મોદી સરકાર જો નવા મીટર નાંખવા માંગતી હોય તો કોથળા ભરીને પૈસા મૂકી જાય. ગરીબી હટાવવાની જગ્યાએ ગરીબો જ હટી જાય તેવી કામગીરી સરકાર કરી રહી છે. સ્માર્ટ મીટરો નાંખવાથી તો અમારા મંગળસૂત્રો વેચાઈ જશે.' અન્ય એક મહિલાએ આક્ષેપ કર્યો હતો કે, 'સ્માર્ટ મીટર મૂકી ગયા છે પણ મને તો તેમાં કેટલુ બિલ આવે છે અને કેવી રીતે કામ કરે છે તે જ ખબર નથી પડતી. સ્માર્ટ મીટર બેસાડવા આવેલા લોકોએ અમને ૨૦,૦૦૦ રૂપિયા દંડની અને પોલીસ કાર્યવાહી કરશે તેવી ધમકી આપી હતી.'



શહેરના પ્રિયલક્ષ્મી મીલ વિસ્તારમાં આવેલા એલ.કે. નગરની મહિલાઓએ આજે સ્માર્ટ મીટરનો વિરોધ કરતા વીજ કચેરીએ પહોંચી ભારે હોબાળો મચાવ્યો હતો. (તસવીર : અતિક શેખ, વડોદરા)

અન્ય એક મહિલાએ આક્રોશ વ્યક્ત કર્યો હતો કે, 'અમારે સ્માર્ટ નથી બનવું. અમને સ્માર્ટ મીટર નથી જોઈતા. મોટી કંપનીઓમાં અને સોસાયટીઓમાં અને મોટા નેતાઓને ત્યાં મીટરો નાંખો.'

# માંગરોળમાં ત્રણ શખ્સો વિરૂદ્ધ દુષ્કર્મ-પોક્સોનો ગુનો દાખલ થતાં ચકચાર

### મુખ્ય આરોપી સકંજામાં, બે આરોપી ફરાર

માંગરોળ, તા.૧૮

જૂનાગઢ જિલ્લાના માંગરોળ ખાતે ત્રણ શખ્સો વિરૂદ્ધ IPC-૩૭૬, ૩૫૪(એ), ૫૦૬(૨), ૪૪૭, ૧૧૪, પોક્સો એક્ટ કલમ-૮, ૧૨, ૧૮ મુજબ ગુનો દાખલ થતા ચકચાર મચી જવા પામી છે.

આ બાબતે માંગરોળ તાબેના ડીવાયએસપી દિનેશ કોડીયાતરે પ્રેસ કોન્ફરન્સ યોજી માહિતી આપી હતી કે, માંગરોળના શાપુર રોડ પર ચુના ભટ્ટી વિસ્તારમાં રહેતા અને માછલાનું વેપાર કરી ગુજરાન ચલાવતા પરિવારની સગીર વયની પુત્રીને આરોપી આફતાબ ભાદરકા અને ઈમરાન ભાટાએ ફોન પર વિડિયો વાયરલ કરવાની તેમજ પીડિતાના ભાઈને મારી નાખવાની ધમકી આપી બદકામ કરવાની માગણી કરી હતી. રાત્રે ફરિયાદીના ઘરમાં પ્રવેશી આફતાબે સગીરાની મરજી વિરૂદ્ધ શારીરિક સંબંધ બાંધ્યો હતો અને કોઈને કહીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. એ જ રીતે ત્રીજો આરોપી હસન કાલવાતે પણ ધમકી આપી બદકામ કરવાની માગણી કરી હતી. આ અપરાધમાં ત્રણેય આરોપીઓ એકબીજા સાથે મળેલ હોય પીડાતાના માતાની ફરિયાદના આધારે પોલીસે મુખ્ય આરોપીને ઝડપી લઈને સઘન તપાસ હાથ ધરી છે. આ બાબતે માંગરોળ પીઆઈ સમીર મંધરાને તપાસ સોંપવામાં આવી છે.

# વાપી જીઆઈડીસીમાં આવેલ આરતી ઈન્ડસ્ટ્રીઝમાં ગેસ ગળતરથી નાસભાગ

વાપી, તા.૧૮

વાપી GIDCના થર્ડ ફેઝમાં આવેલ આરતી ઈન્ડસ્ટ્રીમાં ગેસ ગળતરની ઘટના બનતા તંત્ર દોડતું થયું આજ રોજ વાપી GIDC ફોર્થ ફેસ ખાતે આવેલી આરતી ઈન્ડસ્ટ્રીઝ એક પ્લાન્ટ જેને ચાલુ કરવા જતાં ગેસ લીકેજની ઘટના બની હતી જેથી ભાગદોડ મચી જવા પામી હતી આ ઘટના બનતા આજુબાજુના કંપનીના કામદારો બહાર દોડી આવ્યા હતા ઘટનામાં કોઈ જાનહાની ન થઈ હતી ગેસ લીકેજની ઘટના બનતા કંપની સેફટી કર્મચારીઓએ તાત્કાલિક ગેસ લિકેજને કન્ટ્રોલ કરી મોટી દુર્ઘટના થતા અટકાવી જે બાદ વાપી પોલ્યુશન વિભાગને ઘટના અંગે જાણ થતા ગુજરાત પોલ્યુશન વિભાગે ગેસ ગળતરની ઘટના અંગે તપાસ હાથ ધરી હતી.

# વાપીની એક કંપનીને ચીખલી નજીક નડેલો અકસ્માત : ૧૪ કર્મીને ઈજા



વાપી, તા.૧૮

વાપી GIDCમાં યાર્ડ ફેઈઝમાં આવેલ બાયર ક્રોપ સાયન્સ કંપનીની બસને ચીખલીના બલવાડા નજીક અકસ્માત નડતાં બસમાં સવાર ૧૪ કર્મચારીઓને નાનીમોટી ઈજાઓ થઈ છે. અકસ્માતની ઘટનામાં ઘાયલોને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવા સાથે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે મળતી વિગતો મુજબ નેશનલ હાઈવે નં. ૪૮ પર ચીખલીના બલવાડા ગામ પાસે બસ અને ટેમ્પો વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ઘટના સવારે ૭:૪૫ વાગ્યા આસપાસ બલવાડા ગામ પાસે સાઈ ક્રિષ્ણા હોટલ નજીક બની હતી. જેમાં વલસાડથી સુરત તરફ જતો ટેમ્પો ડીવાઈડર કૂદી વાપી તરફ આવતી બાયર કંપનીના કર્મચારીઓ ભરેલ GJ 15-AV-7886 નંબરની ખાનગી બસ સાથે અથડાયો હતો. અકસ્માતમાં બસના ચાલક અને કર્મચારીઓ ઘાયલ થયા હતા. ટેમ્પો ચાલક પણ ઘાયલ થયો હતો. બેથી ત્રણ લોકોને માથામાં ગંભીર ઈજા પહોંચી છે. અકસ્માતમાં કોઈ જાનહાનિના સમાચાર નથી. ઘટનાની જાણ થતા ચીખલી પોલીસની એક ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિક જામ થતા પોલીસે ટ્રાફિક ખુલ્લો કરાવ્યો હતો. તેમજ અક્સ્માત અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ભારતની આઝાદીના ૭૭ વર્ષ થયા પરંતુ અંધશ્રદ્ધાનું ભૂત હજી ધૂણી રહ્યું છે

# સુરેન્દ્રનગરના જોરાવરનગરમાં બીમાર રહેતી બાળાને પરિવારજનો ભૂવા પાસે લઈ ગયા : અગરબત્તીના ડામ દેતા તબિયત લથડી

### ૩ માસની બાળાની તબિયત લથડતા પ્રથમ સુરેન્દ્રનગરની હોસ્પિટલમાં ખસેડાઈ ત્યાંથી રાજકોટની હોસ્પિટલમાં ખસેડાઈ

સુરેન્દ્રનગર, તા.૧૮

ભારતને આઝાદ થયા ૭૭ વર્ષ થયા પરંતુ અંધશ્રદ્ધાનું ભૂત આજે પણ ધૂણી રહ્યું છે. કેટલાક લોકોને અંધશ્રદ્ધા પર અતૂટ વિશ્વાસ છે જેના લીધે કેટલીક વખત જીવ જોખમમાં મૂકાઈ જાય છે. આવી જ એક ઘટના સુરેન્દ્રનગરના જોરાવરનગરમાં બની છે જેમાં બાળા બીમાર હોવાથી પરિવારજનો તેને ભૂવા પાસે લઈ ગયા જ્યાં તેને અગરબત્તીના ડામ આપતા હોસ્પિટલમાં સારવાર અને દાખલ કરાઈ હતી. આ અંગે પોલીસને જાણ કરતા પોલીસ કાફલો હોસ્પિટલમાં દોડી આવ્યો હતો અને આ બનાવ અંગે તપાસ હાથ ધરી હતી. સુરેદ્રનગરના જોરાવરનગરમાં રહેતા પરિવારની ૩ માસની બાળકી બીમાર હોવાથી તેને પરિવારજનો હોસ્પિટલના બદલે ભૂવા પાસે લઈ ગયા હતા. ભૂવાએ બાળકીના શરીર પર અલગ અલગ જગ્યાએ અગરબત્તીના ડામ દીધા હતા જેની તબિયત લથડતા હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જોરાવરનગરમાં રહેતો આ પરિવાર ખેત મજૂરી કરે છે અને રેલવે ફાટક પાસે ઝૂંપડપટ્ટીમાં રહે છે. બાળકીનો પરિવાર માતાજી અને ભગવાનમાં શ્રદ્ધા રાખે છે. અહીં ઝૂંપડપટ્ટીમાં એક ભૂવો રહે છે, તેના સંપર્કમાં પણ આ પરિવાર રહેતો હતો. બાળકી બીમાર પડી હતી. તાવ, શરદી રહેતી હતી. પરિવારે પ્રાથમિક સારવાર કરાવી હશે. પરિવારને શું સુજયું કે, ૩ માસની બાળાને હવાલે બાળકીને કરી દીધી. ભુવાએ બાળકીના શરીર પર અલગ અલગ જગ્યાએ અગરબત્તીના ડામ દીધા. પ્રથમ દિવસ જતો રહ્યો પણ બીજા દિવસે બાળકીની તબિયત વધુ ખરાબ થઈ. તેને પ્રથમ સુરેન્દ્રનગરની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં ડૉક્ટરોએ તપાસતા બાળકીના શરીરે ડામના નિશાન હોય, તબિયત વધુ લથડતી હોય તેવું જણાતા ડૉક્ટરે રાજકોટ રીફર કરવાની સલાહ આપતા, તત્કાલ એમ્બ્યુલન્સ મારફત માસૂમ બાળાને રાજકોટ સિવિલ હોસ્પિટલની ઝનાના હોસ્પિટલના બાળકોના વિભાગમાં દાખલ કરવામાં આવેલ. અહીં ફરજ પરના ડૉક્ટર સ્થિતિ સમજી ગયા અને બાળકીને તત્કાલ સારવારમાં ખસેડી હતી. ઝનાના હોસ્પિટલના બાળ નિષ્ણાંત ડૉક્ટરે બાળકીની સારવાર શરૂ કરવા સાથે સાથે અહીંના સ્થાનિક પોલીસ સ્ટેશનમાં એમએલસી દાખલ કરાવી પોલીસને સત્તાવાર વિગતો આપી હતી. સ્થાનિક પોલીસે જોરાવરનગર પોલીસ મથકે જાણ કરતા બનાવની હકીકત જાણવા જોરાવરથી રાજકોટ આવવા પોલીસ સ્ટાફ રવાના થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે. પરિવારના જણાવ્યા મુજબ માસૂમ બાળકી એક ભાઈ એક બહેનમાં નાની છે. તેના પિતાને પણ ગંભીર બીમારી છે. બાળકી પણ થોડા સમયથી બીમાર હોય, પિતાની બીમારીની અસર થઈ હોય તેવું પરિવારને લાગતા દવા સાથે દુવા પણ કામ લાગે તેવી આશા સાથે ભૂવા પાસે ગયા હતા. પણ ભુવાએ માસૂમના શરીર પર ડામ દેતા તબિયત સુધરવાના બદલે વધુ બગડી હતી.

# અંકલેશ્વર વાલિયા ચોકડી નજીક પુનઃ ચક્કાજામ, હાઈવેના વાહન એપ્રોચ રોડ પર કતાર લાગી

અંકલેશ્વર, તા.૧૮ : અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે પર ભારે ટ્રાફિક જામની પરિસ્થિતિનું પુનઃ નિર્માણ થતાં અનેક વાહનચાલકો અટવાયા હતા. વાહનોથી સતત ધમધમતા નેશનલ હાઈવે ઉપર વાલિયા ચોકડી નજીક ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા છે. જેમાં સુરતથી વડોદરા તરફ જતાં ટ્રેક પર ટ્રાફિક જામની પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. સવારથી ગરમીનો પારો ઉપર ચઢતા અનેક વાહનચાલકોને ગામમાં શેકવાનો વારો આવ્યો હતો. ટ્રાફિક જામ થતા નોકરી ધંધે જતાં લોકો પણ અટવાયા હતા. હાઈવે ઉપર જામને લઈ ભારદારી વાહનો બ્રિજ નીચે એપ્રોચ રોડ તરફ આવતા તેની અસર વાલિયા ચોકડી પર પડી હતી અને વાલિયા તરફ તો જુના નેશનલ હાઈવે હવા મહેલથી ગડખોલ ટી બ્રિજ તરફ જોવા મળી હતી. જેને લઈ આ માર્ગો પર પણ હળવો ટ્રાફિક જામ સર્જાયો હતો. પોલીસ દ્વારા પૂરતો ટ્રાફિક બંદોબસ્ત ગોઠવાયો હોવા છતાં પણ પરિસ્થિતિ નબળી બની હતી. જે પાછળ આડેધડ વાહન ચાલકો ટ્રાફિકમાંથી નીકળવાનો પ્રયાસ કરતા ટ્રાફિક કંટ્રોલ કરવો મુશ્કેલ બન્યો હતો. વારંવાર સર્જાતા ટ્રાફિક જામને લઈ પોલીસ દ્વારા આ અંગે એક્શન પ્લાન બનાવી અમલીકરણ કરવામાં આવે એ જરૂરી છે.

### વીમા કંપનીમાં ૨૫૦થી વધુ ગ્રાહકોના કરોડો નાણાં ડૂબી ગયાનો આક્ષેપ

# પાલનપુરના ચિત્રાસણી ખાતે આવેલ બેંકમાં ગ્રાહકોનો હોબાળો : નાણાં પરત કરવા માગણી

પાલનપુર, તા.૧૮

બનાસકાંઠાના પાલનપુર તાલુકાના ચિત્રાસણી ગામમાં આવેલ બેંક ઓફ બરોડામાં ગ્રાહકોએ પહોંચી હોબાળો મચાવતા હડકંપ મચી જવા પામ્યો છે..બેંક ઓફ બરોડામાં બેસતાં વીમા એજન્ટે બેંક સાથે મળીને કરોડોનું કૌભાંડ કર્યાનો આક્ષેપ લાગવી હોબાળો કરતાં બેંકના ઉચ્ચ અધિકારીઓ અને પોલીસ દોડી આવી હતી. જો કે, બેંક પોતાના પૈસા પરત અપાવે નહીં તો ફરિયાદ કરી બેંકનો ઘેરાવો કરવાની ગ્રાહકોએ ચીમકી ઉચ્ચારી હતી.

પાલનપુર તાલુકાના ચિત્રાસણી ગામની બેંક ઓફ બરોડામાં આજુબાજુના ગામના ખેડૂતો અને લોકોના ખાતાઓ ચાલતા હતા ત્યારે ચિત્રાસણીની બેંક ઓફ બરોડાએ ઇન્ડિયા ફર્સ્ટ નામની વીમા કંપની સાથે ટાઈઅપ કરીને ઇન્ડિયા ફર્સ્ટ કંપનીના એજન્ટોને તેમની બેંકમાં બેસાડ્યા હતા જેને લઈને કંપનીના એજન્ટોએ બેંક ઓફ બરોડાના ગ્રાહકોને વિશ્વાસમાં લીધા હતા તો બીજી તરફ બેંક ઓફ બરોડામાં વર્ષોથી ખાતું ધરાવતા ખેડૂતોએ બેંક ઓફ બરોડા ઉપર વિશ્વાસ રાખીને ૨૫૦થી વધુ ગ્રાહકો અને ખેડૂતોએ ઇન્ડિયા ફર્સ્ટ કંપની પાસેથી વીમા પોલિસી લઈને તેમના કરોડો રૂપિયા રોક્યા હતા. જો કે, કંપનીના એજન્ટ આશુભાઈ શાહે ગ્રાહકોને વિમાની પાવતીઓ આપી હતી પરંતુ તેમના પૈસા જમા ન કરાવી કરોડો રૂપિયાનું કૌભાંડ આચર્યું હતું. જો કે, એજન્ટે મોટાભાગના ગ્રાહકોને પાવતીઓ આપી ન હતી અને જે લોકોને આપી હતી તે પણ ડુપ્લીકેટ આપી હોવાનો તેમજ બેંકમાં જે એજન્ટો હતા તે અમારા ગામમાં ફરીને લોકોની બેંકમાં પડેલી એફડીઓ માંથી પૈસા ઉપાડીને લઈ લીધા છે.



(તસવીર : અખ્તર ચૌહાણ, પાલનપુર)

કર્મચારીઓ પણ આ કૌભાંડમાં સામેલ હોવાનો ગ્રાહકોએ આક્ષેપ કર્યો હતો. ગરીબ અને ખેડૂતોના કરોડો રૂપિયા ડૂબી જતાં ગ્રાહકોએ બેંકમાં જઈને હોબાળો કર્યો હતો અને પોતાના રૂપિયા પરત લાવવા માટે માંગ કરી હતી અને જો કઈ નહીં થાય તો બેંક અને એજન્ટ સામે ફરિયાદ કરીને બેંકનો ઘેરાવો કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

જો કે, બેંકમાં રહેલા અન્ય હંગામી કર્મચારીઓએ પણ લોકોના રૂપિયા ડૂબ્યા હોવાનું કબુલ્યું હતું જોકે ગ્રાહકોના હોબાળા બાદ બેંકમાં પહોંચેલા બેંકના મેનેજર અને ઉચ્ચ અધિકારીઓએ આ બાબતે કશુંજ બોલવા તૈયાર ન હોવાથી ગ્રાહકોએ તેમના ઉપર આક્ષેપ કર્યા હતા અને જે પણ લોકો આમાં સામેલ હોય તેની સામે કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

### ગ્રાહકોને પૂરી જાણકારી આપ્યા વગર

# સ્માર્ટ મીટરો લગાવીને વીજ કંપનીએ ગ્રાહકોને મળેલા સાત અધિકારોનું હનન કર્યું છે

### સ્માર્ટ મીટર સામેની લડાઈમાં ઉપભોકતા અધિકાર સંગઠન ગ્રાહકોની વ્હારે, જિલ્લા કલેક્ટર કચેરીમાં આવેદન

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૮

વડોદરામાં સ્માર્ટ વીજ મીટરો લગાવવાની કામગીરી સામે છેલ્લા કેટલાક વર્ષોમાં જોવા ના મળ્યું હોય તેવુ સ્વયંભૂ આંદોલન શરૂ થયુ છે. ત્યારે ગ્રાહક સુરક્ષા સંગઠનો પણ તેની સામે અવાજ ઉઠાવી રહ્યા છે. આજે ઉપભોકતા અધિકાર સંગઠન(કન્ઝ્યુમર રાઈટસ ઓર્ગેનાઈઝેશન) દ્વારા જિલ્લા કલેકટર કચેરીમાં આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

સંગઠને કહ્યુ આવેદનપત્રમાં જણાવ્યું છે કે, સ્માર્ટ મીટરો લગાવ્યા બાદ લોકોના વીજ બિલમાં વધારો થયો હોવાની ફરિયાદો આવી રહી છે. ગ્રાહકોને પૂરી જાણકારી આપ્યા વગર સ્માર્ટ મીટરો લગાવીને વીજ કંપનીએ ગ્રાહક સુરક્ષા અધિનિયમ હેઠળ ગ્રાહકોને મળેલા સાત અધિકારોનુ હનન કર્યું છે. જેમાં રાઈટ ટૂ ચૂઝ અને રાઈટ ટુ બી ઈન્ફોર્મડનો પણ સમાવેશ થાય છે.

સંગઠને માંગ કરી હતી કે, ગ્રાહક પાસે મંજૂરી લીધા બાદ જ મીટરો લગાવવામાં આવે, જો કોઈ ગ્રાહક ના પાડે તો તેને ધમકી આપવામાં ના આવે...સ્માર્ટ મીટરની ચોકસાઈ અને ખરાઈ કરવા માટે એક કમિટી બનાવવામાં આવે... તથા સ્માર્ટ મીટરો અને જૂના મીટરોના વપરાશનુ ચેકિંગ કરવામાં આવે અને ઓછામાં ઓછા ૨૦૦ મીટર ઉપરોક્ત કમિટિ દ્વારા ચકાસવાની વ્યવસ્થા ગોઠવવામાં આવે. ઉપભોકતા અધિકાર સંગઠનના સભ્યોએ એમ પણ કહ્યું હતું કે, સ્માર્ટ મીટર માટેની જે એપ છે તેમાં પણ ખામીઓ છે. તેને કન્ઝ્યુમર ફ્રેન્ડલી બનાવવાની જરૂર છે. સૌથી મહત્વની વાત એ છે કે સ્માર્ટ મીટરમાં માત્ર પ્રિપેઈડનો જ વિકલ્પ કેમ છે ? તેમાં ગ્રાહકોને પોસ્ટ પેઈડની પણ સુવિધા પૂરી પાડવામાં આવે.

# ખેલમહાકુંભ ૨.૦માં કોડીનારની દીકરીઓએ રસ્સા ખેંચ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક મેળવ્યો



કોડીનાર, તા.૧૮

ગુજરાત સરકારના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગરના સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર અંતર્ગત ખેલ મહાકુંભ ૨.૦માં રાજ્ય કક્ષાની પોરબંદર મુકામે યોજાયેલી રસ્સા ખેંચ સ્પર્ધામાં પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકીના સીધા માર્ગદર્શન હેઠળ ચાલતી કોડીનાર નગરપાલિકા સંચાલિત મ્યુ. ગર્લ્સ હાઈસ્કૂલની દિકરીઓની ટીમે પ્રથમ નંબર મેળવી કોડીનાર નગર અને શાળા પરિવારનું ગૌરવ વધારેલ છે. આ સ્પર્ધામાં શાળાની ૯ દિકરીઓએ અંડર-૧૭ કેટેગરીમાં ભાગ લીધો હતો તેમને રોકડ પુરસ્કાર અને રાજ્ય કક્ષાનું સર્ટિફિકેટ પ્રાપ્ત થશે. ઉત્કૃષ્ટ પ્રદર્શન સાથે પ્રથમ સ્થાન મેળવવા બદલ તમામ દીકરીઓને પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી, પૂર્વ પાલિકા પ્રમુખ શીવાભાઈ સોલંકી દ્વારા અભિનંદન પાઠવ્યા હતા.

### વડોદરામાં સ્માર્ટ મીટરનો અનોખો વિરોધ

# કોંગ્રેસના પૂર્વ ઉપપ્રમુખે પોતાને જ પટ્ટા વડે મારી જનતાની વેદનાને વાચા આપી

### ભાજપે સ્માર્ટ ચીટિંગ કરવાની પદ્ધતિ શોધી કાઢી છે, ભાજપ અત્યારે લોકોને સ્માર્ટ રીતે છેતરી રહ્યું છે

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૮

વડોદરા શહેરમાં સ્માર્ટ મીટરનો ભારે વિરોધ થઈ રહ્યો છે ત્યારે શહેરના માંજલપુર વિસ્તારમાં શહેર કોંગ્રેસ પાર્ટીના પૂર્વ ઉપપ્રમુખ વિનોદ શાહે અનોખી રીતે વિરોધ કરી પોતાની વેદના વ્યક્ત કરી છે. શરીર પર ચામડાનો પટ્ટો જૂના મીટર માટે અને લોખંડની સાંકળ નવા સ્માર્ટ મીટર માટે મારી નવા સ્માર્ટ મીટરનો ઉગ્ર વિરોધ કર્યો છે.

કોંગ્રેસના પૂર્વ ઉપ પ્રમુખ વિનોદ શાહે જણાવ્યું હતું કે ભાજપે ૭ તારીખ પહેલા ગુજરાતમાંથી લોકોના વોટ લઈ લીધા અને ત્યાર પછી એ લોકોએ આ સ્માર્ટ મીટર લગાવી કનેક્શન ચાલુ કરી દીધા, એટલે આ ખરેખર ગુજરાતીઓને છેતરીને એમના વોટ લઈ લીધા છે. આજે જે લોકોનું ૨ મહિનાનું ૬,૦૦૦ બિલ આવતું હતું, તે લોકોનું અત્યારે ૨૦ દિવસમાં ૬,૦૦૦ બિલ આવવા માંડ્યું છે. સ્માર્ટ મીટરને લીધે લોકો પોતાના ઘરોમાં પંખા ચાલુ નથી કરતા અને નાના છોકરાઓને ગરમીમાં શેકાવું પડે છે. વાંચવા માટે લાઈટો નથી હોતી. આ સ્માર્ટ મીટર ખરેખર ભાજપે સ્માર્ટ ચીટીંગ કરવાની પદ્ધતિ શોધી કાઢી છે. ભાજપ અત્યારે લોકોને સ્માર્ટ રીતે છેતરી રહ્યું છે. મારા શરીરને કષ્ટ





સ્માર્ટ મીટરનો અનોખી રીતે વિરોધ કરતા કોંગ્રેસના પૂર્વ ઉપપ્રમુખ વિનોદ શાહે પોતાને જ પટ્ટા વડે મારી જનતાની વેદનાને વાચા આપી વિરોધ નોંધાવ્યો હતો. (તસ્વીર : અતિક શેખ, વડોદરા)

આપવાથી મને ખબર છે કે આ જાડી ચામડીના નેતાઓ કે અધિકારીઓને કોઈને ફરક પડવાનો નથી. પરંતુ યાદ રાખજો જે દિવસે આ ગુજરાતની છ કરોડ પ્રજા સમજી જશે કે આ ભારતીય જનતા પાર્ટી રામના નામે લોકોના ખિસ્સા ખાલી કરી રહી છે, ખિસ્સા ખંખેરી રહી છે અને જે દિવસે આ ગુજરાતીઓ જાગી જશે તો આ ભારતીય જનતા પાર્ટીની સત્તા નહિ રહે. જે અધિકારીઓનું અને એમની પાછળ જેનું બળ હશે સંડોવણી હશે આ સ્માર્ટ મીટરમાં એ બધા જેલમાં જશે રામના નામે છેલ્લા ૩૦ વર્ષથી ચીટીંગ કરતી આવી છે. ગુજરાતીઓને અને આખા દેશને છેતરતી આવી છે, પણ રામના નામે લોકોના પેટ નથી ભરાવાના, રામ એક આસ્થાનો વિષય છે. લોકોની ભાવના સાથે ભાજપ રમી રહ્યું છે. ભાવનાનો દુરૂપયોગ કરી રહ્યો છે. મને જે વેદના થઈ રહી છે એનાથી ૧૦૦ ગણી લોકોને મીટરો બદલાવાથી થઈ છે. પહેલા જે પટ્ટા માર્યા એ જૂના મીટરના લીધે માર્યા છે અને જે સાંકળ મારી છે એ નવા મીટરના વિરોધ કરવા માટે મારી છે. ભારતીય જનતા પાર્ટી માત્ર ગરીબ અને મધ્યમ વર્ગને નિશાન બનાવે છે. અમીરો જેમ કહે ઉદ્યોગપતિઓ જેમ કહે તેમ ભારતીય જનતા પાર્ટીના નેતાઓ નીતિઓ ઘડે છે અને નવા નવા કાયદા કાનૂન લાવે છે. નાના નાના માણસોને જેલમાં નાખી દે છે એટલે ભારતીય જનતા પાર્ટીથી ગરીબ અને મધ્યમ વર્ગ ડરી ગયો છે.

# નડિયાદ : મૈત્રી સંસ્થામાં દિવ્યાંગ બાળકોને કરિયાણાની કિટ વિતરણ



નડિયાદ, તા.૧૮

નડિયાદ પીજ ભાગોળ ખાતે આવેલ મૈત્રી સંસ્થામાં જરૂરિયાત ધરાવતા દિવ્યાંગ બાળકો માટે કરિયાણાની કિટ વિતરણ કરાઈ હતી. વેકેશન દરમિયાન આર્થિક રીતે નબળા પરિવારમાંથી આવતા દિવ્યાંગ બાળકો પૌષ્ટિક આહાર મેળવી શકે તે હેતુએ દાતા હરીશભાઈ પંજાબી, મુન્નાભાઈ શાહ અને વિજયભાઈ મેકવાનના સહયોગથી આ કરિયાણાની કીટ વિતરણ કરવામાં આવી હતી તથા હરીશભાઈ પંજાબી દ્વારા બાળકોને ભોજન આપવામાં આવ્યું હતું. અંતમાં સંસ્થાના ડાયરેક્ટર મેહુલભાઈ પરમારે તમામ દાતાઓનો આભાર માન્યો હતો.

### આજે ૧૮ મે આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમ દિવસ

# જૂનાગઢ સંગ્રહાલયમાં ભવ્ય વારસાઓને વર્ષ ૨૦૨૩-૨૪માં ૬૬,૦૦૦થી વધુ લોકોએ નિહાળ્યું

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ તા.૧૭

મ્યુઝિયમ માત્ર જૂની પુરાણી વસ્તુઓનું સંગ્રહ સ્થાન નથી. પરંતુ અતીતથી અવગત કરાવી, ભવિષ્યનો નવો રાહ કંડારવાનું પ્રેરણાસ્ત્રોત છે. નવી પેઢી આપણા ભવ્ય વારસા અને સંસ્કૃતિને જાણે... માણે તે સ્વયં અને દેશના વિકાસ માટે પણ જરૂરી છે.

તેવુ જ એક ૧૨૩ વર્ષ પુરાણું જૂનાગઢ સંગ્રહાલય પણ સોરઠ-સૌરાષ્ટ્રના ભવ્ય વારસા અને વૈભવને ઉજાગર કરે છે. શહેરના સરદારબાગ ખાતેના તાજ મંઝિલ બિલ્ડિંગમાં આવેલ જૂનાગઢ સંગ્રહાલયનો આગવો ઈતિહાસ છે અને પુરાતન વસ્તુઓથી સમૃદ્ધ છે.

૧૮-મે એ સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમ દિવસની ઉજવણી થવા જઈ રહી છે. ત્યારે જૂનાગઢ સંગ્રહાલયના ક્યુરેટર શેફાલીકા અવસ્થી કહે છે કે, જૂનાગઢ-સોરઠ પ્રદેશ સાંસ્કૃતિક દ્રષ્ટિએ સમૃદ્ધ તો છે સાથે જ પ્રાકૃતિક વારસો પણ એટલો જ સમૃદ્ધ છે. આ પ્રદેશનો વારસો જૂનાગઢ સંગ્રહાલયમાં સચવાયેલો છે. ખાસ નવાબીકાળની વસ્તુઓ અહીં સંગ્રહિત છે. જેને વર્ષ ૨૦૨૩-૨૪માં ૬૬,૦૦૦થી વધુ લોકોએ અને ૧૦૦થી વધુ વિદેશી નાગરિકોએ નિહાળ્યું છે.

આ સંગ્રહાલયમાં સંગ્રહિત તલવાર, કટાર બંદૂક વગેરે હથિયારો આજના આધુનિક



સમયમાં કલ્પનાના નવા પાના ખોલે છે, તો રાજ કચેરી-દરબાર જુની શાસન વ્યવસ્થાનું ચિત્ર ખડું કરે છે. અહીં બેલ્જિયમ ગ્લાસનું બેનમૂન કલેક્શન, કાષ્ઠકળાની અદભુત કલાકૃતિઓ, સદીઓ પુરાણા ચલણી સિક્કાઓ, આગવી વસ્ત્રકળા અને ચાંદીથી મઢેલી પાલખીઓ ભવ્ય કલાવારસા અને જાહોજલાલી સાબિતી પૂરે છે. આ ઉપરાંત ઘણી બધી દુર્લભ વસ્તુઓ અને શિલ્પ અહી જોવા મળે છે અને ઉત્ખનન દરમિયાન મળી આવેલા નમૂનાઓ પણ અહી મુકવામાં આવ્યા છે. શેફાલીકા અવસ્થી કહે છે કે, આ સંગ્રહાલયો અનૌપચારિક શિક્ષણના કેન્દ્રો પણ છે. આ સંગ્રહાલયો આપણને આપણા મૂળ સાથે જોડી રાખે છે. જો તમે તમારા ભૂતકાળ ઇતિહાસને જાણતા-સમજતા નથી, તો વર્તમાન સાથેનું અનુસંધાન અને કેવી રીતે ભવિષ્ય જોઈ- વિચારી શકો ? કોઈપણ દેશના સાંસ્કૃતિક વારસાને જાણવામાં મ્યુઝિયમની ભૂમિકા રહેલી હોય છે. એક પ્રકારે સંગ્રહાલયો અતીતને સમજાવે છે. તેના આધારે ઉજ્જવળ ભવિષ્ય પર દ્રષ્ટિપાત થાય છે. ઉલ્લેખનીય છે કે, વર્ષ-૨૦૨૪ના ઈન્ટરનેશનલ મ્યુઝિયમ ડેની 'શિક્ષણ અને સંશોધન માટે સંગ્રહાલયો' થીમ પર ઉજવણી કરવામાં આવશે.

જૂનાગઢ સંગ્રહાલયનું મૂળ તો આઝાદ ચોક ખાતેની હાલની સરકારી લાઈબ્રેરી સાથે જોડાયેલુ છે. અહી વર્ષ ૧૮૯૭માં તત્કાલિન મુંબઇ રાજયના ગવર્નર લોર્ડ સેન્ટહર્સ્ટના હસ્તે મ્યુઝિયમ બનાવવા માટે શિલારોપણ વિધિ કરાઈ હતી અને ૧૯૦૧માં રોજ લોર્ડ નોર્થકોર્ટે તેને જાહેર જનતા માટે ખુલ્લું મૂક્યું. જૂનાગઢ સંગ્રહાલય તરીકે ઓળખાતું આ સંગ્રહાલયને સરદારબાગની તાજ મંઝિલ તરીકે ઓળખાતી બિલ્ડિંગમાં સ્થળાંતર થયું. જૂનાગઢના દરબાર હોલ-દીવાન ચોક અને જૂનાગઢ મ્યુઝિયમ- સક્કરબાગ બંને મ્યુઝિયમોનું તાજ મંઝિલમાં એક મ્યુઝિયમ અંતર્ગત એકીકરણ કરવામાં આવ્યું હતું.

એક માત્ર અમદાવાદના દરિયાપુરમાં ગેરસમજણને લઈ માથાકૂટનો બનાવ બન્યો

# રાજ્યના મોટાભાગના મદ્રેસાઓમાં સંચાલકો-સ્ટાફના સહકાર વચ્ચે સર્વે-તપાસની કામગીરી શાંતિ સાથે પૂર્ણ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮



રાજ્યમાં આવેલી ૧૧૩૦ જેટલા મદ્રેસાઓનો સર્વે કરવા શિક્ષણ વિભાગ દ્વારા આદેશ આપવામાં આવ્યા બાદ શનિવાર સવારથી જ સમગ્ર રાજ્યમાં મદ્રેસાઓના સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી લઈને ફરિયાદ મળ્યા બાદ રાજ્યમાં આવેલા ૧૧૩૦ જેટલા મદ્રેસાઓમાં સર્વે કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો. જેથી મદ્રેસાઓનો સર્વે કરવા માટે રાજ્યના તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારીને આદેશ મળ્યા બાદ શનિવારના રોજ વહેલી સવારથી જ રાજ્યના તમામ જિલ્લાઓમાં સર્વે માટે જુદી-જુદી ટીમો બનાવી કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. વિવિધ ટીમો દ્વારા મદ્રેસાઓમાં જઈને તપાસ કરવામાં આવી હતી. જેમાં મોટાભાગના કિસ્સામાં દરિયાપુર વિસ્તારમાં મદ્રેસાના સર્વેની કામગીરી વખતે સુલતાનના મહોલ્લામાં આચાર્ય પર હુમલો થયો હોવાની ઘટના સામે આવી હતી. આચાર્ય મદ્રેસામાં સર્વે માટે પહોંચ્યા ત્યારે મદ્રેસા બંધ હોવાથી ફોટો પાડી રહ્યા હતા. આ વખતે ત્યાં હાજર

## બંધ મદ્રેસાનો ફોટો પાડતા આચાર્યે યોગ્ય જવાબ સાથે આઈકાર્ડ ન બતાવતા ધક્કે ચડાવાયા

હતી. રાજ્યના તમામ જિલ્લાઓમાં મોટી સંખ્યામાં ટીમો બનાવી મદ્રેસાઓમાં સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં મોટાભાગના મદ્રેસાઓનો સર્વે શાંતિપુર્ણ રીતે પુર્ણ થયો છે. જોકે, આ સર્વે દરમિયાન દરિયાપુરના એક મદ્રેસામાં ગેરસમજણના લીધે આચાર્ય પર હુમલો થયો હોવાનું સામે આવ્યું છે. મદ્રેસા બંધ હોવાના લીધે આચાર્ય દ્વારા ફોટો પાડવામાં આવી રહ્યો હતો ત્યારે લોકો દ્વારા તેમની સાથે ટપલીદાવ કર્યો હોવાની વિગતો બહાર આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નવી દિલ્હી ખાતેના રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ સમક્ષ રાજ્યના મદ્રેસાઓને આપવામાં આવ્યો હતો. આ મદ્રેસાઓમાં ભણતાં બાળકો સામાન્ય શાળાઓમાં શિક્ષણ મેળવે એ જરૂરી હોવાથી દરેક જિલ્લા શિક્ષણ અધિકારી અને દરેક પ્રાથમિક જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા ટીમ બનાવીને મદરેસાઓનો સર્વે કરવા જણાવાયું હતું. શિક્ષણ વિભાગ દ્વારા સર્વે કરવા માટેની સૂચના મદ્રેસાઓ તરફથી પુરતો સહકાર આપવામાં આવ્યો હતો. મોટાભાગના મદ્રેસાઓમાં સર્વેની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. પરંતુ જે મદ્રેસાઓ બંધ હતા ત્યાં આગામી દિવસોમાં સર્વે કરવામાં આવ્યા બાદ તેનો રિપોર્ટ સુપરત કરાશે.

દરમિયાન અમદાવાદના સ્થાનિકોને કશુક અજુગતુ લાગતા તેમણે આચાર્યને પકડ્યો હતો અને આઈકાર્ડ માંગ્યો હતો. આઈકાર્ડ તેમની પાસે ન હોવાનું જણાતા લોકોએ તેમને ટપલીદાવ કર્યો હતો. ત્યારબાદ ત્યાં લોકોનું ટોળું એકઠું થયું હતું. જો કે, આચાર્ય ત્યાંથી જતા રહ્યા હતા અને પોલીસ મથકે જઈને ફરિયાદ કરી હોવાનું જાણવા મળે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, તંત્ર દ્વારા મદ્રેસામાં સર્વે અંગે અગાઉથી કોઈ જાણકારી આપવામાં આવી ન હતી. મદ્રેસામાં સર્વે એ એક સંવેદનશીલ બાબત હોવાથી અગાઉથી જાણ કર્યા બાદ સ્થાનિકોને સાથે રાખીને સર્વે કરવામાં આવ્યા હોત તો સમગ્ર રાજ્યમાં બનેલી આ એકમાત્ર ઘટના પણ બની ન હોત. સમગ્ર રાજ્યમાં શાંતિપૂર્ણ રીતે સર્વે કરવામાં આવ્યું હતું અને મદ્રેસાઓ તરફથી તેમને પુરતો સહકાર પણ મળ્યો હતો. જો કે, દરિયાપુરના કિસ્સામાં ગેરસમજના લીધે હુમલો થયો હોવાની વિગતો સામે આવી છે. મુસ્લિમ સંગઠનો દ્વારા પણ મદ્રેસાઓને સર્વે માટે આવનારી ટીમને સહકાર આપવા માટે સૂચના આપી હતી અને તે અનુસાર તમામ મદ્રેસાઓએ સહકાર સાથે ટીમને સર્વે માટે જરૂરી માહિતી પણ આપી હતી. આમ, મદરેસાઓ તરફથી મળેલા સહકારના પગલે જ એક જ દિવસમાં મોટાભાગના સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં શિક્ષણ વિભાગને સફળતા મળી છે.

---

બે મહિનાના વીજ બિલની રકમનું રિચાર્જ માત્ર ૧૦થી ૧૫ દિ'માં પૂરૂં થઈ જાય છે

# વડોદરા અને સુરતમાં સ્માર્ટ મીટર સામે ભારે વિરોધ : કચેરી ખાતે ભારે સૂત્રોચ્ચાર

### વડોદરામાં રહેણાંક વિસ્તારોમાં સ્માર્ટ મીટર લગાવવાનું આખરે કરાયું સ્થગિત

(સંવાદદાતા દ્વારા)

સુરત,વડોદરા, તા.૧૮

સુરત અને વડોદરા શહેરમાં સ્માર્ટ મીટર સામે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. બિલ વધારે આવતું હોવાની ફરિયાદ સાથે ભારે રોષ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. રિચાર્જ કરાવ્યાના થોડા જ દિવસોમાં રિચાર્જ પૂરૂં થઈ જાય છે. ૬ મેથી શરૂ થયેલા સ્માર્ટ મીટરથી સ્થાનિકો નારાજ થયા છે. ત્યારે વડોદરા અને સુરતમાં ઠેર-ઠેર વિરોધ નોંધાયો છે. વડોદરા બાદ સુરતમાં પણ દક્ષિણ ગુજરાત વીજ કંપનીના સ્માર્ટ મીટર સામે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. સ્થાનિકો દ્વારા આજે ડીજીવીસીએલ ઓફિસ ખાતે બિલ વધારે આવતું હોવાની ફરિયાદ સાથે સૂત્રોચ્ચાર કરીને વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.પાર્લે પોઈન્ટ વિસ્તારમાં નિર્મલનગર ખાતે ડીજીવીસીએલ દ્વારા પાયલોટ પ્રોજેક્ટ તરીકે ૨૦૪ જેટલા મકાનોમાં સ્માર્ટ વીજ મીટર લગાડવામાં આવ્યા છે. અત્યારે ૬ મેથી શરૂ થયેલા સ્માર્ટ મીટરને લઈને સ્થાનિકો દ્વારા જે રિચાર્જ કરવામાં આવી રહ્યા છે. રિચાર્જ કરાવ્યાના થોડા જ દિવસોમાં રિચાર્જ પૂરૂં થઈ જાય છે. પહેલાં બે મહિને ૨૦૦૦નું બિલ આવતું હતું તેનું ૧૫ દિવસમાં જ ૨૦૦૦નું રિચાર્જ પૂરૂં થવા લાગ્યું છે. રિચાર્જ પૂરૂં થાય એટલે તરત જ વીજ સપ્લાય બંધ થઈ જવાથી મુશ્કેલીનો સામનો કરવો પડે તેવી સ્થિતિ ઊભી થશે. મહિલાઓએ વીજકંપનીના કર્મચારીની હાય હાયના સૂત્રોચ્ચાર પોકારી વિરોધ કર્યો હતો. સ્માર્ટ વીજમીટર કાઢી લઈ પાછા જૂના મીટરો નાંખવા માગણી કરી હતી. વધુમાં અધિકારીઓને રજૂઆત કરી હતી કે આજે મીટર છે તે ખૂબ ઝડપથી ચાલી રહ્યા છે અને બિલ પણ વધારે આવી રહ્યું છે. પહેલાના જે બિલ આવતા હતા તેમાં કેટલા યુનિટનો વપરાશ થયો છે તેની વિગતો પણ મળતી હતી. પરંતુ અત્યારે તો કેટલા યુનિટનો વપરાશ થયો છે તે પણ જાણવા મળી રહ્યું નથી. મોબાઈલની માફક સીધા આપણા ખાતામાંથી રૂપિયા કપાઈ જાય છે.

---

ડીસામાં તાપમાન ૪૫ ડિગ્રી નોંધાયું

# રાજ્યમાં અગ્નિવર્ષા : હીટવેવની આગાહી વચ્ચે સુરેન્દ્રનગરમાં સૌથી વધુ ૪૫.૫ ડિગ્રી ગરમી

### પાંચ જિલ્લાઓમાં તાપમાન ૪૪ ડિગ્રીને પાર

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૮

રાજ્યમાં આજે અગ્નિવર્ષા અનુભવાઈ હતી. સુરેન્દ્રનગરમાં અને ડીસામાં તાપમાન ૪૫ ડિગ્રીને પાર પહોંચ્યું હતું જ્યારે અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ અને ભુજમાં તાપમાન ૪૪ ડિગ્રીને પાર થયો હતો. હવામાન વિભાગની આગાહી બાદ રાજ્યભરમાં તાપમાનનો પારો ઉચકાયો છે. આગાહી ૫ દિવસ માટે હીટવેવનું એલર્ટ આપવામાં આવ્યું છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિકે જણાવ્યું હતું કે ગુજરાતમાં ૭ દિવસ સુધી ગરમી યથાવત્ રહેશે અને એક-બે ડિગ્રી વધવાની સંભાવના છે. આજે અમદાવાદ, રાજકોટ, ડીસામાં ૪૪ ડિગ્રી તપામાન નોંધાયું તો ભાવનગર, સુરેન્દ્રનગર, પોરબંદર, જૂનાગઢ, કચ્છ અને વલસાડમાં ૫ દિવસ યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું કે ગઈકાલે રાજ્યમાં કુલ ત્રણ જિલ્લાનું મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રી સેલ્સિયસથી વધુ નોંધાયું હતું, એટલે કે ત્રણ જિલ્લાઓમાં અંગ દઝાડતી ગરમીએ લોકોને ત્રાહિમામ્ પોકારવા મજબૂર કર્યા હતા. રાજ્યમાં ગઈકાલે સૌથી વધુ ૪૪.૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સુરેન્દ્રનગર જિલ્લામાં નોંધાયું હતું. આ ઉપરાંત અમદાવાદમાં અને ગાંધીનગરમાં ૪૪.૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. જો કે હવામાન વિભાગ દ્વારા આગામી ૪૮ કલાક માટે અમદાવાદમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું.

---

# મેરિટ સ્કોલરશીપ પરીક્ષામાં ૪.૪૬ લાખ પૈકી માંડ ૩૦ હજારને જ ૫૦ ટકા

### ૯૯૯૭ સ્કૂલોના ૩૦૩૮૭ વિદ્યાર્થીઓને જ મેરિટ માટે જરૂરી ૫૦ ટકા કરતા વધુ ગુણ આવ્યા ● ૨.૬૭ લાખ વિદ્યાર્થીઓ તો ૧૨૦માંથી ૪૦ ગુણ પણ ન લાવી શક્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૮

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવેલી મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરિટ સ્કોલરશીપ પરીક્ષાનું પરિણામ જાહેર કરાયું છે. જેમાં ૪.૪૬ લાખ વિદ્યાર્થીઓ પૈકી માંડ ૩૦૩૮૭ વિદ્યાર્થીઓ જ મેરિટ માટે જરૂરી ૫૦ ટકા ગુણ લાવી શક્યા છે. મેરિટ સ્કોલરશીપના પરિણામમાં ૫ વિદ્યાર્થીઓ ૯૦ ટકા કરતા વધુ ગુણ લાવી શક્યા છે. રાજ્યના ૨.૬૭ લાખ વિદ્યાર્થીઓ તો ૧૨૦માંથી ૪૦ ગુણ પણ લાવી શક્યા ન હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ-૧થી ૮નો અભ્યાસ પૂર્ણ કરેલા વિદ્યાર્થીઓને મેરીટના ધોરણે સરકારી- ગ્રાન્ટેડ અથવા નિયત ધારાધોરણ મુજબ પસંદ થયેલી ખાનગી શાળાઓ પૈકીની માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯માં પ્રવેશ મેળવી ધોરણ-૧૨ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે માટે મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ માટેની પરીક્ષાનું આયોજન ૩૦ માર્ચના રોજ રાજ્યના તમામ જિલ્લાઓમાં કરવામાં આવ્યું હતું. ધોરણ-૮ના કુલ ૪૪૬૬૯૮ વિદ્યાર્થીઓએ મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપની પરીક્ષા આપી હતી. પરીક્ષા પુર્ણ થયા બાદ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પરિણામ તૈયાર કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં પરિણામને લગતી તૈયારી પુર્ણ થતાં હવે શનિવારના રોજ આ પરિક્ષાનુ પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપમાં બેસનારા વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૪૪૬૬૯૮ જેટલી હતી. દરમિયાન જાહેર કરવામાં આવેલા પરિણામમાં ૫ સ્કૂલોના ૫ વિદ્યાર્થીઓ ૯૦ ટકા કરતા વધુ એટલે કે ૧૦૮ ગુણ લાવવામાં સફળ રહ્યા છે. જ્યારે કુલ ૨૩૨ શાળાઓના ૨૮૦ વિદ્યાર્થીઓ ૮૦ ટકા કરતા વધુ એટલે કે ૯૬ ગુણ મેળવ્યા છે. જ્યારે આ પરિણામમાં કુલ ૪૫૧૦ શાળાઓના ૯૨૬૮ વિદ્યાર્થીઓ ૬૦ ટકા કરતા વધુ ગુણ મેળવવામાં સફળ રહ્યા છે. આ પરિણામમાં કુલ ૧૪૫૭ શાળાઓના ૨૧૯૬ વિદ્યાર્થીઓ ૭૦ ટકા કરતા વધુ ગુણ લાવ્યા છે. જ્યારે મેરીટ યાદીમાં ૫૦ ટકા કરતા વધુ ગુણ મેળવનારા ૯૯૯૭ શાળાના ૩૦૩૮૭ વિદ્યાર્થીઓ પૈકીના વિદ્યાર્થીઓનો સમાવેશ સંભવતઃ થશે. આમ, ૪.૪૬ લાખ વિદ્યાર્થીઓ પૈકી માત્ર ૩૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ જ ૫૦ ટકા ગુણ લાવી શક્યા છે. આ પરિણામ યાદીના વિદ્યાર્થીઓને જે તે યોજના અંતર્ગત સરકારના ઠરાવો અને પ્રવર્તમાન નિયમો- જોગવાઈ અનુસાર સંબંધિત કચેરી દ્વારા આગળની આનુષાંગિક કાર્યવાહી કરવામાં આવશે. આ યોજના અંતર્ગત ૨૫ હજાર વિદ્યાર્થીઓનો સમાવેશ થશે, અને મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. મેરીટ યાદીમાં સમાવેશ થયેથી યોજનાનો લાભ મળશે જ તેવો દાવો કરી શકાશે નહિ. વિદ્યાર્થી રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઈટ પરથી પોતાનું પરિણામ જોઈ શકશે. તેમજ પોતાની શાળા મારફત એટેન્ડસ પોર્ટલ પરથી પણ પરિણામ જાણી શકશે. આમ, રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા કોમન એન્ટ્રન્સ ટેસ્ટ બાદ મેરિટ સ્કોલરશીપનું પણ પરિણામ વહેલી તકે જાહેર કરી દેવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

---

હજ કમિટીમાં ચોથા વેઈટિંગ લિસ્ટમાંથી પસંદગી પામનાર

# હજ યાત્રાળુઓ રકમ અને ડોકયુમેન્ટ આવતીકાલ સુધી જમા કરાવી શકશે

અમદાવાદ,તા.૧૮

હજ કમિટી ઓફ ઈન્ડિયાના પરિપત્ર ક્રમાંક ૨૩ મુજબ વેઈટીંગ નંબર ૨૧૫૯થી ૨૨૨૪ સુધીના ઉમેદવારોની પસંદગી થયેલ છે. અમદાવાદ એમ્બાર્કેશનથી જતા પ્રત્યેક હજ યાત્રી દીઠ કુલ રૂા.૩,૩૨,૭૦૦/-તથા બીજા એમ્બાર્કેશનથી જતા હજ યાત્રિકોએ હજ કમિટી ઓફ ઈન્ડિયા, મુંબઈની વેબસાઈટ પર પોતાના કવરમાં દર્શાવેલ રકમ પ્રમાણે હજ કમિટી ઓફ ઈન્ડિયા, મુંબઈના એકાઉન્ટમાં તા.૨૦-૫-૨૦૨૪ સુધીમાં જમા કરાવી શકાશે. અગાઉ આગોતરી તૈયારીના ભાગરૂપે ઉકત વેઈટીંગ લીસ્ટવાળા હજ યાત્રીકો પાસેથી અન્ડરટેકિંગ ફોર્મ તથા ઓરિજનલ પાસપોર્ટ મંગાવેલ હતા. તેમાંથી જે હજ યાત્રીકોએ હજી સુધી ઓરિજનલ પાસપોર્ટ જમા કરાવ્યા નથી. તેઓ ઓરિજનલ પાસપોર્ટ તથા હવે પસંદગી પામેલા હજ યાત્રાળુઓએ ઉકત રકમ ભરી ડોકયુમેન્ટ ગુજરાત હજ હાઉસ, કાલુપુર, અમદાવાદ ખાતે તા.૨૦-૫-૨૦૨૪ સુધીમાં જમા કરાવી શકાશે. અન્યથા હજ કમિટી ઓફ ઈન્ડિયા, મુંબઈ દ્વારા પસંદગી પામેલા હજ યાત્રીની પસંદગી રદ કરવાના કિસ્સામાં જવાબદારી સંબંધિત હજ યાત્રીની રહેશે. વેઈટીંગ લીસ્ટમાં રહેલા હજ અરજદારોને જણાવવાનું કે સમય મર્યાદાને ધ્યાને રાખી વેઈટીંગ નંબર ૨૨૨૫થી ૨૩૦૧ સુધી જેઓની યાદી વેબસાઈટ પર રાખેલ છે. પ્રસ્તુત બાબતે આગોતરી તૈયારીના ભાગરૂપે તથા વહીવટી સરળતા રહે તેવા આશયથી હજ ૨૦૨૪ના વેઈટીંગ સમાવેશ થયેલ હજ યાત્રાળુના તા.૨૨-૫-૨૦૨૪ (બુધવાર) સુધીમાં ડોકયુમેન્ટ ગુજરાત હજ હાઉસ, કાલુપુર, અમદાવાદ ખાતે જમા કરાવવા જણાવવામાં આવ્યું છે. ઉપરાંત ધ્યાને રહે કે વેઈટીંગ લીસ્ટમાં સમાવેશ થયેલ હજ યાત્રાળુઓની પસંદગી થયેલ નથી, ફકત ટૂંકા સમયગાળાને ધ્યાને રાખી આગોતરી તૈયારીના આયોજનના ભાગરૂપે જરૂરી ડોકયુમેન્ટ જમા કરાવવા ગુજરાત રાજ્ય હજ સમિતિએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે. વેઈટીંગના ઉમેદવારોએ જિલ્લા મુજબ તાલીમ શિબિરમાં હાજરી આપવાની છે જેની વિગતો વેબસાઈટ પર રાખેલ છે.

---

મનસુખ વસાવા-ચૈતર વસાવા વચ્ચેની બબાલનો મામલો

# ધારાસભ્ય ચૈતર વસાવાએ પોલીસમાં કરી ફરિયાદ : ખોટો કેસ થયો તો ઉગ્ર આંદોલન

### ડીવાયએસપીને મૌખિક તથા લેખિતમાં ફરિયાદ કરી આપી ચીમકી

ભરૂચ, તા.૧૮

ડેડિયાપાડા તાલુકા પંચાયત કચેરીમાં ભરૂચના સાંસદ મનસુખ વસાવા અને ધારાસભ્ય ચૈતર વસાવા વચ્ચે ગતરોજ જાહેરમાં શાબ્દિક બોલાચાલી થઈ હતી. જેમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ સાંસદ વસાવા વિરૂદ્ધ કાર્યવાહી કરવા પોલીસમાં ફરિયાદ આપી છે. બંન્ને ઉમેદવારના સમર્થકો તાલુકા પંચાયત કચેરી પર આમનેસામને આવી ગયા હતા. જો કે દરમિયાન મામલો વધુ ગરમાતાં ડેડિયાપાડા પોલીસે વચ્ચે આવી મામલો થાળે પાડ્યો હતો. જે બાદ ધારાસભ્ય ચૈતર વસાવાએ મોડીરાત્રે Dy.SP લોકેશ યાદવને મૌખિક અને લેખિત ફરિયાદ કરી હતી અને જણાવ્યું હતું કે અગાઉ ભાજપના ઈશારે મારા પર ખોટા કેસો થયા હતા. હવે આ મામલે ભાજપના ઈશારે જો પોલીસ મારા પર ખોટો કેસ કરશે અથવા એકતરફી કાર્યવાહી કરશે તો અમે રોડ પર ઊતરી જઈશું. લાખોની સંખ્યામાં આદિવાસીઓ ડેડિયાપાડામાં આંદોલન કરશે. "ભાજપના સાંસદ મનસુખ વસાવાએ પોતાનાં ફેસબુક પેજ પર એક પોસ્ટ મૂકી હતી, જેમાં જણાવવામાં આવ્યું હતું કે ડેડિયાપાડામાં તાલુકા પંચાયત કચેરીમાં તાલુકા વિકાસ અધિકારી સાથે ધારાસભ્ય ચૈતર વસાવા દ્વારા ધાકધમકી અપાય છે. બંધ ઓફિસમાં ઓફિસ સ્ટાફના બીજા લોકોને બહાર કાઢી મૂકી અધિકારી સાથે ગેરવર્તન થતાં ઓફિસકર્મીઓમાં ડરનો માહોલ ફેલાયો છે. આ સમગ્ર ઘટના દરમિયાન નર્મદા જિલ્લા પંચાયતના સભ્ય હિતેશ વસાવાએ ચૈતર વસાવાને કહ્યું કે, તારી પાસે આટલો પૈસો કેવી રીતે આવ્યો ભ્રષ્ટાચાર કરીને, તો ચૈતર વસાવાએ સામે કહ્યું કે, મારો દોઢ લાખ પગાર છે. તારી જેવો હું બુટલેગર નથી. ચૈતર વસાવાએ મનસુખ વસાવાને કહ્યું કે, તમે દારૂના બુટલેગર અને આંકડાનો ધંધો કરતા લોકો સાથે ફરો છો તમને શરમ આવવી જોઈએ. ત્યારે મનસુખ વસાવાએ ચૈતર વસાવાને કહ્યું કે, તું નકલી દારૂ વેચવાનું બંધ કરી દે.'' નર્મદા જિલ્લા પંચાયતના સભ્ય હિતેશ વસાવાએ જોરજોરથી બોલવાની શરૂઆત કરતા મામલો બિચક્યો હતો.

## ચૈતર વસાવાએ મનસુખ વસાવા વિરૂદ્ધ કાર્યવાહી કરવા ફરિયાદ કરી

આ બાબતે ચૈતર વસાવાએ મનસુખ વસાવા વિરૂદ્ધ પોલીસમાં ફરિયાદ આપી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, મનસુખ વસાવા પોતાની વગનો દુરૂપિયોગ કરી ટીડીઓને મારા ઉપર ખોટો કેસ કરવા દબાણ કરી રહ્યા છે અને આ હરકતોથી લાગી રહ્યું છે કે, આવનારા દિવસોમાં પૂર્વ આયોજીત કાવતરૂં કરી મારી રાજકીય કારકિર્દી ખતમ કરવા માંગે છે. મનસુખ વસાવા અને ભાજપ કેટલાક આગેવાનો આ વિસ્તારમાં શાંતિ ડોહળવાનો પ્રયાસ કરી રહ્યા છે જેથી આ બાબતની કોઈપણ ઘટના બને તો તેની સંપૂર્ણ જવાબદારી મનસુખ વસાવા તથા ભાજપના આગેવાનોની રહેશે. જેથી આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે ત્યારે ચૈતર વસાવાએ પણ મામલે ઉચ્ચ પોલીસ અધિકારી સમક્ષ ચીમકી ઉચ્ચારતા જણાવ્યું હતું કે જો આ રીતે દબાવીને ખૌફ અને રોફ જમાવશે તો અમે પણ ઘર્ષણમાં ઉતરી આવશું.

---

વડાપ્રધાનની ડિગ્રી નકલી હોવાનું કહેતા ગુજરાત યુનિ.એ બદનક્ષીનો દાવો કર્યો છે

# ગુજરાત યુનિવર્સિટી બદનક્ષી કેસમાં કેજરીવાલ અને સંજયસિંહે મુદ્દત માટે અરજી કરી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

### ૧૫ જૂને નવા જજ સમક્ષ સુનાવણી હાથ ધરાશે

લોકસભા ચૂંટણીને લઈ અરવિંદ કેજરીવાલ અને સંજયસિંહે મુદ્દત માટે અરજી કરતા ગુજરાત યુનિવર્સિટી બદનક્ષી કેસ મામલે ૧૫ જૂને નવા જજ સમક્ષ સુનાવણી હાથ ધરવામાં આવશે. ગુજરાત યુનિવર્સિટીએ આમ આદમી પાર્ટીના સાંસદ સંજયસિંહ અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સામે વડાપ્રધાનની ડિગ્રી મુદ્દે પ્રશ્નો ઉઠાવતા અમદાવાદ મેટ્રો કોર્ટમાં બદનક્ષીનો દાવો કર્યો છે. જેમાં યુનિવર્સિટી તરફે કહેવાયું છે કે, આરોપીઓએ પ્રેસ કોન્ફરન્સ કરીને વડાપ્રધાને ગુજરાત યુનિવર્સિટીમાંથી મેળવેલ ડિગ્રી નકલી હોય શકે. જેથી યુનિવર્સિટીએ કહ્યું હતું કે, બંને એવું કહેવા માગે છે કે ગુજરાત યુનિવર્સિટી નકલી ડીગ્રીઓ આપે છે. આમ ગુજરાત યુનિવર્સિટીની પ્રતિષ્ઠાની નુકસાન પહોંચ્યું છે. જેથી ગુજરાત યુનિવર્સિટીએ બંને સામે અમદાવાદની મેટ્રોકોર્ટમાં બદનક્ષીનો દાવો કર્યો છે. અત્યારે દેશમાં લોકસભાની ચૂંટણીઓ ચાલી રહી છે. જેમાં દિલ્હીમાં ૨૫ મે અને પંજાબમાં ૦૧ જૂને લોકસભાની ચૂંટણી છે. ત્યારે બંનેના વકીલે આજે એટલે કે, ૧૮ મેના રોજ કોર્ટમાં અરજી આપી હતી. બંને આમ આદમી પાર્ટીના સિનિયર નેતાઓ છે. તેઓ ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છે. ત્યારે આજે કોર્ટ કાર્યવાહીમાંથી મુક્તિ આપીને બાદની મુદત આપવામાં આવે. જેથી કોર્ટે આ કેસની વધુ સુનાવણી ૧૫ જૂનના રોજ બપોરે રાખી છે. નોંધનીય છે કે, અરવિંદ કેજરીવાલ સુપ્રીમ કોર્ટમાંથી લીકર કેસમાં અત્યારે જામીન ઉપર છે. અગાઉ કોર્ટ આરોપીઓ સામે વોરંટ કાઢી ચૂકી છે. જો કે તે સમયે પોલીસ વાઈબ્રન્ટ સમિટમાં વ્યસ્ત હોવાથી વોરંટ બજવણી થઈ શકી નહોતી. બીજી તરફ હાઈકોર્ટ દ્વારા ગુજરાતની જુદી જુદી કોર્ટોમાં જજોના ટ્રાન્સફરને લઈને હવે નવા જજ આ કેસ સાંભળશે.

---

કેટલાક ટ્રાન્જેકશન અને બેનામી મિલકત વિશેની માહિતીને આધારે સર્ચ ઓપરેશન હાથ ધરાયું

# અમદાવાદ અને વડોદરામાં લાંબા સમય બાદ ઈન્કમટેક્ષનું મેગા ઓપરેશન : ૨૭ સ્થળે સર્ચ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૮

રાજ્યમાં ફરી એકવાર ઈક્રમટેક્સ વિભાગે ઓપરેશન હાથ ધર્યું છે. વડોદરા અને અમદાવાદના કેટલાક ટ્રાન્જેક્શન અને બેનામી મિલકત વિશેની વિગતો ઈક્રમટેક્સને મળી હતી. આથી ઈક્રમટેક્સ વિભાગે એકસાથે ૨૭ જગ્યાએ રેડ કરીને આજે સર્ચ શરૂ કર્યું છે. ઈન્કમટેક્ષના આ દરોડાથી સોપો પડી જવા પામ્યો છે. પ્રાપ્ત વિગત પ્રમાણે થોડા સમય પહેલા કેટલાક નાણાકીય વ્યવહારની વિગતો ઈક્રમટેક્સ વિભાગને મળી હતી અને તે દિશામાં પણ હાલ તપાસ કરવામાં આવી રહી છે. બીજી તરફ કંપનીના સંચાલકો અને તેમના સ્વજન પાસેથી મહત્વની વિગત અને પેપર અંગે તપાસ કરવામાં આવી રહી હોવાની વિગત પણ સૂત્રો જણાવી રહ્યા છે. પોલીસ બંદોબસ્ત વચ્ચે વડોદરામાં માધવ કન્સ્ટ્રક્શનની ઓફિસની અંદર સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે ગુજરાતમાં લાંબા સમય બાદ શનિવારે ઈક્રમટેક્સનું મેગા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. આજે અમદાવાદ અને વડોદરામાં ખુરાના ગ્રૂપ અને માધવ કન્સ્ટ્રકશન ઉપર ઈક્રમટેક્સની ટીમ પહોંચી છે. એકસાથે ઓફિસ અને ઘરે દરોડા પાડવામાં આવ્યા છે. થોડા સમય પહેલા થયેલા ટ્રાન્જેક્શનની માહિતીના આધારે ઈક્રમટેક્સ



વિભાગે આજે અમદાવાદ અને વડોદરામાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. વડોદરાના ખુરાના ગ્રૂપના અશોક ખુરાના સહિતના ભાગીદારોને ત્યાં ઈક્રમટેક્સની તપાસ શરૂ કરવામાં આવી છે. અમદાવાદમાં માધવ કન્સ્ટ્રક્શનના સુધીર ખુરાના, વિક્રમ ખુરાના અને આશિષ

### ખુરાના ગ્રુપ-માધવ કન્સ્ટ્રકશનના વિવિધ સ્થળે દરોડા : બેનામી વ્યવહાર મળે તેવી શકયતા

ખુરાનાને ત્યાં પણ ઈક્રમટેક્સનું સર્ચ ચાલી રહ્યું છે. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે આ સર્ચ બાદ મહત્વના ડોક્યુમેન્ટ અને ટ્રાન્જેક્શનની વિગત બહાર આવે તેવી શક્યતા છે. તેમજ ઘર અને ઓફિસ પર એકસાથે રેડ થતા આગામી સમયમાં ઈક્રમટેક્સ બેંક લોકર અને અન્ય જગ્યાએ પણ તપાસ હાથ ધરશે તેવું જાણવા મળી રહ્યું છે. વડોદરામાં માધવ ગ્રૂપની સુભાનપુરામાં આવેલી સેન્ટ્રલ ઓફિસ પર તપાસ હાથ ધરવામાં આવી છે. આ કંપની બાંધકામ અને સોલાર પેનલનું કામ કરે છે. મોટા પ્રમાણમાં બેનામી વ્યવહાર મળે તેવી શક્યતા છે. વહેલી સવારથી આઈટીના અધિકારીઓ સર્ચ ઓપરેશનમાં જોડાયા છે. ઈન્કમટેક્ષ વિભાગના અધિકારીઓની અલગ અલગ ટીમો સર્ચમાં લાગી છે. મોટી સંખ્યામાં સ્ટાફ આ કામગીરીમાં જોડાયો છે.

---


લગ્ન વિષયક

સુન્ની મુસ્લિમ ડાયવોર્સ ૩૫ વર્ષીય બિઝનેસમેન યુવક માટે સુંદર, સુશિલ, દીનદાર યુવતીના વાલીઓએ સંપર્ક કરવો.

M.9327573263


**અખબારી કાગળના ભાવમાં સતત અસહ્ય વધારો**

| તારીખ | કિલોગ્રામ દીઠ ભાવ | |
|---|---|---|
| ૫ એપ્રિલ-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૬ ડિસેમ્બર-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૫ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૨૪ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૧૦ જૂન-૨૦૨૧૩ | રૂા. | ૨૬.૫૦ |
| ૧૦ ઓગસ્ટ-૨૦૧૩ | રૂા. | ૨૮.૦૦ |
| ૧૯ ઓક્ટોમ્બર-૨૦૧૩ | રૂા. | ૨૮.૭૫ |
| ૨૫ માર્ચ-૨૦૧૪ | રૂા. | ૩૧.૦૦ |
| ૧૦ માર્ચ ૨૦૨૦ | રૂા. | ૩૪.૨૫ |
| ૧૬ એપ્રિલ૨૦૨૧ | રૂા. | ૪૯.૫૦ |
| ૩૦ માર્ચ ૨૦૨૨ | રૂા. | ૭૦.૦૦ |
| ૫ એપ્રિલ ૨૦૨૨ | રૂા. | ૭૨.૦૦ |
| ૩૦ ડિસેમ્બર-૨૦૨૩ | રૂા. | ૫૨.૦૦ |
| ૨૮ એપ્રિલ-૨૦૨૪ | રૂા. | ૫૨.૦૦ |
| ૧૯ મે-૨૦૨૪ | રૂા. | ૫૧.૦૦ |


શિક્ષકો જોઈએ છે

એફ.ડી.એજ્યુકેશન સોસાયટી,

એફ.ડી.કોલેજ રોડ, જમાલપુર ગેટ, અમદાવાદ-૩૮૦૦૦૧

સંસ્થા સંચાલિત સ્વનિર્ભર ઈંગ્લીશ મીડિયમ પ્રાઈમરી, સેકન્ડરી અને હાયર સેકન્ડરી શાળાઓમાં ભણાવી શકે તેવા શિક્ષકો

જરૂરી લાયકાત નીચે મુજબ :-

૧. B.A./M.A., B.Ed.
૨. B.Com./M.Com., B.Ed.
૩. B.Sc./M.Sc., B.Ed.

ઈન્ટરવ્યૂ તા.૨૨-૦૫-૨૦૨૪ (બુધવાર)ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે અરજીઓ, અસલ સર્ટિફિકેટ્સ, માર્કશીટસ સાથે રાખી સંસ્થાના દર્શાવેલ સરનામે સ્વખર્ચે હાજર રહેવું.






● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS

ગુજરાત ટુડે
રવિવાર
મેઘધનુષ
તા.૧૯-૫-૨૦૨૪

# ગાંધીનગર ખાતે આવેલી આ અગ્રણી અને પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓની એક વાર મુલાકાત લેવા જેવી ખરી




કેમ છો મિત્રો. સૌ મજામાં જ હશો. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ બન્નેના પરિણામો આવી ગયા છે અને હાલમાં બધા પ્રવેશ પ્રક્રિયામાં વ્યસ્ત હશો. તમને ખબર જ હશે ગત તા. ૫ મેના રોજ આવેલા લેખાંકમાં અમદાવાદ અને ગાંધીનગરની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓ વિશે વાત કરી હતી. તે વખતે અમદાવાદની સંસ્થાઓની વાત કરી હતી. પરંતુ ગાંધીનગર અને ગુજરાતમાં અન્ય સ્થળોએ રાષ્ટ્રીય કક્ષાની સંસ્થાઓ આવેલી છે તેની મુલાકાત લઈને અથવા તો તેની વેબસાઈટમાં ચેક કરીને એક એકથી ચડિયાતા અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે તેની આપ માહિતી મેળવી શકો છો. તો ચાલો આજે કરિએ ગાંધીનગર ખાતે આવેલી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓની સફર.

**● નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી**

આ યુનિવર્સિટી પહેલા ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી તરીકે સ્થપાઈ હતી એટલે પહેલા તેને જીએફએસયુ કહેવામાં આવતું હતું. પરંતુ હવે તેનું નામ નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી છે એટલે એનએફએસયુ તરીકે ઓળખાય છે. તે દેશની ચુનંદા ઈન્સ્ટીટ્યુટ ઓફ નેશનલ ઈમ્પોર્ટન્સમાં સમાવિષ્ટ છે. આની શરૂઆત સાયબર સિક્યુરિટી અને ફોરેન્સિક સાયન્સને લગતા કોર્ષથી થઈ હતી. પરંતુ હવે તેનો પોર્ટફોલિયો વિશાળ થઈ ગયો છે અને અવનવા અભ્યાસક્રમો ચાલી રહ્યા છે. ગુજરાત ઉપરાંત દેશભર અને વિશ્વભરમાંથી વિદ્યાર્થીઓ અત્રે પ્રવેશ મેળવવા આવે છે અને અભ્યાસ બાદ સારા પ્લેસમેન્ટ લઈને જાય છે. અહિં લો, મેનેજમેન્ટ સહિતના અવનવા વિષય ઉપર ભણાવવામાં આવે છે.

**● રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી**

આ યુનિવર્સિટી પહેલા શાહીબાગ ડફનાળા ખાતે આવેલા નાનકડા કેમ્પસ ખાતે શરૂ થઈ હતી. શરૂઆતમાં તે પોલીસ યુનિવર્સિટી તરીકે ઓળખાતી હતી. ત્યાં પોલીસને અને કાયદાને લગતા અભ્યાસથી શરૂઆત થઈ હતી અને ઘણા વિદ્યાર્થીઓ સિક્યુરિટી ફોર્સમાં પ્લેસમેન્ટ પામ્યા હતા. વળી અહિના વિદ્યાર્થીઓને પોલીસની ભરતીમાં અમુક ટકાવારી ગ્રેસ માર્ક તરીકે આપવામાં આવતી હતા. હાલમાં આ યુનિવર્સિટી રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી તરીકે ઓળખાય છે અને ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના લવાડ ગામે તેનું વિશાળ કેમ્પસ છે. અહિં ક્યાંય ના ભણાવવામાં આવતા હોય તેવા યુનિક અભ્યાસક્રમો, ડિપ્લોમા અને પ્રમાણપત્ર કોર્ષીસ ચાલે છે. તો આપ તેની વેબસાઈટમાં ચેક કરીને આગળ વધી શકો છો. આ યુનિવર્સિટીના પણ દેશના બીજા ભાગોમાં કેમ્પસ છે. અહીં હાલમાં પ્રવેશ પ્રક્રિયા ચાલુ છે. તો વેબસાઈટ જોઈ તાત્કાલિક નિર્ણય લેવો. અહિં હોસ્ટેલ તેમજ કેમ્પસ ફેસીલીટી છે.

**● ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી**

અમદાવાદથી ગાંધીનગર જાવ ત્યારે ગાંધીનગરની હદ શરૂ થાય અને તરત જ કોબા ગામ આવે છે અને ત્યાં નોલેજ કોરીડોર તરીકે ઓળખાતા રસ્તા ઉપર આ સંસ્થા આવેલી છે. દેશમાં જેમ મેનેજમેન્ટના અભ્યાસ માટે ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, ઈજનેરી માટે ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી અને હોટલ મેનેજમેન્ટ માટે ઈન્સ્ટીટ્યુટ ઓફ હોટલ મેનેજમેન્ટ છે તેવી જ રીતે કાયદાના અભ્યાસ માટે દેશમાં અલગ-અલગ શહેરોમાં નેશનલ લો યુનિવર્સિટીઓની રચના કરવામાં આવી છે અને અહિં કાયદા ક્ષેત્રના માંધાતા વિદ્યાર્થીઓ તૈયાર કરવામાં આવે છે. જીએનએલયુ તેમાંની એક છે. અગાઉ એક નાના કેમ્પસમાં શરૂ કરવામાં આવેલી જીએનએલયુ અત્યારે કોબા ખાતેના એક વિશાળ કેમ્પસમાં ચાલી રહી છે.

અત્યારસુધી કાયદાનો અભ્યાસ ત્રણ વર્ષ હતો અને હજુ પણ છે પરંતુ બે દાયકા પહેલા એક નિષ્ણાતોને એક વિચાર આવ્યો અને વિદ્યાર્થીઓ અભ્યાસ કરીને સીધી જ પ્રેક્ટીસ કરી શકે અથવા તો લીગલ મેનેજર બની શકે તેવું તલસ્પર્શી કાયદાનું જ્ઞાન આપવું જોઈએ. તેના આધારે જ પાંચ વર્ષના કાયદાના અભ્યાસક્રમો માટે આ યુનિવર્સિટીઓ શરૂ થઈ છે. જેમાં

## હેલ્લો સ્ટુડન્ટ્સ

**- સાહેબ સોની**

ધોરણ-૧૨ બાદ પાંચ વર્ષના કાયદાનો અભ્યાસક્રમ હોય છે અને તેની એકે એક બાબતોથી વિદ્યાર્થીઓને વાકેફ કરાવવામાં આવે છે.

તો જીએનએલયુમાં પ્રવેશ માટે Common Law Admission Test (CLAT)ની પ્રવેશ પરીક્ષા આપવાની હોય છે અને તેના આધારે પ્રવેશ મળે છે. કેન્દ્રીય ધોરણે પ્રવેશ પરીક્ષા યોજાય છે અને મેરીટના આધારે તમને અલગ-અલગ શહેરની નેશનલ લો યુનિવર્સિટીમાં પ્રવેશ મળે છે. તેની ફી પણ ખાસ્સી મોંઘી હોય છે પરંતુ તમને લોન અને સ્કોલરશીપ મળે તેના વિકલ્પો હોય છે. અહિં કેમ્પસમાં તમને એક એકથી ચડિયાતી સુવિધા મળે છે જેમાં લાયબ્રેરી, સ્પોર્ટસ એક્ટીવીટી, મ્યુઝીકનો સમાવેશ થાય છે. અભ્યાસ માટે દુનિયાભરના જાણિતા પુસ્તકો મળી રહે છે. આથી એકવાર અહિં એડમિશન મળી જાય એટલે બેડો પાર થઈ ગયો સમજો.

**● પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી (પીડીઈયુ)**

ગાંધીનગરમાં જ જીએનએલયુની સામેના ભાગે આ એક વિશાળ કેમ્પસમાં આવેલી અનોખી યુનિવર્સિટી છે કે જે સૌ પહેલા ઓઈલ, ગેસ અને પેટ્રોલિયમ ક્ષેત્રમાં નિષ્ણાતો તૈયાર કરવા માટેના અભ્યાસક્રમો ઉપલબ્ધ હતા પરંતુ ધીરે ધીરે અહિં કોમર્સ, આર્ટસ અને મેનેજમેન્ટ સહિતની ઈન્સ્ટીટ્યુટ્સ શરૂ કરવામાં આવી છે અને ગુજરાતની ટોચની ખાનગી યુનિવર્સિટીમાં ગણના પામે છે. અહિં બી.કોમ, બી.એ, બીબીએ અને બીએસસીના ચાર વર્ષના કોર્ષ ચાલે છે અને તેમા પાસ થનાર વિદ્યાર્થીઓને એક સારી સંસ્થામાં એમબીએ થયેલા વિદ્યાર્થી કરતા પણ વધુ પગારની જોબ ઓફર થતી હોય છે. આ ઉપરાત પેટ્રોલિયમ અને અન્ય ઈજનેરી શાખામાં બી.ટેક અને એમ.ટેકના અભ્યાસક્રમો છે. એમબીએ અને પેટ્રોલિયમ ટેકનોલોજીના અભ્યાસક્રમો તો અહિં ઉપલબ્ધ છે જ. અહિંના કેમ્પસમાં વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે પ્રમાણે ખ્યાલ રાખવામાં આવે છે. દેશ વિદેશના વિદ્યાર્થીઓ માટે ઉત્તમ સુવિધા ધરાવતી હોસ્ટેલ પણ ઉપલબ્ધ છે. અહિં ભણવાનો એક લહાવો છે અને પીડીપીયુની સ્વતંત્ર પ્રવેશ પરીક્ષા હોય છે તેના દ્વારા એડમિશન મળે છે. જ્યારે ટેકનિકલ અભ્યાસક્રમોનો પ્રવેશ એસીપીસી એટલે કે ગુજરાતની એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષીષ દ્વારા થાય છે.

**● DA-IICT (ધીરુબાઈ અંબાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી)**

કોમ્પ્યુટર ક્ષેત્રમાં હાર્ડવેર અને સોફ્ટવેર ક્ષેત્રે ઉત્તમ નિષ્ણાતો તૈયાર કરવાની નેમ સાથે આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી અને આ એક ખાનગી સંસ્થા છે. પરંતુ તેમાં પ્રવેશ મેળવવો એટલે જીવનમાં સફળતાનું એક પગલું પસાર કરવું. અહિં ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષાનો કોર્ષ થાય છે અને મોટા ભાગે સાયન્સ બેકગ્રાઉન્ડવાળા વિદ્યાર્થીઓને પ્રવેશ મળે છે. જે વિદ્યાર્થીઓએ બીસીએ કર્યું હોય તેઓ અહિં માસ્ટર ઓફ સાયન્સ (ઈન્ફોર્મેશન ટેકનોલોજી)નો અભ્યાસ અહી કરી શકે છે. આ ઉપરાંત બી. ટેક ઈન કોમ્યુનિકેશન એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજીનો કોર્ષ થાય છે. આ ઉપરાંત માસ્ટર ઓફ ટેકનોલોજી, માસ્ટર ઓફ કોમ્યુનિકેશન ડિઝાઈન, પીએચડીના આલા દરજ્જાના અભ્યાસક્રમો અહિં ઉપલબ્ધ છે. તેઓની પોતાની પ્રવેશ પરીક્ષા હોય છે અને ખાસ્સી અઘરી હોય છે. અહિં પાસ થનાર વિદ્યાર્થીઓ કોમ્પયુટર, ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને કોમ્પ્યુટર સાયન્સ ક્ષેત્રે જોબ મેળવી શકે છે અને મોટાભાગના વિદ્યાર્થીઓનું કેમ્પસમાંથી ખૂબ ઊંચા પગારે પ્લેસમેન્ટ થઈ જાય છે. આથી અહીં અભ્યાસ કરવો એટલે સફળતાની ખાતરી છે.

**● નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી (એનઆઈએફટી)**

ફેશનની દુનિયામાં ડંકો વગાડનાર દેશના ખ્યાતનામ ફેશન ડિઝાઈનરો દેશના અલગ અલગ શહેરોમાં આવેલી નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજીના વિદ્યાર્થીઓ હોય છે. અહિં અભ્યાસ કરીને તેઓ પોતે ફેશન ડિઝાઈનર તરીકે કામ કરે છે અથવા તો મોટી કંપનીઓમાં ઉત્તમ પગાર ઉપર ઉચ્ચ હોદ્દા ઉપર કામગીરી કરતા હોય છે. અમદાવાદ-ગાંધીનગર હાઈવે ઉપર આ સંસ્થા આવેલી છે અને અહિ પ્રવેશ મળે તો બેડો પાર થઈ જાય છે.

**● ઈન્સ્ટીટ્યુટ ઓફ હોટલ મેનેજમેન્ટ**

અમદાવાદની ઈન્સ્ટીટ્યુટ ઓફ હોટલ મેનેજમેન્ટ ગાંધીનગર હાઈવે ખાતે આવેલી દેશની જાણિતી સંસ્થા છે. તમે જે ટેલિવિઝનમાં સેલિબ્રિટી શેફને જુઓ છો કે જુદી જુદી હોટલના ઉચ્ચ હોદ્દા ઉપર આવેલા અધિકારીઓના ઈન્ટરવ્યુ જોતા હશો તેઓ રાજ્યની જુદા શહેરોમાં આવેલા ઈન્સ્ટીટ્યુટ ઓફ હોટલ મેનેજમેન્ટ ખાતે અભ્યાસ કરેલો હોય છે. અહિંનો અભ્યાસક્રમ ખુબ જ મહત્વનો છો. અહિં કેન્દ્રીય ધોરણે પ્રવેશ મળે છે. વળી અહિં ફૂડ ઉદ્યોગને લગતા ડિપ્લોમા અને પ્રમાણપત્ર અભ્યાસક્રમો પણ ચાલી રહ્યા છે તો ત્યાં તપાસ કરીને પ્રવેશ મેળવી શકાય છે.

મિત્રો આ ઉપરાંત ગાંધિનગર ખાતે સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટી, ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ઈન્સ્ટીટ્યુટ ઓફ એડવાન્સ રિસર્ચ, સેન્ટ્રલ યુનિવર્સિટી, આઈઆઈટી-ગાંધીનગર, ઈન્સ્ટીટ્યુટ ઓફ હોટલ મેનેજમેન્ટ વડોદરા ખાતે આવેલી ગતિશક્તિ યુનિવર્સિટી વગેરેની વેબસાઈટ ચેક કરી લેવી. તમને તમારા રસના વિષયના અભ્યાસક્રમો મળી જશે. તો બધે જ તપાસ કરીને યોગ્ય નિર્ણય લો. ઓલ ધ બેસ્ટ.

**ઉપરોક્ત કોલમ વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી શરૂ કરવામાં આવી છે. જેમાં એજ્યુકેશનને લઈ મૂંઝવતા પ્રશ્નો પર, કારકિર્દીને લગતા પ્રશ્નોના સચોટ જવાબો આપવામાં આવશે. એજ્યુકેશન લગતા પ્રશ્નો વિદ્યાર્થીઓ ગુજરાતટુડેના ઈ-મેઈલ પર મોકલી શકે છે.**

**E-mail:sahebtoday@gmail.com**

# કેટલા જન્મો પછીની સાધનાનું ફળ હશે, આંખને પાંપણ મળે એવાં મળેલાં આપણે

ગમતી વ્યકિતના હાથે મૂરખ બનવામાં પણ એક નશો હોય છે. કોઈપણ વ્યકિતને બે રીતે મૂરખ બનાવી શકાય. પહેલી રીત છે કશોક બદલો લેવાની હલકી વૃત્તિ કે ખરાબ દાનત રાખીને મૂરખ બનાવો અને બીજી રીત છે બસ નિર્દોષ, નિર્ભેળ, નિ:સ્વાર્થ અને નિર્મળ ભાવે માત્ર મૂરખ બનાવવા ખાતર મૂરખ બનાવો !

સંબંધ શાસ્ત્ર તો એવું કહે છે કે કોઈને મૂરખ બનાવવા એના કરતા કોઈપણના હાથે મૂરખ બનવામાં મજા છે. મૂરખ બનાવનાર ઈશ્વર માટે અપ્રિય બની જાય છે. મૂરખ બની જનાર પ્રિય બને છે. એમાંય વળી, જાણી જોઈને મૂરખ બનવામાં તો કંઈક અનોખી જ લિજ્જત છે. માત્ર રમુજ કે મજાક ખાતર જ્યારે તમે કોઈના દિલને ઠેસ ન પહોંચે, એના આત્મ સન્માનને ઠેસ ન પહોંચે કે એના વ્યકિતત્વ પર સહેજ પણ નાનો-મોટો ઉઝરડો ન પડે એ રીતે જો મજાક કરો તો એ મજાક પોતે જ સંબંધને મજબૂત્ બનાવતો પદાર્થ બની જાય છે.

કોઈના સંબંધનો કે મૈત્રીનો મોભો સહેજપણ ઝાંખો ન પડે એ રીતે કરવામાં આવતી મજાક પણ એક પ્રકારની લાગણી જ કહેવાય. લાગણી પ્રગટાવવાની કે લાગણીને વ્યકત કરવાની આ પણ એક રીત છે બે વ્યકિતઓ વચ્ચે જયારે મજાકનો મજ્જાસેતુ રચાય છે. ત્યારે મગજનું મજ્જા તંત્ર સાચા અર્થમાં મજાતંત્ર બની જાય છે. જયાં તંદુરસ્ત મજાક હોય છે ત્યાં સંબંધ કે પ્રેમ પણ એટલો જ તંદુરસ્ત રહે છે. મજાક તો નિર્દોષ મજાનું જ એક નામ છે. જેવી રીતે દર્શક એટલે દર્શન કરનાર રક્ષક એટલે રક્ષણ કરનાર 'સેવક' એટલે સેવા કરનાર અને 'લેખક' એટલે લખનાર ! 'ક' પ્રત્યયનો અર્થ વ્યાકરણ મુજબ કરનાર થાય છે. તો મિત્રો, 'મજાક' એટલે મજા કરનાર અને મજા કરાવનાર ! બસ મજાક શબ્દનો આટલો જ પણ ઊંડાણભર્યો અર્થ જેને સમજાઈ જાય એ કયારેય કોઈનીય મજાકની ટીકા કે નિંદા નહીં કરે !

જેનો સ્વભાવ મજાક કરવામાં માનતો નથી એવો કોઈપણ માણસ ભલે ઉંમરથી નહીં તો હ્રદયથી ઘરડો બની ગયો એમ કહેવાય. આવા હ્રદયથી ઘરડા બની ગયેલાને 'વૃદ્ધ' ન કહેવાય કારણ કે વૃદ્ધનો અર્થ થાય છે વૃદ્ધિ થવી ! જેના હ્રદયમાં જિંદગીને પારખવાની ચિત્તવૃદ્ધિ થઈ હોય અને કોઈના બોલાયેલા કે લખાયેલા શબ્દમાં છુપાયેલી મજાકમાં ધરતીમાં છુપાઈને પણ વહેતી સરસ્વતી નદીના પ્રવાહનું જ દર્શન થવાનું ! આવું દર્શન બહુ ઓછાને થાય છે.

જેના હ્રદયમાં પ્રેમ, પ્રેમને પ્રેમ જ ભર્યો હોય એને કયાંય નફરત જેવું દેખાતું પણ ન હોય અને એવી નઠોર-કઠોર નફરતનો અનુભવ પણ નથી થતો. પ્રેમ જ માણસને નફરતથી દુર રાખે છે. અંધારૂ અને સૂરજ આ બંનેનું સહઅસ્તિત્વ કયારેય શકય નથી. બંનેને એક જ મંચ પર લાવી શકાય નહીં. પ્રેમ અને નફરતનું પણ એવું જ કહેવાય. જયાં સૂરજની હાજરી છે ત્યાંથી અંધારૂ કરોડો માઈલ દૂર હોય. જયાં પ્રેમની હાજરી હોય ત્યાં નફરતનો પડછાયો પણ જોવા ન મળે ! કોઈનીય મજાકને પ્રેમ માની લો, પણ કોઈના પ્રેમને મજાક માનવાની ભૂલ કયારેય ન કરશો. મજાક પ્રેમ છે, પણ પ્રેમ મજાક નથી. 'બૂરા મત માનો, યે મજાક હૈ !' એવો ખુલાસો કરી શકાય, પણ 'બુરા મત માનો યે પ્રેમ હૈ !' એવો ખુલાસો કોઈએ આજ સુધી કર્યો હોય એવું જોવા જાણવા



## દસ્તક

**હર્ષદ પંડ્યા**

કે અનુભવવા **મારૂં** નથી !

જેમ પ્રેમ સહજ છે એમ મજાક પણ સહજ હોય તો એનો કંઈક જુદો જ આનંદ હોય. સાચી મજાકનો આવો સાચો આનંદ જ પરમ આનંદ બની શકે, જયાં આવો 'પરમ આનંદ' હોય ત્યાં જ 'પરમાનંદ' હોય ને ! પરમાનંદ એ, ભગવાનના એક હજાર નામોમાંનું એક નામ છે ! મિત્રો, કહેવાનો મતલબ એટલો જ કે તમે કોઈનાય પર જયારે મજાક કરો ત્યારે એ મજાક, તમે કોઈ વ્યકિતના વ્યકિતત્વ પર નહીં, પણ આ સમગ્ર સૃષ્ટિના અસ્તિત્વ પર કરી રહ્યા છો એટલો ખ્યાલ રાખીને કરશો તો કયારેય એ મજાકમાં તમારા શૈતાની દિમાગની અવળચંડાઈ કે સાંકડા દિલની રમત નહીં જ હોય ! તમારી સામે ઊભેલી કોઈપણ વ્યકિત-ભલે એ ગમે તે ધર્મની, ગમે તે વર્ણની, ગમે તે વર્ગની હોય, પણ એ સમગ્ર સૃષ્ટિનો અંશ છે, ઈશ્વર-અલ્લાહનો એ અંશ છે ! બસ, આટલું સમજીને એની સાથે એવી લાગણીભીની મજાક કરીને તમારા હ્રદયમાં છુપાયેલી લાગણીના કોમળલયને વાચા આપો, તમારી શુદ્ધ લાગણીમાં સ્નાન કરીને આવેલી એ મજાક એ માણસને તો ગમશે જ, માલિકને પણ ગમશે ! માલિકને લાગશે કે એક માણસ બીજા માણસને સાચી રીતે હવે ઓળખી શકયો છે કેમ કે એક માણસને હવે બીજા માણસમાં મારૂં જ દર્શન થાય છે, મારો જ દિદાર થાય છે, મારૂં જ પ્રતિબિંબ એ જોતો થઈ ગયો છે !

કોઈ બાપને જયારે પોતાનું સંતાન પોતાના જ જેવું માનવીય દર્શન કરાવતું લાગવા માંડે ત્યારે એ બાપના હૈયે કેવી ઢાળક વળે ! એના પૂરા જીવનને એ નવજીવનમાં તબદિલ થતું જોઈ શકે છે ! મિત્રો, એક સામાન્ય બાપને જો આટલો આનંદ થતો હોય તો, ઈશ્વર-અલ્લાહ તો બાપનોય બાપ છે ! તેને ગમતા તમારા કાર્યો જોઈને એને ગમતું તમારૂં વર્તન જોઈને એને કેટલો બધો આનંદ થતો હશે !

એક માણસ બીજા માણસમાં જયારે માણસનું દર્શન કરે છે. ત્યારે એ બંને માણસો, એ સત્યને સાબિત કરે છે કે એક ઈશ્વર ખુદ બીજા ઈશ્વરને મળી રહ્યો છે, એક ખુદા સ્વયં બીજા ખુદાને મળી રહ્યો છે ! માણસમાં માણસનું દર્શન કરવું એનો અર્થ જ એ થયો દોસ્તો કે ઈશ્વરમાં ઈશ્વરનું, અલ્લાહમાં અલ્લાહનું દર્શન થયું ! અને આ દર્શનનું બીજું નામ જ ધર્મ છે. માનવતા જેવો બીજો કોઈ જ મૂળ ધર્મ નથી. સઘળા ધર્મોનું કુળ જ માનવતા છે ! પ્રત્યેક ધર્મનું મૂળ જ માણસાઈ છે. તમારા દ્વારા થતી નાની-મોટી કોઈપણ મજાકમાં માનવતાની જ મહેક આવવી જોઈએ. એ મજાકમાં માણસાઈના દીવા પ્રગટેલા હોય તો જ મજાક કરનાર અને એ મજાક જેના પર કરવામાં આવી છે તે બંનેને અજવાળાનો અહેસાસ થાય !

દિલમાંથી પ્રગટેલી મજાક અજવાળું ફેલાવે. શૈતાની દિમાગમાંથી નીકળેલી મજાક અંધારૂ ફેલાવે. અજવાળું જ ઈશ્વર-અલ્લાહનો આપણને અહેસાસ કરાવે. અંધારૂ આપણને ઈશ્વર-અલ્લાહના અસ્તિત્વથી દૂર ફેંકી દે છે.

જેણે પોતાની બંને આંખોમાં અજવાળું આંજયું હોય એને તો અમાસની ઘોર અંધારી રાત પણ શરદ પૂનમની ઉજળી રાત



જેવી લાગશે, પણ જેણે પોતાની આંખોમાં અંધારાનું આંજણ આંજી લીધુ છે એને તો સૂરજની હાજરીમાં પણ બધે અંધારૂં જ લાગવાનું ! નક્કી આપણે કરવાનું છે કે આપણે બધે અજવાળું જ જોવું છે કે અંધારૂં ? શબ્દપ્રીત કહે છે :

**કેટલા જન્મો પછીની સાધનાનું ફળ હશે,**
**આંખને પાંપણ મળે એવા મળેલા આપણે**

**:::: ટહુકો ::::**

**દિલોં પર ખૌફ તારી કર રહા હૈ**
**વો કૈસે હુકમ જારી કર રહા હૈ**
**ખનકતે હૈ મગર ચલતે નહીં હૈ**
**યે સિક્કે કૌન જારી કર રહા હૈ**

**- ઉબૈદ સિદ્દીકી**

# પરીક્ષાનાં પરિણામો અને પરિણામોની પરીક્ષા

આમ તો 'સ્ત્રી સશક્તિકરણ'ની કોલમમાં પરીક્ષાની વાત ન થવી જોઈએ, પણ જે પરિસ્થિતિ અત્યારે બોર્ડની પરીક્ષાઓનાં પરિણામોએ સર્જી છે ને એ વિદ્યાર્થિનીઓને પણ લાગુ પડે છે, એ હિસાબે આજે કોલમમાં અપવાદ કરવાનું સ્વીકાર્યું છે. આશા છે, વાચકો તેને દરગુજર કરશે ને શક્ય હોય તો પરિસ્થિતિની ગંભીરતાને સમજવાની કોશિશ પણ કરશે.

૨૦૨૦થી નવી શિક્ષણ નીતિ લાગુ થઈ તે પહેલાં માર્ચમાં બોર્ડની ૧૦માંની પરીક્ષાઓ પૂરી થઈ ગઈ હતી. એનું પરિણામ ૬૦ ટકા આવ્યું હતું. એ પરિણામ કુદરતી ન હતું. એ લાવવું પડે એમ હતું ને એ લાવવા ગણિત જેવા વિષયમાં ૮૦માંથી ૫ માર્કસ લાવનારને ૨૬ માર્કસે પાસ કરવા ૨૧ માર્કસ ગ્રેસિંગના આપવા પડ્યા હતા ને તે એકાદ બે કિસ્સામાં નહીં, ઘણા કિસ્સાઓમાં. એ પછી કોરોના આવ્યો ને બધાં જ ધોરણોમાં બે વર્ષ સુધી માસ પ્રમોશન અપાયું. ઓનલાઈન એજ્યુકેશનનો અખતરો પણ એ દરમિયાન જ થયો. સાધનોના અભાવે ક્યાંક શિક્ષણ થયું જ નહીં ને લર્નિંગ લોસની ચિંતા પણ ખાસ થઈ નહીં. એ બે વર્ષ દરમિયાન કૈં જ ભણ્યા વગર છઠ્ઠાનો વિદ્યાર્થી ૮માંમાં, ૮માંનો ૧૦માંમાં અને ૧૦માંનો ૧૨માંમાં આવી ગયો. એ પછીનાં વર્ષોમાં લર્નિંગ લોસની પરવા કર્યા વગર શિક્ષણ તો થયું, પણ ચમત્કાર એ થયો કે વિદ્યાર્થીઓ ભણ્યા વગર કે ટ્યૂશન ક્લાસમાં દોડવાને કારણે કદાચ, એકદમ હોંશિયાર થઈ ગયા. એવું ખાતરીપૂર્વક એટલે કહી શકાય એમ છે કે આ વખતનું ધોરણ ૧૦નું ગુજરાત બોર્ડનું પરિણામ ૮૨.૫૬ ટકા આવ્યું. ધોરણ ૧૨નું ગુજરાત બોર્ડનું સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૧.૯૩ ટકા ને વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૮૨.૪૫ ટકા આવ્યું. સામાન્ય પ્રવાહમાં પહેલી ત્રણ વિદ્યાર્થિનીઓ હતી ને તેનાં



## સ્ત્રી સશક્તિકરણ

- રવીન્દ્ર પારેખ

ટકા અનુક્રમે ૯૯.૮૩, ૯૯.૭૫ અને ૯૯.૫૦ હતા. મતલબ કે ૧૦૦ ટકા લાવવામાં ૦.૧૭ ટકા જ ખૂટ્યા. વિજ્ઞાન પ્રવાહમાં પહેલા અને ત્રીજા નંબરે વિદ્યાર્થીઓ હતા ને તેમની ટકાવારી અનુક્રમે ૯૯.૭૧, ૯૯.૫૬ હતી જ્યારે બીજે નંબરે વિદ્યાર્થિની હતી ને તેની ટકાવારી ૯૯.૬૭ હતી. વિજ્ઞાન પ્રવાહમાં ૯૧થી ૧૦૦ ટકા મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૩૪ હતી. સામાન્ય પ્રવાહમાં ૯૧થી ૧૦૦ ટકા મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૫૫૦૮ હતી. ધોરણ ૧૦માંમાં ૯૧થી ૧૦૦ ટકા મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૨૩૨૪૭ હતી.

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઇ)નું ૨૦૨૪નું ધોરણ ૧૨નું પરિણામ ૮૭.૯૮ ટકા અને ધોરણ ૧૦નું પરિણામ ૯૩.૬૦ ટકા આવ્યું છે. સીબીએસએઇ ગ્રેડ કે ટકાવારી જાહેર કરતું નથી, પણ ધોરણ દસ અને ધોરણ બારમાં ૯૦ અને ૯૫ ટકા મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા વધી છે તે બોર્ડે કબૂલ કર્યું છે. દર વખતની જેમ આ વખતે પણ પરીક્ષાઓમાં છોકરીઓ, છોકરાઓ કરતાં આગળ રહી છે. માત્ર સુરતની વાત કરીએ તો ૯૯ ટકાથી પણ વધુ માર્કસ મેળવનારની સંખ્યા ૪ની છે.

આવું પરિણામ ઐતિહાસિક હોવા ઉપરાંત આખા દેશમાં કદાચ અભૂતપૂર્વ છે. ગુજરાત બોર્ડનું પરિણામ આવ્યું તો એ અત્યાર સુધીનું સૌથી વધુ લાગતું હતું, પણ સીબીએસઇનું પરિણામ તો તેને પણ ટપી જાય તેવું આવ્યું છે. માર્કસનો ને પરિણામોનો આટલો ફુગાવો અગાઉ ક્યારેય જોવા મળ્યો નથી. ધોરણ ચારમાં તો આ વખતે એક વિદ્યાર્થિનીને ગણિતમાં ૨૦૦માંથી ૨૧૧ અને ગુજરાતીમાં ૨૦૦માંથી ૨૧૨ માર્કસ આપવાનો ચમત્કાર થયો. જોકે, પછી કોઈકે ધ્યાન દોર્યું, તો એ વિદ્યાર્થીનું પરિણામ બદલીને ૨૦૦ની અંદર લાવવામાં આવ્યું. સીબીએસઈમાં સૂરતમાં જ પરિણામ ૯૯ ટકાથી વધુ હોય એવા ચાર વિદ્યાર્થીઓ હોય, તો બોર્ડમાં કેટલા હશે તેની કલ્પના કરવાની રહે. જોકે, ધોરણ દસની જ વાત કરીએ તો ૯૧ ટકાથી વધુ માર્કસ મેળવનારની ગુજરાત બોર્ડની સંખ્યા ૨૩૨૪૭ છે ને સીબીએસઈની ધોરણ દસની ૯૫ ટકાથી વધુ માર્કસ મેળવનારની સંખ્યા ૪૭૯૮૩ની છે. આ પરિણામોથી હરખ થવો જોઈએ, પણ નથી થતો, કારણ આમાં પરીક્ષણ કરતાં કોઈક સ્તરે રાજકારણ કામ કરતું હોવાનો વહેમ પડે છે. આમ તો પરીક્ષાને અને ચૂંટણીને કોઈ લેવાદેવા ન હોય, પણ મત મેળવવા રાજકીય પક્ષો કૈં પણ કરી શકે ને એવું કૈં સત્તાધારી પક્ષ તરફથી થયું હોય તો નવાઈ નહીં. આવું ન હોય એમ જરૂર ઈચ્છીએ, પણ જે રીતે આ વર્ષે બોર્ડની પરીક્ષાઓનાં પરિણામો આવ્યાં છે, એમાં અભૂતપૂર્વ કૈં ભણાવાયું નથી, નથી તો વિદ્યાર્થીઓ એવું અભૂતપૂર્વ કૈં ભણ્યા કે નથી તો પરીક્ષાઓમાં અભૂતપૂર્વ કૈં લખાયું, તો આવું અભૂતપૂર્વ પરિણામ આવે કઈ રીતે એ સવાલ મૂંઝવે છે. આ વખતે પણ પ્રશ્નો તો હતા જ ! પ્રશ્નપત્રોમાં ગરબડો હતી, પરીક્ષામાં ચોરીઓ થઈ જ છે, જે તે વિષયના પરીક્ષકો મળવાનાંય ફાંફાં હતા, હા, એટલું હતું કે સામી ચૂંટણીએ મહિનો વહેલું પરિણામ આપવાની જાહેરાતો થઈ ચૂકી હતી, મતલબ કે ઉતાવળ હતી ને એમાં જ કૈં ભાંગરો વટાયો હોય એમ બને. બને કે પેપરો આડેધડ તપાસાયાં હોય.

કોઈ મુશ્કેલી ન ઊભી થાય એટલે બધાંને જ લિબરલ રહેવાનું સૂચવાયું હોય કે બને ત્યાં સુધી પરિણામ ૧૦૦ ટકાની નજીક રાખવાનું કહેવાયું હોય, જેથી કોઈ રડતું ન આવે ને બધાં જ રાજીનાં રેડ રહે ને રેડ ન પાડે એવી પણ કોઈ ગોઠવણ થઈ હોવાની શંકા પડે છે. છોકરાંઓ સારા માર્કસે પાસ થાય તો તેમના માબાપ પણ ખુશ થાય ને ચૂંટણીમાં વધુ મત પડે એવું પણ કોઈ ગણિત કામ કરતું હોય એમ બને. લાગે છે તો એવું કે દાનત કોઈ પણ ભોગે પાસ કરવાની જ રહી હોય. પણ, એમાં માર્કસની આવી ભયાનક લહાણી તો ન હોયને ! જે વિદ્યાર્થીના સ્કૂલમાં ૨૦માંથી ૮ ન આવ્યા હોય, એના ૮૦માંથી ૮૦ માર્કસ આવે તો શું સમજવાનું? માર્કસ એટલે કેવળ આંકડા એટલો જ અર્થ કદાચ બચી ગયો છે. તેને હોંશિયારી, જ્ઞાન, સમજ સાથે સંબંધ હોય એવું અપેક્ષિત છે. કેટલાક વિદ્યાર્થીઓ ખરેખર હોંશિયાર હશે જ, પણ આંકડાઓની ચડસાચડસીમાં એમનું તેજ ઢંકાઈ ગયું હોય એમ લાગે છે. અત્યારે તો આંકડાઓનું જ મહત્ત્વ રહી ગયું છે. આ આંકડાઓ પાસ કરાવે છે, એડમિશન અપાવે છે, નોકરી અપાવે છે એટલે એની પાછળ દુનિયા દોડે છે.

હમણાં નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ(NEET)ની પરીક્ષામાં (મેડિકલમાં) ઊંચું મેરિટ મળે એ હેતુથી ૨૬ જણાએ ચોરી કરાવનારને પરીક્ષાર્થી દીઠ ૧૦ લાખ રૂપિયા આપવાનું કૌભાંડ, ગોધરા પોલીસે પકડયું છે ને એક આરોપી પાસેથી રોકડા સાત લાખ કબજે પણ લીધાં છે. અહીં સવાલ એ થાય કે એક તરફ ૯૫ ટકા લાવનારા ગધેડે ગવાય છે ને બીજી તરફ મેરિટ ઊંચું લાવવા માટે દસ લાખ ખર્ચવા તૈયાર અમીર બેવકૂફો પણ છે. એવા લોકો પાસ થાય ને દાક્તરી કરે એમાં શો ભલીવાર રહે તે સમજી શકાય એવું છે.

વિદ્યાર્થીઓ ખરેખર હોંશિયાર હોય ને તેનું પ્રમાણિક એસેસમેન્ટ થયું હોય ને આટલા ટકા આવે, તેનો તો આનંદ જ હોય, એવા જેન્યુઇન વિદ્યાર્થીઓ ને શિક્ષકો ન જ હોય, એવું નથી, પણ ધોરણ ૧૦માં ગુજરાત બોર્ડમાંથી ૯૧ ટકાથી ૧૦૦ ટકા મેળવનાર ૨૩૨૪૭ વિદ્યાર્થીઓ હોય ને સીબીએસઈમાં ૯૫ ટકાથી વધુ મેળવનાર ૪૭૯૮૩ વિદ્યાર્થીઓ હોય એ ગળે નથી ઊતરતું. એનો સ્કૂલો ને ટ્યુશન કલાસો જાહેરાતો આપીને જે રીતે પ્રચાર કરે છે એમાં વિદ્યાર્થીઓને બિરદાવવાને નામે કમાણી કરવાનો આશય છૂપો નથી રહેતો. જે રીતે શિક્ષણ બજારમાં આવ્યું છે, તે શૈક્ષણિક સંસ્થાઓમાં ઓછું ને ટ્યૂશન કલાસોમાં વધુ રમતું થયું છે. શિક્ષણ શિખવવાની નહીં, બતાવવાની વસ્તુ બની છે. એને લીધે તેની કિંમત વધી હશે, પણ મૂલ્ય જરૂર ઘટ્યું છે.

એ પણ તપાસવા જેવું છે કે કેટલી બિનજરૂરી પરીક્ષાઓ પ્રવેશને નામે લેવાય છે ? ફી ન મળવાની હોય તો એ પરીક્ષાઓ લેવાય ખરી ? આટલી પરીક્ષાઓ પછી ગુણવત્તા કે બુદ્ધિમત્તા વધે છે કે વિદ્યાર્થી-વાલીને ખીસું કતરાયાની લાગણી જ શેષ રહે છે એ વિચારવા જેવું છે. આ આખી પ્રક્રિયા ફુગ્ગો ફુલાવવા જેવી જ બની રહે છે, ફુગ્ગો ફુલાવવા જેવી પણ નહીં, એ તો ફૂલેય ખરો, પરપોટો ફુલાવવા જેવી, જે ફૂટે તો અવાજ પણ ન આવે. આપણે મૂરખ છીએ, પણ સામેવાળો એટલો મૂરખ છે કે એ મૂરખ બનાવવાની મહેનત કરે છે ને એ એટલા મોટા પાયે ચાલે છે કે બધાંને બધાં જ હોંશિયાર લાગે છે.

મોબાઈલ નંબર : ૯૩૭૭૯૩૯૧૨૩
ઈ-મેઈલ : ravindra 21111946@gmail.com

# વિનાયક દામોદર સાવરકર દલિતોએ મંદિરોમાં પ્રાર્થના કરવા અને બ્રાહ્મણો સાથે ભોજન કરવા વિશે શું વિચારે છે ?

**સનાતની સમુદાય ગાયની કતલ વિશે ચિંતિત હતો. તે દલિતોના મંદિરમાં પ્રવેશવાના વિચારથી રોષે ભરાયો હતો. આ મુદ્દા પર સમુદાય એટલો મક્કમ હતો કે તેણે દલિતોને મંદિરો પાસે આવેલી શેરીઓમાં ચાલવા પર પણ પ્રતિબંધ મૂક્યો હતો**

સનાતની સમુદાય ગાયની કતલ વિશે ચિંતિત હતો. તે દલિતોના મંદિરમાં પ્રવેશવાના વિચારથી રોષે ભરાયો હતો. આ મુદ્દા પર સમુદાય એટલો મક્કમ હતો કે તેણે દલિતોને મંદિરો પાસે આવેલી શેરીઓમાં ચાલવા પર પણ પ્રતિબંધ મૂક્યો હતો. હિંદુ મંદિર પર બ્રાહ્મણ શક્તિનું ભૌતિક પ્રતિનિધિત્વ હતું અને છે, જે માત્ર હિંદુ ધાર્મિક પ્રથાની મૂળભૂત વિધિઓનું આયોજન કરવા માટે જ નહીં પરંતુ જાતિ જૂથોના ધાર્મિક ક્રમને સ્થાપિત કરવા માટે અને તે જાતિના ક્રમમાં કોનો સમાવેશ કરી શકાય તે નક્કી કરતા હતા. અનુપમા રાવે મંદિરને "બ્રાહ્મણવાદી સત્તાનું સ્થાન" અને "જાતિ હિન્દુઓ દ્વારા દલિતોની બદનક્ષીનું સૌથી શક્તિશાળી સ્થળ" ગણાવ્યું છે. તદનુસાર, ૧૯૨૦ના દાયકામાં જાતિ સમાનતા માટે લડનારાઓ - દક્ષિણમાં ઈવી રામાસ્વામી નાયકરથી લઈને પશ્ચિમ ભારતમાં બીઆર આંબેડકરથી લઈને રાષ્ટ્રીય મંચ પર ગાંધી સુધી - મંદિર પ્રવેશને તેમના સુધારણા માટેના કોલનો મુખ્ય ભાગ બનાવ્યો. INCએ ૧૯૨૪ અને ૧૯૩૨માં મંદિર પ્રવેશ પર ખાસ કરીને બે મોટા સત્યાગ્રહોનું નેતૃત્વ કર્યું હતું, પરંતુ દિલીપ મેનને દર્શાવ્યું છે તેમ, તેઓ ઉચ્ચ જાતિઓનું લક્ષ્ય અને નેતૃત્વ ધરાવતા હતા અને હિંદુ ધર્મમાં સુધારો કરવાના હેતુથી હતા. નિકોલસ ડર્ક્સ સૂચવે છે તેમ, "જોકે સામાજિક સુધારણા એજન્ડાએ . . . ઘણી વખત બ્રાહ્મણ પ્રથાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું, માત્ર થોડા અપવાદો સાથે. . . તેઓએ હિંદુ સમુદાયની વ્યાખ્યા માટે બ્રાહ્મણ રિવાજોના પ્રાથમિક મહત્વ પર ભાર મૂકવાનું કામ કર્યું.

જો કે દલિતોની આગેવાની હેઠળના સત્યાગ્રહોને મંદિરમાં પ્રવેશવાની "મંજૂરી" આપવા વિશે ઓછું હતું અને મૂળભૂત અધિકાર તરીકે જાહેર મિલકતમાં સમાન પ્રવેશ વિશે વધુ હતું, આંબેડકર ટૂંક સમયમાં દલિતો માટે રાજકીય ઉદ્દેશ્ય તરીકે મંદિર પ્રવેશથી હતાશ થઈ ગયા હતા, કારણ કે તે બાબત માટે નાયકરે દક્ષિણ ભારતમાં બિન-બ્રાહ્મણોના મંદિર પ્રવેશનો મુદ્દો ઉઠાવ્યો હતો અને તે જ રીતે સાવરકરે પણ મંદિર પ્રવેશનો મુદ્દો ઉઠાવ્યો હતો. અસ્પૃશ્યતા પર તેમણે લખેલી બે કવિતાઓ અહીં રજૂ કરું છું. ૧૯૨૫માં તેમણે શિરગાંવના અખિલ હિંદુ સભા માટે "હિન્દુઓની એકતા"ના શીર્ષક સાથે એક કવિતા લખી હતી. તેના સંપાદકના જણાવ્યા મુજબ, તે મહારાષ્ટ્રના ઉપર અને નીચે મેળાવડાઓમાં બ્રાહ્મણો, શુદ્રો, મહાર અને માંગો દ્વારા એકસાથે ગવાઈ હતી.

**તમે અને અમે, અમે હિંદુ છીએ! ભાઈઓ સરખા**
**તે મહાદેવને આપણા પિતાજીએ નમન કરાવ્યું**
**બ્રાહ્મણ કે ક્ષત્રિય આપણે ગમે તે હોઈએ**
**આપણું રૂપ કે રંગ ગમે તે હોય**
**મહાર હોય કે માંગ**
આપણી સામાન્ય માતા હિન્દુ જાતિને આપણે નમન કરીએ છીએ
આપણે એક જ પ્રિય દેશના છીએ
આપણું જીવન એક જ તારમાં રચાયેલું છે
આપણે એક જ આસ્થાના છીએ
આ બધા ગંગાના ભાગ છે, આપણામાંના દરેક એક સમાન ટીપા છે
**રામચંદ્ર કે ગોવિંદનો ભક્ત**
